# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢ

# સંશોધન સારાંશ


માર્ગદર્શક

ડૉ. કે. કે. કરકર

પ્રાચાર્ય

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

જૂનાગઢ



સંકલન

ડૉ. મીરા વાય.વ્યાસ

ડૉ. ગીતા કે. સેંજલીયા

લેકચરર

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

જૂનાગઢ


વર્ષ 2020-2021

# અનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | સંશોધકનું નામ | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| 1 | વંથલી તાલુકામાં લોકડાઉન દરમિયાન શિક્ષકો દ્વારા થયેલ વિશેષ કામગીરીનો વ્યક્તિ અભ્યાસ | કે.એન.ભૂત | 1 |
| 2 | વંથલી તાલુકાના ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલ અંતર્ગત યોજાયેલ વેબિનારમાં ભાગ લેનાર શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ | કે.એન.ભૂત | 12 |
| 3 | જૂનાગઢ તાલુકામાં લોકડાઉન દરમિયાન શિક્ષકો દ્વારા થયેલ વિશેષ કામગીરીનો વ્યક્તિ અભ્યાસ | એ.ડી.રાજ્યગુરુ | 16 |
| 4 | જૂનાગઢ શહેર અને ગ્રામ્ય તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોના વ્યવસાય સંતોષનો અભ્યાસ | એ.ડી.રાજ્યગુરુ | 22 |
| 5 | માળિયા તાલુકામાં લોકડાઉન દરમિયાન શિક્ષકો દ્વારા થયેલ વિશેષ કામગીરીનો વ્યક્તિ અભ્યાસ | એ.સી.વ્યાસ | 32 |
| 6 | માળિયા હાટીના તાલુકાના ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલ અંતર્ગત યોજાયેલ વેબિનારમાં ભાગ લેનાર શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ | એ.સી.વ્યાસ | 36 |
| 7 | સુત્રાપાડા તાલુકામાં લોકડાઉન દરમિયાન શિક્ષકો દ્વારા થયેલ વિશેષ કામગીરીનો વ્યક્તિ અભ્યાસ | વી.એમ.પંપાણીયા | 40 |
| 8 | ગીર સોમનાથ જિલ્લાના ઇનોવેશન ફેસ્ટિવલ 2020-21 માં પસંદ થયેલ કૃતિનો વ્યક્તિ અભ્યાસ | વી.એમ.પંપાણીયા | 46 |
| 9 | કેશોદ તાલુકામાં લોકડાઉન દરમિયાન શિક્ષકો દ્વારા થયેલ વિશેષ કામગીરીનો વ્યક્તિ અભ્યાસ | એચ.સી.ઉપાધ્યાય | 52 |
| 10 | કેશોદ તાલુકાના ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલ અંતર્ગત યોજાયેલ વેબિનારમાં ભાગ લેનાર શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ | એચ.સી.ઉપાધ્યાય | 56 |
| 11 | જૂનાગઢ જિલ્લામાં સમાવેશી શાળા સંદર્ભે પ્રાથમિક શાળાઓમાં ભૌતિક સુવિધાનો અભ્યાસ | બી.કે.મેસિયા | 62 |
| 12 | વિસાવદર તાલુકામાં લોકડાઉન દરમિયાન શિક્ષકો દ્વારા થયેલ વિશેષ કામગીરીનો વ્યક્તિ અભ્યાસ | બી.કે.મેસિયા | 70 |
| 13 | મેંદરડા તાલુકામાં લોકડાઉન દરમિયાન શિક્ષકો દ્વારા થયેલ વિશેષ કામગીરીનો વ્યક્તિ અભ્યાસ | કે.પી.ચિત્રોડા | 74 |
| 14 | મેંદરડા તાલુકાના ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલ અંતર્ગત યોજાયેલ વેબિનારમાં ભાગ લેનાર શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ | કે.પી.ચિત્રોડા | 80 |
| 15 | માણાવદર તાલુકાના ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલ અંતર્ગત યોજાયેલ વેબિનારમાં ભાગ લેનાર શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ | કે.એચ. ભટ્ટ | 85 |
| 16 | ભેસાણ તાલુકામાં લોકડાઉન દરમિયાન શિક્ષકો દ્વારા થયેલ વિશેષ કામગીરીનો વ્યક્તિ અભ્યાસ | જી.કે.સેંજલીયા | 89 |
| 17 | ભેસાણ અને માણાવદર તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોના કમ્પ્યુટર જાગૃતતાનો અભ્યાસ | જી.કે.સેંજલીયા | 94 |

| | | | |
|---|---|---|---|
| 18 | ભેસાણ અને માણાવદર તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોના વ્યવસાય સંતોષનો અભ્યાસ | જી.કે.સેંજલીયા | 104 |
| 19 | માંગરોળ તાલુકામાં લોકડાઉન દરમિયાન શિક્ષકો દ્વારા થયેલ વિશેષ કામગીરીનો વ્યક્તિ અભ્યાસ | એમ.વાય.વ્યાસ | 114 |
| 20 | જૂનાગઢ જિલ્લાના ઇનોવેશન ફેસ્ટિવલ 2020-21 માં પસંદ થયેલ કૃતિનો વ્યક્તિ અભ્યાસ | એમ.વાય.વ્યાસ | 119 |
| 21 | માંગરોળ અને મેંદરડા તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોના વ્યવસાય સંતોષનો અભ્યાસ | એમ.વાય.વ્યાસ | 124 |
| 22 | જૂનાગઢ જિલ્લામાં લોકડાઉન દરમિયાન શિક્ષકો દ્વારા થયેલ વિશેષ કામગીરીનો વ્યક્તિ અભ્યાસ | એમ.વાય.વ્યાસ<br>જી.કે.સેંજલીયા | 136 |

**સંશોધકનું નામ- કે.એન.ભૂત સિ. લેકચરર, ડાયેટ-જૂનાગઢ**

**સંશોધનવર્ષ-2020-21**

**શીર્ષક-** વંથલી તાલુકામાં લોકડાઉનના સમય દરમિયાન શિક્ષકો દ્વારા થયેલ વિશેષ કામગીરીનો વ્યકિત અભ્યાસ

**1.1 પ્રાસ્તાવિક :**

દરેક કાર્ય પાછળ કોઈ પણ હેતુ છુપાયેલો હોય છે. તે મુજબ શૈક્ષણિક સંશોધનનો હેતુ પણ શૈક્ષણિક અસરોને તપાસવા માટેનો હોય તે સ્વભાવિક છે.વર્ષ 2020 નું વર્ષ દરેક રીતે વિશિષ્ઠ રહયું કદાચ આ વર્ષને આપણે ન ભૂતો ન ભવિષ્યતિ પણ કહી શકીએ કારણ આપણે બધા જાણીએ છીએ કે કોરોના નામના એક વાઈરસની ઝપેટમાં સમગ્ર વિશ્વ આવી ગયું. તેનાથી બચવા અને લોકોને સુરક્ષીત રાખવા વિશ્વભરમાં લોકડાઉન થયું જે અત્યાર સુધીના ઈતિહાસમાં થયું નથી.

આ સમયની ઘણી સારી માઠી અસરો શૈક્ષણિક, સામાજિક, આર્થિક,ધાર્મિક ક્ષેત્રે તથા વ્યકતિગત બાબતો પર પણ પડી. અહી આ સંશોધનમાં આ સમય દરમિયાન થયેલી શૈક્ષણિક અસરોને તપાસવાનો એક નમ્ર પ્રયાસ થયેલ છે. લગભગ 8-10 મહિના સુધી શાળાઓ બંધ હતી તે સમય દરમિયાન સરકારશ્રી દ્વારા, શિક્ષણ વિભાગ, શિક્ષકો તથા વિદ્યાર્થી મિત્રો દ્વારા “શાળા બંધ છે પણ શિક્ષણ નહી” તે સુત્રને ધ્યાનમાં રાખી ઓનલાઈન હોમલર્નિંગ શિક્ષણની શરૂઆત થઈ અને શિક્ષણ સાથે ટેકનોલોજીના એક નવા યુગની શરૂઆત થઈ. આ સમગ્ર અભિયાન દરમિયાન થયેલ શ્રેષ્ઠકામગીરી પ્રસ્તુત કરવાનો અત્રે પ્રયાસ થયો છે.

વ્યકતિ અભ્યાસ એટલે સાવ સરળ શબ્દોમાં જોઈએતો કોઈ પણ વ્યકિત વિશેની ઊંડાણ પૂર્વકની તલસ્પર્શી માહિતી જેમાં ખૂબજ ઊંડાણ પૂર્વકની માહિતીનો સમાવેશ થઈજાયછે. કોઈબાબત છૂટતી નથી. જેને આધારે આપણે જે-તે વ્યકિત વિશેના તારણો તારવી કોઈ ચોકકસ વ્યવહાર વર્તન અંગેનું કારણ જાણી શકીએ છીએ.

આ પ્રકારનો વ્યકિત અભ્યાસ કોઈ સંસ્થા,શાળા,કંપની કોઈપણનો થઈ શકે છે. તે અંતર્ગત અહી **“વંથલી તાલુકામાં લોકડાઉન સમય દરમિયાન શિક્ષકો દ્વારા થયેલ વિશેષ કામગીરીનો વ્યકિતઅભ્યાસ”**હાથ ધરવામા આવ્યો છે. આ સમય દરમિયાન થયેલી શૈક્ષણિક અસરોને તપાસવાનો એક નમ્ર પ્રયાસ કરેલ છે.

**1.2 સમસ્યા કથન:**

પ્રસ્તુત અભ્યાસની સમસ્યાને આ રીતે શબ્દબદ્ધ કરવામાં આવી હતી.

**"વંથલી તાલુકામાં લોકડાઉનના સમય દરમિયાન શિક્ષકોદ્વારા થયેલ વિશેષ કામગીરીનો વ્યકિત અભ્યાસ"**

પ્રસ્તુત અધ્યાસનો હેતુ વંથલી તાલુકામાં લોકડાઉન દરમિયાન શિક્ષકો દ્વારા થયેલ વિશેષ કાર્યનું દસ્તાવેજીકરણ કરવાનો હતો. તેના સંદર્ભે એક ફોર્મેટ તૈયાર કરવામા આવ્યું હતું અને તેના આધારે તાલુકામા વિશેષ કામગીરી કરનાર શિક્ષકોની માહિતી મેળવવામાં આવી હતી.

**1.3 અભ્યાસના હેતુઓ:**

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ આ મુજબ છે.

1. લોકડાઉન દરમિયાન જે શિક્ષકોએ વિશિષ્ટ કામગીરી કરી છે તેવા શિક્ષકોની માહિતી મેળવવી.

2.આવા શિક્ષકોની માહિતી મેળવીતેણેકરેલ કામગીરીના અહેવાલના આધારે તેમની કામગીરીનું અર્થધટન કરવું.

૩. વિશિષ્ટ શૈક્ષણિક કામગીરી કરેલ શિક્ષકોનીમાહિતીના આધારે તારણો તારવવા.

**1.4 શબ્દોની વ્યવહારિક વ્યાખ્યા :**

1. વંથલી – જૂનાગઢ જિલ્લાના 10 તાલુકામાનો એક તાલુકો.

2. વિશેષ કામગીરી કરનાર શિક્ષકો – સમસ્યા ઉકેલ કે હેતુ સિધ્ધિ માટે વિકસાવેલ એક એવી શૈક્ષણિક પદ્ધતિ કે જેમાં શિક્ષણ, મૂલ્યાંકન, અને શિખવા–શિખવવા માટે વિકસાવેલ સહાયક સાધન સામગ્રી કે જે બાળકોના અભ્યાસને પ્રભાવિત કરતી હોય. તેવું કાર્ય કરનાર શિક્ષક.

૩. વ્યકિત અભ્યાસએ ગુણાત્મક વિશ્લેષણનું એવું સ્વરૂપ છે કે જેમાં કોઈ એક વ્યકિત, એક પરિસ્થિતિ એક ધટના એક સંસ્થા, એક વિચારણા, એક સામાજિક જૂથની ઊંડાણપૂર્વક અને સંપૂર્ણ તપાસ કરવામાં આવે છે.

**1.5 સંશોધન પ્રકાર:**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે શાળાનીશૈક્ષણિક અને અભ્યાસકિય પ્રવૃત્તિઓ, વિવિધ કાર્યક્રમોવગેરે વિષે માહિતી મેળવવાની હતી. જેમાં પ્રયોજકે મુલાકાત પ્રશ્નો, તેમજ દસ્તાવેજો દ્વારા

માહિતી મેળવી હતી, અને તેનું અર્થઘટન કરી ગુણાત્મક રીતે પૃથક્કરણ કરવામાં આવ્યું હતું તેથી પ્રસ્તુત સંશોધન ગુણાત્મક સંશોધન કહી શકાય.

**1.6 અભ્યાસનું મહત્વ:**

દરેક કાર્યનું એક મહત્વ હોય છે. આ સંશોધનકર્તા સંશોધકને જે પરિણામો મળશે તેને ધ્યાનમાં રાખીને ભવિષ્યમાં કોને અને કેવી રીતે મદદ રૂપ થઈ શકે તે બાબત મહત્વની છે.

**1.** જે શિક્ષકો પસંદ થયા છે તેના અભ્યાસ દ્વારા વિષયવસ્તુ અને PEDAGOGYના સંદર્ભમાં કાર્ય યોજના તૈયારકરી શકાશે.

2.શિક્ષકો દ્વારા કરવામાં આવેલ પ્રયોગોનો ઉપયોગ અન્ય શાળાના શિક્ષકો કરી શકશે.

૩. શિક્ષકો દ્વારા કરવામાં આવેલ પ્રયોગોમાં ઉપયોગમા લેવાયેલ સાહિત્ય અને કાર્ય પદ્ધતિ ની નોંધ જિલ્લા તેમજ રાજય સ્તરે લેવાશે.

4. પ્રસ્તુત સંશોધન દ્વારા પસંદ થયેલ કૃતિનું દસ્તાવેજીકરણ થાશે જેનો ઉપયોગ અન્ય શિક્ષકો કરી શકશે.

**1.7 અભ્યાસની મર્યાદા-સંશોધનનું સીમાંકન :**

- પ્રસ્તુત સંશોધન જિલ્લા શિક્ષણ સમિતિ–જૂનાગઢ દ્વારા સંચાલિત વંથલી તાલુકાની પ્રા.શાળાઓના શિક્ષકો પૂરતું સીમિત રહેશે.
- પ્રસ્તુત સંશોધન વંથલી તાલુકાની પ્રા.શાળાઓના વર્ષ 2020-21 ના શિક્ષકો પૂરતું માર્યાદિત રહેશે.
- પ્રસ્તુત અભ્યાસમાં લોકડાઉનના સમયગાળામાં કરેલ વિશેષ કામગીરીને જ ધ્યાનમાં લેવામાં આવી છે

**1.8 વ્યાપવિશ્વ:**

જૂનાગઢ જિલ્લાના વંથલી તાલુકાની સરકારી પ્રા.શાળાઓના શિક્ષકોને વ્યાપવિશ્વ તરીકે પસંદ કરવામાં આવેલ હતા.

**1.9 નમૂના પસંદગી:**

આ સંશોધનમાં સંશોધકે સહેતુક નમૂના પ્રયુકિતથી નમૂનો પસંદ કરેલ છે. આ સંશોધનમાટે વર્ષ 2020માં લોકડાઉનનાં સમયમાં વિશેષ કામગીરી કરનાર 10 શાળાઓના શિક્ષકોની નમૂના તરીકે પસંદગી કરી છે.

1.10 **સંશોધનનાં ક્ષેત્રો :**

પ્રસ્તુત અભ્યાસ સર્જનાત્મકતાઅને નાવિન્ય ક્ષેત્ર સાથે સંબંધિત છે.

**1.11 સંશોધનનો પ્રકાર:**

પ્રસ્તુત અભ્યાસમાં લોકડાઉનના સમય દરમિયાન  વિશેષ કામગીરી કરનાર શિક્ષકોની માહિતીમેળવી તેમણે કરેલ શૈક્ષણિક અને અધ્યાપનની સક્રિય પ્રવૃત્તિઓની માહિતીમેળવી હતી. સંશોધકે મુલાકાત, પ્રશ્નો અને દસ્તાવેજ દ્વારા માહિતી મેળવી હતી. તેનું અર્થઘટન કરી અને ગુણાત્મક રીતે પૃથક્કરણ કરવામાં આવેલ તેથી પ્રસ્તુત સંશોધન ગુણાત્મક કહી શકાય.

**1.12 સંશોધન પદ્ધતિ:**

પ્રસ્તુત સંશોધનએ ગુણાત્મક પદ્ધતિ આધારિત છે.

**1.13 માહિતી સ્ત્રોત:**

પ્રસ્તુત અભ્યાસનું કાર્ય સ્પષ્ટ દિશાસૂચક બને તે માટે હેતુઓ નક્કી કર્યા હતા. આ હેતુઓના સંદર્ભમાં નીચે દર્શાવેલ સ્ત્રોત દ્વારા માહિતી એકત્ર કરી હતી.

પ્રથમ હેતુના સંદર્ભમાં તાલુકામાં બી.આર.સી.કો.ઓ., સી,આર.સી.કો.ઓ. તથા શાળામાં શિક્ષકોની વારંવાર મુલાકાત, ચર્ચા અને પ્રત્યક્ષ કામગીરી પણ નિહાળેલ. આથી મોટા ભાગની માહિતી ઉપલબ્ધ હતી. ખૂટતી માહિતી શાળાના આચાર્ય પાસેથી મેળવેલ.

બીજા હેતુના સંદર્ભમા વિશેષમાહિતી માટે તાલુકામાં બી.આર.સી.કો. ઓ. સી.આર.સી.કો.ઓ.ને જાણ કરી પ્રવૃત્તિના ફોટા, આલ્બમ, અહેવાલ વગેરેને ધ્યાનમાં રાખીને માહિતી મેળવેલ.

ત્રીજા હેતુના સંદર્ભમાં પ્રાપ્ત થયેલ માહિતીનું વાંચન કરી અર્થઘટન કરી તેનું વિશ્લેષણ કર્યું.

**1.14 ઉપકરણ:**

ઉચાટ (2009)ના મતે ઉપકરણ એટલે “સંશોધનપ્રક્રિયા દરમિયાન અભ્યાસના હેતુઓ અનુસાર આવશ્યકમાહિતીમેળવવા માટેના સાધનને ઉપકરણ કહેવાય.”

વ્યકિત અભ્યાસમાં અભ્યાસહેઠળના એકમોના સંદર્ભમાં આવશ્યક માહિતી વિવિધ સ્ત્રોતો માંથી ઊંડાણપૂર્વકમેળવાય છે. એકમનો ઈતિહાસ કાળજીપૂર્વક મેળવવામાં આવે છે. આ માટે આત્મકથા,રોજનીશી, પત્રો, દસ્તાવેજો, અવલોકનો, મુલાકાતો, વગેરે પૈકી ઉચિત ઉપકરણનો

ઉપયોગ કરીને આવશ્યક માહિતી એકત્ર કરવામાં આવે છે. પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે ફોર્મેટ બનાવેલ તેના દ્વારા માહિતી એકત્ર કરી હતી. આ ફોર્મેટનો નમૂનો પરિશિષ્ટ-1 માં મુકેલ છે.આ ફોર્મેટદ્વારા વંથલી તાલુકાના વિશિષ્ટ કામગીરી કરનાર શાળાના પ્રયોગોને ધ્યાનમાં રાખીને મુખ્ય બાબતો આધારિતમાહિતીનું વર્ણન કરવામાં આવેલ જેમાં સમસ્યા, સમસ્યાના ક્ષેત્રો, પ્રયોગનું વર્ણનમળેલ પરિણામ તેમજ પ્રયોગની ઉપયોગિતા જેવા મુદ્દા આધારિત માહિતીનું એકત્રીકરણ કરવામાં આવેલું.

**1.15 માહિતીનું એકત્રીકરણ:**

પ્રસ્તુત માહિતી ગુણાત્મક રીતે તપાસવા બી.આર.સી.કો.ઓ.,સી,આર.સી.કો.ઓ.ની મદદ લીધેલી અને તેમને અહેવાલ અભ્યાસના હેતુના સંદર્ભમાં માહિતીનું એકત્રીકરણ ગુણાત્મક રીતે કરવાનું થતું હતું આ માટે નિયત ફોર્મેટમાં આવેલ સ્વરૂપે માહિતી એકત્ર કરવા તથા સાથે ફોટોગ્રાફ જોડવા પણ સૂચન કરેલ જેના આધારે માહિતીની રજૂઆત તથા પારદર્શકતાની ખાતરી કરી શકાય.

**1.16 પ્રાપ્ત માહિતીના અર્થઘટનની રીત:**

1. કુલ 9 શાળાઓની માહિતી પ્રાપ્ત થયેલ જે તમામ માહિતી સ્વીકારવા યોગ્ય હતી. આથી અર્થઘટનમાં તમામને ધ્યાનમાં લેવામાં આવેલ છે.

2. પ્રાપ્ત થયેલ માહિતી વર્ણનાત્મક પ્રકારની હતી. આથી તેમના અર્થઘટન માટે કોઈ વિશેષઅંક શાસ્ત્રીય પદ્ધતિ ની જરૂર ન હતી.

અહી પ્રાપ્ત થયેલ માહિતીનું અર્થઘટન વર્ણનાત્મકરીતે કરેલ છે.

માહિતીને સ્પષ્ટ અને અર્થસભર બનાવવા માહિતીને વિવિધ સ્વરૂપે રજૂ કરવામાં આવે છે. પ્રસ્તુત અભ્યાસમાં ગુણાત્મક પ્રકારની માહિતી પ્રાપ્ત થઈ હતી. આ માહિતીને અભ્યાસના હેતુ અનુસાર આ પ્રમાણે રજૂ કરી હતી.

**1.17 તારણો**

**વંથલી તાલુકાના શાપુર કન્યા પ્રા.શાળા દ્વારા**

- નવતર પ્રયોગ કરવાનો વિચાર લોક ડાઉનની બાળ માનસ ઉપર જે માઠી અસર પડી છે. તેની વેદનાને વાચા આપવાનો હતો.
- આ પ્રયોગ 6 થી 14 વર્ષના લક્ષ્ય જૂથને ધ્યાનમાં રાખીને કરેલ.

- પ્રશ્નોનું નિરાકરણ અર્થે યુ-ટયુબના માધ્યમથી શિક્ષણ કાર્ય થઈ શકે તે માટે એક ચેનલના નિર્માણ કરવાનું નકકી કર્યું .
- ગણિત વિષયના તમામ દાખલાઓનું પ્રત્યક્ષ નિદર્શન કરી તેનું વિડિયો રેકોર્ડિંગ કરી તેને નિયમિત રીતે અપલોડ કરવાનું શરૂં કર્યું .
- વિધ્યાર્થીઓ પોતાના અનુકુળ સમયે વિડિયો જોઈ શકે અને પુનરાવર્તન પણ કરી શકે છે.
- લગભગ 200 જેટલા વિડિયો અપલોડ કર્યા.
- આગામી યોજના સ્પર્ધાત્મક પરિક્ષાઓ જેવિકે NMMS નેશનલ સ્કોલર્શિપ પરીક્ષા , નવોદયની પરીક્ષા માટેના વિડિયો બનાવવાનું પણ આયોજન છે.
- નવતર પ્રયોગમાં . Google from દ્વારા ઓન લાઈન ટેસ્ટ લેવામા આવેલી
- જયારે શિક્ષણ કાર્ય અશકય હતું ત્યાં મૂલ્યાંકન કેમ કરવું તે એક જટિલ પ્રશ્ન હતો.
- તેમાટે Google from દ્વારા ઓન લાઈન ટેસ્ટનો વિચાર આવેલો.
- સૌ પ્રથમ ધો.8 ને માટે આ ટેસ્ટનો અમલ કર્યો

**2. વંથલી તાલુકાનાકુમાર પે.સે.પ્રા.શાળા દ્વારા**

- નવતર પ્રયોગમાં મેથ્સ મેજિક બાય યુટયુબનો ઉપયોગ કરેલ.
- લોકડાઉનની પરિસ્થિતિને કારણે જયારે શિક્ષણ કાર્ય અશકય હતું ત્યાંરે ગણિત જેવા વિષયનું શિક્ષણકાર્ય કઈ રીતે કરવું તે મોટી સમસ્યા હતી.
- વર્ચ્યુલ કલાસમાં પણ તે શકય બનતું નહતું કારણ નિશ્ચિત સમયે બધાજ સાથે જોડાઈ શકતા ન હતાં.
- પ્રશ્નોનું નિરાકરણ અર્થે યુ-ટયુબના માધ્યમથી શિક્ષણ કાર્ય થઈ શકે તે માટે એક ચેનલના નિર્માણ કરવાનું નકકી કર્યું .
- ગણિત વિષયના તમામ દાખલાઓનું પ્રત્યક્ષ નિદર્શન કરી તેનું વિડિયો રેકોર્ડિંગ કરી તેને નિયમિત રીતે અપલોડ કરવાનું શરૂં કર્યું.
- વિધ્યાર્થીઓ પોતાના અનુકુળ સમયે વિડિયો જોઈ શકે અને પુનરાવર્તન પણ કરી શકે છે.
- લગભગ ૩80 જેટલા વિડિયો અપલોડ કર્યા.
- આગામી યોજના સ્પર્ધાત્મક પરિક્ષાઓ જેવિકે NMMS નેશનલ સ્કોલર્શિપ પરીક્ષા, નવોદયની પરીક્ષા માટેના વિડિયો બનાવવાનું પણ આયોજન છે.

- નવતર પ્રયોગમાં Google from દ્વારા ઓન લાઈન ટેસ્ટ લેવામા આવેલી
- જયારે શિક્ષણ કાર્ય અશકય હતું ત્યાં મૂલ્યાંકન કેમ કરવું તે એક જટિલ પ્રશ્ન હતો.
- તેમાટે Google from દ્વારા ઓન લાઈન ટેસ્ટ નો વિચાર આવેલો.
- જેમા વિધ્યાર્થીઓ પોતાના અનુકુળ સમયે વિડિયો જોઈ શકે છે. અને પુનરાવર્તન પણ કરી શકે છે.
- પ્રાયવેટ શાળામાંથી સરકારી શાળામાં 55 બાળકોનો પ્રવેશ.

**3. વંથલી તાલુકાના બંટીયા પ્રા.શાળા દ્વારા**

- તેમાટે Google from દ્વારા ઓન લાઈન ટેસ્ટ નો વિચાર આવેલો.
- સૌ પ્રથમ ધો.8 ને માટે આ ટેસ્ટનો અમલ કર્યો
- ક્રમશઃ ધો. 7 અને 6 માં પણ આયોજન કર્યું.
- GOOGLE CHROME દ્વારા ઓન લાઈન ટેસ્ટનું નિર્માણ કરેલું .
- NMMS એકઝામ માટે બાળકોને પ્રોત્સાહિત કરવા માટે તેનો ઉપયોગ કર્યો.
- અત્યાર સુધીમાં ૩૦ થી વધુ એકમોની ઓન લાઈન ટેસ્ટનું નિર્માણ કાર્ય કરેલ છે.
- આગામી યોજના સ્પર્ધાત્મક પરિક્ષાઓ જેવિકે NMMS નેશનલ સ્કોલર્શિપ પરીક્ષા , નવોદયની પરીક્ષા માટે ના વિડિયો બનાવવાનું પણ આયોજન છે.
- નવતર પ્રયોગમાં હરઘર વિજ્ઞાન પસંદ કરવામાં આવેલ.
- નવતર પ્રયોગમાં મેથ્સ મેજિક બાય યુટયુબનો ઉપયોગ કરેલ.
- નવતર પ્રયોગમાં બાળગીતોની રચના કરેલ.

**4. વંથલી તાલુકાના ધંધુસર પ્રા.શાળા દ્વારા**

- નવતર પ્રયોગમાં બગીચાની જાડવણી અને જતન કરેલ.
- નવતર પ્રયોગમાં 2000 જેટલા રોપા ઉશેરી ગામલોકોને આપવામાં આવેલ.
- નવતર પ્રયોગમાં બાળગીતોની રચના કરેલ.
- નવતર પ્રયોગમાં Google from દ્વારા ઓન લાઈન ટેસ્ટ લેવામા આવેલી
- આ માટે સૌ પ્રથમ બાળકોને જે તે પાઠની પીડીએફ ફાઈલ મોકલવામાં આવતી.
- બાળકો આ ફાઈલનો અને પાઠય પુસ્તકોનો અભ્યાસ કરતાં.
- ત્યાર બાદ મૂર્લ્યાંકન માટે બાળકોને વોટ્સએપમાં આ ટેસ્ટની લીંક શેર કરવામાં આવતી.

- NMMS એકઝામ માટે બાળકોને પ્રોત્સાહિત કરવા માટે તેનો ઉપયોગ કર્યો.
- અત્યાર સુધી માં 21 થી વધુ એકમોની ઓન લાઈન ટેસ્ટનું નિર્માણ કાર્ય કરેલ છે.

**5. વંથલી તાલુકાનાનવલખી પ્રા.શાળા દ્વારા**

- નવતર પ્રયોગમાં  હરઘર વિજ્ઞાન પસંદ કરવામાં આવેલ.
- લોક ડાઉનની પરિસ્થિતિને કારણે જયારે શિક્ષણ કાર્ય અશકય હતું કોરોનાની મહામારી વચ્ચે બાળકો શાળાએ આવી ન શકે ત્યારે વિજ્ઞાન વિષય બાળકોને નિરસ ન બની રહે તે માટે આ નવતર અભિગમ શરૂં કર્યો.
- જેમા બાળકો પોતાની આસપાસ રહેતા નકામાં બોટલ, ઘરમાં રહેલી નકામી ચીજ વસ્તુઓ વગેરેનો ઉપયોગ કરી ઘરે રહીને પ્રયોગ કરી શકે તેવી ઓન લાઈન અને ઘરે રૂબરૂ મુલાકાત દ્વારા સમજ આપી .
- જેનાથી બાળકો જાતે પ્રયોગ કરવા લાગયા અને તેનામા નવો આત્મ વિશ્વાસ જાગ્યો.
- આ ઉપરાંત ડીઝીટલ પ્લેટફોર્મ વેબીનાર દ્વારા નુજરાતના ઘણા બાળકોને વેસ્ટમાંથી બેસ્ટ પ્રયોગ નિર્માણ શિખવવામા આવ્યું.
- નવતર પ્રયોગમાં  બગીચાની જાડવણી અને જતન કરેલ.
- નવતર પ્રયોગમાં  બાળગીતોની રચના કરેલ.
- નવતર પ્રયોગમાં મહોલા અને શેરી શિક્ષણ આપવામાં આવેલ.

**6. વંથલી તાલુકાનાગાઠીલા પ્રા.શાળા દ્વારા**

- નવતર પ્રયોગમાં LEARN ENGLISH BY WHATSAAP AND YOUTUBE પસંદ કરવામાં આવેલ.
- શાળાઓ બંધ હતી ત્યારે અંગ્રેજી વિષય કેમ શિખવવો તે પશ્ન હતો.
- વર્ચ્યુલ કલાસમાં પણ તે શકય બનતું નહતું કારણ નિશ્ચિત સમયે બધાજ સાથે જોડાઈ શકતા ન હતાં
- તેમા નેટવર્કના , મોબાઈલના ઘણા પ્રશ્નો હતાં
- પ્રશ્નોનું નિરાકરણ અર્થે WHATSAPP VIDEO બનાવી અપલોડ કર્યા.
- આ ઉપરાંત યુ-ટયુબ ના માધ્યમથી શિક્ષણ કાર્ય થઈ શકે તે માટે એકવિડિયો લીંક બાળકો સુધી  WHATSAPP  ના માધ્યમથી પહોંચાડવાનો પ્રયત્ન કરેલો.

- બાળકોનું લર્નીંગ આઉટકમ પણ ઓનલાઈન માપી શકાય તે માટે TESTMOZ.COM@GOOGAL FORM ના માધ્યમથી ટેસ્ટ બનાવી.
- આ લીંકના માધ્યમથી એસેસમેન્ટ ઝડપથી થતું હતું.
- આ ટેસ્ટ એક કરતા વધારે વખત આપી શકાતી હોવાથી બાળકો લર્નીંગ આઉટકમ જયાં સુધી સિધ્ધ નકરી શકે ત્યાં સુધી તે ટેસ્ટ આપીને પોતાની શૈક્ષણિક સિધ્ધી માટે પ્રયત્ન કરી શકતો.
- નવતર પ્રયોગમાં મેથ્સ મેજિક બાય યુટયુબનો ઉપયોગ કરેલ
- લોકડાઉનની પરિસ્થિતિને કારણે જયારે શિક્ષણ કાર્ય અશકય હતું ત્યાંરે ગણિત જેવા વિષયનું શિક્ષણકાર્ય કઈ રીતે કરવું તે મોટી સમસ્યા હતી.
- વર્ચ્યુલ કલાસમાં પણ તે શકય બનતું ન હતું કારણ નિશ્ચિત સમયે બધાજ સાથે જોડાઈ શકતા ન હતાં
- પ્રશ્નોનું નિરાકરણ અર્થે યુ-ટયુબના માધ્યમથી શિક્ષણ કાર્ય થઈ શકે તે માટે એક ચેનલના નિર્માણ કરવાનું નકકી કર્યું .
- ગણિત વિષયના તમામ દાખલાઓનું પ્રત્યક્ષ નિદર્શન કરી તેનું વિડિયો રેકોર્ડિંગ કરી તેને નિયમિત રીતે અપલોડ કરવાનું શરૂં કર્યું .
- જેમા વિધ્યાર્થીઓ પોતાના અનુકુળ સમયે વિડિયો જોઈ શકે છે. અને પુનરાવર્તન પણ કરી શકે છે.
- લગભગ 80 જેટલા વિડિયો અપલોડ કર્યા.

**7. વંથલી તાલુકાનાલુશાળા પ્રા.શાળા દ્વારા**

- નવતર પ્રયોગમાં બગીચાની જાડવણી અને જતન કરેલ.
- નવતર પ્રયોગમાં 2000 જેટલા રોપા ઉશેરી ગામલોકોને આપવામાં આવેલ.
- નવતર પ્રયોગમાં બાળગીતોની રચના કરેલ.
- નવતર પ્રયોગમાં . Google from દ્વારા ઓન લાઈન ટેસ્ટ લેવામા આવેલી
- આ ઉપરાંત યુ-ટયુબ ના માધ્યમથી શિક્ષણ કાર્ય થઈ શકે તે માટે એકવિડિયો લીંક બાળકો સુધી WHATSAPP ના માધ્યમથી પહોંચાડવાનો પ્રયત્ન કરેલો.

- આ ટેસ્ટ એક કરતા વધારે વખત આપી શકાતી હોવાથી બાળકો લર્નીંગ આઉટકમ ઝયાં સુધી સિધ્ધ નકરી શકે ત્યાં સુધી તેસ્ટ આી ને પોતાની શૈક્ષણિક સિધ્ધી માટે પ્રયત્ન કરી શકતો.

**8. વંથલી તાલુકાનામોટા કાજલીયાળા પ્રા.શાળા દ્વારા**

- નવતર પ્રયોગમાં . Google from દ્વારા ઓન લાઈન ટેસ્ટ લેવામા આવેલી
- આ માટે સૌ પ્રથમ બાળકોને જે તે પાઠની પીડીએફ ફાઈલ મોકલવામાં આવતી.
- બાળકો આ ફાઈલનો અને પાઠય પુસ્તકોનો અભ્યાસ કરતાં.
- ત્યાર બાદ મૂલ્યાંકન માટે બાળકોને વોટ્સએપમાં આ ટેસ્ટની લીંક શેર કરવામાં આવતી.
- NMMS એકઝામ માટે બાળકોને પ્રોત્સાહિત કરવા માટે તેનો ઉપયોગ કર્યો.
- અત્યાર સુધી માં 20 થી વધુ એકમોની ઓન લાઈન ટેસ્ટનું નિર્માણ કાર્ય કરેલ છે.

**9. વંથલી તાલુકાનાનાવડા પ્રા.શાળા દ્વારા**

- નવતર પ્રયોગમાં હોમલર્નીંગ સ્ટડી ફ્રોર્મ હોમ પસંદ કરવામાં આવેલ.
- Microsoft teams ના માધ્યમથી કલસ્ટરના ધો. 1થી8ના 134 બાળકો રેગ્યુલર જોડાતા જેમાં શિક્ષકોનું સમયપત્રક બનાવી 35 મિનિટના તાસનું આયોજન કરેલ.
- નવતર પ્રયોગમાં ONLINE HOME LEARNING SOCIAL SCIENCE પસંદ કરવામાં આવેલ.
- ધો. 6થી8નું ધો મુજબ WHATSAPP ગૃપ બનાવેલ.
- તેમા હોમલર્નીંગની લીંક યુનિટ વાઈઝ વિડિયો, વાર્તાઓ, પ્રેરણાત્મક વિડિયો, ટેસ્ટ પેપર વગેરે શેર કરવામા આવે છે.
- વર્ચ્યુલકલાસમાં ઓનલાઈન તાસ પણ લીધેલ છે.
- SOCIAL SCIENCE LAB તૈયારકરે છે.

- 9 નવતર પ્રયોગમાંથી મોટાભાગના શાળાના શિક્ષકો ઓન લાઈન અને ઓફલાઇન અને યુટયુબના માધ્યમથી અભ્યાસ કરાવતા.
- વિષયની દ્રષ્ટિએ જોઈએતો 1.ગણિત 1. વિજ્ઞાન 1. સામાજિક વિજ્ઞાન તથા 2. ભાષાના 4. પર્યાવરણ ગણાવી શકાય.
- ધો. 6 થી 8 માં વિશેષ કામથયેલ જોવા મળે છે.

- પર્યાવરણ, ભાષા, ગણિત અને વિજ્ઞાન વિષયમાં વિશેષ કામ થયેલ જોવામળે છે.
- શિક્ષકોની વિશેષ કામગીરીOnline મોડમાં વધુ થયેલ છે.
- મોટાભાગના શિક્ષકોની કાર્ય ઉપયોગિતા શાળાપૂરતી મર્યાદિત છે.

## 1.18 શૈક્ષણિક ફલિતાર્થો

- કામ કરતા શિક્ષકાનો આ પ્રથમ દસ્તાવેજ તૈયાર થયો.
- ઉત્તમ કામ કરતા શિક્ષકોની નોંધ લેવાય.
- ગણિત, વિજ્ઞાન અંગ્રેજી જેવા અઘરા ગણાતા વિષયોમાં પણ બાળકોને રસ લેતા કરી શકાયા.
- સરકારી પ્રા.શાળામાં લોકોનો અને વાલીઓનો વિશ્વાસ વધ્યો. આ સમય ગાળામાં સરકારી શાળાઓમાં નામાંકન પણ વધ્યું.
- આ સમય ગાળામાં "શાળાઓ બંધ છે પણ શિક્ષણ નહી" તે વિધાનને શિક્ષકોએ સાબિત કરી બતાવ્યું.

## 1.19 ભાવિ સંશોધન અંગેની ભલામણો.

- પ્રસ્તુત સંશોધન પ્રાથમિક શાળા ઉપર છે. મા.શાળાના શિક્ષકો પર સંશોધનકાર્ય હાથ ધરી શકાય.
- પ્રસ્તુત સંશોધન વંથલી તાલુકા પ્રાથમિક શાળા ઉપર છે. અન્ય ખાનગી મા.શાળાના શિક્ષકો પર સંશોધનકાર્ય હાથ ધરી શકાય.
- પ્રસ્તુત સંશોધન વંથલી તાલુકાની સરકારી પ્રથમિક શાળા પર છે. અન્ય પ્રાઈવેટ પ્રા. શાળાના શિક્ષકો પર સંશોધનકાર્ય હાથ ધરી શકાય.
- પ્રસ્તુત સંશોધન વંથલી તાલુકા પર છે. અન્ય તાલુકાના શિક્ષકો પર સંશોધનકાર્ય હાથ ધરી શકાય.

**સંશોધકનું નામ- કે.એન.ભૂત સિ. લેકચરર, ડાયેટ-જૂનાગઢ**

**સંશોધનવર્ષ-2020-21**

**શીર્ષક-** વંથલી તાલુકાના ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટીવલ અંતર્ગત યોજાયેલ વર્કશોપમાં ભાગ લેનાર શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ

## 1.0 પ્રાસ્તાવિક

ઇનોવેશન ફેસ્ટીવલ એટલે.... જેમાં શિક્ષકો શિક્ષણમાં નાવીન્યપૂર્ણ અભિગમ અપનાવીને અભ્યાસક્રમ શીખવતાં હોય છે તે પ્રયોગોનું સાધન-સામગ્રી સાથે નિદર્શન. વંથલી તાલુકાની ભૌગોલિક-સામાજિક-પર્યાવરણ કે પ્રાદેશિક વાતાવરણ અનુસાર શિક્ષકો જે નવતર પ્રયોગો કરીને ગુણવત્તા સુધારણા કાર્યક્રમમાં અને બાળકના સર્વાંગિ વિકાસમાં પ્રાણ પૂરવાની પ્રવૃત્તિઓ કરેલ છે તે કામગીરીનું નિદર્શન અને પ્રદર્શન ઇનોવેશન ફેસ્ટીવલમાં થાય છે આવા જ ઇનોવેશન ફેસ્ટીવલપ્રત્યેના અભિપ્રાયો ઇનોવેટીવશિક્ષકના કેવા છે તે જાણવા પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવેલ હતું.

## 1.1 સમસ્યાકથન અને અભ્યાસનું શીર્ષક

"વંથલી તાલુકાના ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટીવલ અંતર્ગત યોજાયેલ વર્કશોપમાં ભાગ લેનાર શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ"

પ્રસ્તુત અભ્યાસનો હેતુ વંથલી તાલુકાના ઓનલાઇન વર્કશોપમાં ભાગ લેનાર શિક્ષકોનો ઇનોવેશન ફેસ્ટીવલ પ્રત્યેના અભિપ્રાયોનો અભ્યાસ કરવાનો હતો. તેના સંદર્ભે અભિપ્રાયાવલિ તૈયાર કરવામાં આવી હતી. ઓનલાઇન વર્કશોપમાં ભાગ લેનાર શિક્ષકોના અભિપ્રાયો લેવામાં આવ્યા હતા.

## 1.2 અભ્યાસના હેતુઓ

1. વંથલી તાલુકાના ઓનલાઇન વર્કશોપમાં ભાગ લેનારશિક્ષકનો ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટીવલપ્રત્યેના અભિપ્રાયો જાણવા માટે અભિપ્રાયાવલિની રચના કરવી.
2. વંથલી તાલુકાના ઓનલાઇન વર્કશોપમાં ભાગ લેનારશિક્ષકનો ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટીવલપ્રત્યેના અભિપ્રાયો જાણવા.

## 1.3 અભ્યાસના પ્રશ્નો

1. ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટીવલ પ્રત્યેનાઓનલાઇન વર્કશોપમાં ભાગ લેનારશિક્ષકોના અભિપ્રાયો શા હશે ?

2. ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટીવલ પ્રત્યેના ટેકનોલોજીના ઉપયોગ સંદર્ભે ઓનલાઇન વર્કશોપમાં ભાગ લેનારશિક્ષકના અભિપ્રાયો શા હશે ?

## 1.4 અભ્યાસનું મહત્વ

દરેક કાર્યને પોતાનું આગવું મહત્વ હોય છે. આ સંશોધન પણ એક શૈક્ષણિક કાર્ય છે. આથી આ સંશોધન કાર્ય દરમિયાન સંશોધક જે જે કાર્ય કરે છે તથા જે પરિણામ મળે છે. તે પરિણામોને ધ્યાનમાં રાખીને ભવિષ્યમાં આ અભ્યાસ કોને કોને અને કેવી રીતે મદદરૂપ બની શકે તે બાબત તેનું મહત્વ સૂચવે છે.

1. પ્રસ્તુત સંશોધન દ્વારા ઓનલાઇનઇનોવેશન ફેસ્ટીવલપ્રત્યેના મળેલ અભિપ્રાયો આગામી ઇનોવેશન ફેરને અસરકારક બનાવવા મદદરૂપ થશે.

## 1.5 અભ્યાસની મર્યાદા

પ્રસ્તુત અભ્યાસની મર્યાદા નીચે પ્રમાણેની હતી.

1.પ્રસ્તુત અભ્યાસ વંથલી તાલુકાના ઓનલાઇન વર્કશોપમાં ભાગ લેનાર શિક્ષકોએ આપેલા અભિપ્રાયો પર આધારીત હતો.

## 1.6 સંશોધનનું વ્યાપવિશ્વ

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે વંથલી તાલુકાના તમામ ઓનલાઇન ઇનોવેશન ફેરમાં ભાગ લેનારશિક્ષકોનો સમાવેશ થાય છે.

## 1.7 નમૂના પસંદગી

આ સંશોધનમાં સંશોધકે સહેતુક નમૂના પ્રયુકિતથી નમૂનો (નિદર્શ) પસંદ કરેલ છે. આ સંશોધન માટે ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટીવલઅંતર્ગત યોજેલ વર્કશોપમાં જોડાયેલ 118શિક્ષકને નમૂના તરીકે પસંદ કરેલ હતા.

## 1.8 સંશોધનનાં ક્ષેત્રો

પ્રસ્તુત અભ્યાસમાં સ્પષ્ટપણે કહી શકાય કે પ્રસ્તુત અભ્યાસ શૈક્ષણિક આયોજન અને નીતિવિષયક સંશોધન ક્ષેત્ર સાથે ખૂબ જ સંબંધિત હતું.

**1.9 સંશોધનનો પ્રકાર**

પ્રસ્તુત અભ્યાસમાં વંથલી તાલુકાની 56 શાળાઓના 180 ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટીવલમાં ભાગ લેનાર શિક્ષકો પાસેથી અભિપ્રાયાવલિ ભરાવવામાં આવેલ હતી. આમ આ સંશોધન સંખ્યાત્મક અને ગુણાત્મક પ્રકારે હાથ ધરાયું હતું.

**1.10 સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધનએ સર્વેક્ષણ પદ્ધતિ પર આધારિત છે.

**1.11 ઉપકરણ વિગત**

પ્રસ્તુત સંશોધનમાં ઉ5કરણ તરીકે પ્રયોજક દ્વારા તૈયાર કરેલ અભિપ્રાયાવલિનો ઉપયોગ કરવામાં આવેલ હતો. આ સંશોધકની ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટીવલઅંતર્ગત મળેલ માહિતીનો ઉપયોગ કરવામાં આવેલ હતો.

અભિપ્રાયાવલિમાં કુલ 20 વિધાનોની રચના કરવામાં આવી હતી. જેમાંથી 14 વિધાનો હકારાત્મક હતા અને 6 વિધાનો પ્રત્યે શિક્ષકોનો કોઇ સ્પષ્ટ અભિપ્રાય જોવા મળેલ ન હતા.

**1.12 માહિતીનું એકત્રીકરણ**

સંશોધકે ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટીવલ અંતર્ગત ભાગ લેનાર શિક્ષકો પાસેથી માહિતી મળેવી હતી અને આ માહિતીનો ઉપયોગ કરવામાં આવેલ હતો.

**1.13 માહિતી પૃથક્કરણ રીત**

એકત્ર થયેલ માહિતીને યોગ્ય અંકશાસ્ત્રીય પદ્ધતિ થકી મૂલવણી એ સંશોધનના કાર્યનું મહત્ત્વનું સોપાન ગણી શકાય. સંશોધક માટે ઉપકરણની પસંદગી કરવાની સાથે જ તેના થકી પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ કેવી રીતે થઇ શકશે અને તારણો મેળવવા શું કરવું પડશે તે અંગેનો ખ્યાલ રાખવાનો થતો હોય છે. અહીં શિક્ષકોના અભિપ્રાયો હા-ના માં મેળવવામાં આવ્યા હતા અને આ અભિપ્રાયોના દરેક વિધાનના સંદર્ભે ટકાવારી શોધવામાં આવી હતી.

**1.14 તારણોઃ**

1 ઓનલાઇન ઇનોવેશનફેસ્ટીવલથી શિક્ષકો નવાવિષયોથી માહિતગાર થાય છે.

2 દર વર્ષે તાલુકા કક્ષાએ ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટીવલ થવો જોઇએ.

3 ઓનલાઇન ઇનોવેશનફેસ્ટીવલના કારણે તાલુકાકક્ષાએ ઇનોવેટીવ શિક્ષક કરેલ નવતર પ્રયોગથી શિક્ષકો માહિતગાર થાય છેઅનેશિક્ષકોમાં ટેકનોલોજીના ઉપયોગની ક્ષમતાનો વિકાસ થાય છે.

4 ઓનલાઇન ઇનોવેશનફેસ્ટીવલના કારણે શિક્ષકોની શૈક્ષણિક ગુણવત્તામાં વધારો થાય છે.

5 ઓનલાઇન ઇનોવેશનફેસ્ટીવલના કારણે ચાલુ વર્ષે થયેલ નવતર પ્રયોગનો લાભ તમામ શાળાને મળ્યો.

6 બધાજ વિષયોમાં ઓનલાઇન ઇનોવેશન રજૂ કરવું શક્ય નથી.

7 ઓફલાઇન કરતા ઓનલાઇન ઇનોવેશનફેસ્ટીવલમાં તાલુકાકક્ષાએ રજૂ થયેલ કૃતિમાં મહતમ શિક્ષકો ભાગ લઇ શકયાં.

8 ઓનલાઇન ઇનોવેશનફેસ્ટીવલમાં ઇનોવટીવ શિક્ષકને પોતાની કૃતિ રજૂ કરવામાં મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

9 ઓનલાઇન ઇનોવેટીવફેસ્ટીવલમાં ઇનોવેટીવ શિક્ષક દ્વારા રજૂ કરેલ કૃતિઓમાં પુનરાવર્તન જોવા મળે છે.

10 તાલુકા કક્ષાએ યોજાયેલ ઓનલાઇન ઇનોવેશનફેસ્ટીવલનો લાભ તમામ શાળાને મળે છે.

11 ઓનલાઇન ઇનોવેશનફેસ્ટીવલમાં ભાગ લેનાર શિક્ષકો પાસે ટેકનોલોજીનું જ્ઞાન હોવું જરૂરી છે.

12 ઓનલાઇન ઇનોવેશનફેસ્ટીવલમાં ભાગ લેનાર ઇનોવેટીવ શિક્ષકને તાલીમની જરૂર છે.

13 ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટીવલમાં આપેલ તમામ ક્ષેત્રોમાં ઇનોવેશન એન્ટ્રી થવી જોઇએ.

## 1.15 ફલીતાર્થો

- ઓફલાઇન ઇનોવેશન ફેસ્ટીવલ પણ ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટીવલ જેટલો જ અસરકારક હોય છે.
- તાલુકા કક્ષાના ઇનોવેશન ફેસ્ટીવલનો પ્રથમદસ્તાવેજ તૈયાર થયો.

## 1.16 ભાવિ સંશોધન અંગેની ભલામણો

- પ્રસ્તુત સંશોધનમાંઓનલાઇન ઇનોવેશન ફેસ્ટીવલઅન્વયે વંથલી તાલુકાના શિક્ષકોનો અભિપ્રાય લેવામાં આવ્યો છે. આ રીતે અન્ય તાલુકા કે જિલ્લાના શિક્ષકોના અભિપ્રાયો મેળવી સંશોધન થઇ શકે.

- પ્રસ્તુત સંશોધનમાં ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટીવલઅંગે શિક્ષકોના અભિપ્રાય લેવામાં આવ્યા છે. આ રીતે વાલીઓ કે વિધ્યાર્થીઓના અભિપ્રાયો મેળવી શકાય.

**સંશોધકનું નામ : 1. એ.ડી. રાજ્યગુરુ, સિ. લેકચરર, ડાયેટ-જૂનાગઢ**

**સંશોધનનું શીર્ષક : જૂનાગઢ શહેર અને ગ્રામ્ય તાલુકામાં લોકડાઉન દરમિયાન શિક્ષકો દ્વારા થયેલ વિશેષ કામગીરીનો વ્યક્તિ અભ્યાસ વર્ષ : 2020 -2021**

## 1.0 પ્રાસ્તાવિક

અહીં સંશોધનાત્મક દ્રષ્ટિથી આ સમયગાળા દરમિયાન થયેલ પ્રયત્નો સંદર્ભે જૂનાગઢ શહેર અને ગ્રામ્ય તાલુકામાં થયેલ વિશિષ્ટ બાબતોની અહીં પ્રસ્તુતિ કરવામાં આવી છે. જે દ્વારા આ શાળાઓએ અન્ય શાળાઓને પણ પ્રેરણા આપી છે. આ સમયગાળા દરમિયાન શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓ માટે વિષયવસ્તુ આધારિત કે શિક્ષણને આનુષંગિક બાબતોને કેન્દ્રમાં રાખીને કરવામાં આવેલ કાર્યને પાયા તરીકે પસંદ કરવામાં આવ્યું. આ કાર્યમાં મળેલ પરિણામની જિલ્લા કક્ષાએ નોંધ લેવાયેલ. જેમાં શિક્ષકો દ્વારા શાળા કક્ષાએ કરવામાં આવેલ પ્રયત્નોને એક દિશા મળે છે. તેમજ, કરેલ કાર્યના સંદર્ભમાં મળેલ પરિણામોને અન્ય શાળાના પરિપેક્ષ્યમાં ઉપયોગી બને અને પ્રયોગ કરનાર શિક્ષકને જિલ્લા કક્ષાએ એક પ્લેટફોર્મ મળે તે જરૂરી છે. આ બાબતને કેન્દ્રમાં રાખીને જી.સી.ઈ.આર.ટી.– ગાંધીનગર દ્વારા રાજ્યના વિવિધ જિલ્લાઓમાં લોકડાઉન દરમિયાન નાવિન્યસભર કાર્ય કરનાર શિક્ષકોનો વ્યક્તિ અભ્યાસ કરવાના આશયથી પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવામાં આવેલ હતો.

## 1.1 સમસ્યા કથન

**" જૂનાગઢ શહેર અને ગ્રામ્ય તાલુકામાં લોકડાઉન દરમિયાન શિક્ષકો દ્વારા થયેલ વિશેષ કામગીરીનો વ્યક્તિ અભ્યાસ"**

પ્રસ્તુત અભ્યાસનો હેતુ જૂનાગઢ શહેર અને ગ્રામ્ય તાલુકામાં લોકડાઉન દરમિયાન શિક્ષકો દ્વારા થયેલ વિશેષ કાર્યનું દસ્તાવેજીકરણ કરવાનો હતો. SSA દ્વારા દરેક તાલુકામાં શિક્ષકોની વિશેષ કામગીરીનો અહેવાલ તૈયાર કરવાની કામગીરી TPEO અને BRC –CO. ને સોંપવામાં આવેલ. જે કામગીરી અહેવાલનો ઉપયોગ પ્રસ્તુત સંશોધનમાં કરેલ છે.

## 1.2 અભ્યાસના હેતુઓ

**પ્રસ્તુત અભ્યાસના હેતુઓ આ પ્રમાણે હતા.**

1. જૂનાગઢ શહેર અને ગ્રામ્ય તાલુકામાં લોકડાઉન સમય દરમિયાન વિશેષ શૈક્ષણિક કામગીરી કરનાર શિક્ષકોની માહિતી મેળવવી.

2. વિશેષ શૈક્ષણિક કામગીરી કરનાર શિક્ષકોની કરેલી કામગીરી અહેવાલના આધારે તેમની કામગીરીનું અર્થઘટન કરવું.

3. વિશેષ શૈક્ષણિક કામગીરી કરનાર શિક્ષકોની માહિતીને આધારે તારણો તારવવા.

## 1.3 અભ્યાસની મર્યાદા

પ્રસ્તુત અભ્યાસની મર્યાદા નીચે પ્રમાણે હતી.

1. પ્રસ્તુત સંશોધનમાં માત્ર વિશેષ કામગીરી કરેલ શિક્ષકોને જ વ્યક્તિ અભ્યાસ તરીકે પસંદ કરવામાં આવેલ છે.
2. માહિતી એકત્રીકરણ માટે CRC, BRC અને કે.નિ., TPEO દ્વારા પસંદ થયેલ શિક્ષકોને જ વ્યક્તિ વિશેષના દસ્તાવેજીકરણમાં પસંદ કરેલ છે.
3. પ્રસ્તુત અભ્યાસમાં શૈક્ષણિક વર્ષ 2020-21માં કરેલ કામગીરીને જ ધ્યાનમાં લેવામાં આવેલ છે.

## 1.4 સંશોધનનું વ્યાપવિશ્વ :

વ્યાપવિશ્વ એટલે સમષ્ટિ એ એવી વિગતો, પાત્રો કે શકય અવલોકનોની સંખ્યા છે કે, જેમાંથી નમૂનો પસંદ થાય છે. પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે જૂનાગઢ શહેર અને ગ્રામ્ય તાલુકાની 137 શાળાના 703 શિક્ષકોનો એટલે કે તાલુકાના તમામ શિક્ષકોનો સમાવેશ થાય છે.

## 1.5 નમૂના પસંદગી :

આ સંશોધનમાં સંશોધકે સહેતુક નમૂના પ્રયુકિતથી નમૂનો (નિદર્શ) પસંદ કરેલ છે. આ સંશોધન માટે વર્ષ 2020-21 દરમિયાન તાલુકા કક્ષાએ લોકડાઉન દરમિયાન વિશેષ કામગીરી કરનાર 9 શિક્ષકોને નમૂના તરીકે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, બીઆરસી કો-ઓર્ડિનેટર અને સીઆરસી કો-ઓર્ડિનેટર દ્વારા પસંદ કરેલ હતા.

## 1.6 ઉપકરણ વિગત :

પ્રસ્તુત સંશોધનમાં વ્યક્તિ અભ્યાસ માટે પસંદ કરવામાં આવેલ જૂનાગઢ શહેર અને ગ્રામ્ય તાલુકાના વિશેષ કામગીરી કરનાર શિક્ષકો દ્વારા કરવામાં આવેલ પ્રયોગને ધ્યાનમાં રાખીને મુખ્ય બાબતો આધારિત માહિતીનું વર્ણન કરવામાં આવેલ. જેમાં વિશિષ્ટ કામગીરી કરનાર શિક્ષકોના નામ, શાળા, ધોરણ, વિષય, સમયગાળો, પદ્ધતિ-પ્રયુક્તિ, ઉપયોગિતા અને પરિણામ જેવા મુદ્દા આધારિત માહિતીનું એકત્રીકરણ કરવામાં આવેલ હતું.

## 1.7 માહિતીનું એકત્રીકરણ:

સંશોધનમાં સમાવિષ્ટ તાલુકામાં વિશિષ્ટ કામગીરી કરનાર શિક્ષકો પાસેથી વ્યક્તિ અભ્યાસ અર્થે સંશોધક દ્વારા ચર્ચા દ્વારા તેમજ કરેલ પ્રયોગના સંદર્ભમાં માહિતી મેળવવામાં આવેલ. આ ઉપરાંત પ્રવર્તમાન સમયમાં તેની શાળામાં તેની ઉપયોગીતાના સંદર્ભમાં માહિતી મેળવેલ. પ્રયોગના આધારો તેમજ તે અંગેના જરૂરી ફોટોગ્રાફ્સ પણ રજુ કરવામાં આવેલ. જેના આધારે માહિતીની રજૂઆત તેમજ પારદર્શકતાની ખાતરી કરી શકાય.

## 1.8 પ્રાપ્ત માહિતી :

પ્રસ્તુત અભ્યાસમાં તાલુકા કક્ષાએથી પાંચ શિક્ષકોના અહેવાલ મળેલા. આ પાંચ શિક્ષકોના અહેવાલને જ નમુના તરીકે કરવામાં આવ્યા છે.

## 1.9 માહિતી પૃથક્કરણ રીત :

એકત્ર થયેલ માહિતીને યોગ્ય અંકશાસ્ત્રીય પદ્ધતિ થકી મૂલવણી એ સંશોધનના કાર્યનું મહત્વનું સોપાન ગણી શકાય. સંશોધક માટે પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ કેવી રીતે થઇ શકશે અને તારણો મેળવવા શું કરવું પડશે તે અંગેનો ખ્યાલ રાખવાનો થતો હોય છે. અહીં શિક્ષકોએ કરેલા કાર્યનું ગુણાત્મક પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

## 1.10 તારણો :

આ સંશોધનમાં જૂનાગઢ શહેર અને ગ્રામ્ય તાલુકામાં લોકડાઉન દરમ્યાન વિશેષ કામગીરી કરનાર શિક્ષકોની માહિતી મેળવવામાં આવી હતી. અને આ માહિતીનું ગુણાત્મક પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. તેને આધારે નીચેના તારણો પ્રાપ્ત થયા હતા.

- અલ્પેશભાઇ ટાંક દ્વારા યુ-ટયુબ ચેનલ-નવા પીપળીયા ગવર્મેન્ટ પ્રાયમરી સ્કૂલ. જેમાં ધોરણ 6 થી 8 ના ગણિત અને વિજ્ઞાન વિષયના કઠિન જણાતા મુદાઓનું સરલીકરણ કરી શૈક્ષણિક કાર્યના વિડીયો સાથે સાથે સ્ટુડન્ટ દ્વારા 1 થી 99 ના ઘડિયાગાનની પ્રસ્તુતિના વિડીયો,વેસ્ટમાંથી બેસ્ટના વિડીયો, How to make Bonsai –વિડીયો, NMMS EXAM તૈયારી કઇ રીતે કરી શકાય તેના વિડીયો મૂકવામાં આવ્યા મોડેલ પેપર આપેલા છે. અને સ્કૂલ ન્યૂઝ ચેનલ પણ શરુ કરવામાં આવી છે.
- રમેશભાઇ વઘાસિયા દ્વારા યુ-ટયુબ ચેનલમાં ધો.6 થી 8 ગણિત વિજ્ઞાનના 100 વિડીયો, શાળાના વિશેષ કાર્યક્રમોના વિડીયો મૂકવામાં આવેલા છે.Whatsapp ગૃપ દ્વારા સતત માર્ગદર્શન,શેરી અને ફળિયા શિક્ષણ કરવામાં આવેલ.

- જેઠવા હેતલબેન દ્વારા વાલીને પ્રત્યક્ષઅને પરોક્ષ રીતે હોમલર્નિંગ માટે માર્ગદર્શન આપવામાં આવ્યુ. મોબાઇલમાં whatsapp ગૃપ બનાવ્યા અને દરેક વિધાર્થીના ઘરે જઇ વાલી મુલાકાત કરી દરેક બાળકને અને વાલીને MICROSOFT TEEMS માં જોડાવાની સમજ આપી. શાળામાં જ શિક્ષણ લેતા હોય તેવુ વાતાવરણ ઉભુ કર્યુ.
- પૂર્વેશભાઇ પાવાગઢી દ્વારા દ્વારા ધોરણ 9 અને 10 માં 877 ઓનલાઇવ કલાસ લેવામાં આવ્યા. ઓનલાઇન ગુગલ ટેસ્ટ તૈયાર કરી,જેમાં વિધાર્થી ટેસ્ટ આપે કે તરત જ તેમને માર્કસ મળી જાય અને શાળાને એમનું મૂલ્યાંકન કરી પાછો કયો મુદો રીપીટ સમજાવવો તેનું માર્ગદર્શન મળી જાય . ઓન લાઇન ટેસ્ટનો લાભ સમગ્ર રાજયના શિક્ષકોને મળયો. ગુજરાત વર્ચ્યુઅલ કલાસ દ્વારા રાજયકક્ષાએ લેવાયેલ ઓનલાઇન ટેસ્ટમાં 22 વખત 1 થી 10 મા સ્થાન પ્રાપ્ત કર્યુ
- રીટાબેન નીનામા દ્વારા ધોરણ 1 અને 2 ના બાળકોને ભાષા,ગણિતનું સાધન-સામગ્રી દ્વારા શિક્ષણ આપવા તમામ લર્નિંગ મટીરીયલ ઘરે તૈયાર કરવામાં આવ્યુ . ટીએલએમના ઉપયોગથી બનાવેલા વિડીયો Whatsappમાં મૂકવામાં આવ્યા.સાથે શેરી અને ફળિયા શિક્ષણ પણ આપવામાં આવ્યુ. ઘરે શિખીએ પ્રવૃતિના વિડીયો પણ Whatsapp પર મૂકવામાં આવ્યા.
- મંજુલાબેન રામ દ્વારા ધોરણ 1 અને 2 પ્રજ્ઞામાં ગુજરાતી વિષયમાં જાતે ટીએલએમ બનાવી, વિશિષ્ટ પ્રવૃતિઓ સાથે,વિધાર્થીઓને શાળામાંથી સાહિત્ય પૂરુ પાડીને, શેરી અને ફળિયા શિક્ષણ આપવામાં આવ્યુ છે. સાથે Whatsapp ગૃપમા અને રુબરુ વાલીશ્રીઓને વિધાર્થીઓના અભ્યાસ અને કસોટી સંદર્ભે માર્ગદર્શન આપવામાં આવ્યુ.
- સરોજબેન ઘેટીયા દ્વારા વિષય ગણિત- ધોરણ 1 અને 2 ના બાળકોને પ્રવૃતિ સભર શિક્ષણ આપવા શાળાની નજીકના વિસ્તારને આઠ ભાગમાં વિભાગમાં વહેંચવામાં આવ્યા. વિધાર્થીઓની હાજરી રહે માટે શિક્ષણ પૂર્વે બાળકોને જાણ થતી. જાતે બનાવેલા ટીએલએમનો તથા વિવિધ પ્રવૃતિઓ દ્વારા ફળિયા અને શેરી શિક્ષણ આપવામાં આવ્યુ. સાથે Whatsapp ગૃપમા અને રુબરુ વાલીશ્રીઓને વિધાર્થીઓના અભ્યાસ અને કસોટી સંદર્ભે માર્ગદર્શન આપવામાં આવ્યુ.
- ભાવનાબેન કંટેસરીયા દ્વારા વિષય ગુજરાતી - ધોરણ 1 અને 2 ના બાળકોને પ્રવૃતિ સભર શિક્ષણ આપવા શાળાની નજીકના વિસ્તારને આઠ ભાગમાં વિભાગમાં વહેંચવામાં આવ્યા.

વિધાર્થીઓની હાજરી રહે માટે શિક્ષણ પૂર્વે બાળકોને જાણ થતી. જાતે બનાવેલા ટીએલએમનો તથા વિવિધ પ્રવૃતિઓ દ્વારા ફળિયા અને શેરી શિક્ષણ આપવામાં આવ્યુ. સાથે Whatsapp ગૃપમા અને રુબરુ વાલીશ્રીઓને વિધાર્થીઓના અભ્યાસ અને કસોટી સંદર્ભે માર્ગદર્શન આપવામાં આવ્યુ.

- પરી બળદેવપરી જવેરપરી દ્વારા યુ-ટયુબ ચેનલ દ્વારા બાળકોને આનંદ સાથે રમી શકે તેવી 40 પ્રકારની વિવિધ રીતે રમી શકાય તેવી એક ટુલ્સ WORLDWALL પર બનાવવામાં આવી. ધોરણ 1 થી 12 ના બધા વિષયોની પ્રકરણ મુજબ 2000 જેટલી રમતો બનાવી. ધોરણ 6 થી 12 ના ગણિત વિષયમાં તમામ પ્રકરણોના 550 થી વધુ વિડીયો નિર્માણ કરી યુ ટયુબમાં અપલોડ કરવામાં આવ્યા. ધોરણ 5 થી 10 ના ગણિતના લાઇવ 600 થી વધુ કલાસ લેવામાં આવ્યા. જેમાં ધોરણ 10 માં પોતાની શાળા સિવાય હજારો બાળકોને લાભ મળયો.- શાળાના કાર્યક્રમોની ઉજવણી પણ યુ—ટયુબ ચેનલ પર મૂકવામાં આવ્યા.- ધોરણ –9 અને 10 અને ધોરણ 12 (આર્ટસ-કોમર્સ)ના તમામ વિષયના MCQ પ્રકારની કવીઝ–રમતો બનાવવામાં આવી. આમ ICT,રાજયપાલ અને રાષ્ટ્રપતિ એવોર્ડથી સન્માનિત બલદેવપરીની ટેકનોલોજી સબબ કામગીરી અવિરત પણે ચાલુ છે તેમ જોવા મળયુ છે.

આ ઉપરાંત મળેલ માહીતિનું ગુણાત્મક પૃથક્કરણ કરતા નીચેની વિગતો જોવા મળી.

- જૂનાગઢ શહેર અને ગ્રામ્ય તાલુકામાં પ્રાથમિક અને માધ્યમિક શાળાના નવ શિક્ષકોની કામગીરી વિશેષ જોવા મળી હતી.
- પ્રાથમિક શાળામાં કોવિડ-19 સમયમાં શિક્ષણ અને સહ અભ્યાસિક પ્રવૃત્તિઓના સંદર્ભમાં વિશેષ કામ થયેલું છે
- ચાર શિક્ષકોએ યુ ટ્યુબ ચેનલ પર વિદ્યાર્થીઓ માટે વિષયવસ્તુ સબંધિત વિડીયો અપલોડ કરેલા છે.
- શિક્ષકોની શૈક્ષણિક કામગીરી Offlion અને online બંને મોડમાં થયેલ છે.
- ચાર શિક્ષકોના કાર્યની ઉપયોગિતા અને વિસ્તૃતીકરણ શાળા પુરતું માર્યાદિત ન અન્ય શિક્ષકો અને વાલીઓ પણ તેનો ઉપયોગ કરી શકે છે.
- ચાર શિક્ષક દ્વારા યુ ય્યુબ ચેનલ પર એપ્લીકેશન બનાવેલ છે. જે બધા માટે ઉપયોગી છે.

1.11 **ભાવિ સંશોધન અંગેની ભલામણોઃ-**

- પ્રસ્તુત સંશોધન જૂનાગઢ શહેર અને ગ્રામ્ય તાલુકા પર છે અન્ય તાલુકા માટે આ સંશોધન કરી શકાય.
- આ પ્રકારે વિશિષ્ટ કામગીરી કરનાર આચાર્ય, CRC CO., BRC CO. પર આ પ્રકારે સંશોધન કરી શકાય.

**1.12 શૈક્ષણિક ફલિતાર્થો :-**

- વિજ્ઞાન અને ગણિત જેવા કઠિન વિષયોમાં પ્રયોગો દ્વારા શિક્ષણ આપવું જોઈએ.
- ઉત્તમ કામ કરતા શિક્ષકોની નોંધ લઈ શકાય.
- વિશેષ કામ કરતા શિક્ષકોનો દસ્તાવેજ તૈયાર કરી શકાય.
- વિદ્યાર્થીઓની રસ-રૂચિ અને જરૂરીયાતને અનુરૂપ કાર્ય આપી વધુ અસરકારક પરિણામો મેળવી શકાય.
- વિદ્યાર્થીઓ ઓપન સોર્સનો સંદર્ભ તરીકે ઉપયોગ કરે તો સમજમા વધારો થાય.

**સંશોધકનું નામ : 1. એ.ડી. રાજ્યગુરુ, સિ. લેકચરર, ડાયેટ-જૂનાગઢ**

**સંશોધનનું શીર્ષક : જૂનાગઢ શહેર અને ગ્રામ્ય તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોના વ્યવસાય સંતોષનો અભ્યાસ**

**વર્ષ : 2020 -2021**

## 1.0 પ્રાસ્તાવિક

RIGHT MAN FOR RIGHT JOB – આ વિધાન આજે યથાર્થ થતું નથી કારણ કે, જેટલી જોબ પ્લેસ હોય છે. તેના કરતા બે કે ત્રણ ગણા અરજદાર હોય છે. સાથે જ વ્યક્તિ પોતે પણ એ જાણતી નથી હોતી કે, તેને કયો વ્યવસાય ગમશે. આ સંજોગોમાં વ્યક્તિએ જે વ્યવસાય મળે તે સ્વીકારી લેવું પડે, એવું બને છે. વ્યવસાય સંતોષ વ્યક્તિના જીવન સાથે સંકળાયેલો છે. તેથી શાળાઓના શિક્ષકો સાથે સંકળાયેલા પ્રયોજકએ  શિક્ષકોને પોતાના વ્યવસાયથી  સંતોષ છે કે કેમ ? તે જાણવા માટે પ્રસ્તુત સંશોધનકાર્ય હાથ ધરવાનું નક્કી કર્યું.

## 1.1 સમસ્યા કથન

પ્રસ્તુત અભ્યાસની સમસ્યાના શીર્ષકને પ્રયોજકે આ મુજબ શબ્દબદ્ધ કર્યું હતું.

**જૂનાગઢ શહેર અને ગ્રામ્ય તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોના વ્યવસાય સંતોષનો અભ્યાસ**

પ્રયોજકે પ્રસ્તુત અભ્યાસના ભાગરૂપે જૂનાગઢ જિલ્લાની જૂનાગઢ શહેર અને ગ્રામ્ય તાલુકાની વર્ષ 2020 - 21 ના શિક્ષકોના વ્યવસાય સંતોષ અંગે અભ્યાસ હાથ ધર્યો હતો.

## 1.2 અભ્યાસના હેતુઓ

પ્રસ્તુત સંશોધન માટે પ્રયોજકે આ પ્રમાણે હેતુઓ નક્કી કર્યા હતા. જે હેતુઓને લક્ષમાં રાખીને પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

1. પ્રાથમિક શાળાના શિક્ષકોની વ્યવસાય સંતોષ માપન માટે ‘વ્યવસાય સંતોષ માપદંડ’ની સંરચના કરવી.
2. પ્રાથમિક શાળાના શિક્ષકોના ‘વ્યવસાય સંતોષ માપદંડ’નો અભ્યાસ કરવો.
3. પ્રાથમિક શાળાના શિક્ષકોની લાયકાત  અનુસાર વ્યવસાય સંતોષ અંગેનો અભ્યાસ કરવો.

4. પ્રાથમિક શાળાના શિક્ષકોની જાતીયતા અનુસાર વ્યવસાય સંતોષ જાણવો.
5. પ્રાથમિક શાળાના શિક્ષકોના સ્ટાફ (પુરતો-અપૂરતો)અનુસાર વ્યવસાય સંતોષનું માપન કરવું .

## 1.3 સંશોધનની ઉત્કલ્પના

પ્રયોજકે નીચે પ્રમાણેની વિધાન સ્વરુપે ઉત્કલ્પના રચી હતી.

1 પ્રાથમિક શાળાના શિક્ષકોનો વ્યવસાય સંતોષ સંબંધી વિધાનો અંગે ચોકકસ અભિપ્રાય હશે. પ્રયોજકે નીચે પ્રમાણે પ્રશ્ન સ્વરુપે ઉત્કલ્પના રચી હતી.

1. જૂનાગઢ શહેર અને ગ્રામ્ય તાલુકાના શિક્ષકોનો વ્યવસાય સંતોષ કેટલો હશે ?
2. પ્રાથમિક શાળાના પી.ટી.સી. થયેલા શિક્ષકોનો સરેરાશ વ્યવસાય સંતોષ કેટલો હશે ?
3. પ્રાથમિક શાળાના બી.એડ. થયેલા શિક્ષકોનો સરેરાશ વ્યવસાય સંતોષ કેટલો હશે ?
4. પ્રાથમિક શાળાના પુરુષ શિક્ષકોનો સરેરાશ વ્યવસાય સંતોષ કેટલો હશે ?
5. પ્રાથમિક શાળાના સ્ત્રી શિક્ષકોનો સરેરાશ વ્યવસાય સંતોષ કેટલો હશે ?
6. પ્રાથમિક શાળાના પુરતો સ્ટાફ ધરાવતી શાળાના શિક્ષકોનો સરેરાશ વ્યવસાય સંતોષ કેટલો હશે ?
7. પ્રાથમિક શાળાના અપુરતો સ્ટાફ ધરાવતી શાળાના શિક્ષકોનો સરેરાશ વ્યવસાય સંતોષ કેટલો હશે ?

પ્રસ્તુત અભ્યાસના હેતુઓના સંદર્ભમાં પ્રયોજકે નીચે પ્રમાણે શૂન્ય ઉત્કલ્પનાઓ રચી હતી.

1. પ્રાથમિક શાળાના શિક્ષકોના અભ્યાસ અનુસાર વ્યવસાય સંતોષના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

૨. પ્રાથમિક શાળાના શિક્ષકોની જાતીયતા(પુરુષ અને સ્ત્રી) અનુસાર તેઓની વ્યવસાય સંતોષના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

3. પ્રાથમિક શાળાના શિક્ષકોની શાળામાં સ્ટાફની સંખ્યા (પુરતો-અપૂરતો) અનુસાર તેઓની વ્યવસાય સંતોષના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

**1.4 સંશોધનનું વ્યાપવિશ્વ :**

પ્રસ્તુત અભ્યાસનાં વ્યાપવિશ્વમાં જૂનાગઢ જિલ્લાની જૂનાગઢ શહેર અને ગ્રામ્ય તાલુકાની પ્રાથમિક શાળામાં શૈક્ષણિક વર્ષ 2020-21 દરમિયાન અધ્યાપન કાર્ય કરાવતા શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આમ, કુલ 100 શાળાઓના 603 શિક્ષકો વ્યાપવિશ્વમાં સમાવિષ્ટ હતાં.

**1.5 નમૂના પસંદગી**

આ સંશોધનમાં સંશોધકે વ્યાપવિશ્વના તમામ પાત્રોને નમૂનામાં સમાવેશ કર્યો હતો. કારણ કે માહિતી પ્રાપ્તિ ટેકનોલોજી દ્વારા હતી. અહીં વ્યાપવિશ્વ એ જ નમૂનો છે.

**1.6 ઉપકરણ વિગત :**

પ્રસ્તુત સંશોધનમાં અભ્યાસની જરુરિયાતને ધ્યાનમાં રાખીને સંશોધકે શિક્ષક વ્યવસાય કાર્યસંતોષ સંશોધનિકાની રચના કરી હતી. ઉપકરણ રચનામાં નીચે મુજબના સોપાનોને અનુસરવામાં આવ્યા હતા.

પ્રયોજકે પ્રસ્તુત સંશોધનમાં વ્યવસાય સંતોષ માપદંડમાં પ્રતિચાર આપનાર શિક્ષકની સામાન્ય માહિતી અને કેટલીક સૂચનાઓ આપવામાં આવી હતી. ત્યારબાદ 30 વિધાનો આપવામાં આવ્યા હતા. જેમાં "હા" કે "ના" વિકલ્પ પસંદ કરવાનો હતો. જેમાં વિધાન નં. 4, 11, 16, 18, 23, 27, 28, 30 નકાર વિધાનો મુકવામાં આવેલા હતા.

**1.7 માહિતીનું એકત્રીકરણ**

પ્રયોજકે વ્યવસાય સંતોષ માપદંડ પર પ્રતિભાવ મેળવવા એક GOOGLE FORM વિકસાવવામાં આવ્યું હતું. જેની LINK બનાવી હતી.

પ્રયોજકે પ્રાથમિક શાળાઓ માટે BRC CO. અને CRC CO. ને રૂબરૂ મળી પોતાના સંશોધનકાર્ય અંગેનો હેતુ સ્પષ્ટ કરી વ્યવસાય સંતોષ જાગરુકતા માપદંડ પર માહિતી એકત્રિત કરવા માટે માર્ગદર્શન આપ્યું હતું.

પ્રયોજકે પોતે અને BRC CO.અને CRC CO. દ્વારા નમૂનાની શાળાઓમાં રૂબરૂ જઈને પ્રાથમિક શાળાઓના શિક્ષકોને પ્રસ્તુત સંશોધન કાર્ય તેમજ વ્યવસાય સંતોષ જાગરુકતા માપદંડ

વિશે GOOGLE FORM ની LINK અને જરૂરી માહિતી આપી. આમ, વ્યવસાય સંતોષ  જાગરૂકતા માપદંડ પર પ્રતિચારો ONLINE જ મેળવવામાં આવ્યા હતા.

શિક્ષકોએ આપેલા પ્રતિભાવો ગૂગલ ફોર્મ પરથી MSEXCEL SHEET માં મેળવી તેને અર્થઘટન માટે ઉપયોગમાં લીધા હતા. ગુગલ ફોર્મના આધારે જણાયુ હતુ કે જૂનાગઢ શહેર તાલુકાની કુલ 112 અને માણાવદરની કુલ 225 એમ એકંદરે કુલ 337 શિક્ષકોના પ્રતિચારો પ્રાપ્ત થયા હતા. જેને અર્થઘટન માટે ઉપયોગમાં લીધા હતા.

પ્રસ્તુત અભ્યાસમાં પ્રાપ્ત થયેલી માહિતીના આધારે પૃથક્કરણ કરવા માટે વિવિધ અંકશાસ્ત્રીય પદ્ધતિઓ દ્વારા માહિતી ગણતરી કરવામાં આવી હતી. આ અંકશાસ્ત્રીય ગણતરીઓ MICRO SOFT – EXCELનો ઉપયોગ કર્યો હતો.

**1.8 પ્રાપ્ત માહિતી**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે વ્યાપવિશ્વને જ નમુના તરીકે પસંદ કરેલ. જેમાં જૂનાગઢ શહેર અને ગ્રામ્ય તાલુકામાં કુલ 100 શાળાઓમાંથી 91 પ્રાથમિક શાળામાં અધ્યાપન કાર્ય કરાવતાં 603 શિક્ષકોમાંથી 337 શિક્ષકો પાસેથી માહિતી મળી હતી. આ 337 શિક્ષકોની માહિતીનો અભ્યાસના અર્થઘટનમાં ઉપયોગ કરવામાં આવ્યો હતો.

જેમાં કુલ પાત્રોની સંખ્યા 337 હતી. પ્રાથમિક શાળાના PTC કરેલ કુલ 208 પાત્રો હતા. અને પ્રાથમિક શાળાના B.Ed. કરેલા કુલ 129 પાત્રો હતા. સ્ત્રી પાત્રોની સંખ્યા 244 હતી અને પુરુષ પાત્રોની સંખ્યા 93 હતી. સ્ટાફ પૂરતો હોય તેવા પાત્રોની સંખ્યા 319 હતી અને અપૂરતો સ્ટાફ હોય તેવા પાત્રોની સંખ્યા 18 હતી. પ્રયોજકે નમૂનામાં કુલ 91 પ્રાથમિક શાળાઓનો સમાવેશ કર્યો હતો.

**1.9 માહિતી પૃથક્કરણ અને અર્થઘટનની રીત :**

એકત્ર થયેલ માહિતીને યોગ્ય અંકશાસ્ત્રીય પદ્ધતિ થકી મૂલવણીએ સંશોધનના કાર્યનું મહત્ત્વનું સોપાન ગણી શકાય. સંશોધક માટે ઉપકરણની પસંદગી કરવાની સાથે જ તેના થકી પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ કેવી રીતે થઇ શકશે ? તારણો મેળવવા શું કરવું પડશે ? તે અંગેનો ખ્યાલ રાખવાનો થતો હોય છે.

પ્રસ્તુત સંશોધનમાં નીચે જણાવેલ અંકશાસ્ત્રીય પ્રયુક્તિથી માહિતીનું વિશ્લેષણ કરવામાં આવશે.

- સરાસરી

- o  પ્રમાણ વિચલન
- o  t – test
- o  વિધાન અનુસાર ટકાવારી

ઉપર્યુકત મુદ્દાઓના અનુસંધાનમાં બંને શાળાઓમાંથી મળેલ માહિતી પરથી અસરકારકતાની ચકાસણી કરવામાં આવી હતી.

પ્રશ્નનાવલિના હકાર વિધાનમાં "હા" પ્રતિચાર માટે 1 પોઈન્ટ અને "ના" પ્રતિચાર માટે 0 પોઈન્ટ ગણવામાં આવેલ હતો. નકાર વિધાન માટે " હા" પ્રતિચાર માટે 0 પોઈન્ટ અને " ના" પ્રતિચાર માટે 1 પોઈન્ટ ગણવામાં આવેલ છે. પ્રસ્તુત અભ્યાસમાં 1 પોઈન્ટ મળેલા પ્રતિચારને હકારાત્મક પ્રતિચાર તરીકે ગણવામાં આવેલ છે.

વિધાન અનુસાર ટકાવારી હકાર વિધાન માટે MS EXCEL માં ફોર્મ્યુલા =(કુલ "હા" પ્રતિચારો*100/કુલ પાત્રોની સંખ્યા) મુકી શોધવામાં આવી હતી.

વિધાન અનુસાર ટકાવારી નકાર વિધાન માટે MS EXCEL માં ફોર્મ્યુલા =(કુલ "ના" પ્રતિચારો*100/કુલ પાત્રોની સંખ્યા) મુકી શોધવામાં આવી હતી.

જેમાં સાર્થકતા ચકાસવા માટે ટી- કસોટીનો ઉપયોગ કરેલ જેમાં ટી- કસોટીની સારણી મુજબ 0.05 કક્ષાએ સાર્થકતા મુલ્ય 1.96 કરતા વધુ હોય તો મૂલ્ય સાર્થક ગણેલ છે. અને 0.01 કક્ષાએ સાર્થકતા મુલ્ય 2.58 કરતા વધુ હોય તો મૂલ્ય સાર્થક ગણેલ છે. તેની ચર્ચા પ્રકરણ-4 માં વિગતે કરવામાં આવી છે.

વિધાન અનુસાર ટકાવારી MS EXCEL માં ફોર્મ્યુલા =(કુલ હકારાત્મક પ્રતિચારો*100/કુલ પાત્રોની સંખ્યા) મુકી શોધવામાં આવી હતી.

### 1.10 તારણો :

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે શૂન્ય ઉત્કલ્પનાઓની ચકાસણી કર્યા બાદ અભ્યાસના તારણો તારવવામાં આવ્યા હતા. જે આ પ્રમાણે રજૂ કરેલ છે.

1. વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના તમામ શિક્ષકો પોતાની નોકરીને સંપૂર્ણત: વફાદાર છે.
2. વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટાભાગના શિક્ષકો શીખવવાના અઘરા મુદાઓ વિશે સતત ચિંતિત હોય છે.

3. વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટાભાગના શિક્ષકો પોતાના નવરાશનો સમય નોકરી વિષયક સહઅભ્યાસ પ્રવૃતિમાં વિતાવે છે.

4. વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટાભાગના શિક્ષકો  નોકરીનાં કારણે કૌટુંબિક પ્રસંગોમાં હાજરી આપી શકતા નથી.

5. વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો પોતાની પસંદગીની શિક્ષણ પદ્ધતિ અપનાવી શકે છે.

6. વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો દરેક વિદ્યાર્થી પર વ્યક્તિગત ધ્યાન આપે છે.

7. વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો આવશ્યકતા મુજબ વિદ્યાર્થીઓમાં ઉપચારાત્મક શિક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરે છે.

8. વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો શૈક્ષણિક મનોવિજ્ઞાનનો ઉપયોગ વિદ્યાર્થીઓની વ્યક્તિગત ભિન્નતાના આધારે કરે છે.

9. વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના લગભગ તમામ શિક્ષકો પોતાની નોકરીમાં નિયમિતતા અને સમયપાલનાં આગ્રહી છે.

10. વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને પોતાની નોકરીથી સામાજીક આદર પ્રાપ્ત થાય છે ?

11. વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના અડધા શિક્ષકો પોતાના શિક્ષણકાર્યમાં નિષ્ફળતાનાં કારણે હતાશા અનુભવે છે અને અડધા શિક્ષકો પોતાના શિક્ષણકાર્યમાં નિષ્ફળતાનાં કારણે હતાશા અનુભવતા નથી.

12. વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટાભાગના શિક્ષકો પોતાના  કાર્યથી સંતોષની અનુભૂતિ કરે છે.

13. વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટાભાગના શિક્ષકોને પોતાની નોકરીમાં  કાર્યનાં પ્રમાણમાં વળતર મળે છે.

14. વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટાભાગના શિક્ષકો પોતાની નોકરીમાં જોડાયા બાદ પોતાના જીવનમાં હકારાત્મક ફેરફારો થયા છે.

15. વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટાભાગના શિક્ષકોને ઘર કરતા શાળાએ કાર્ય કરવું વધુ ગમે છે.

16. વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટાભાગના શિક્ષકો પોતાની નોકરી સિવાયની અન્ય પ્રવૃતિ દ્વારા આવક કરવા ઇચ્છા ધરાવતા નથી. અમુક શિક્ષકો પોતાની નોકરી સિવાયની અન્ય પ્રવૃતિ દ્વારા આવક કરવા ઇચ્છા ધરાવે છે.

17. વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના તમામ શિક્ષકોને પોતાનું શિક્ષણકાર્ય તેમને રસ અને આનંદ અપાવે છે.

18. વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના ઘણાં શિક્ષકો પોતાની નોકરી કરતા અન્ય નોકરીમાં વધુ પૈસા મળે તેમ માને છે, જયારે અમુક શિક્ષકો પોતાની નોકરી કરતા અન્ય નોકરીમાં વધુ પૈસા મળે એમ માનતા નથી.

19. વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો પોતાની નોકરીને વધુ આનંદપ્રદ અને ઓછી કંટાળાજનક ગણાવે છે.

20. વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના ઘણાં શિક્ષકો પોતાના નજીકના સ્નેહીઓને પોતાના જેવી નોકરી મેળવવા વિશે સલાહ આપશે.

21. વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને પોતાના શિક્ષણકાર્યમાં સતત સુધારાત્મક પ્રવૃતિઓ કરવાનું પ્રેરણાબળ અહીંથી મળે છે.

22. વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના તમામ શિક્ષકો પોતાની નોકરીને સંપૂર્ણત: વફાદાર છે.

23. વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો શિક્ષણકાર્ય કરતા અન્ય કાર્ય કરવું સારું માનતા નથી, થોડા શિક્ષકો શિક્ષણકાર્ય કરતા અન્ય કાર્ય સારું માને છે.

24.વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને પોતાનું ઉત્તરદાયિત્વ અદા ન કરી શકે ત્યારે અફસોસ થાય છે.

25. વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના ઘણાં શિક્ષકો પોતાના બાળકોને આ નોકરી તરફ દોરતા અભ્યાસક્રમમાં દાખલ કરશે.

26. વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના ઘણાં શિક્ષકો પોતાની આ નોકરી ચૂકી ગયા હોત તો તેમને જીવનમાં ઘણું અગત્યનું કાર્ય ગુમાવ્યું હોત એવું માને છે.

27. વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના થોડા શિક્ષકોને તાલીમ કાર્યક્રમો ભારરુપ લાગે છે.

28. વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો પોતાની શાળાનાં સિનિયર શિક્ષકો સાથે લઘુતાગ્રંથિ અનુભવતા નથી.

29.વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો પોતાની નોકરી કરવાનો ગર્વ અનુભવે છે.

30. વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના ઘણાં શિક્ષકો પોતાના નોકરીકાળ દરમિયાન માનસિક તાણ અનુભવતા નથી.

31. જૂનાગઢ શહેર અને ગ્રામ્ય તાલુકાના મોટા ભાગના શિક્ષકો વ્યવસાય સંતોષ સંદર્ભે હકારાત્મક જોવા મળેલ છે.

32.પી.ટી.સી. થયેલા મોટા ભાગના શિક્ષકો વ્યવસાય સંતોષ સંદર્ભે હકારાત્મક જોવા મળેલ છે.

33.બી.એડ. થયેલા મોટા ભાગના શિક્ષકો વ્યવસાય સંતોષ સંદર્ભે હકારાત્મક જોવા મળેલ છે.

34.મોટા ભાગના પુરુષ શિક્ષકો વ્યવસાય સંતોષ સંદર્ભે હકારાત્મક જોવા મળેલ છે.

35.મોટા ભાગના પુરુષ શિક્ષકો વ્યવસાય સંતોષ સંદર્ભે હકારાત્મક જોવા મળેલ છે.

36.મોટા ભાગના પૂરતો સ્ટાફ હોય તેવા શિક્ષકો વ્યવસાય સંતોષ સંદર્ભે હકારાત્મક જોવા મળેલ છે.

37., મોટા ભાગના અપૂરતો સ્ટાફ હોય તેવા શિક્ષકો વ્યવસાય સંતોષ સંદર્ભે હકારાત્મક જોવા મળેલ છે.

38. પ્રાથમિક શાળાના PTC ડીગ્રી અભ્યાસ કરેલા અને B.Ed ડીગ્રી અભ્યાસ કરેલા શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના પ્રાપ્તાંકો સાર્થક રીતે જુદા પડતા ન હતા, એટલે કે પ્રાથમિક શાળાના PTC ડીગ્રી અભ્યાસ કરેલા અને B.Ed ડીગ્રી અભ્યાસ કરેલા શિક્ષકોના વ્યવસાય સંતોષ પ્રાપ્તાંકોમાં સમાનતા જોવા મળી હતી.

39. પ્રાથમિક શાળાના પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના પ્રાપ્તાંકો સાર્થક રીતે જુદા પડતા ન હતા, એટલે કે પ્રાથમિક શાળાના સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકોના વ્યવસાય સંતોષ પ્રાપ્તાંકોમાં સમાનતા જોવા મળી હતી.

40. પ્રાથમિક શાળાના પુરતો સ્ટાફ ધરાવતા શિક્ષકો અપુરતો સ્ટાફ ધરાવતા શિક્ષકો વ્યવસાય સંતોષ માપદંડ પરના પ્રાપ્તાંકો સાર્થક રીતે જુદા પડતા ન હતા, એટલે કે પ્રાથમિક શાળાના પ્રાથમિક શાળાના પુરતો સ્ટાફ ધરાવતા શિક્ષકો અપુરતો સ્ટાફ ધરાવતા શિક્ષકોની વ્યવસાય સંતોષ પ્રાપ્તાંકોમાં સમાનતા જોવા મળી હતી.

## 1.11 ભાવિ સંશોધનો અંગેની ભલામણો

પ્રસ્તુત સંશોનમાં પ્રયોજકને સંશોધન કાર્ય દરમિયાન અનેક પ્રશ્નો ઉપસ્થિત થયા હતા. આ બધા પ્રશ્નો ઉપર સંશોધન હાથ ધરી શકાય તેમ હતા. આ અંગે ભાવિ સંશોધન માટેની ભલામણો અહી રજૂ કરેલ છે.

1. પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપવિશ્વમાં જૂનાગઢ જિલ્લાની પ્રાથમિક શાળાના શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ભવિષ્યમાં માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક કક્ષાના શિક્ષકો, સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના પ્રાધ્યાપકો તેમજ અન્ય શૈક્ષણિક સંસ્થા,તાલીમી સંસ્થાના શિક્ષકો અને પ્રશિક્ષકો નમૂનાનાં પાત્રો તરીકે લઈ આ પ્રકારનો અભ્યાસ હાથ ધરી શકાય.

૨. પ્રસ્તુત અભ્યાસમાં સ્વતંત્ર ચલ તરીકે જાતીયતા(પુરુષ/સ્ત્રી), અભ્યાસ (ptc/b.ed.) અને સ્ટાફની સ્થિતિનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ સિવાય શાળા પ્રકાર (સરકારી/સ્વનિર્ભર) ઉંમર, શિક્ષકોની સામાજિક આર્થિક સ્થિતિ જેવા સ્વતંત્ર ચલોને ધ્યાનમાં લઈને સંશોધન કાર્ય હાથ ધરી શકાય.

3. પ્રસ્તુત અભ્યાસ જૂનાગઢ જિલ્લાના માણાવદર અને ભેસાણ તાલુકા પુરતો માર્યાદિત હતો. ભવિષ્યમાં બીજા કોઈ ગામ,શહેર કે જિલ્લાના શિક્ષકો કે પ્રાધ્યાપકો પસંદ કરી સંશોધન કાર્ય હાથ ધરી શકાય.

4. પ્રાથમિક શાળાના શિક્ષકોની વ્યવસાય સંતોષ અને વિદ્યાર્થીઓની સિદ્ધિ વચ્ચેનો સબંધ ચકાસવા અંગેનો અભ્યાસ હાથ ધરી શકાય.

## 1.12 શૈક્ષણિક ફલિતાર્થો

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે જૂનાગઢ જિલ્લાની પ્રાથમિક શાળાના શિક્ષકોની વ્યવસાય સંતોષ જાણવા માટે પ્રયાસ કર્યો હતો. પ્રસ્તુત અભ્યાસના અંતે પ્રયોજકે આ પ્રમાણેના ફલિતાર્થો રજૂ કર્યા હતા.

પ્રસ્તુત અભ્યાસના અંતે મળેલા તારણો પરથી જાણી શકાય કે,

1. વ્યવસાય સંતોષને અભ્યાસ, જાતીયતા કે સ્ટાફની સ્થિતિ સાથે કોઈ સંબંધ નથી.
2. શિક્ષકોના વિવિધ સમયે વ્યવસાય સંતોષ પ્રત્યેની માં ફેરફાર થતા હોવાથી થોડાથોડા સમયના અંતરે આવો અભ્યાસ હાથ ધરવો જોઈએ.
3. આધુનિક યુગમાં વ્યવસાય સંતોષનું વિશેષ મહત્વ છે. આથી શિક્ષકો વ્યવસાય સંતોષ વિશે હકારાત્મક ધરાવે તેવા પ્રયત્નો કરવા જોઈએ.

**સંશોધકનું નામ : 1. એ.સી. વ્યાસ, સિ. લેકચરર, ડાયેટ-જૂનાગઢ**

**સંશોધનનું શીર્ષક : માળિયા તાલુકામાં લોકડાઉન દરમિયાન શિક્ષકો દ્વારા થયેલ વિશેષ કામગીરીનો વ્યક્તિ અભ્યાસ** **વર્ષ : 2020 -2021**

## 1.0 પ્રાસ્તાવિક

અહીં સંશોધનાત્મક દ્રષ્ટિથી આ સમયગાળા દરમિયાન થયેલ પ્રયત્નો સંદર્ભે માળિયા હાટીના તાલુકામાં થયેલ વિશિષ્ટ બાબતોની અહીં પ્રસ્તુતિ કરવામાં આવી છે. જે દ્વારા આ શાળાઓએ અન્ય શાળાઓને પણ પ્રેરણા આપી છે. આ સમયગાળા દરમિયાન શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓ માટે વિષયવસ્તુ આધારિત કે શિક્ષણને આનુષંગિક બાબતોને કેન્દ્રમાં રાખીને કરવામાં આવેલ કાર્યને પાયા તરીકે પસંદ કરવામાં આવ્યું. આ કાર્યમાં મળેલ પરિણામની જિલ્લા કક્ષાએ નોંધ લેવાઈ જેમાં શિક્ષકો દ્વારા શાળા કક્ષાએ કરવામાં આવેલ પ્રયત્નોને એક દિશા મળે, તેમજ કરેલ કાર્યના સંદર્ભમાં મળેલ પરિણામોને અન્ય શાળાના પરિપેક્ષ્યમાં ઉપયોગી બને અને પ્રયોગ કરનાર શિક્ષકને જિલ્લા કક્ષાએ એક પ્લેટફોર્મ મળે તે બાબતને કેન્દ્રમાં રાખીને જી.સી.ઈ.આર.ટી.– ગાંધીનગર દ્વારા રાજ્યના વિવિધ જિલ્લાઓમાં લોકડાઉન દરમિયાન નાવિન્યસભર કાર્ય કરનાર શિક્ષકોનો વ્યક્તિ અભ્યાસ કરવાના આશયથી પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવામાં આવેલ હતો.

## 1.1 સમસ્યા કથન

**" માળિયા હાટીના તાલુકામાં લોકડાઉન દરમિયાન શિક્ષકો દ્વારા થયેલ વિશેષ કામગીરીનો વ્યક્તિ વ્યક્તિ અભ્યાસ"**

પ્રસ્તુત અભ્યાસનો હેતુ માળિયા હાટીના તાલુકામાં લોકડાઉન દરમિયાન શિક્ષકો દ્વારા થયેલ વિશેષ કાર્યનું દસ્તાવેજીકરણ કરવાનો હતો. આ સંદર્ભે તાલુકામાં વિશેષ કામગીરી કરેલા શિક્ષકોની માહિતી મેળવવામાં આવી હતી.

## 1.2 અભ્યાસના હેતુઓ

**પ્રસ્તુત અભ્યાસના હેતુઓ આ પ્રમાણે હતા.**

1. માળિયા હાટીના તાલુકામાં લોકડાઉન સમય દરમિયાન વિશેષ શૈક્ષણિક કામગીરી કરનાર શિક્ષકોની માહિતી મેળવવી.

2. વિશેષ શૈક્ષણિક કામગીરી કરનાર શિક્ષકોની કરેલી કામગીરી અહેવાલના આધારે તેમની કામગીરીનું અર્થઘટન કરવું.

3. વિશેષ શૈક્ષણિક કામગીરી કરનાર શિક્ષકોની માહિતીને આધારે તારણો તારવવા.

1.4 અભ્યાસની મર્યાદા

પ્રસ્તુત અભ્યાસની મર્યાદા નીચે પ્રમાણે હતી.

4. પ્રસ્તુત સંશોધનમાં માત્ર વિશેષ કામગીરી કરેલ શિક્ષકોને જ વ્યક્તિ અભ્યાસ તરીકે પસંદ કરવામાં આવેલ છે.
5. માહિતી એકત્રીકરણ માટે CRC, BRC અને કે.નિ., TPEO દ્વારા પસંદ થયેલ શિક્ષકોને જ વ્યક્તિ વિશેષના દસ્તાવેજીકરણમાં પસંદ કરેલ છે.
6. પ્રસ્તુત અભ્યાસમાં શૈક્ષણિક વર્ષ 2020-21માં કરેલ કામગીરીને જ ધ્યાનમાં લેવામાં આવેલ છે.

## 1.5 સંશોધનનું વ્યાપવિશ્વ :

વ્યાપવિશ્વ એટલે સમષ્ટિ એ એવી વિગતો, પાત્રો કે શકય અવલોકનોની સંખ્યા છે કે, જેમાંથી નમૂનો પસંદ થાય છે. પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે માળિયા હાટીના તાલુકાની 141 શાળાના 710 શિક્ષકોનો એટલે કે તાલુકાના તમામ શિક્ષકોનો સમાવેશ થાય છે.

## 1.6 નમૂના પસંદગી :

આ સંશોધનમાં સંશોધકે સહેતુક નમૂના પ્રયુકિતથી નમૂનો (નિદર્શ) પસંદ કરેલ છે. આ સંશોધન માટે વર્ષ 2020-21 દરમિયાન તાલુકા કક્ષાએ લોકડાઉન દરમિયાન વિશેષ કામગીરી કરનાર 4 શિક્ષકોને નમૂના તરીકે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, બીઆરસી કો-ઓર્ડિનેટર અને સીઆરસી કો-ઓર્ડિનેટર દ્વારા પસંદ કરેલ હતા.

## 1.7 ઉપકરણ વિગત :

પ્રસ્તુત સંશોધનમાં વ્યક્તિ અભ્યાસ માટે પસંદ કરવામાં આવેલ માળિયા હાટીના તાલુકાના વિશેષ કામગીરી કરનાર શિક્ષકો દ્વારા કરવામાં આવેલ પ્રયોગને ધ્યાનમાં રાખીને મુખ્ય બાબતો આધારિત માહિતીનું વર્ણન કરવામાં આવેલ. જેમાં વિશિષ્ટ કામગીરી કરનાર શિક્ષકોના નામ, શાળા, ધોરણ, વિષય, સમયગાળો, પદ્ધતિ-પ્રયુક્તિ, ઉપયોગિતા અને પરિણામ જેવા મુદ્દા આધારિત માહિતીનું એકત્રીકરણ કરવામાં આવેલ હતું.

## 1.8 માહિતીનું એકત્રીકરણ:

સંશોધનમાં સમાવિષ્ટ તાલુકામાં વિશિષ્ટ કામગીરી કરનાર શિક્ષકો પાસેથી વ્યક્તિ અભ્યાસ અર્થે સંશોધક દ્વારા ચર્ચા દ્વારા તેમજ કરેલ પ્રયોગના સંદર્ભમાં માહિતી મેળવવામાં આવેલ. આ ઉપરાંત પ્રવર્તમાન સમયમાં તેની શાળામાં તેની ઉપયોગીતાના સંદર્ભમાં માહિતી મેળવેલ. પ્રયોગના આધારો તેમજ તે અંગેના જરૂરી ફોટોગ્રાફ્સ પણ રજુ કરવામાં આવેલ. જેના આધારે માહિતીની રજૂઆત તેમજ પારદર્શકતાની ખાતરી કરી શકાય.

## 1.9 પ્રાપ્ત માહિતી:

પ્રસ્તુત અભ્યાસમાં તાલુકા કક્ષાએથી ચાર શિક્ષકોના અહેવાલ મળેલા. આ ચાર શિક્ષકોના અહેવાલને જ નમુના તરીકે લેવામાં આવેલ.

## 1.10 માહિતી પૃથક્કરણ રીત :

એકત્ર થયેલ માહિતીને યોગ્ય અંકશાસ્ત્રીય પદ્ધતિ થકી મૂલવણી એ સંશોધનના કાર્યનું મહત્વનું સોપાન ગણી શકાય. સંશોધક માટે પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ કેવી રીતે થઇ શકશે અને તારણો મેળવવા શું કરવું પડશે તે અંગેનો ખ્યાલ રાખવાનો થતો હોય છે. અહીં શિક્ષકોએ કરેલા કાર્યનું ગુણાત્મક પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

## 1.11 તારણો :

આ સંશોધનમાં માળિયા હાટીના તાલુકામાં  લોકડાઉન દરમિયાન  વિશેષ કામગીરી કરનાર શિક્ષકોની માહિતી મેળવવામાં આવી હતી. આ માહિતીનું ગુણાત્મક પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. તેને આધારે નીચેના તારણો પ્રાપ્ત થયા હતા.

- માળિયા હાટીના તાલુકામાં ચાર પ્રાથમિક શાળાના શિક્ષકોની કામગીરી વિશેષ જોવા મળી હતી.
- શિક્ષકોની વિશેષ કામગીરી online મોડમાં વધુ થયેલ છે.
- મોટાભાગના શિક્ષકોના કાર્યની ઉપયોગીતા અને વિસ્તૃતીકરણ શાળા પુરતું માર્યાદિત છે.

### 1.12 ભાવિ સંશોધન અંગેની ભલામણોઃ-

પ્રયોજકે આ અભ્યાસના સંદર્ભમા ભાવિ સંશોધન અંગેની નીચે મુજબ ભલામણો રજૂ કરી છે.

- પ્રસ્તુત સંશોધન ખાનગી શાળાના શિક્ષકો પર પણ કરી શકાય
- આ પ્રકારે વિશિષ્ટ કામગીરી કરનાર આચાર્ય, સી.આર.સી.કો.ઓ., બી.આર.સી.કો.ઓ. પર પણ આ પ્રકારે સંશોધન કરી શકાય.

### 1.13 શૈક્ષણિક ફલિતાર્થો :-

- કઠિન વિષયોમાં પ્રયોગો દ્વારા શિક્ષણ આપવું અસરકારક રહે છે.
- વિદ્યાર્થીઓની રસ-રૂચી અને જરૂરીયાતને અનુરૂપ કાર્ય આપી વધુ અસરકારક પરિણામો મેળવી શકાય.
- Google ની બ્લોગ, યુ ટ્યુબ ચેનલના  ઉપયોગથી વિદ્યાર્થીની સમજમા વધારો કરી શિક્ષણ આપી શકાય.

**સંશોધકનું નામ : 1. એ.સી. વ્યાસ, સિ. લેકચરર, ડાયેટ-જૂનાગઢ**

**સંશોધનનું શીર્ષક : માળિયા હાટીના તાલુકાના ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલ અંતર્ગત યોજાયેલ વેબિનારમાં ભાગ લેનાર શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ**

**વર્ષ : 2020 -2021**

## 1.0 પ્રાસ્તાવિક

ઇનોવેશન ફેસ્ટિવલ એટલે.... જેમાં શિક્ષકો શિક્ષણમાં નાવીન્યપૂર્ણ અભિગમ અપનાવીને અભ્યાસક્રમ શીખવતાં હોય છે તે પ્રયોગોનું સાધન-સામગ્રી સાથે નિદર્શન. માળિયા હાટીના તાલુકાની ભૌગોલિકf-સામાજીક-પર્યાવરણ કે પ્રાદેશિક વાતાવરણને અનુસાર શિક્ષકો જે નવતર પ્રયોગો કરીને ગુણવત્તા સુધારણા કાર્યક્રમમાં અને બાળકના સર્વાંગિક વિકાસમાં પ્રાણ પૂરવાની પ્રવૃત્તિઓ કરેલ છે તે કામગીરીનું નિદર્શન અને પ્રદર્શન ઇનોવેશનફેસ્ટિવલમાં થાય છે આવા જ ઇનોવેશનફેસ્ટિવલ પ્રત્યેના અભિપ્રાયો ઇનોવેટીવ ટીચરના કેવા છે તે જાણવા પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવેલ હતું.

## 1.1 સમસ્યા કથન અને **અભ્યાસનું શીર્ષક**

**પ્રસ્તુત અભ્યાસનું શીર્ષક આ પ્રમાણે શબ્દબદ્ધ કરવામાં આવ્યું હતું.**

**"માળિયા હાટીના તાલુકાના ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલ અંતર્ગત યોજાયેલ વેબિનારમાં ભાગ લેનાર શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ"**

પ્રસ્તુત અભ્યાસનો હેતુ માળિયા હાટીના તાલુકાના ઓનલાઇન વેબિનારમાં ભાગ લેનાર શિક્ષકોનો ઇનોવેશન ફેસ્ટિવલ પ્રત્યેના અભિપ્રાયોનો અભ્યાસ કરવાનો હતો. તેના સંદર્ભે અભિપ્રાયાવલી તૈયાર કરવામાં આવી હતી. ઓનલાઇન વેબિનારમાં ભાગ લેનાર શિક્ષકોના અભિપ્રાયો લેવામાં આવ્યા હતા.

## 1.2 અભ્યાસના હેતુઓ

1. માળિયા હાટીના તાલુકાના ઓનલાઇન વેબિનારમાં ભાગ લેનાર ટીચરનો ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલ પ્રત્યેના અભિપ્રાયો જાણવા માટે અભિપ્રાયાવલીની રચના કરવી.
2. માળિયા હાટીના તાલુકાના ઓનલાઇન વેબિનારમાં ભાગ લેનાર ટીચરનો ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલ પ્રત્યેના અભિપ્રાયો જાણવા.

## 1.3 અભ્યાસના પ્રશ્નો

1. ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલ પ્રત્યેના  ઓનલાઇન વેબિનારમાં ભાગ લેનાર શિક્ષકોના અભિપ્રાયો શું હશે ?

2. ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલ પ્રત્યેના ટેકનોલોજીના ઉપયોગ સંદર્ભે ઓનલાઇન વેબિનારમાં ભાગ લેનાર શિક્ષકના અભિપ્રાયો શું હશે ?

## 1.4 અભ્યાસની મર્યાદા

1. પ્રસ્તુત અભ્યાસ માળિયા હાટીના તાલુકાના  ઓનલાઇન વેબિનારમાં ભાગ લેનાર શિક્ષકોએ આપેલા અભિપ્રાયો પર આધારીત હતો.

## 1.5 સંશોધનનું વ્યાપવિશ્વ :

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે માળિયા હાટીના તાલુકાના તમામ ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલમાં ભાગ લેનાર શિક્ષકોનો સમાવેશ થાય છે.

## 1.6 નમૂના પસંદગી :

આ સંશોધનમાં સંશોધકે સહેતુક નમૂના પ્રયુકિતથી નમૂનો (નિદર્શ) પસંદ કરેલ છે. આ સંશોધન માટે ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલ અંતર્ગત યોજેલ વેબિનારમાં જોડાયેલ 118 શિક્ષકને નમૂના તરીકે પસંદ કરેલ હતા.

## 1.7 ઉપકરણ વિગત :

પ્રસ્તુત સંશોધનમાં ઉ5કરણ તરીકે પ્રયોજક દ્વારા તૈયાર કરેલ અભિપ્રાયાવલીનો ઉપયોગ કરવામાં આવેલ હતો. જે પરિશિષ્ટમાં આપેલ છે. આ સંશોધકની ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલ અંતર્ગત મળેલ માહિતીનો  ઉપયોગ કરવામાં આવેલ હતો.

પ્રયોજક દ્વારા તૈયાર કરેલ અભિપ્રાયાવલિમાં કુલ 20 વિધાનો હતા.

## 1.8 માહિતીનું એકત્રીકરણ:

સંશોધકે ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલ અંતર્ગત ભાગ લેનાર તથા નિહાળનાર શિક્ષકો પાસેથી અભિપ્રાયાવલિ ગુગલ ફોર્મ દ્વારા ઓનલાઈન માહિતી મેળવી હતી અને આ માહિતીનું પૃથક્કરણ આકડાશાસ્ત્રીય રીતે કરવામાં આવેલ છે.

## 1.9 માહિતી પૃથક્કરણ રીત :

એકત્ર થયેલ માહિતીને યોગ્ય અંકશાસ્ત્રીય પદ્ધતિ થકી મૂલવણી એ સંશોધનના કાર્યનું મહત્ત્વનું સોપાન ગણી શકાય. સંશોધક માટે ઉપકરણની પસંદગી કરવાની સાથે જ તેના થકી પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ કેવી રીતે થઇ શકશે અને તારણો મેળવવા શું કરવું પડશે તે અંગેનો ખ્યાલ રાખવાનો થતો હોય છે. અહીં શિક્ષકોના અભિપ્રાયો ત્રિબિંદુ સહમત, તટસ્થ, અસહમત માં મેળવવામાં આવ્યા હતા અને આ અભિપ્રાયોના દરેક વિધાનના સંદર્ભે ટકાવારી શોધવામાં આવી હતી.

## 1.10 તારણો :

- ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલથી શિક્ષકો નવા વિષયોથી માહિતગાર થાય છે.
- દર વર્ષે તાલુકા કક્ષાએ ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલ થવો જોઇએ.
- ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલના કારણે તાલુકા કક્ષાએ ઇનોવેટીવ શિક્ષક કરેલ નવતર પ્રયોગથી  શિક્ષકો માહિતગાર થાય છે.
- ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલના કારણે શિક્ષકોમાં ટેકનોલોજીના ઉપયોગની ક્ષમતાનો વિકાસ થાય છે.
- ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલના કારણે શિક્ષકોની શૈક્ષણિક ગુણવત્તામાં વધારો થાય છે.
- ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલના કારણે ઇનોવેટીવ શિક્ષક અને નિહાળનાર શિક્ષક વચ્ચે વિચારોની આપ-લે સહજ થાય છે.
- બધાજ વિષયોમાં ઓનલાઇન ઇનોવેશન રજૂ કરવું શક્ય નથી.
- ઓનલાઇન ઇનોવેશ ફેસ્ટિવલમાં રજૂ કરનાર ઇનોવેટીવ શિક્ષક વાસ્તવિક રીતે પોતાના વર્ગખંડમાં જીવંત સંપર્ક જાળવી શકે છે.
- ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલમાં ઇનોવટીવ શિક્ષકને પોતાની કૃતિ રજૂ કરવામાં મુશ્કેલીનો સામનો કરવો પડે છે.
- તાલુકા કક્ષાએ યોજાયેલ ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલનો લાભ તમામ શાળાને મળે છે.
- ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલમાં ભાગ લેનાર શિક્ષકો પાસે ટેકનોલોજીનું જ્ઞાન હોવું જરૂરી છે.
- ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલમાં આપેલ તમામ ક્ષેત્રોમાં ઇનોવેશન એન્ટ્રી થવી જોઇએ.

## 1.11 ફલિતાર્થ:-

ઓફલાઈન ઈનોવેશન ફેસ્ટિવલ પણ ઓનલાઈન ઈનોવેશન ફેસ્ટિવલ જેટલો જ અસરકારક રહેલ છે.

## 1.12 ભાવિ સંશોધન અંગેની ભલામણોઃ-

પ્રયોજકે આ અભ્યાસના સંદર્ભમા ભાવિ સંશોધન અંગેની ભલામણો રજૂ કરી છે. જેમકે...

- રાજયના અન્ય જિલ્લાઓને ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલ સંદર્ભે સંશોધન કરી શકાય.
- પ્રસ્તુત સંશોધનમાં ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલ અન્વયે માળિયા હાટીના તાલુકાના શિક્ષકોનો અભિપ્રાય લેવામાં આવ્યો છે. આ રીતે અન્ય તાલુકા કે જિલ્લાના શિક્ષકોના અભિપ્રાયો મેળવી સંશોધન થઇ શકે.
- પ્રસ્તુત સંશોધનમાં ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલ અંગે શિક્ષકોના અભિપ્રાય લેવામાં આવ્યા છે. આ રીતે વાલીઓ કે વિદ્યાર્થીઓના અભિપ્રાયો મેળવી શકાય.

**સંશોધકનું નામ- વી.એમ.પંપાણિયા સિ.લે. ડાયેટ ગીર સોમનાથ**

**વર્ષ- 2020-21**

**શીર્ષક- સુત્રાપાડા તાલુકામાં લોકડાઉન દરમિયાન શિક્ષકો દ્વારા થયેલ વિશેષ કામગીરીનો વ્યક્તિ અભ્યાસ**

## 1.0 પ્રાસ્તાવિક

પ્રાથમિક શિક્ષણ ગુણવતા અભિવૃદ્ધિ માટે રાજ્ય કક્ષાએ જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગર તથા જિલ્લા કક્ષાએ ડાયેટ કાર્યરત છે. ગત માર્ચ 2019માં COVID-19ની પરિસ્થિતિના સંદર્ભમાં જી.સી.ઇ.આર.ટી. દ્વારા "પરિવારનો માળો" એ શીર્ષકના માધ્યમે રાજ્યભરના બાળકો જ્યારે શાળા બંધ હતી, ત્યારે ઘરે બેસીને શિક્ષણ મેળવતા હતા. "પરિવારનો માળો" હેઠળ રોજે રોજ બાળકો બાળગીત, અભિનયગીત, બાળવાર્તાઓ, જુદી જુદી પ્રવૃત્તિઓ તેમજ રમત-ગમત સહિતની પ્રવૃત્તિઓમાં ઓન લાઇન જોડાયા.

આ પ્રવૃત્તિની સફળતા બાદ "ઘરે શીખીએ" શીર્ષક હેઠળ જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગર દ્વારા પ્રજ્ઞા ધોરણ 1 અને 2 તેમજ ધોરણ 6 થી 8ના પ્રથમ બે એકમનું પ્લાનીંગ તમામ શાળાઓને મોકલી આપવામાં આવેલ. જી.સી.ઇ.આર.ટી. અને DIKSHA પોર્ટલ પર પણ ONLINE શિક્ષણની જાગૃતતા માટે અનેક પ્રયાસો કરવામાં આવેલ છે. તે ઉપરાંત દરેક જિલ્લામાં હોમ લર્નિંગ સંદર્ભે પ્રયાસો પણ કરવામાં આવેલ.

અહીં સંશોધનાત્મક દ્રષ્ટિથી આ સમયગાળા દરમિયાન થયેલ પ્રયત્નો સંદર્ભે સુત્રાપાડા તાલુકામાં થયેલ વિશિષ્ટ બાબતોની અહીં પ્રસ્તુતિ કરવામાં આવી છે. જે દ્વારા આ શાળાઓએ અન્ય શાળાઓને પણ પ્રેરણા આપી છે. આ સમયગાળા દરમિયાન શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓ માટે વિષયવસ્તુ આધારિત કે શિક્ષણને આનુષંગિક બાબતોને કેન્દ્રમાં રાખીને કરવામાં આવેલ કાર્યને પાયા તરીકે પસંદ કરવામાં આવ્યું. આ કાર્યમાં મળેલ પરિણામની જિલ્લા કક્ષાએ નોંધ લેવાયેલ.જેમાંશિક્ષકોદ્વારા શાળાકક્ષાએ કરવામાં આવેલ પ્રયત્નોને એક દિશા મળે છે. તેમજ, કરેલ કાર્યના સંદર્ભમાંમળેલ પરિણામોને અન્ય શાળાના પરિપેક્ષ્યમાં ઉપયોગી બને અને પ્રયોગ કરનાર શિક્ષકને જિલ્લા કક્ષાએ એક પ્લેટફોર્મ મળે તે જરૂરી છે. આ બાબતને કેન્દ્રમાં રાખીને જી.સી.ઈ.આર.ટી.– ગાંધીનગર દ્વારા રાજ્યના વિવિધ જિલ્લાઓમાં લોકડાઉન દરમિયાન નાવિન્યસભર કાર્ય કરનાર શિક્ષકોનો વ્યક્તિ અભ્યાસ કરવાના આશયથી પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવામાં આવેલ હતો.

## 1.1 સમસ્યાકથન

**"સુત્રાપાડા તાલુકામાં લોકડાઉન દરમિયાન શિક્ષકો દ્વારા થયેલ વિશેષ કામગીરીનો વ્યક્તિ અભ્યાસ"**

પ્રસ્તુત અભ્યાસનો હેતુ સુત્રાપાડા તાલુકામાં લોકડાઉન દરમિયાન શિક્ષકો દ્વારા થયેલ વિશેષકાર્યનું દસ્તાવેજીકરણ કરવાનો હતો. SSA દ્વારા દરેક તાલુકામાં શિક્ષકોની વિશેષ કામગીરીનો અહેવાલ તૈયાર કરવાની કામગીરી TPEO અને BRC –CO. ને સોંપવામાં આવેલ. જે કામગીરી અહેવાલનો ઉપયોગ પ્રસ્તુત સંશોધનમાં કરેલ છે.

## 1.2 અભ્યાસના હેતુઓ

**પ્રસ્તુત અભ્યાસના હેતુઓ આ પ્રમાણે હતા.**

1. સુત્રાપાડા તાલુકામાં લોકડાઉન સમય દરમિયાન વિશેષ શૈક્ષણિક કામગીરી કરનાર શિક્ષકોની માહિતી મેળવવી.
2. વિશેષ શૈક્ષણિક કામગીરી કરનાર શિક્ષકોની કરેલી કામગીરી અહેવાલના આધારે તેમની કામગીરીનું અર્થઘટન કરવું.
3. વિશેષ શૈક્ષણિક કામગીરી કરનાર શિક્ષકોની માહિતીને આધારે તારણો તારવવા.

## 1.3 સંશોધન પ્રકાર

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે શિક્ષકોની શૈક્ષણિક અને અભ્યાસકીય પ્રવૃત્તિઓ, વિવિધ યોજનાઓ, વગેરે વિષે માહિતી મેળવવાની હતી. જેમાં પ્રયોજકે મુલાકાત પ્રશ્નો, તેમજ દસ્તાવેજો દ્વારા માહિતી મેળવી હતી, અને તેનું અર્થઘટન કરી ગુણાત્મક રીતે પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. તેથી પ્રસ્તુત સંશોધન ગુણાત્મક સંશોધન કહી શકાય.

## 1.4 અભ્યાસનું મહત્વ

1. પસંદ થયેલ શિક્ષકોના વ્યક્તિ અભ્યાસ દ્વારા વિષયવસ્તુતેમજ PEDAGOGYના સંદર્ભમાં કાર્યયોજના તૈયાર કરી શકશે.
2. શિક્ષકો દ્વારા કરવામાં આવેલ પ્રયોગનુંઅમલીકરણ અન્ય શાળાના શિક્ષકો કરી શકે તે માટેની માહિતી ઉપલબ્ધ બનશે.
3. શિક્ષકો દ્વારા કરવામાં આવેલ પ્રયોગમાં ઉપયોગમાં લેવાયેલ સાહિત્ય તેમજ તેની કાર્ય પદ્ધતિની નોંધ જિલ્લા તેમજ રાજ્ય કક્ષા સુધી લઈ જઈ શકાય.

4. પ્રસ્તુત સંશોધન દ્વારા પસંદ થયેલ કૃતિનું દસ્તાવેજીકરણ થશે જેનો ઉપયોગ અન્ય શિક્ષકોને માર્ગદર્શનરૂપ બનશે.

## 1.5 અભ્યાસની મર્યાદા

પ્રસ્તુત અભ્યાસની મર્યાદા નીચે પ્રમાણે હતી.

- પ્રસ્તુત સંશોધનમાં માત્રવિશેષ કામગીરી કરેલ શિક્ષકોને જ વ્યક્તિ અભ્યાસ તરીકે પસંદ કરવામાં આવેલ છે.
- માહિતી એકત્રીકરણ માટે CRC, BRC અને કે.નિ., TPEO દ્વારા પસંદ થયેલ શિક્ષકોને જ વ્યક્તિ વિશેષના દસ્તાવેજીકરણમાં પસંદ કરેલ છે.
- પ્રસ્તુત અભ્યાસમાં શૈક્ષણિક વર્ષ 2020-21માંકરેલ કામગીરીને જ ધ્યાનમાં લેવામાં આવેલ છે.

## 1.6 સંશોધનનું વ્યાપવિશ્વ

વ્યાપવિશ્વ એટલે સમષ્ટિ એ એવી વિગતો, પાત્રો કે શકય અવલોકનોની સંખ્યા છે કે, જેમાંથી નમૂનો પસંદ થાય છે.પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે સુત્રાપાડા તાલુકાની 94 શાળાના 606 શિક્ષકોનોએટલે કે તાલુકાના તમામ શિક્ષકોનો સમાવેશ થાય છે.

## 1.7 નમૂના પસંદગી :

આ સંશોધનમાં સંશોધકે સહેતુક નમૂના પ્રયુકિતથી નમૂનો (નિદર્શ) પસંદ કરેલ છે. આ સંશોધન માટે વર્ષ 2020-21 દરમિયાન તાલુકા કક્ષાએ લોકડાઉન દરમિયાન વિશેષ કામગીરી કરનાર 5 શિક્ષકોને નમૂના તરીકે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, બીઆરસી કો-ઓર્ડિનેટરઅને સીઆરસી કો-ઓર્ડિનેટરદ્વારા પસંદ કરેલ હતા.

## 1.8 **સંશોધનનાં ક્ષેત્રો :**

પ્રસ્તુત અભ્યાસમાં સ્પષ્ટપણે કહી શકાય કે, પ્રસ્તુત અભ્યાસ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ તથા સર્જનાત્મક અને નાવિન્ય ક્ષેત્ર સાથે ખૂબ જ સંબંધિત હતું.

## 1.9 સંશોધનનો પ્રકાર

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે લોકડાઉન દરમિયાન વિશેષ કામગીરી કરનાર શિક્ષકની પ્રાથમિક માહિતી મેળવી હતી. તેમજ તેમણે કરેલ શૈક્ષણિક અને અભ્યાસકીય પ્રવૃત્તિઓવિષે માહિતી મેળવી હતી.પ્રયોજકે મુલાકાત,પ્રશ્નો તેમજ દસ્તાવેજો દ્વારા માહિતી મેળવી હતી. આ માહિતીનું

અર્થઘટન કરી ગુણાત્મક રીતે પૃથક્કરણ કરવામાં આવ્યું હતું, તેથી પ્રસ્તુત સંશોધન ગુણાત્મક સંશોધન કહી શકાય.

**1.10 સંશોધન પદ્ધતિ :**

પ્રસ્તુત સંશોધનમાં વ્યક્તિ અભ્યાસ સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**1.11 ઉપકરણ વિગત :**

ઉચાટ (2009)[4] ના મતે ઉપકરણ એટલે, ''સંશોધન પ્રક્રિયા દરમિયાન અભ્યાસના હેતુઓ અનુસાર આવશ્યક માહિતી મેળવવા માટેના સાધનને ઉપકરણ કહેવાય.''

પ્રસ્તુત સંશોધનમાં વ્યક્તિ અભ્યાસ માટે પસંદ કરવામાં આવેલ સુત્રાપાડા તાલુકાના વિશેષ કામગીરી કરનાર શિક્ષકો દ્વારા કરવામાં આવેલ પ્રયોગને ધ્યાનમાં રાખીને મુખ્ય બાબતો આધારિત માહિતીનું વર્ણન કરવામાં આવેલ. જેમાંવિશિષ્ટ કામગીરી કરનાર શિક્ષકોના નામ, શાળા, ધોરણ,વિષય, સમયગાળો,પદ્ધતિ-પ્રયુક્તિ, ઉપયોગિતા અને પરિણામ જેવા મુદ્દા આધારિત માહિતીનું એકત્રીકરણ કરવામાં આવેલ હતું.

**1.12 માહિતીનું એકત્રીકરણ:**

સંશોધનમાં સમાવિષ્ટ તાલુકામાં વિશિષ્ટ કામગીરી કરનાર શિક્ષકો પાસેથી વ્યક્તિ અભ્યાસ અર્થે સંશોધક દ્વારા ચર્ચા દ્વારા તેમજ કરેલ પ્રયોગના સંદર્ભમાં માહિતી મેળવવામાં આવેલ. આ ઉપરાંત પ્રવર્તમાન સમયમાં તેની શાળામાં તેની ઉપયોગીતાના સંદર્ભમાં માહિતી મેળવેલ. પ્રયોગના આધારો તેમજ તે અંગેના જરૂરી ફોટોગ્રાફ્સ પણ રજુ કરવામાં આવેલ. જેના આધારે માહિતીની રજૂઆત તેમજ પારદર્શકતાની ખાતરી કરી શકાય.

**1.13 પ્રાપ્ત માહિતી :**

પ્રસ્તુત અભ્યાસમાં તાલુકા કક્ષાએથી પાંચ શિક્ષકોના અહેવાલ મળેલા. આ પાંચ શિક્ષકોના અહેવાલને જ નમુના તરીકે કરવામાં આવ્યા છે.

**1.14 માહિતી પૃથક્કરણ રીત :**

એકત્ર થયેલ માહિતીને યોગ્ય અંકશાસ્ત્રીય પદ્ધતિ થકી મૂલવણી એ સંશોધનના કાર્યનું મહત્વનું સોપાન ગણી શકાય. સંશોધક માટે પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ કેવી રીતે થઇ શકશે અને તારણો મેળવવા શું કરવું પડશે તે અંગેનો ખ્યાલ રાખવાનો થતો હોય છે. અહીં શિક્ષકોએ કરેલા કાર્યનું ગુણાત્મક પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

## 1.15 તારણોઃ

આ સંશોધનમાં સુત્રાપાડા તાલુકામાં લોકડાઉન દરમિયાન વિશેષ કામગીરી કરનાર શિક્ષકોની માહિતી મેળવવામાં આવી હતી. અને આ માહિતીનું ગુણાત્મક પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.તેને આધારે નીચેના તારણો પ્રાપ્ત થયા હતા.

- ❖ **સુત્રાપાડા તાલુકાના રમેશભાઈએ.વાળા(બીઆરપી) દ્વારા** આંગણવાડીના પૂર્વ પ્રાથમિક શિક્ષણનું ધોરણ-1 સાથે જોડાણ અંતર્ગત ખૂબ જ સુંદર પ્રયત્ન કરવામાં આવ્યો. જેના કારણે હોમલર્નિંગ અને પ્રત્યાયનમાં ખૂબ સફળતા જોવા મળી. ધોરણ1 માં કુલ 1616 બાળકોનો પ્રવેશ થયો અને તમામ સાથે આત્મિયતા પૂર્વકનું જોડાણ થયું. આંગણવાડી વર્કર બહેનોની મીટીંગ દરમ્યાન નવી શિક્ષણનીતિ અને એમાં આંગણવાડીના પૂર્વ પ્રાથમિક શિક્ષણની અગત્યતા સમજાવી.
- ❖ સુત્રાપાડા તાલુકાનાડોડિયા રમેશભાઈ જેઠાભાઈ“હોમે લર્નિંગ અંતર્ગત પ્રવૃતિઓ” દ્વારા વિધાર્થીના સર્વાંગી વિકાસને ધ્યાને લઈ વિવિધ સ્પર્ધાનુ આયોજન કર્યુ અને ધોરણ 1 થી 4ના વિધ્યાર્થીઓ માટે શાળાના શિક્ષકો ધ્વારા જાતે સ્વઅધ્યયનપોથી તૈયાર કરવામાં આવી અને વિદ્યાર્થીને આપવામાં આવી.
- ❖ **સુત્રાપાડા તાલુકાના ચૌહાણ દિલિપભાઇ આર. દ્વારા “મારુ ફળીયુ મારી શાળા”** અંતર્ગત **સામાજીક વિજ્ઞાન વિષયને માટે** વારાફરતી ત્રણ/ચાર બાળકોને તેમના જ ફળીયામા બોલાવી ધોરણ પ્રમાણે ગ્રુપમાં રોજ એક પ્રવૃતિ મુકવામા આવે અને બાળક પોતાના ફળિયામા આ પ્રવૃતિ કરાવામા આવી. જેમના લીધે બાળકોમા રસ, રુચિ, અવલોકનશક્તિ અને નિર્ણયશક્તિમાં વધારો થયો.
- ❖ **સુત્રાપાડા તાલુકાના ગૌરવભાઈ કે. મહેતા દ્વારા “મારુ ફળીયુ મારી શાળા”** અંતર્ગત સામાજીક **વિજ્ઞાન વિષયને માટે** વારાફરતી ત્રણ/ચારબાળકોને તેમના જ ફળીયામા બોલાવી ધોરણ પ્રમાણે ગ્રુપમાં રોજ એક પ્રવૃતિ મુકવામા આવે અને બાળક પોતાના ફળિયામા આ પ્રવૃતિ કરાવામા આવી. જેમના લીધે બાળકોમા રસ, રુચિ, અવલોકનશક્તિ અને નિર્ણયશક્તિમાં વધારો થયો.
- ❖ ALPVFZP;LP SIvઓ.CZXEF. SP HFNJ દ્વારા CID ,IGU અંતર્ગતસુંદર sFDULZL કરવામાં આવી હતી. TDFD XF/FGF IJQFI IX1FSI q JU“IX1FSI ;FY CID,IGU ;ID1FF JrIV, A9Sનું આયોજન કરવામાં આવ્યું. TF,SF S1FFV પ|7F ALPVFZPપLPપF; WFP!qZ GF IJQFIMG D<IFSG પGZFJTG ;FICtI TIFZ SZFjI TF,SFGF TDFD VFRFI ;FY JALGFZGF DFwIDYL JLP;LPIMHJFDF VFJ, HDF TIFZ YI,F પ|7F D<IFSG ;FICtIGL RRF SZJFDF VFJL VG VF ;FICtI NZS AF/S ;WL IX1FSGL CFHZLDF પCIR TDH D<IFSG YFI TG VFIMHG SZJFDF VFjIPTF,SFGF

TDFD WFP# YL ( GF IX1FSM ;FY JALGFZGF DFwIDYL VSD DHA પ`G AS DUFJL a,MS :8FO પF; WFP# YL ( GF IJQFIMG D<IFSG પGZFJTG ;FICtI TIFZ SZJFDF VFjIP

આ ઉપરાંત મળેલ માહીતિનું ગુણાત્મક પૃથક્કરણ કરતા નીચેની વિગતો જોવા મળી.

- સુત્રાપાડા તાલુકામાં પ્રાથમિક શાળાના પાંચ શિક્ષકોની કામગીરી વિશેષ જોવા મળી હતી.
- પ્રાથમિક શાળામાં કોવિડ-19 પેન્ડમિક સમયમાં શિક્ષણ અને સહ અભ્યાસિક પ્રવૃત્તિઓના સંદર્ભમાં વિશેષ કામ થયેલું છે
- બે શિક્ષકોએ સામાજીક વિજ્ઞાન વિષય પર વિદ્યાર્થીઓ માટે કાર્ય કરેલ છે.
- શિક્ષકોની વિશેષ કામગીરી ઓફલાઇન મોડમાં વધુ થયેલ છે.
- મોટાભાગના શિક્ષકોના કાર્યની ઉપયોગીતા અને વિસ્તૃતીકરણ શાળા પુરતું માર્યાદિત ન અન્ય શિક્ષકો અને વાલીઓ પણ તેનો ઉપયોગ કરી શકે છે.
- આંગણવાડીનાપૂર્વપ્રાથમિકશિક્ષણનુંધોરણ-1સાથેજોડાણ અંતર્ગત તાલુકામાં ખૂબ સારું કાર્ય થયેલ છે.

## 1.16 **ભાવિ સંશોધન અંગેની ભલામણોઃ-**

પ્રયોજકે આ અભ્યાસના સંદર્ભમાં ભાવિ સંશોધન અંગેની ભલામણો રજૂ કરી છે. જેમકે...

- પ્રસ્તુત સંશોધન સુત્રાપાડા તાલુકા પર છે અન્ય તાલુકા માટે આ સંશોધન કરી શકાય.
- આ પ્રકારે વિશિષ્ટ કામગીરી કરનાર આચાર્ય, CRC CO., BRC CO. પર આ પ્રકારે સંશોધન કરી શકાય.

## **1.17 શૈક્ષણિક ફલિતાર્થો :-**

- વિજ્ઞાન અને ગણિત જેવા કઠિન વિષયોમાં પ્રયોગો દ્વારા શિક્ષણ આપવું અસરકારક રહે છે.
- ઉત્તમ કામ કરતા શિક્ષકોની નોંધ લઈ શકાય.
- વિશેષ કામ કરતા શિક્ષકોનો દસ્તાવેજ તૈયાર થયો.
- વિદ્યાર્થીઓની રસ-રૂચિ અને જરૂરીયાતને અનુરૂપ કાર્ય આપી વધુ અસરકારક પરિણામો મેળવી શકાય.
- વિદ્યાર્થીઓ ઓપન સોર્સનો સંદર્ભ તરીકે ઉપયોગ કરી શિક્ષણ કાર્ય મેળવી શકે.

**સંશોધકનું નામ- વી.એમ.પંપાણિયા સિ.લે. ડાયેટ ગીર સોમનાથ**

**વર્ષ- 2020-21**

**શીર્ષક-** ગીર સોમનાથ જિલ્લામાં વર્ષ 202-21 દરમ્યાન આયોજિત ઇનોવેશન ફેસ્ટીવલમાં પસંદ થયેલ કૃતિઓનો વ્યક્તિ અભ્યાસ

## 1.0 પ્રાસ્તાવિક

ઇનોવેશન ફેસ્ટીવલ એટલે.... જેમાં શિક્ષકો શિક્ષણમાં નાવીન્યપૂર્ણ અભિગમ અપનાવીને અભ્યાસક્રમ શીખવતાં હોય છે તે પ્રયોગોનું સાધન-સામગ્રી સાથે નિદર્શન. આપણા જિલ્લાની ભૌગોલિક-સામાજિક-પર્યાવરણ કે પ્રાદેશિક વાતાવરણને અનુરુપ શિક્ષકો જે નવતર પ્રયોગો કરીને ગુણવતા સુધારણા કાર્યક્રમમાં અને બાળકના સર્વાંગિક વિકાસમાં પ્રાણ પૂરવાની પ્રવૃતિઓ કરેલ છે તે કામગીરીનું નિદર્શન અને પ્રદર્શન ઇનોવેશનફેસ્ટીવલમાં થાય છે. આવા,જ વર્ષ 2020-21 તાલુકા અને જિલ્લા કક્ષાના ઇનોવેશનફેસ્ટીવલ પૂર્ણ કરેલ છે. આ જિલ્લા કક્ષાના પૂર્ણ કરેલા ઇનોવેશન ફેસ્ટીવલમાં પસંદ થયેલા ઇનોવેટીવ શિક્ષકોએ કરેલા કાર્યની કામગીરીના દસ્તાવેજીકરણ માટે પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવેલ હતું.

## 1.1 સમસ્યાકથન

**"ગીર સોમનાથ જિલ્લામાં વર્ષ 202-21 દરમ્યાન આયોજિત ઇનોવેશન ફેસ્ટીવલમાં પસંદ થયેલ કૃતિઓનો વ્યક્તિ અભ્યાસ"**

પ્રસ્તુત અભ્યાસનો હેતુ ગીર સોમનાથ જિલ્લા કક્ષાએ ઇનોવેશન ફેસ્ટીવલમાં પસંદ થયેલ ઇનોવેટીવ ટીચર તરીકે કાર્ય કરતા શિક્ષકોએ કરેલ કાર્યનું દસ્તાવેજીકરણ કરવાનો હતો. તેના સંદર્ભે માહિતી મેળવવા માટે એક ફોર્મેટ તૈયાર કરવામાં આવ્યું હતું અને તેના સંદર્ભે ઇનોવેટીવ ટીચરે કરેલા કાર્યની માહિતી મેળવવામાં આવી હતી.

## 1.2 અભ્યાસના હેતુ

1. ગીર સોમનાથ જિલ્લામાં વર્ષ 202-21 દરમ્યાન આયોજિત ઇનોવેશન ફેસ્ટીવલમાં કૃતિ રજૂ કરનાર શિક્ષકોની માહિતી મેળવવી.
2. ઇનોવેટીવ ટીચરે કરેલી કામગીરી અંગે માહિતી મેળવવી..

3. ઇનોવેટીવ ટીચરે કરેલી કામગીરીના અહેવાલના આધારે તેમની કામગીરીનું અર્થઘટન કરવું.

4. ઇનોવેટીવ કામગીરી કરનાર શિક્ષકોની માહિતીને આધારે તારણો તારવવા.

## 1.3 સંશોધન પ્રકાર

પ્રસ્તુત સંશોધન શિક્ષકોના અનુલક્ષમાં હાથ ધરાયો હતો તેથી પ્રસ્તુત સંશોધન વ્યવહારિક સંશોધન ગણી શકાય.

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે શિક્ષકોની શૈક્ષણિક અને અભ્યાસકીય પ્રવૃત્તિઓ, વિવિધ યોજનાઓ, વગેરે વિષે માહિતી મેળવવાની હતી. જેમાં પ્રયોજકે મુલાકાત પ્રશ્નો, તેમજ દસ્તાવેજોદ્વારા માહિતી મેળવી હતી, અને તેનું અર્થઘટન કરી ગુણાત્મક રીતે પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. તેથી પ્રસ્તુત સંશોધન ગુણાત્મક સંશોધન કહી શકાય.

## 1.4 અભ્યાસનું મહત્વ

- પસંદ થયેલ ઈનોવેટીવ શિક્ષકોના વ્યક્તિ અભ્યાસ દ્વારા વિષયવસ્તુતેમજ PEDAGOGY ના સંદર્ભમાં કાર્યયોજના તૈયાર કરી શકશે.
- ઈનોવેટીવ શિક્ષકો દ્વારા કરવામાં આવેલ નવતર પ્રયોગનુંઅમલીકરણ અન્ય શાળાના શિક્ષકો કરી શકે તે માટેની માહિતી ઉપલબ્ધ બનશે.
- ઈનોવેટીવ શિક્ષકોદ્વારા કરવામાં આવેલ નવતર પ્રયોગમાં ઉપયોગમાં લેવાયેલ સાહિત્ય તેમજ તેનીકાર્ય પદ્ધતિની નોંધ જિલ્લા તેમજ રાજ્ય કક્ષા સુધી લઈ જઈ શકાય.
- પ્રસ્તુત સંશોધન દ્વારા ઇનોવેશન ફેસ્ટીવલમાં પસંદ થયેલ કૃતિનું દસ્તાવેજીકરણ થાશે જેનો ઉપયોગ અન્ય શિક્ષકોને માર્ગદર્શકરુપ બનશે.

## 1.5 અભ્યાસની મર્યાદા

પ્રસ્તુત અભ્યાસની મર્યાદા નીચે પ્રમાણેની હતી.

- પ્રસ્તુત સંશોધનમાંમાત્ર ઇનોવેટીવ શિક્ષકોદ્વારા કરવામાં આવેલ નવતર પ્રયોગને જ વ્યક્તિ અભ્યાસ તરીકેપસંદ કરવામાં આવેલ છે.
- માહિતી એકત્રીકરણ માટે જિલ્લા કક્ષાએથી તૈયાર કરવામાં આવેલ બુકલેટનેતેમજ શિક્ષકોના રાઇટઅપને આધાર તરીકે પસંદ કરેલ છે.

- પ્રસ્તુત અભ્યાસમાં શૈક્ષણિક વર્ષ2020-21માંજિલ્લા કક્ષાએપસંદ થયેલ ઇનોવેશનને જ ધ્યાનમાં રાખવામાં આવેલ છે.

**1.6 સંશોધનનું વ્યાપવિશ્વ**

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે ગીર સોમનાથ જિલ્લાના તમામ ઇનોવેટીવ શિક્ષકોનો સમાવેશ થાય છે. તાલુકા અને જિલ્લા કક્ષાએ ઇનોવેશન ફેસ્ટીવલ 2020-21 માં ભાગ લેનાર તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાના આવા ઇનોવેટીવ શિક્ષકોની યાદી પરિશિષ્ટ-1 માં આપેલ છે.

**1.7 નમૂના પસંદગી :**

આ સંશોધનમાં સંશોધકે સહેતુક નમૂના પ્રયુકિતથી નમૂનો (નિદર્શ) પસંદ કરેલ છે. આ સંશોધન માટે વર્ષ 2020-21 દરમ્યાન જિલ્લા કક્ષાએ ભાગ લેનાર ઇનોવેટીવ શિક્ષકો પૈકી જિલ્લાકક્ષાએ પસંદ થયેલ પ્રાથમિક વિભાગના 3 અને માધ્યમિક શાળાની 2 કૃતિને એટલે કે પાંચ શિક્ષકોને નમૂના તરીકે પસંદ કરેલ હતા.

**1.8 સંશોધનનાં ક્ષેત્રો :**

પ્રસ્તુત અભ્યાસમાં સ્પષ્ટપણે કહી શકાય કે પ્રસ્તુત અભ્યાસ શિક્ષણમાં સર્જનાત્મક અને નાવિન્ય વિષયક સંશોધન ક્ષેત્ર સાથે ખૂબ જ સંબંધિત હતું.

**1.9 સંશોધનનો પ્રકાર**

પ્રસ્તુત અભ્યાસમાંપ્રયોજકે ઇનોવેટીવ શિક્ષકની પ્રાથમિક માહિતી મેળવી હતી. તેમજ તેમણે કરેલ શૈક્ષણિક અને અભ્યાસકીય પ્રવૃતિઓવિશે માહિતી મેળવવામાં આવી હતી. જેમાં પ્રયોજકે મુલાકાત,પ્રશ્નો, તેમજ દસ્તાવેજોદ્વારા માહિતી મેળવી હતી.આ માહિતીનું અર્થઘટન કરી ગુણાત્મક રીતે પૃથક્કરણ કરવામાં આવ્યું હતું, તેથી પ્રસ્તુત સંશોધન ગુણાત્મક સંશોધન કહી શકાય.

**1.10 ઉપકરણ વિગત :**

ઉચાટ (2009)[4] ના મતે ઉપકરણ એટલે, ‘‘સંશોધન પ્રક્રિયા દરમિયાન અભ્યાસના હેતુઓ અનુસાર આવશ્યક માહિતી મેળવવા માટેના સાધનને ઉપકરણ કહેવાય.’’

પ્રસ્તુત સંશોધનમાં વ્યક્તિ અભ્યાસ માટે પસંદ કરવામાં આવેલ ગીર સોમનાથ જિલ્લાના ઈનોવેટીવ શિક્ષકો દ્વારા કરવામાં આવેલ નવતર પ્રયોગને ધ્યાનમાં રાખીને મુખ્ય બાબતો આધારિત માહિતીનું વર્ણન કરવામાં આવેલ. જેમાંવિશિષ્ટ કામગીરી કરનાર શિક્ષકોના નામ, શાળા, ધોરણ,

વિષય, સમયગાળો,પદ્ધતિ-પ્રયુક્તિ, ઉપયોગિતા અને પરિણામ જેવા મુદ્દા આધારિત માહિતીનું એકત્રીકરણ કરવામાં આવેલ હતું.

**1.11 માહિતીનું એકત્રીકરણ:**

સંશોધનમાં સમાવિષ્ટ ઇનોવેટીવ શિક્ષકો પાસેથીવ્યક્તિ અભ્યાસ અર્થે સંશોધક દ્વારા ઈનોવેટિવ શિક્ષકો સાથે ચર્ચા દ્વારાતેમજ કરેલ નવતર પ્રયોગના સંદર્ભમાં માહિતી મેળવવામાં આવેલ. આ ઉપરાંત પ્રવર્તમાન સમયમાં તેની શાળામાં તેની ઉપયોગિતાના સંદર્ભમાં માહિતી મેળવેલ. ખાસ કરીને નવતર પ્રયોગના આધારો તેમજ તે અંગેના જરૂરી ફોટોગ્રાફ્સ પણ રજુ કરવામાં આવેલ. જેના આધારે માહિતીની રજૂઆત તેમજ પારદર્શકતાની ખાતરી કરી શકાય.

**1.12 પ્રાપ્ત માહિતી :**

પ્રસ્તુત અભ્યાસમાં જિલ્લા કક્ષાએ ઇનોવેશન ફેસ્ટીવલમાં પસંદગી પામનાર પાંચ શિક્ષકોના અહેવાલ મળેલા. આ પાંચ શિક્ષકોના અહેવાલને જ નમુના તરીકે લેવામાં આવ્યા છે.

**1.13 માહિતી પૃથક્કરણ રીત :**

એકત્ર થયેલ માહિતીને યોગ્ય અંકશાસ્ત્રીય પદ્ધતિ થકી મૂલવણી એ સંશોધનના કાર્યનું મહત્વનું સોપાન ગણી શકાય. સંશોધક માટે પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ કેવી રીતે થઇ શકશે અને તારણો મેળવવા શું કરવું પડશે તે અંગેનો ખ્યાલ રાખવાનો થતો હોય છે. અહીં શિક્ષકોએ કરેલા કાર્યનું ગુણાત્મક પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

**1.14 તારણોઃ**

આ સંશોધનમાં ઇનોવેટીવ શિક્ષકોના કરેલા કાર્યની ગુણાત્મક માહિતી મેળવવામાં આવી હતી અને તેને આધારે નીચેના તારણો પ્રાપ્ત થયા હતા.

- **સુત્રાપાડા તાલુકાના રમેશભાઈએ.વાળા( બીઆરપી) દ્વારા** આંગણવાડીના પૂર્વ પ્રાથમિક શિક્ષણનું ધોરણ-1 સાથે જોડાણ અંતર્ગત ખૂબ જ સુંદર પ્રયત્ન કરવામાં આવ્યો. જેના કારણે હોમલર્નિંગ અને પ્રત્યાયનમાં ખૂબ સફળતા જોવા મળી. ધોરણ1 માં કુલ 1616 બાળકોનો પ્રવેશ થયો અને તમામ સાથે આત્મિયતા પૂર્વકનું જોડાણ થયું. આંગણવાડી વર્કર બહેનોની મીટીંગ દરમ્યાન નવી શિક્ષણનીતિ અને એમાં આંગણવાડીના પૂર્વ પ્રાથમિ કશિક્ષણની અગત્યતા સમજાવી.
- કોડીનાર તાલુકાના મોરી નિતિનભાઈ બાલુભાઈ **દ્વારા** વિજ્ઞાનની સંકલ્પનાઓ સમજાવવા એક વર્કબુક બનાવવામાં આવી. જેમાં બાળકોને વર્કબુક સાથે વિજ્ઞાન સાધન અને

રસાયણોની  કીટ આપવામાં આવી. જેનાથી વિદ્યાર્થીઓ ઘરે રહી  પ્રેક્ટીકલ કરતા થયા. તેમના દ્વારા  એક  YOUTUBE ચેનલ ચાલુ કરવામાં આવી  જેમાં  તેમણે 600+ વિડીયો અપલોડ કરેલ છે. તેમાંપ્રાથમિક શાળાના એનિમેશન અને માહિતી સભર વિડીયો છે.

❖ રંજનબેન વેકરીયા અને લતાબેન પુરબીયા દ્વારા જૂની કંકોત્રી, તેમજ શાળાના તેમજ ઘરે રહેલ વેસ્ટ મટીરીયલનો ઉપયોગ કરીને પ્રજ્ઞા શિક્ષણમાં ઉપયોગી હોય તેવા 20000 જેટલા કાર્ડ બનાવેલ છે.

❖ વેરાવળ તાલુકાના ઉપાધ્યાયરાહુલએનદ્વારાધોરણ 9 અને 10 ના વિજ્ઞાન વિષયના પ્રથમ સત્રના તમામ વિડીયો યુ-ટ્યુબની ચેનલ પર મૂકવામાં આવેલ છે જેનાથી વિજ્ઞાન જેવા વિષયને પણ સરળ બનાવવામાં આવ્યો.

❖ રીનાબેન ખાણીયા દ્વારા ધોરણ 10 ના વિદ્યાર્થીઓને ઉપયોગી થાય સામાજિક વિજ્ઞાન વિષયની કુલ 7 ક્વિઝની રચના કરવામાં આવી છે  જેનાથી વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરી શકાય.  આ ટેસ્ટમાં કુલ 15 વૈકલ્પિક પ્રશ્ન છે. તેના કુલ ગુણ 30 રાખવામાં આવ્યાં છે.

આ ઉપરાંત નીચેના તારણો પ્રાપ્ત થયેલ છે.

❖ પ્રાથમિક શાળામાં ધો. 1 થી 2 ના કાર્યક્ષેત્રમાં વિશેષ કામ થયેલું છે. માધ્યમિક શાળામાં ધો. 10 માં કાર્ય થયેલ છે.

❖ ગણિત અને વિજ્ઞાન વિષયમાં વિશેષ કામગીરી થયેલ હોય તેવા બે શિક્ષકો છે, બે શિક્ષકોની ધોરણ 1 અને 2 માં અને એક શિક્ષકે સામાજીક વિજ્ઞાન  વિષયને ધ્યાને રાખીને વિશેષ કામગીરી કરેલ છે.

❖ શિક્ષકોની વિશેષ કામગીરી online મોડમાં વધુ થયેલ છે.

❖ મોટાભાગના શિક્ષકોના કાર્યની ઉપયોગિતા અને વિસ્તૃતીકરણ શાળા પુરતું મર્યાદિત ન રહેતા અન્ય શિક્ષકો અને વાલીઓ પણ તેનો ઉપયોગ કરી શકે છે.

❖ પાંચ ઇનોવેશન પૈકી એક ઇનોવેશન મૂલ્યાંકન સબંધી કરવામાં આવેલ છે

## 1.17 ભાવિ સંશોધન અંગેની ભલામણોઃ-

- પ્રસ્તુત સંશોધન ગીર સોમનાથ જિલ્લાના શિક્ષકો પર છે  અન્ય જિલ્લા માટે આ સંશોધન કરી શકાય.

- આ પ્રકારે ઇનોવેટીવ કામગીરી કરનાર આચાર્ય,CRC CO., BRC CO. પર આ પ્રકારે સંશોધન કરી શકાય.
- પ્રસ્તુત સંશોધન ખાનગી શાળાના ઇનોવેશન કરતા શિક્ષકો માટે પણ હાથ ધરી શકાય.

**1.18 શૈક્ષણિક ફલિતાર્થો :-**

- વિજ્ઞાન અને ગણિત જેવા કઠિન વિષયોમાં પ્રયોગો દ્વારા શિક્ષણ આપવું જોઈએ.
- ખાનગી શાળામાં ઉત્તમ કામ કરતા શિક્ષકોની નોંધ લઈ શકાય.
- ઇનોવેશન કરનાર શિક્ષકોનો દસ્તાવેજ તૈયાર થયો.
- વિદ્યાર્થીઓની રસ-રૂચિ અને જરૂરિયાતને અનુરૂપ કાર્ય આપી વધુ અસરકારક પરિણામો મેળવી શકાય.
- વિદ્યાર્થીઓ ઓપન સોર્સનો સંદર્ભ તરીકે ઉપયોગ કરે તો સમજમા વધારો થાય

**સંશોધકનું નામ : એચ. સી. ઉપાધ્યાય, લેકચરર, ડાયેટ-જૂનાગઢ**

**સંશોધનનું શીર્ષક : કેશોદ તાલુકાના ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલ અંતર્ગત યોજાયેલ વર્કશોપમાં ભાગ લેનાર શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ વર્ષ : 2020 -2021**

## 1.0 પ્રાસ્તાવિક

ઇનોવેશન ફેસ્ટિવલ એટલે.... જેમાં શિક્ષકો શિક્ષણમાં નાવીન્યપૂર્ણ અભિગમ અપનાવીને અભ્યાસક્રમ શીખવતાં હોય છે તે પ્રયોગોનું સાધન-સામગ્રી સાથે નિદર્શન. કેશોદ તાલુકાની ભૌગોલિક-સામાજિક-પર્યાવરણ કે પ્રાદેશિક વાતાવરણને અનુસાર શિક્ષકો જે નવતર પ્રયોગો કરીને ગુણવત્તા સુધારણા કાર્યક્રમમાં અને બાળકના સર્વાંગિક વિકાસમાં પ્રાણ પૂરવાની પ્રવૃત્તિઓ કરેલ છે તે કામગીરીનું નિદર્શન અને પ્રદર્શન ઇનોવેશન ફેસ્ટિવલવલમાં થાય છે આવા જ ઇનોવેશનફેસ્ટિવલ પ્રત્યેના અભિપ્રાયો ઇનોવેટીવ ટીચર તથા ઇનોવેશન ફેસ્ટિવલવલ ફેસ્ટિવલ નિહાળનારના કેવા છે તે જાણવા પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવેલ હતું.

## 1.1 અભ્યાસનું શીર્ષક અને સમસ્યાકથન

પ્રસ્તુત અભ્યાસનું શીર્ષક આ પ્રમાણે શબ્દબદ્ધ કરવામાં આવ્યું હતું.

"કેશોદ તાલુકાના ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલ અંતર્ગત યોજાયેલ વર્કશોપમાં ભાગ લેનાર શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ"

પ્રસ્તુત અભ્યાસનો હેતુ કેશોદ તાલુકાનાઓનલાઇન વર્કશોપમાં ભાગ લેનાર શિક્ષકોનો ઇનોવેશન ફેસ્ટિવલવલ પ્રત્યેના અભિપ્રાયોનો અભ્યાસ કરવાનો હતો. તેના સંદર્ભે અભિપ્રાયાવલી તૈયાર કરવામાં આવી હતી. ઓનલાઇન વર્કશોપમાં ભાગ લેનાર શિક્ષકોના તથા નિહાળનાર અભિપ્રાયો લેવામાં આવ્યા હતા.

## 1.2 અભ્યાસના હેતુઓ

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ આ પ્રમાણેના હતા.

1. કેશોદ તાલુકાના ઓનલાઇન વર્કશોપમાં ભાગ લેનારટીચરનો તથા નિહાળનાર શિક્ષકોના ઓનલાઇનઇનોવેશન ફેસ્ટિવલવલ પ્રત્યેના અભિપ્રાયો જાણવા માટે અભિપ્રાયાવલીની રચના કરવી.

2. કેશોદ તાલુકાના ઓનલાઇન વર્કશોપમાં ભાગ લેનાર ટીચરનો તથા નિહાળનાર શિક્ષકોના ઓનલાઇનઇનોવેશન ફેસ્ટિવલવલ પ્રત્યેના અભિપ્રાયો જાણવા.

**1.3 અભ્યાસના પ્રશ્નો**

**પ્રસ્તુત અભ્યાસના પ્રશ્નો આ મુજબ હતા.**

1. ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલવલ પ્રત્યેના ઓનલાઇન વર્કશોપમાં ભાગ લેનાર ટીચરના અભિપ્રાયો હકારાત્મક હશે.

2. ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલ પ્રત્યેના ટેકનોલોજીના ઉપયોગ સંદર્ભે ઓનલાઇન વર્કશોપમાં ભાગ લેનાર ટીચરના અભિપ્રાયો હકારાત્મક હશે.

**1.4 સંશોધનનું વ્યાપવિશ્વ**

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે કેશોદ તાલુકાના ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલમાં ભાગ લેનારઅને નિહાળનાર શિક્ષકોનો સમાવેશ થાય છે.

**1.5 નમૂના પસંદગી :**

આ સંશોધનમાં સંશોધકે સહેતુક નમૂના પ્રયુકિતથી નમૂનો (નિદર્શ) પસંદ કરેલ છે. આ સંશોધન માટે ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલ અંતર્ગત યોજેલ વર્કશોપમાં જોડાયેલ ૩20 શિક્ષકને નમૂના તરીકે પસંદ કરેલ હતા.

**1.6 ઉપકરણ વિગત :**

પ્રસ્તુત સંશોધનમાં ઉ5કરણ તરીકે પ્રયોજક દ્વારા તૈયાર કરેલ અભિપ્રાયાવલીનો ઉપયોગ કરવામાં આવેલ હતો. આ સંશોધકની ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલ અંતર્ગત મળેલ માહિતીનો ઉપયોગ કરવામાં આવેલ હતો. જેમાં કુલ 20 વિધાનોમાં 16 વિધાનો હકારાત્મક છે. જયારે 4 વિધાનોમાં સ્પષ્ટ મત જોવા મળતો નથી.

**1.7 માહિતીનું એકત્રીકરણ:**

સંશોધકે ઓનલાઇનઇનોવેશન ફેસ્ટિવલ અંતર્ગત ભાગ લેનારતથા નિહાળનાર શિક્ષકો પાસેથી અભિપ્રાયાવલી ગુગલફોર્મ દ્વારા ઓન લાઈન માહિતી મેળવી હતી અને આ માહિતીનું પૃથકકરણ આંકડા શાસ્ત્રીય રીતે કરવામાં આવેલ છે.

## 1.8 માહિતી પૃથક્કરણ રીત :

એકત્ર થયેલ માહિતીને યોગ્ય અંકશાસ્ત્રીય પદ્ધતિ થકી મૂલવણી એ સંશોધનના કાર્યનું મહત્ત્વનું સોપાન ગણી શકાય. સંશોધક માટે ઉપકરણની પસંદગી કરવાની સાથે જ તેના થકી પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ કેવી રીતે થઇ શકશે અને તારણો મેળવવા શું કરવું પડશે તે અંગેનો ખ્યાલ રાખવાનો થતો હોય છે. અહીં શિક્ષકોના અભિપ્રાયો ત્રિબિંદુ સહમત, અસહમત, અને તટસ્થ માં મેળવવામાં આવ્યા હતા અને આ અભિપ્રાયોના દરેક વિધાનના સંદર્ભે ટકાવારી શોધવામાં આવી હતી.

## 1.9 તારણો.

આ સંશોધનમાં ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલ અંતર્ગત યોજાયેલ વર્કશોપમાં ભાગ લેનાર શિક્ષકોના અભિપ્રાયો સંમત, તટસ્થ અને અસંમતમાં મેળવવામાં આવ્યા હતા અને આ અભિપ્રાયોના દરેક વિધાનના સંદર્ભે ટકાવારી શોધવામાં આવી હતી. તેને આધારે નીચેના તારણો પ્રાપ્ત થયા હતા.

- ઇનોવેશન સંદર્ભે તાલીમથી નવા વિષયોથી માહિતગાર થાય છે.
- ઇનોવેશનફેસ્ટિવલ દર વર્ષ હોવો જોઇએ.
- ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલના કારણે તાલુકાકક્ષાએ ઇનોવેટીવ શિક્ષક કરેલ નવતર પ્રયોગથી મોટાભાગના શિક્ષકો માહિતગાર થયા.
- ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલના કારણે શિક્ષકોમાં ટેકનોલોજીના ઉપયોગની ક્ષમતાનો વિકાસ થાય છે.
- ઇનોવેશનફેસ્ટિવલને કારણે શિક્ષણની ગુણવતામાં વધારો થાય છે.
- ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલના કારણે ઇનોવેટીવ ટીચર અને નિહાળનાર ટીચર વચ્ચે વિચારોની આપ-લે સહજ થાય છે.
- ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલના કારણે ચાલુ વર્ષે થયેલ નવતર પ્રયોગનો લાભ તમામ શાળાને મળ્યો.
- મોટાભાગનાં શિક્ષકોનું માનવું છે કે બધાજ વિષયોમાં ઓનલાઇન ઇનોવેશન રજૂ કરવું શક્ય નથી.
- ઇનોવેટીવ ટીચર્સ પોતાના વર્ગખંડ સાથે જીવંત સંપર્ક જાળવી શકે છે.
- ઇનોવેશન સબમીશન કરવા માટે તાલીમની જરુર છે.

- ઇનોવેશન રાઇટઅપ અને શેરીંગના કારણે વિચારોની આપ-લે થાય છે.
- બધાંજ શિક્ષકોમાં ઇનોવેશનની સુઝ હોતી નથી. તેમજબધાં જ વિષયોમાં ઇનોવેશન શકય નથી.
- ઇનોવેશન માત્ર શાળા કે વર્ગખંડ પુરતા મર્યાદિત છે.
- ઓનલાઇન ઇનોવેશન સબમીશન ખૂબ જ સરળ  પ્રક્રિયા છે.
- ઇનોવેશનમાં પુનરાવર્તન જોવા મળે છે.
- ઇનોવેશન ફેસ્ટિવલમાં આપેલા તમામ ક્ષેત્રમાંથી ઇનોવેશનની એન્ટ્રી થવી જોઇએ.
- કરેલ ઇનોવેશનનો લાભ પોતાના તાલુકાની તમામ સ્કૂલમાં મળે છે.
- ઇનોવેશન સંદર્ભે વર્કશોપથી શાળા કે વર્ગખંડમાં થતા અન્ય ઇનોવેશનથી માહિતગાર થવાય છે.

## 1.10 ફલિતાર્થો

ઓફલાઈન ઈનોવેશન ફેસ્ટિવલ પણ ઓનલાઈન ઈનોવેશન ફેસ્ટિવલ જેટલો જ અસરકારક રહેલ છે.

## 1.11 ભાવિ સંશોધન અંગેની ભલામણો

પ્રયોજકે આ અભ્યાસના સંદર્ભમા ભાવિ સંશોધન અંગેની ભલામણો રજૂ કરી છે. જેમકે...

- પ્રસ્તુત સંશોધનમાં ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલ અન્વયે કેશોદ તાલુકાના શિક્ષકોનો અભિપ્રાય લેવામાં આવ્યો છે. આ રીતે અન્ય તાલુકા કે જિલ્લાના શિક્ષકોના અભિપ્રાયો મેળવી સંશોધન થઇ શકે.
- પ્રસ્તુત સંશોધનમાં ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલ અંગે શિક્ષકોના અભિપ્રાય લેવામાં આવ્યા છે. આ રીતે વાલીઓ કે વિદ્યાર્થીઓના અભિપ્રાયો મેળવી શકાય.

**સંશોધકનું નામ : એચ. સી. ઉપાધ્યાય, લેકચરર, ડાયેટ-જૂનાગઢ**

**સંશોધનનું શીર્ષક : કેશોદ તાલુકામાં લોકડાઉન દરમિયાન શિક્ષકો દ્વારા થયેલ વિશેષ કામગીરીનો વ્યકિત અભ્યાસ**

**વર્ષ : 2020 -2021**

**1.** પ્રાસ્તાવિક

વ્યકતિ અભ્યાસ એટલે સાવ સરળ શબ્દોમા જોઈએતો કોઈપણ વ્યકતિ વિષેની ઊંડાણ પૂર્વકની તલસ્પર્શી માહિતી જેમા ખૂબજ ઊંડાણપૂર્વકની માહિતી નો સમાવેશ થઈજાયછે. કોઈબાબત છૂટતી નથી. જેને આધારે આપણે જે-તે વ્યકતિ વિષેના તારણો તારવી કોઈ ચોકકસ વ્યવહાર વર્તન અંગેનું કારણ જાણી શકીએ છીએ. આ પ્રકારનો વ્યકતિ અભ્યાસ કોઈ સંસ્થા ,શાળા,કંપની કોઈપણ નો થઈ શકે છે. તે અંતર્ગત અહી "લોકડાઉન "સમય દરમિયાન કેશોદ તાલુકાના શિક્ષકો દ્વારા થયેલ શ્રેષ્ઠ કામગીરીનો વ્યકતિ અભ્યાસ હાથ ધરવામા આવ્યો છે. આ સમય દરમિયાનથયેલી શૈક્ષણિક અસરોને તપાસવાનો એક નમ્ર પ્રયાસ કરેલ છે.

**1.1 અભ્યાસનું શીર્ષક અને સમસ્યા કથન**

પ્રસ્તુત અભ્યાસની સમસ્યાને આ રીતે શબ્દબદ્ધ કરવામાં આવી હતી.

" કેશોદ તાલુકામાં લોકડાઉન દરમિયાન શિક્ષકો દ્વારા થયેલ વિશેષ કામગીરીનો વ્યકિત અભ્યાસ"

પ્રસ્તુત અધ્યાસનો હેતુ કેશોદ તાલુકામાં લોકડાઉન દરમિયાનશિક્ષકો દ્વારા થયેલ વિશેષ કાર્યનું દસ્તાવેજીકરણ કરવાનો હતો. તેના સંદર્ભે એક ફોર્મેટ તૈયાર કરવામા આવ્યું હતું અને તેના આધારે તાલુકામા વિશેષ કામગીરી કરનાર શિક્ષકોની માહિતી મેળવવામાં આવી હતી.

**1.2 અભ્યાસના હેતુઓ**

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ આ મુજબ છે.

1. લોકડાઉન દરમિયાનજે શિક્ષકોએ વિશિષ્ટ કામગીરી કરી છે. તેવા શિક્ષકોની માહિતી મેળવવી

2. આવા શિક્ષકોની માહિતી મેળવવી કરેલ કામગીરીના અહેવાલ ને આધારે તેમની કામગીરીનું અર્થઘટન કરવું.

૩. વિશિષ્ટ શૈક્ષિણક કામગીરી કરેલ શિક્ષકોની માહિતી આધારે તારણો તારવવા.

**1.3 અભ્યાસની મર્યાદા-સંશોધનનું સીમાંકન :**

- પ્રસ્તુત સંશોધન જિલ્લા શિક્ષણ સમિતિ – જૂનાગઢ દ્વારા સંચાલિત કેશોદ તાલુકાની પ્રા.શાળાના શિક્ષકો પૂરતું સીમિત રહેશે.
- પ્રસ્તુત સંશોધન કેશોદ તાલુકાની પ્રા.શાળાના વર્ષ 2020-21 ના સમયમાં જે શિક્ષકોએ નવતર પ્રયોગો કરેલ છે તે શિક્ષકો પૂરતું મર્યાદિત રહેશે.
- પ્રસ્તુત અભ્યાસમાં લોકડાઉનના સમયગાળામા કરેલ વિશેષ કામગીરીને જ ધ્યાનમાં લેવામાં આવી છે.

**1.4 વ્યાપવિશ્વ -**

1. જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના શિક્ષકોની વિશિષ્ટ કામગીરીની વ્યકતિ અભ્યાસના એકમ તરીકે પસંદ કરવામા આવી.
2. ગત વર્ષે ઉદભવેલ લોક ડાઉન ની પરિસ્થિતિ દરમ્યાનની ની માહિતીના સમયગાળાના સંદર્ભમાં અભ્યાસ હાથ ધર્યો હતો.
3. પ્રસ્તુત અભ્યાસમાં જીસીઈઆરટી, સરકારશ્રી તથા શિક્ષણ વિભાગ દ્વારા જે કંઈ કાર્યક્રમો શિક્ષણને ગતિમાં રાખવા લોંન્ચ થયા તે બધાજ જેવાકે પરિવારનો માળો , હોમલર્નિંગ , ઓનલાઈન શિક્ષણ, બાયસેપપ્રસારણ, શેરી નાટક, એકમકસોટી, વિવિધ સ્પર્ધા, ઘર મુલાકાત, ઓનલાઈન કોર્સ, દિક્ષા પોર્ટલ, વગેરે બાબતોને ધ્યાનમા રાખવામા આવેલી.

**1.5 નમૂનો પસંદગી-**

આ સંશોધનમાં સંશોધકે સહેતુક નમૂના પ્રયુકિતથી નમૂનો પસંદ કરેલ છે. આ સંશોધન માટે વર્ષ 2020માં લોક ઠાઉનનાં સમયમાં વિશેષ્ કામગીરી કરનાર 07 શિક્ષકોની નમૂના તરિકે પસંદગી કરી છે.

**1.6 માહિતી સ્ત્રોત ઃ-**

પ્રસ્તુત અભ્યાસનું કાર્ય સ્પષ્ટ દિશાસૂચક બને તે માટે હેતુઓ નકિક કર્યા હતા. આ હેતુઓના સંદર્ભમાં નીચે દર્શાવેલ સ્ત્રોત દ્વારા માહિતી એકત્ર કરી હતી.

પ્રથમ હેતુના સંદર્ભમાં તાલુકામાં બી.આર.સી.કો.ઓ., સી.આર.સી.કો.ઓ. તથા શાળામાં શિક્ષકોની વારંવાર મુલાકાત, ચર્ચા અને પ્રત્યક્ષકામગીરી પણ નિહાળેલ. આથી મોટા ભાગની માહિતી ઉપલબ્ધ હતી.ખૂટતી માહિતી શાળાના આચાર્ય પાસેથી મેળવી

બીજા હેતુના સંદર્ભમા વિશેષમાહિતી માટે તાલુકામાં બી.આર.સી.કો.ઓ., સી,આર.સી.કો.ઓ.ને જાણ કરી પ્રવૃતિના ફોટા, આલ્બમ, અહેવાલ વગેરેને ધ્યાનમા રાખીને માહિતી મેળવેલ.

ત્રીજા હેતુના સંદર્ભમાં પ્રાપ્ત થયેલ માહિતીનું વાંચન કરી અર્થઘટન કરી તેનું વિશ્લેષણ કર્યું

**1.7 ઉપકરણ :-**

ઉચાટ (2009) ના મતે ઉપકરણ એટલે "સંશોધનપ્રક્રિયા દરમિયાનઅભ્યાસના હેતુઓ અનુસાર આવશ્યકમાહિતીમેળવવા માટેના સાધનને ઉપકરણ કહેવાય."

વ્યકિત અભ્યાસમાં અભ્યાસ હેઠળના એકમોના સંદર્ભમાં આવષ્યક માહિતી વિવિધ સ્ત્રોતો માંથી ઊંડાણપૂર્વક મેળવાય છે. એકમનો ઈતિહાસ કાળજીપૂર્વક મેળવવામાં આવે છે. આ માટે આત્મકથા,રોજનીશી, પત્રો, દસ્તાવેજો, અવલોકનો, મુલાકાતો, વગેરે પૈકી ઉચિત ઉપકરણનો ઉપયોગ કરીને આવષ્યક માહિતી એકત્ર કરવામાં આવે છે. પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે, મુલાકાતજેવાઉપકરણો દ્વારા માહિતી એકત્ર કરી હતી. મુલાકાતદ્વારા કેશોદ તાલુકાના વિશિષ્ટ કામગીરી કરનાર શિક્ષકોના પ્રયોગોને ધ્યાનમાં રાખીને મુખ્ય બાબતો આધારિતમાહિતીનું વર્ણન કરવામાં આવેલ જેમાં સમસ્યા, સમસ્યાના ક્ષેત્રો, પ્રયોગનું વર્ણનમળેલ પરિણામ તેમજ પ્રયોગની ઉપયોગિતા જેવા મુદા આધારિત માહિતીનું એકત્રીકરણ કરવામાં આવેલું

**1.8 માહિતીનું એકત્રીકરણ :-**

પ્રસ્તુત અભ્યાસના હેતુના સંદર્ભમા માહિતીનું એકત્રીકરણ ગુણાત્મક રીતે કરવાનું થતું હતું આ માટે મુલાકાત, દ્વારા જોવા મળેલ કામગીરીની માહિતી ગુણાત્મક રીતે તપાસવા બી.આર.સી.કો.ઓ., સી,આર.સી.કો.ઓ. મિત્રોની મદદ લીધેલી અને તેમને અહેવાલ સ્વરૂપે માહિતી એકત્ર કરવા તથા સાથે ફોટોગ્રાફ જોડવા પણ સૂચન કરેલ જેના આધારે માહિતીની રજૂઆત તથા પારદર્શકતાની ખાતરી કરી શકાય.

**1.9 પ્રાપ્ત માહિતીના અર્થઘટનની રીત-**

કુલ 07 શિક્ષકોની માહિતી પ્રાપ્ત થયેલ જે તમામ માહિતી સ્વિકારવા યોગય હતી. આથી અર્થઘટનમાં તમામને ધ્યાનમાં લેવામાં આવેલ છે. પ્રાપ્ત થયેલ માહિતી વર્ણનાત્મક પ્રકારની હતી.

આથી તેમના અર્થઘટનમાટે કોઈ વિશેષઅંક શાસ્ત્રીય પધ્ધતિની જરૂર ન હતી. અહી પ્રાપ્ત થયેલ માહિતીનું અર્થઘટન વર્ણનાત્મક રીતે કરેલ છે.

**1.10 તારણો.**

**નવતર પ્રયોગ -1**

- નવતર પ્રયોગમાં COVID-19 ગીત રચનાઓ કરેલી
- નવતર પ્રયોગ કરવાનો વિચાર લોકડાઉનની બાળમાનસ ઉપર જે માઠી અસર પડી છે. તેની વેદનાને વાચા આપવાનો હતો.
- આ પ્રયોગ 6 થી 14 વર્ષના લક્ષ્ય જૂથને ધ્યાનમાં રાખીને કરેલ

**નવતર પ્રયોગ -2**

- નવતર પ્રયોગમાં મેથ્સ મેજિક બાય યુટયુબનો ઉપયોગ કરેલ
- લોક ડાઉનની પરિસ્થિતિને કારણે જયારે શિક્ષણ કાર્ય અશકય હતું ત્યાં ગણિત જેવા વિષયનું શિક્ષણકાર્ય કઈ રીતે કરવું તે મોટી સમસ્યા હતી.
- પ્રશ્નોનું નિરાકરણ અર્થે યુ-ટયુબ ના માધ્યમથી શિક્ષણ કાર્ય થઈ શકે તે માટે એક ચેનલ ના નિર્માણ કરવાનું નકકી કર્યું .
- લગભગ 270 જેટલા વિડિયો અપલોડ કર્યા.
- આગામી યોજના સ્પર્ધાત્મક પરિક્ષાઓ જેવિકે NMMS નેશનલ સ્કોલર્શિપ પરીક્ષા , નવોદયની પરીક્ષા અને ધો. 9 થી 10 ના માટે ના વિડિયો બનાવવાનું પણ આયોજન છે.

**નવતર પ્રયોગ -3**

- નવતર પ્રયોગમાં .Google from દ્વારા ઓન લાઈન ટેસ્ટ લેવામા આવેલી
- જયારે શિક્ષણ કાર્ય અશકય હતું ત્યાં મૂલ્યાંકન કેમ કરવું તે એક જટિલ પ્રશ્ન હતો.
- તેમાટે Google from દ્વારા ઓન લાઈન ટેસ્ટ નો વિચાર આવેલો.
- સૌ પ્રથમ ધો.8 ને માટે આ ટેસ્ટનો અમલ કર્યો
- ક્રમશઃ ધો. 7 અને 6 માં પણ આયોજન કર્યું.
- GOOGLE CHROME દ્વારા ઓન લાઈન ટેસ્ટનું નિર્માણ કરેલું .
- NMMS એકઝામ માટે બાળકોને પ્રોત્સાહિત કરવા માટે તેનો ઉપયોગ કર્યો.
- અત્યાર સુધી માં ૩૦ થી વધુ એકમોની ઓન લાઈન ટેસ્ટનું નિર્માણ કાર્ય કરેલ છે.

**નવતર પ્રયોગ -4.**

- નવતર પ્રયોગમાં  હરઘર વિજ્ઞાન પસંદ કરવામાં આવેલ.
- જેમા બાળકો પોતાની આસપાસ નાં નકામાં બોટલ, ઘરમાં રહેલી નકામી ચીજ વસ્તુઓ વગેરેનો ઉપયોગ કરી ઘરે રહીને પ્રયોગ કરી શકે તેવી ઓન લાઈન અને ઘરે રૂબરૂ મુલાકાત દ્વારા સમજ આપી .
- જેનાથી બાળકો જાતે પ્રયોગ કરવા લાગ્યા અને તેનામા નવો આત્મવિશ્વાસ જાગ્યો.
- શાળા કક્ષાએ ડો. એ.પી.જે. કલામ ઓનલાઈન વિજ્ઞાન મેળો યોજાયો જેમા બાળકોએ જાતે પ્રયોગના વિડિયો બનાવીજેમા મોકલેલા.
- ભાગ લેનાર દરેકને પ્રોત્સાહિત કરેલ  જેમા ધો.5 થી 8 ની લગભગ 40 જેટલી કૃતિઓ આવી.
- IIM અમદાવાદના સંકેતભાઈ સાવલીયાએ Facebookના માધ્યમથી માહિતી લઈ ખાસ પ્રયેત્સાહિત કર્યા.
- આ નવતર અભિગમ ઘણો સફળ રહ્યો. બાળકો વિજ્ઞાનના રમકડાં ,પ્રયોગો જાતે કરી વિજ્ઞાનમા રસ દાખવતા થયા .

**નવતર પ્રયોગ -5**

- નવતરપ્રયોગમાં.Google fromદ્વારા ઓન લાઈન ટેસ્ટ લેવામા આવેલી
- આ ટેસ્ટ એક કરતા વધારે વખત આપી શકાતી હોવાથી બાળકો લર્નિંગ આઉટકમ જયાં સુધી સિદ્ધ નકરી શકે ત્યાં સુધી તેસ્ટ આી ને પોતાની શૈક્ષણિક સિદ્ધિ માટે પ્રયત્ન કરી શકતો.

**નવતર પ્રયોગ 6. કેશોદ તાલુકાનામારૂ રાજેશભાઈ દ્વારા**

- નવતર પ્રયોગમાં  .Google from દ્વારા ઓન લાઈન ટેસ્ટ લેવામા આવેલી
- આ માટે સૌ પ્રથમ બાળકોને જે તે પાઠની પીડીએફ ફાઈલ મોકલવામાં આવતી.
- ત્યાર બાદ મૂલ્યાંકન માટે બાળકોને વોટ્સએપમાં આ ટેસ્ટની લીંક શેર કરવામાં આવતી.
- NMMS એકઝામ માટે બાળકોને પ્રોત્સાહિત કરવા માટે તેનો ઉપયોગ કર્યો.
- અત્યાર સુધી માં 18 થી વધુ એકમોની ઓન લાઈન ટેસ્ટનું નિર્માણ કાર્ય કરેલ છે.

**નવતર પ્રયોગ 7. કેશોદ તાલુકાનાત્રાંબડિયા વર્ષાબેન  દ્વારા**

- નવતર પ્રયોગમાં  ONLINE HOME LEARNING SOCIAL SCIENCE પસંદ કરવામાં આવેલ.

- SOCIAL SCIENCE LABતૈયાર કરે છે.

**આ સંશોધનના તારણો**

- પ્રાપ્ત થયેલ 07 અહેવાલ માંથી એકOnline/offline મોડમાં અને
- બાકી બધાજ Online મોડમાં છે.
- એજ રીતે ધો. 1 થી 8 માટે માત્રએકજ વ્યકતિનો પ્રયાસ છે.
- બાકી બધાજ ધો.6 થી 8 માં કાર્યરત જોવા મળે છે.
- આ વિશિષ્ટ કામગીરી નો ઉપયોગ જિલ્લામાં , કુટુંબમાં અને ગામમાં પણ થઈ શકે તેવું એક-એક વ્યકતિઓ જણાવે છે.
- બાકી બધા અન્યશાળામા ઉપયોગ થવાની વાત મૂકે છે.

## 1.11 શૈક્ષણિક ફલિતાર્થો

- કામ કરતા શિક્ષકાનો આ પ્રથમ દસ્તાવેજ તૈયાર થયો.
- ઉતમ કામ કરતા શિક્ષકોની નોંધ લેવાઈ
- ગણિત, વિજ્ઞાન અંગ્રેજી જેવા અઘરા ગણાતા વિષયોમા પણ બાળકોને રસ લેતા કરી શકાયા
- સરકારી પ્રા. શાળામાં લોકોનો અને વાલીઓનો વિશ્વાસ વધ્યો.
- આ સમય ગાળામાં સરકારી શાળાઓમાં નામાંકરણ પણ વધ્યું.
- આ સમય ગાળામાં શાળાઓ બંધ છે પણ શિક્ષણ નહી તે વિધાનને શિક્ષકોએ સાબિત કરી બતાવ્યું.

## 1.12 ભાવિ સંશોધન અંગેની ભલામણો.

- પ્રસ્તુત સંશોધનનો ઉપયોગ સરકારી મા.શાળાના શિક્ષકો પર સંશોધનકાર્ય હાથ ધરી શકે.
- પ્રસ્તુત સંશોધનનો ઉપયોગ ખાનગી મા.શાળાના શિક્ષકો પર અનેપ્રા. શાળાના શિક્ષકો પર સંશોધનકાર્ય હાથ ધરી શકે.
- પ્રસ્તુત સંશોધનનો ઉપયોગ અન્ય તાલુકાના ના શિક્ષકો પર સંશોધનકાર્ય હાથ ધરી શકે.

**સંશોધકનું નામ : બી.કે.મેસીયા, લેકચરર, ડાયેટ-જૂનાગઢ**

**સંશોધનનું શીર્ષક : જૂનાગઢ જિલ્લામાં સમાવેશી શાળા સંદર્ભે પ્રાથમિક શાળાઓમાં ભૌતિક સુવિધાનો અભ્યાસ** **વર્ષ : 2020 -2021**

## 1.0 પ્રાસ્તાવિક

હાલ ગુજરાત રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે શાળાઓમાં ભૌતિક સુવિધાઓમાં ઉભી કરવા સરકારશ્રીના સંનિષ્ઠ પ્રયત્નો છે. તેના પરિણામ સ્વરૂપ ગુજરાત રાજ્ય પ્રાથમિક શાળાઓ આવેલ ભૌતિક સુવિધાઓમાં રાષ્ટ્રમાં શ્રેઠ રાજ્યોમાં સ્થાન ધરાવે છે.

પ્રસ્તુત સંશોધન આ ભૌતિક સુવિધામાં સમાવેશી સુવિધાઓના સંદર્ભે જૂનાગઢ જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓની શું સ્થિતિ છે તેનો અભ્યાસ કરવા આ સંશોધન હાથ ધરવામાં આવેલ હતું.

## 1.1 સમસ્યા કથન

પ્રસ્તુત અભ્યાસની સમસ્યાના શીર્ષકને પ્રયોજકે આ મુજબ શબ્દબદ્ધ કર્યું હતું.

**જૂનાગઢ જિલ્લામાં સમાવેશી શાળા સંદર્ભે પ્રાથમિક શાળાઓમાં ભૌતિક સુવિધાનો અભ્યાસ**

પ્રયોજકે પ્રસ્તુત અભ્યાસના ભાગરૂપે જૂનાગઢ જિલ્લામાં સમાવેશી શાળા સંદર્ભે પ્રાથમિક શાળાઓમાં વર્ષ 2020 - 21 માં ભૌતિક સુવિધા અંગે અભ્યાસ હાથ ધર્યો હતો.

## 1.2 અભ્યાસના હેતુઓ

માનવી જે કાંઈપણ કાર્ય કરે છે, તેમાં હેતુ રહેલો હોય છે. હેતુ વગરનું કોઈ પણ કાર્ય હોતું નથી. ઉચાટ (1997)ના જણાવ્યા અનુસાર, "અભ્યાસનાં હેતુઓ એ સમગ્ર સંશોધન કાર્યનો કેન્દ્રવર્તી ભાગ છે."

પ્રસ્તુત સંશોધન માટે પ્રયોજકે આ પ્રમાણે હેતુઓ નક્કી કર્યા હતા. જે હેતુઓને લક્ષમાં રાખીને પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

1. પ્રાથમિક શાળાઓમાં સમાવેશી શાળા સંદર્ભે શાળાના પ્રવેશદ્વાર અંગેની ભૌતિક સુવિધા વિષે અભ્યાસ કરવો.

2. પ્રાથમિક શાળાઓમાં સમાવેશી શાળા સંદર્ભે શાળાના મકાન અંગેની ભૌતિક સુવિધા વિષે અભ્યાસ કરવો.
3. પ્રાથમિક શાળાઓમાં સમાવેશી શાળા સંદર્ભે શાળામાં વર્ગખંડ અંગેની ભૌતિક સુવિધા વિષે અભ્યાસ કરવો.
4. પ્રાથમિક શાળાઓમાં સમાવેશી શાળા સંદર્ભે શાળામાં રમત મેદાન અંગેની ભૌતિક સુવિધા વિષે અભ્યાસ કરવો.
5. પ્રાથમિક શાળાઓમાં સમાવેશી શાળા સંદર્ભે શાળામાં પ્રયોગશાળા અંગેની ભૌતિક સુવિધા વિષે અભ્યાસ કરવો.
6. પ્રાથમિક શાળાઓમાં સમાવેશી શાળા સંદર્ભે શાળામાં કમ્પ્યુટર લેબ અંગેની ભૌતિક સુવિધા વિષે અભ્યાસ કરવો.
7. પ્રાથમિક શાળાઓમાં સમાવેશી શાળા સંદર્ભે શાળામાં પુસ્તકાલય અંગેની ભૌતિક સુવિધા વિષે અભ્યાસ કરવો.
8. પ્રાથમિક શાળાઓમાં સમાવેશી શાળા સંદર્ભે શાળામાં લોબી અંગેની ભૌતિક સુવિધા વિષે અભ્યાસ કરવો.
9. પ્રાથમિક શાળાઓમાં સમાવેશી શાળા સંદર્ભે શાળામાં શૌચાલય અંગેની ભૌતિક સુવિધા વિષે અભ્યાસ કરવો.
10 પ્રાથમિક શાળાઓમાં સમાવેશી શાળા સંદર્ભે શાળામાં પીવાના પાણી અંગેની ભૌતિક સુવિધા વિષે અભ્યાસ કરવો.
11. પ્રાથમિક શાળાઓમાં સમાવેશી શાળા સંદર્ભે શાળામાં રિસોર્સ સેન્ટરમાં જવા અંગેની ભૌતિક સુવિધા વિષે અભ્યાસ કરવો.

### 1.3 અભ્યાસ પ્રશ્નો

પ્રસ્તુત અભ્યાસના હેતુઓના સંદર્ભમાં પ્રયોજકે નીચે પ્રમાણે અભ્યાસ પ્રશ્નો રચ્યા હતા.

1. પ્રાથમિક શાળાઓમાં સમાવેશી શાળા સંદર્ભે શાળાના પ્રવેશદ્વાર અંગેની ભૌતિક સુવિધાની ટકાવારી કેટલી હશે ?

2. પ્રાથમિક શાળાઓમાં સમાવેશી શાળા સંદર્ભે શાળાના મકાન અંગેની ભૌતિક સુવિધાની ટકાવારી કેટલી હશે ?

3. પ્રાથમિક શાળાઓમાં સમાવેશી શાળા સંદર્ભે શાળામાં વર્ગખંડ અંગેની ભૌતિક સુવિધાની ટકાવારી કેટલી હશે ?

4. પ્રાથમિક શાળાઓમાં સમાવેશી શાળા સંદર્ભે શાળામાં રમત મેદાન અંગેની ભૌતિક સુવિધાની ટકાવારી કેટલી હશે ?

5. પ્રાથમિક શાળાઓમાં સમાવેશી શાળા સંદર્ભે શાળામાં પ્રયોગશાળા અંગેની ભૌતિક સુવિધાની ટકાવારી કેટલી હશે ?

6. પ્રાથમિક શાળાઓમાં સમાવેશી શાળા સંદર્ભે શાળામાં કમ્પ્યુટર લેબ અંગેની ભૌતિક સુવિધાની ટકાવારી કેટલી હશે ?

7. પ્રાથમિક શાળાઓમાં સમાવેશી શાળા સંદર્ભે શાળામાં પુસ્તકાલય અંગેની ભૌતિક સુવિધાની ટકાવારી કેટલી હશે ?

8. પ્રાથમિક શાળાઓમાં સમાવેશી શાળા સંદર્ભે શાળામાં લોબી અંગેની ભૌતિક સુવિધાની ટકાવારી કેટલી હશે ?

9. પ્રાથમિક શાળાઓમાં સમાવેશી શાળા સંદર્ભે શાળામાં શૌચાલય અંગેની ભૌતિક સુવિધાની ટકાવારી કેટલી હશે ?

10 પ્રાથમિક શાળાઓમાં સમાવેશી શાળા સંદર્ભે શાળામાં પીવાના પાણી અંગેની ભૌતિક સુવિધાની ટકાવારી કેટલી હશે ?

11. પ્રાથમિક શાળાઓમાં સમાવેશી શાળા સંદર્ભે શાળામાં રિસોર્સ સેન્ટરમાં

જવા અંગેની ભૌતિક સુવિધાની ટકાવારી કેટલી હશે ?

## 1.4 **અભ્યાસની મર્યાદાઓ**

પ્રસ્તુત અભ્યાસની મર્યાદા આ પ્રમાણે હતી.

1. પ્રસ્તુત અભ્યાસમાં જૂનાગઢ જિલ્લામાં સમાવેશી શાળા સંદર્ભે પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળા પૂરતો જ મર્યાદિત કરવામાં આવ્યો હતો.

2. પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક શાળાનાં વર્ષ 2020-21માં જ કાર્યરત્ શાળાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

3. માહિતી પ્રાપ્તિ માટેના ઉપકરણની જે મર્યાદા છે તે પ્રસ્તુતુ સંશોધનને લાગુ પડે છે.

**1.5 સંશોધનનું વ્યાપવિશ્વ :**

પ્રસ્તુત અભ્યાસનાં વ્યાપવિશ્વમાં જૂનાગઢ જિલ્લામાં સમાવેશી શાળા સંદર્ભે પ્રાથમિક શાળાઓ પ્રાથમિક શાળામાં શૈક્ષણિક વર્ષ 2020-21 દરમિયાન કાર્યરત શાળાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આમ,કુલ 734 શાળાઓ વ્યાપવિશ્વમાં સમાવિષ્ટ હતી. પ્રસ્તુત અભ્યાસના વ્યાપવિશ્વને આ પ્રમાણે વ્યાખ્યાયિત કરવામાં આવ્યું હતું.

| | | | |
|---|---|---|---|
| 1. | વિસ્તાર | : | જૂનાગઢ જિલ્લો |
| ૨. | સમયગાળો | : | શૈક્ષણિક વર્ષ 2020-21 |
| 3. | માધ્યમ | : | ગુજરાતી |
| 4. | સ્તર | : | નિમ્ન પ્રાથમિક શાળા સ્તર અને ઉચ્ચતર પ્રાથમિક શાળા સ્તર |
| ૫. | પાત્રો | : | સ્કુલ ઇન્સ્પેકટર, શાળાના આચાર્ય અને શિક્ષકો |

ઉપર્યુક્ત વ્યાપવિશ્વને નજરમાં રાખી સંશોધકે જૂનાગઢ જિલ્લાની પ્રાથમિક શાળાની સમાવેશી શાળા સંદર્ભે પ્રાથમિક શાળાઓમાં ભૌતિક સુવિધાઓનો અભ્યાસ કરવા પ્રયાસ કર્યો હતો.

**1.6 નમૂના પસંદગી**

પ્રસ્તુત અભ્યાસ માટે પ્રયોજકે સ્તરીકૃત આકસ્મિક નમૂના પસંદગી દ્વારા શૈક્ષણિક વર્ષ 2020-21 દરમિયાન 734 પ્રાથમિક શાળામાંથી 90 શાળામાં આ સંશોધન હાથ ધરવામાં આવેલ હતું. જૂનાગઢ જિલ્લાના કુલ દસ તાલુકાના અને તાલુકા દીઠ 10 શાળાઓ પસંદ કરેલ હતી . જેથી જૂનાગઢ જિલ્લાની કુલ 90 શાળાઓની પસંદીગી કરવામાં આવેલ. જે પૈકી તાલુકા દીઠ 6 ગ્રામ્ય અને 4 શહેરી વિસ્તારની હતી. આમ કુલ 54 શાળાઓ ગ્રામ્ય અને 36 શાળાઓ શહેરી વિસ્તાની પસંદી કરેલ હતી.

## 1.7 ઉપકરણ વિગત :

પ્રસ્તુત સંશોધનમાં સમાવેશી શાળાના સંદર્ભમાં શાળાઓમાં ભૌતિક સુવિધા જાણવા માપદંડ જીસીઈઆરટી દ્વારા તૈયાર કરવામાં આવેલ. જે કુલ છ પૃષ્ઠમાં તૈયાર કરાયું હતું. જેમાં પ્રથમ પૃષ્ઠ પર સંશોધનનું શીર્ષક, શિક્ષકોની સામાન્ય માહિતી જેવી કે, નામ, શાળાનું નામ, ક્લસ્ટર, તાલુકો અને વિસ્તાર જેવી માહિતી મુકવામાં આવેલી હતી. ત્યાર પછીન  પૃષ્ઠમાં 15 વિભાગમાં પાંસઠ વિધાનો અને તેની સામે બે પ્રતિચારો દર્શાવવામાં આવ્યાં હતાં. ત્રણ વિધાનોના પ્રતિચાર વિધાનના સંદર્ભમાં મુક્ત રીતે આપવાના હતા.

## 1.8 માહિતીનું એકત્રીકરણ

પ્રસ્તુત સંશોધનનો મુખ્ય હેતુ શાળાઓની સમાવેશી સંદર્ભે ભૌતિક સુવિધાઓનો અભ્યાસ કરવાનો હતો. આ માટે પ્રયોજકે જીસીઈઆરટી –ગાંધીનગર દ્વારા આપેલ "સમાવેશી શાળા સંદર્ભે શાળાઓની ભૌતિક સુવિધાઓની વિગત" દર્શાવતી પ્રશ્નવલિનો ઉપયોગ કરવામાં આવેલ. આ માટે જૂનાગઢ જીલ્લામાં કાર્યરત સ્કુલ ઇન્સ્પેકટર દ્વારા જયારે શાળા મુલાકાત લેવામાં આવે ત્યારે આ પ્રશ્નાવલિની મદદથી માહિતી એકત્રિત કરવામાં આવેલ. આ માટે મુલાકાત લેનારની પ્રારંભિક માહિતી જેવી કે મુલાકાત લેનારનું નામ, હોદ્દો, સંસ્થાનું નામ, મોબાઇલ નંબર, મુાલાકત લીધાની તારીખ, મુલાકાત લીધેલ શાળાનું નામ, તાલુકો અને જિલ્લો વગેરે હતી.

આ ઉપરાંત જુદા જુદા 15 ઘટકો અન્વયે 65 વિધાનો હતા. જેમાં હા/ ના અને મુક્ત જવાબી સ્વરૂપે પ્રતિચાર મેળવવામાં આવેલ. માહિતી એકત્રિત કરવા માટે સંશોધકે જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓમાંથી યાદ્ચ્છીકરણ દ્વારા શાળાઓ પસંદ કરી હતી. આ રીતે પ્રયોજકે માહિતીનું એકત્રીકરણ કર્યું હતું.

પ્રસ્તુત અભ્યાસમાં પ્રાપ્ત થયેલી માહિતીના આધારે પૃથક્કરણ કરવા માટે વિવિધ અંકશાસ્ત્રીય પદ્ધતિઓ દ્વારા માહિતી ગણતરી કરવામાં આવી હતી. આ અંકશાસ્ત્રીય ગણતરીઓ MICROSOFT – EXCEL નો ઉપયોગ કર્યો હતો.

## 1.9 માહિતી પૃથક્કરણની પ્રવિધિ

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે સમાવેશી શાળા સંદર્ભે ભૌતિક સુવિધા માપદંડનો ઉપયોગ માહિતી એકત્રીકરણ કરવા માટે આપ્યો હતો. જેમાં કુલ પાંચ વિધાનો સમાવિષ્ટ હતા. આ માપદંડ

દ્વિબિંદુ ધરાવતો હતો. આ મેળવેલ માહિતીના આધારે પૃથક્કરણ કરી ટકાવારી શોધવામાં આવી હતી. આમ, ઉપકરણ દ્વારા પ્રાપ્ત થયેલ માહિતીનાં આધારે અભ્યાસ પ્રશ્નોની ચકાસણી કરવામાં આવી હતી.

**1.10 તારણો :**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે અભ્યાસ પ્રશ્નોની ચકાસણી કર્યા બાદ અભ્યાસના તારણો તારવવામાં આવ્યા હતા. જે આ પ્રમાણે રજૂ કરેલ છે.

1. સમાવેશી શાળાના સંદર્ભમાં પ્રાથમિક શાળાના પ્રવેશદ્વારની પહોળાઈ વ્હીલ ચેર પસાર થઇ શકે તેટલી વ્યવસ્થા 60 ટકા શાળાઓમાં છે. અને પગથિયા ચડીને પ્રવેશ કરવો પડે તેવી શાળા 2 ટકા જ છે.

2. સમાવેશી શાળાના સંદર્ભમાં પ્રાથમિક શાળામાં ગ્રાઉન્ડ ફ્લોર અને પ્રથમ માળ 36 ટકા શાળાઓમાં છે. ગ્રાઉન્ડ ફ્લોરથી પ્રથમ માળ અને બીજા માળે જવા માટે લીફ્ટ અથવા રેમ્પની વ્યસ્થા કોઈ જ શાળામાં જોવા મળતી નથી.

3. સમાવેશી શાળાના સંદર્ભમાં તમામ પ્રાથમિક શાળાના પ્રવેશદ્વારની પહોળાઈ વ્હીલ ચેર પસાર થઇ શકે તેટલી છે, તેમજ બ્લેકબોર્ડની ઉંચાઈ બાળકો જાતે લખી શકે તેટલી છે., તેમજ હવા ઉજાસ અને લાઈટની, બારીની અને પંખાની વ્યવસ્થા પુરેપુરી છે. તેમજ visually impared વિદ્યાર્થીઓ માટે વર્ગખંડમાં સંકેતની વ્યવસ્થા માત્ર ત્રણ જ શાળામાં જોવા મળેલ છે.

4. સમાવેશી શાળાના સંદર્ભમાં તમામ પ્રાથમિક શાળાના 79 ટકા શાળામાં રમત મેદાન છે અને 51 ટકા શાળામાં તમામ પ્રકારના વિદ્યાર્થીઓ જી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે. 41 ટકા શાળાઓમાં ઇન્ડોર રમતના સાધનો વસાવેલા છે.

5. સમાવેશી શાળાના સંદર્ભમાં 46 ટકા પ્રાથમિક શાળામાં વિવિધ પ્રકારની પ્રયોગશાળાઓ તૈયાર કરવામાં આવેલ છે. દિવ્યાંગ વિદ્યાર્થીઓ ઉપયોગ કરી શકે તેમ પ્રયોગશાળામાં સાધનોની ગોઠવણી માત્ર 21 ટકા શાળાઓમાં જોવા મળે છે.

6. સમાવેશી શાળાના સંદર્ભમાં કમ્પ્યુટર લેબનો ઉપયોગ visually impared વિદ્યાર્થીઓ કરી શકે તેવી વ્યવસ્થા 11 ટકા શાળાઓમાં જોવા મળે છે, જયારે 3 ટકા શાળાઓમાં hearing impared વિદ્યાર્થીઓ શીખી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે.

7. સમાવેશી શાળાના સંદર્ભમાં 94 ટકા પ્રાથમિક શાળામાં પુસ્તકાલયની સુવિધા છે. શાળાના પુસ્તકાલયમાં visually impared વિદ્યાર્થીઓ સાંભળી શકે તેવી ઓડિયો બુક્સ ત્રણ ટકા શાળાઓમાં જ વસાવવામાં આવેલ છે.

8. સમાવેશી શાળાના સંદર્ભમાં 96ટકા પ્રાથમિક શાળામાં શાળામાં લોબીની પહોળાઈ વ્હીલ ચેર પસાર થઇ શકે તેટલી પહોળી છે, અને visually impared વ્યક્તિ માટે સાંકેતિક નકશો લોબીમાં મુકવામાં આવેલ હોય તેવું કોઈ જ શાળામાં નથી.

9. સમાવેશી શાળાના સંદર્ભમાં 90 ટકા પ્રાથમિક શાળામાં શૌચાલય સ્વચ્છ હાલતમાં જોવા મળે છે. અને શૌચાલયનો ઉપયોગ orthopedic impared વિદ્યાર્થીઓ કરી શકે તે માટે ત્યાં સુધી પહોચવાની વ્યવસ્થા 25 ટકા શાળામાં જોવા મળે છે.

10 સમાવેશી શાળાના સંદર્ભમાં 93 ટકા પ્રાથમિક શાળામાં સ્વચ્છ પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવેલ છે. અને શાળામાં પીવાના પાણીની વ્યવસ્થાનો ઉપયોગ વિવિધ ઉંચાઈ ધરાવતા વિદ્યાર્થીઓ કરી શકે છે. તેવી સુવિધા 70 ટકા શાળામાં જ જોવા મળે છે.

11. સમાવેશી શાળાના સંદર્ભમાં શાળાના વિવિધ પ્રકારના દિવ્યાંગતા ધરાવતા વિદ્યાર્થીઓને નજીકના રિસોર્સ સેન્ટરમાં લઇ જવા માટેની વ્યવસ્થા 29 ટકા શાળામાં કરવામાં આવેલ છે. અને 25 ટકા શાળાના ક્લસ્ટરમાં રિસોર્સ સેન્ટર આવેલા છે.

## 1.11 શૈક્ષણિક ફલિતાર્થો

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે જુનાગઢ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં સમાવેશી શાળાના સંદર્ભમાં પ્રસ્તુત અભ્યાસના અંતે પ્રયોજકે આ પ્રમાણેના ફલિતાર્થો રજૂ કર્યા હતા.

પ્રસ્તુત અભ્યાસના અંતે મળેલા તારણો પરથી જાણી શકાય કે,

1. સમાવેશી શાળાના સંદર્ભમાં પ્રાથમિક શાળાઓમાં ભૌતિક સુવિધા નથી, તે સુવિધા વિકસાવી શકાય.

2. જે શાળાઓમાં અમુક સુવિધા નહિવત પ્રમાણમાં છે, ત્યાં આ સુવિધા માટે વ્યવસ્થા કરી શકાય.

### 1.12 ભાવિ સંશોધનો અંગેની ભલામણો

પ્રસ્તુત સંશોનમાં પ્રયોજકને સંશોધન કાર્ય દરમિયાન અનેક પ્રશ્નો ઉપસ્થિત થયા હતા. આ બધા પ્રશ્નો ઉપર સંશોધન હાથ ધરી શકાય તેમ હતા. આ અંગે ભાવિ સંશોધન માટેની ભલામણો અહી રજૂ કરેલ છે.

- પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપવિશ્વમાં જુનાગઢ જિલ્લાની પ્રાથમિક શાળાના શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. તે બીજા જિલ્લાની પ્રાથમિક શાળાને વ્યાપવિશ્વ તરીકે લઈ અભ્યાસ હાથ ધરી શકાય.
- પ્રસ્તુત અભ્યાસમાં સમાવેશી શાળાના સંદર્ભમાં ભૌતિક સુવિધાનો અભ્યાસ હાથ ધરેલ છે, જે બીજી સ્કીમના સંદર્ભમાં અભ્યાસ હાથ ધરી શકાય.

**સંશોધકનું નામ : બી.કે.મેસીયા, લેકચરર, ડાયેટ-જૂનાગઢ**

**સંશોધનનું શીર્ષક : વિસાવદર તાલુકામાં લોકડાઉન દરમિયાન શિક્ષકો દ્વારા થયેલ વિશેષ કામગીરીનો વ્યક્તિ અભ્યાસ વર્ષ : 2020 -2021**

## 1.0 પ્રાસ્તાવિક

અહીં સંશોધનાત્મક દ્રષ્ટિથી આ સમયગાળા દરમિયાન થયેલ પ્રયત્નો સંદર્ભે વિસાવદર તાલુકામાં થયેલ વિશિષ્ટ બાબતોની અહીં પ્રસ્તુતિ કરવામાં આવી છે. જે દ્વારા આ શાળાઓએ અન્ય શાળાઓને પણ પ્રેરણા આપી છે. આ સમયગાળા દરમિયાન શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓ માટે વિષયવસ્તુ આધારિત કે શિક્ષણને આનુષંગિક બાબતોને કેન્દ્રમાં રાખીને કરવામાં આવેલ કાર્યને પાયા તરીકે પસંદ કરવામાં આવ્યું. આ કાર્યમાં મળેલ પરિણામની જિલ્લા કક્ષાએ નોંધ લેવાયેલ. જેમાં શિક્ષકો દ્વારા શાળા કક્ષાએ કરવામાં આવેલ પ્રયત્નોને એક દિશા મળે છે. તેમજ, કરેલ કાર્યના સંદર્ભમાં મળેલ પરિણામોને અન્ય શાળાના પરિપેક્ષ્યમાં ઉપયોગી બને અને પ્રયોગ કરનાર શિક્ષકને જિલ્લા કક્ષાએ એક પ્લેટફોર્મ મળે તે જરૂરી છે. આ બાબતને કેન્દ્રમાં રાખીને જી.સી.ઈ.આર.ટી.–ગાંધીનગર દ્વારા રાજ્યના વિવિધ જિલ્લાઓમાં લોકડાઉન દરમિયાન નાવિન્યસભર કાર્ય કરનાર શિક્ષકોનો વ્યક્તિ અભ્યાસ કરવાના આશયથી પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવામાં આવેલ હતો.

## 1.1 સમસ્યા કથન

**" વિસાવદર તાલુકામાં લોકડાઉન દરમિયાન શિક્ષકો દ્વારા થયેલ વિશેષ કામગીરીનો વ્યક્તિ અભ્યાસ"**

પ્રસ્તુત અભ્યાસનો હેતુ વિસાવદર તાલુકામાં લોકડાઉન દરમિયાન શિક્ષકો દ્વારા થયેલ વિશેષ કાર્યનું દસ્તાવેજીકરણ કરવાનો હતો. SSA દ્વારા દરેક તાલુકામાં શિક્ષકોની વિશેષ કામગીરીનો અહેવાલ તૈયાર કરવાની કામગીરી TPEO અને BRC –CO. ને સોંપવામાં આવેલ. જે કામગીરી અહેવાલનો ઉપયોગ પ્રસ્તુત સંશોધનમાં કરેલ છે.

## 1.2 અભ્યાસના હેતુઓ

**પ્રસ્તુત અભ્યાસના હેતુઓ આ પ્રમાણે હતા.**

1. વિસાવદર તાલુકામાં લોકડાઉન સમય દરમિયાન વિશેષ શૈક્ષણિક કામગીરી કરનાર શિક્ષકોની માહિતી મેળવવી.
2. વિશેષ શૈક્ષણિક કામગીરી કરનાર શિક્ષકોની કરેલી કામગીરી અહેવાલના આધારે તેમની કામગીરીનું અર્થઘટન કરવું.

3. વિશેષ શૈક્ષણિક કામગીરી કરનાર શિક્ષકોની માહિતીને આધારે તારણો તારવવા.

## 1.3 અભ્યાસની મર્યાદા

પ્રસ્તુત અભ્યાસની મર્યાદા નીચે પ્રમાણે હતી.

1 પ્રસ્તુત સંશોધનમાં માત્ર વિશેષ કામગીરી કરેલ શિક્ષકોને જ વ્યક્તિ અભ્યાસ તરીકે પસંદ કરવામાં આવેલ છે.

2 માહિતી એકત્રીકરણ માટે CRC, BRC અને કે.નિ., TPEO દ્વારા પસંદ થયેલ શિક્ષકોને જ વ્યક્તિ વિશેષના દસ્તાવેજીકરણમાં પસંદ કરેલ છે.

**3** પ્રસ્તુત અભ્યાસમાં શૈક્ષણિક વર્ષ 2020-21માં કરેલ કામગીરીને જ ધ્યાનમાં લેવામાં આવેલ છે.

## 1.4 સંશોધનનું વ્યાપવિશ્વ :

વ્યાપવિશ્વ એટલે સમષ્ટિ એ એવી વિગતો, પાત્રો કે શકય અવલોકનોની સંખ્યા છે કે, જેમાંથી નમૂનો પસંદ થાય છે. પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે વિસાવદર તાલુકાની 136 શાળાના 425 શિક્ષકોનો એટલે કે તાલુકાના તમામ શિક્ષકોનો સમાવેશ થાય છે.

## 1.5 નમૂના પસંદગી :

આ સંશોધનમાં સંશોધકે સહેતુક નમૂના પ્રયુકિતથી નમૂનો (નિદર્શ) પસંદ કરેલ છે. આ સંશોધન માટે વર્ષ 2020-21 દરમિયાન તાલુકા કક્ષાએ લોકડાઉન દરમિયાન વિશેષ કામગીરી કરનાર 4 શિક્ષકોને નમૂના તરીકે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, બીઆરસી કો-ઓર્ડિનેટર અને સીઆરસી કો-ઓર્ડિનેટર દ્વારા પસંદ કરેલ હતા.

## 1.6 ઉપકરણ વિગત :

પ્રસ્તુત સંશોધનમાં વ્યક્તિ અભ્યાસ માટે પસંદ કરવામાં આવેલ વિસાવદર તાલુકાના વિશેષ કામગીરી કરનાર શિક્ષકો દ્વારા કરવામાં આવેલ પ્રયોગને ધ્યાનમાં રાખીને મુખ્ય બાબતો આધારિત માહિતીનું વર્ણન કરવામાં આવેલ. જેમાં વિશિષ્ટ કામગીરી કરનાર શિક્ષકોના નામ, શાળા, ધોરણ, વિષય, સમયગાળો, પદ્ધતિ-પ્રયુક્તિ, ઉપયોગિતા અને પરિણામ જેવા મુદ્દા આધારિત માહિતીનું એકત્રીકરણ કરવામાં આવેલ હતું.

## 1.7 માહિતીનું એકત્રીકરણ:

સંશોધનમાં સમાવિષ્ટ તાલુકામાં વિશિષ્ટ કામગીરી કરનાર શિક્ષકો પાસેથી વ્યક્તિ અભ્યાસ અર્થે સંશોધક દ્વારા ચર્ચા દ્વારા તેમજ કરેલ પ્રયોગના સંદર્ભમાં માહિતી મેળવવામાં આવેલ. આ

ઉપરાંત પ્રવર્તમાન સમયમાં તેની શાળામાં તેની ઉપયોગીતાના સંદર્ભમાં માહિતી મેળવેલ. પ્રયોગના આધારો તેમજ તે અંગેના જરૂરી ફોટોગ્રાફ્સ પણ રજુ કરવામાં આવેલ. જેના આધારે માહિતીની રજૂઆત તેમજ પારદર્શકતાની ખાતરી કરી શકાય.

**1.8 પ્રાપ્ત માહિતી :**

પ્રસ્તુત અભ્યાસમાં તાલુકા કક્ષાએથી ચાર શિક્ષકોના અહેવાલ મળેલા. આ ચાર શિક્ષકોના અહેવાલને જ નમુના તરીકે કરવામાં આવ્યા છે.

**1.9 માહિતી પૃથક્કરણ રીત :**

એકત્ર થયેલ માહિતીને યોગ્ય અંકશાસ્ત્રીય પદ્ધતિ થકી મૂલવણી એ સંશોધનના કાર્યનું મહત્વનું સોપાન ગણી શકાય. સંશોધક માટે પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ કેવી રીતે થઇ શકશે અને તારણો મેળવવા શું કરવું પડશે તે અંગેનો ખ્યાલ રાખવાનો થતો હોય છે. અહીં શિક્ષકોએ કરેલા કાર્યનું ગુણાત્મક પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

**1.10 તારણો :**

આ સંશોધનમાં વિસાવદર તાલુકામાં લોકડાઉન દરમિયાન વિશેષ કામગીરી કરનાર શિક્ષકોની માહિતી મેળવવામાં આવી હતી. અને આ માહિતીનું ગુણાત્મક પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. તેને આધારે નીચેના તારણો પ્રાપ્ત થયા હતા.

- જોષી ચંદ્રેશકુમારના દ્વારા ઘરે રહીને પણ નાના વિદ્યાર્થીઓ અભ્યાસ પ્રવૃતિઓમાં પ્રવૃત રહે તેવા કરેલા છે. YOU TUBE ચેનલના માધ્યમથી વિદ્યાર્થીઓને અભ્યાસરત કરવા એ વિશિષ્ટ કામગીરી છે.
- ઉમેશકુમાર દ્વારા વિદ્યાર્થીઓ ઘરે રહીને પોતાના મિત્રો પાસેથી શીખે તેવી વિશિષ્ટ યોજનાથી કાર્ય કરેલ છે. એમની સાથે વર્ચ્યુઅલ માધ્યમથી શિક્ષણ કાર્ય કરાવેલ છે.
- કીર્તિબેન દ્વારા પરોક્ષ રીતે હોમ લર્નિંગનું કાર્ય કરેલ છે. આ સાથે કપરી પરિસ્થિતિમાં પણ you tube ના માધ્યમથી વિદ્યાર્થીઓને ગણિત વિષય શિક્ષણની કામગીરી વિશિષ્ટ રીતે કરેલ છે.
- અશ્વિનભાઈ દ્વારા ગણિત અને વિજ્ઞાનમાં અઘરા મુદ્દાઓનું શિક્ષણ અને પ્રત્યક્ષ અને વર્ચ્યુઅલ માધ્યમથી શિક્ષણકાર્ય વિશિષ્ટ રીતે કરેલ છે.
- જસ્મીનભાઇ દ્વારા આ સમયગાળામાં શાળાની ભૌતિક સુવિધામાં રીનોવેશન અને લેબનું અપડેશન અને વર્ચ્યુઅલ માધ્યમથી શિક્ષણકાર્ય કરવામાં આવ્યું હતું.

- વિસાવદર તાલુકામાં ચાર પ્રાથમિક શાળાના શિક્ષકોની કામગીરી વિશેષ જોવા મળી હતી.
- પ્રાથમિક શાળામાં ધો. 6 થી 8 ના કાર્યક્ષેત્રમાં વિશેષ કામ થયેલું છે.
- વિશેષ કામગીરી ગણિત અને વિજ્ઞાન વિષયમાં થયેલ છે. જેમાં ત્રણ શિક્ષકોની ગણિત અને વિજ્ઞાનમાં અને એક શિક્ષકની 3 થી 5 માં અને એક શિક્ષકની પ્રજ્ઞામાં વિશેષ કામગીરી થયેલ છે.
- શિક્ષકોની વિશેષ કામગીરી online મોડમાં વધુ થયેલ છે.
- મોટાભાગના શિક્ષકોના કાર્યની ઉપયોગીતા અને વિસ્તૃતીકરણ શાળા પુરતું માર્યાદિત છે.

## 1.11 **ભાવિ સંશોધન અંગેની ભલામણોઃ-**

પ્રયોજકે આ અભ્યાસના સંદર્ભમાં ભાવિ સંશોધન અંગેની ભલામણો રજૂ કરી છે. જેમકે...

- પ્રસ્તુત સંશોધન વિસાવદર તાલુકા પર છે અન્ય તાલુકા માટે આ સંશોધન કરી શકાય.
- આ પ્રકારે વિશિષ્ટ કામગીરી કરનાર આચાર્ય, CRC CO., BRC CO. પર આ પ્રકારે સંશોધન કરી શકાય.

## **1.12 શૈક્ષણિક ફલિતાર્થો :-**

- વિજ્ઞાન અને ગણિત જેવા કઠિન વિષયોમાં પ્રયોગો દ્વારા શિક્ષણ આપવું જોઈએ.
- વિદ્યાર્થીઓની રસ-રુચિ અને જરૂરીયાતને અનુરૂપ કાર્ય આપી વધુ અસરકારક પરિણામો મેળવી શકાય.
- ઓપન સોર્સના ઉપયોગથી સમજમા વધારો કરી શકાય.

**સંશોધકનું નામ- કે.પી.ચિત્રોડા, લેક્ચરર ડાયેટ – જુનાગઢ**

**સંશોધનવર્ષ-2020-21**

**શીર્ષક-** મેંદરડા તાલુકામાં લોકડાઉન દરમિયાન શિક્ષકો દ્વારા થયેલ વિશેષ કામગીરીનો વ્યક્તિ અભ્યાસ

## 1.0 પ્રાસ્તાવિક

પ્રાથમિક શિક્ષણ ગુણવતા અભિવૃદ્ધિ માટે રાજ્ય કક્ષાએ જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગર તથા જિલ્લા કક્ષાએ ડાયેટ કાર્યરત છે. ગત માર્ચ 2019માં COVID-19ની પરિસ્થિતિના સંદર્ભમાં જી.સી.ઇ.આર.ટી. દ્વારા "પરિવારનો માળો" એ શીર્ષકના માધ્યમે રાજ્યભરના બાળકો જ્યારે શાળા બંધ હતી ત્યારે ઘરે બેસીને શિક્ષણ મેળવતા હતા. "પરિવારનો માળો" હેઠળ રોજે રોજ બાળકો બાળગીત, અભિનયગીત, બાળવાર્તાઓ તેમજ જુદી જુદી પ્રવૃત્તિઓ તેમજ રમત-ગમત સહિતની પ્રવૃત્તિઓમાં ઓન લાઇન જોડાયા.

આ પ્રવૃત્તિની સફળતા બાદ "ઘરે શીખીએ" શીર્ષક હેઠળ જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગર દ્વારા પ્રજ્ઞા ધોરણ 1 અને 2 તેમજ ધોરણ 6 થી 8ના પ્રથમ બે એકમનું પ્લાનીંગ તમામ શાળાઓને મોકલી આપવામાં આવેલ. જી.સી.ઇ.આર.ટી. અને દીક્ષા પોર્ટલ પર પણ ઓન-લાઇન શિક્ષણ માટે ખૂબ જ જાગૃતતા માટે પ્રયાસો કરવામાં આવેલ છે. તે ઉપરાંત દરેક જિલ્લામાં હોમ લર્નીંગ સંદર્ભે પણ પ્રયાસો કરવામાં આવેલ.

અહીં સંશોધનાત્મક દ્રષ્ટિથી આ સમયગાળા દરમિયાન થયેલ પ્રયત્નો સંદર્ભે મેંદરડા તાલુકામાં થયેલ વિશિષ્ટ બાબતોની અહીં પ્રસ્તુતિ કરવામાં આવી છે. જે દ્વારા આ શાળાઓએ અન્ય શાળાઓને પણ પ્રેરણા આપી છે. આ સમયગાળા દરમિયાન શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓ માટે વિષયવસ્તુ આધારિત કે શિક્ષણને આનુષંગિક બાબતોને કેન્દ્રમાં રાખીને કરવામાં આવેલ કાર્યને પાયા તરીકે પસંદ કરવામાં આવ્યું. આ કાર્યમાં મળેલ પરિણામની જિલ્લા કક્ષાએ નોંધ લેવાઈ જેમાં શિક્ષકો દ્વારા શાળા કક્ષાએ કરવામાં આવેલ પ્રયત્નોને એક દિશા મળે છે. તેમજ કરેલ કાર્યના સંદર્ભમાં મળેલ પરિણામોને અન્ય શાળાના પરિપેક્ષ્યમાં ઉપયોગી બને અને પ્રયોગ કરનાર શિક્ષકને જિલ્લા કક્ષાએ એક પ્લેટફોર્મ મળે તે જરૂરી છે. આ બાબતને કેન્દ્રમાં રાખીને જી.સી.ઈ.આર.ટી.– ગાંધીનગર દ્વારા રાજ્યના વિવિધ જિલ્લાઓમાં લોકડાઉન દરમિયાન નાવિન્યસભર કાર્ય કરનાર શિક્ષકોનો વ્યક્તિ અભ્યાસ કરવાના આશયથી પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવામાં આવેલ હતો.

## 1.1 સમસ્યા કથન

**" મેંદરડા તાલુકામાં લોકડાઉન દરમિયાન શિક્ષકો દ્વારા થયેલ વિશેષ કામગીરીનો વ્યક્તિ અભ્યાસ"**

પ્રસ્તુત અભ્યાસનો હેતુ મેંદરડા તાલુકામાં લોકડાઉન દરમિયાન શિક્ષકો દ્વારા થયેલ વિશેષ કાર્યનું દસ્તાવેજીકરણ કરવાનો હતો. એસએસએ દ્વારા દરેક તાલુકામાંથી લોકડાઉન દરમિયાન વિશેષ કામગીરી કરનાર શિક્ષકોનો અહેવાલ તૈયાર કરવાની કામગીરી TPEO , BRC કો-ઓર્ડિનેટર અને CRC કો-ઓર્ડિનેટરની ટીમને સોંપાએલ. આ ટીમ દ્વારા પસંદગી કરી તૈયાર કરેલ વિશેષ કામગીરી કરનાર શિક્ષકોના અહેવાલનો ઉપયોગ પ્રસ્તુત અભ્યાસમાં કરવામાં આવેલ છે.

## 1.2 અભ્યાસના હેતુઓ

**પ્રસ્તુત અભ્યાસના હેતુઓ આ પ્રમાણે હતા.**

1. મેંદરડા તાલુકામાં લોકડાઉન સમય દરમિયાન વિશેષ શૈક્ષણિક કામગીરી કરનાર શિક્ષકોની માહિતી મેળવવી.
2. વિશેષ શૈક્ષણિક કામગીરી કરનાર શિક્ષકોની કરેલી કામગીરી અહેવાલના આધારે તેમની કામગીરીનું અર્થઘટન કરવું.
3. વિશેષ શૈક્ષણિક કામગીરી કરનાર શિક્ષકોની માહિતીને આધારે તારણો તારવવા.

## 1.3 સંશોધન પ્રકાર

પ્રસ્તુત સંશોધન શાળાઓના અનુલક્ષમાં હાથ ધરાયો હતો તેથી પ્રસ્તુત સંશોધન વ્યાવહારિક સંશોધન ગણી શકાય.

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે શિક્ષકોની શૈક્ષણિક અને અભ્યાસકીય પ્રવૃત્તિઓ, વિવિધ યોજનાઓ, વગેરે વિષે માહિતી મેળવવાની હતી. જેમાં પ્રયોજકે મુલાકાત પ્રશ્નો, તેમજ દસ્તાવેજો દ્વારા માહિતી મેળવી હતી, અને તેનું અર્થઘટન કરી ગુણાત્મક રીતે પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. તેથી પ્રસ્તુત સંશોધન ગુણાત્મક સંશોધન કહી શકાય.

## 1. 4 અભ્યાસનું મહત્વ

- પસંદ થયેલ શિક્ષકોના વ્યક્તિ અભ્યાસ દ્વારા વિષયવસ્તુ તેમજ PEDAGOGYના સંદર્ભમાં કાર્ય યોજના તૈયાર કરી શકશે.

- શિક્ષકો દ્વારા કરવામાં આવેલ પ્રયોગનું અમલીકરણ અન્ય શાળાના શિક્ષકો કરી શકે તે માટેની માહિતી ઉપલબ્ધ બનશે.
- શિક્ષકો દ્વારા કરવામાં આવેલ પ્રયોગમાં ઉપયોગમાં લેવાયેલ સાહિત્ય તેમજ તેની કાર્ય પદ્ધતિની નોંધ જિલ્લા તેમજ રાજ્ય કક્ષા સુધી લઈ જઈ શકાય.
- પ્રસ્તુત સંશોધન દ્વારા પસંદ થયેલ કૃતિનું દસ્તાવેજીકરણ થશે જેનો ઉપયોગ અન્ય શિક્ષકોને માર્ગદર્શનરૂપ બનશે.

**1.5 અભ્યાસની મર્યાદા**

પ્રસ્તુત અભ્યાસની મર્યાદા નીચે પ્રમાણે હતી.

- પ્રસ્તુત સંશોધનમાં માત્ર વિશેષ કામગીરી કરેલ શિક્ષકોને જ વ્યક્તિ અભ્યાસ તરીકે પસંદ કરવામાં આવેલ છે.
- માહિતી એકત્રીકરણ માટે TPEO , BRC કો-ઓર્ડિનેટર અને CRC કો-ઓર્ડિનેટર દ્વારા પસંદ થયેલ શિક્ષકોને જ વ્યક્તિ વિશેષના દસ્તાવેજીકરણમાં પસંદ કરેલ છે.
- પ્રસ્તુત અભ્યાસમાં શૈક્ષણિક વર્ષ 2020-21માં કરેલ કામગીરીને જ ધ્યાનમાં લેવામાં આવેલ છે.

1.6 **સંશોધનનું વ્યાપવિશ્વ**

વ્યાપવિશ્વ એટલે સમષ્ટિ એ એવી વિગતો, પાત્રો કે શકય અવલોકનોની સંખ્યા છે કે, જેમાંથી નમૂનો પસંદ થાય છે. પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે મેંદરડા તાલુકાની 56 શાળાના તમામ શિક્ષકો અને સીઆરસી કો-ઓર્ડિનેટર્સનો સમાવેશ કરેલ છે.

**1.7 નમૂના પસંદગી :**

આ સંશોધનમાં સંશોધકે સહેતુક નમૂના પ્રયુકિતથી નમૂનો (નિદર્શ) પસંદ કરેલ છે. આ સંશોધન માટે વર્ષ 2020-21 દરમિયાન તાલુકા કક્ષાએ લોકડાઉન દરમિયાન વિશેષ કામગીરી કરનાર 3 સીઆરસી કો-ઓર્ડિનેટર્સને નમૂના તરીકે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, બીઆરસી કો-ઓર્ડિનેટર અને સીઆરસી કો-ઓર્ડિનેટર દ્વારા પસંદ કરેલ હતા.

**1.8 સંશોધનનાં ક્ષેત્રો :**

પ્રસ્તુત અભ્યાસમાં સ્પષ્ટપણે કહી શકાય કે, પ્રસ્તુત અભ્યાસ પ્રાથમિક શિક્ષણ સંબંધિત હતું.

## 1.9 સંશોધનનો પ્રકાર

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે લોકડાઉન દરમિયાન વિશેષ કામગીરી કરનાર શિક્ષકની પ્રાથમિક માહિતી મેળવી હતી. તેમજ તેમણે કરેલ શૈક્ષણિક અને અભ્યાસકીય પ્રવૃત્તિઓ વિષે માહિતી મેળવવાની હતી. જેમાં પ્રયોજકે મુલાકાત, પ્રશ્નો, તેમજ દસ્તાવેજો દ્વારા માહિતી મેળવી હતી, આ માહિતીનું અર્થઘટન કરી ગુણાત્મક રીતે પૃથક્કરણ કરવામાં આવ્યું હતું તેથી પ્રસ્તુત સંશોધન ગુણાત્મક સંશોધન કહી શકાય.

## 1.10 સંશોધન પદ્ધતિ :

પ્રસ્તુત સંશોધન વ્યક્તિ અભ્યાસ પદ્ધતિ દ્વારા કરવામાં આવેલ હતું

## 1.11 ઉપકરણ વિગત :

ઉચાટ (2009)[4] ના મતે ઉપકરણ એટલે, ''સંશોધન પ્રક્રિયા દરમિયાન અભ્યાસના હેતુઓ અનુસાર આવશ્યક માહિતી મેળવવા માટેના સાધનને ઉપકરણ કહેવાય.''

પ્રસ્તુત સંશોધનમાં વ્યક્તિ અભ્યાસ માટે પસંદ કરવામાં આવેલ મેંદરડા તાલુકાના વિશેષ કામગીરી કરનાર શિક્ષકો દ્વારા કરવામાં આવેલ પ્રયોગને ધ્યાનમાં રાખીને મુખ્ય બાબતો આધારિત માહિતીનું વર્ણન કરવામાં આવેલ. જેમાં વિશિષ્ટ કામગીરી કરનાર શિક્ષકોના નામ, શાળા, ધોરણ, વિષય, સમયગાળો, પદ્ધતિ-પ્રયુક્તિ, ઉપયોગિતા અને પરિણામ જેવા મુદ્દા આધારિત માહિતીનું એકત્રીકરણ કરવામાં આવેલ હતું.

## 1.12 માહિતીનું એકત્રીકરણ:

સંશોધનમાં સમાવિષ્ટ તાલુકામાં વિશિષ્ટ કામગીરી કરનાર શિક્ષકો પાસેથી વ્યક્તિ અભ્યાસ અર્થે સંશોધક દ્વારા ચર્ચા દ્વારા તેમજ કરેલ પ્રયોગના સંદર્ભમાં માહિતી મેળવવામાં આવેલ. આ ઉપરાંત પ્રવર્તમાન સમયમાં તેની શાળામાં તેની ઉપયોગીતાના સંદર્ભમાં માહિતી મેળવેલ. પ્રયોગના આધારો તેમજ તે અંગેના જરૂરી ફોટોગ્રાફ્સ પણ રજૂ કરવામાં આવેલ. જેના આધારે માહિતીની રજૂઆત તેમજ પારદર્શકતાની ખાતરી કરી શકાય.

## 1.13 પ્રાપ્ત માહિતીઃ

પ્રસ્તુત અભ્યાસમાં તાલુકા કક્ષાએથી 2 શિક્ષક અને 3 સીઆરસી કો-ઓર્ડિનેટર્સ એમ કુલ 5 અહેવાલ મળેલ. આ 5 અહેવાલ પૈકી 2 શિક્ષકના અહેવાલ સંશોધનના હેતુઓને અનુરૂપ ન હોવાથી 3 સીઆરસી કો-ઓર્ડિનેટર્સના અહેવાલને અર્થઘટનમાં ઉપયોગમાં લેવામાં આવેલ.

## 1.14 માહિતી પૃથક્કરણ રીત

એકત્ર થયેલ માહિતીને યોગ્ય અંકશાસ્ત્રીય પદ્ધતિ થકી મૂલવણી એ સંશોધનના કાર્યનું મહત્વનું સોપાન ગણી શકાય. સંશોધક માટે પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ કેવી રીતે થઇ શકશે અને તારણો મેળવવા શું કરવું પડશે તે અંગેનો ખ્યાલ રાખવાનો થતો હોય છે. અહીં શિક્ષકોએ કરેલા કાર્યનું ગુણાત્મક પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

## 1.15 તારણોઃ

આ સંશોધનમાં મેંદરડા તાલુકામાં લોકડાઉન દરમિયાન વિશેષ કામગીરી કરનાર શિક્ષકોની માહિતી મેળવવામાં આવી હતી. અને આ માહિતીનું ગુણાત્મક પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. તેને આધારે નીચેના તારણો પ્રાપ્ત થયા હતા.

- શ્રી હરદેવકુમાર એમ. રામ દ્વારા "પ્રયત્ન" 1 થી 4 તૈયાર કરવામાં આવ્યા હતા જે ધોરણ 1 થી 8 વિદ્યાર્થીઓને લોકડાઉન દરમિયાનના સમયમાં જાતે શીખવા તેમજ માર્ગદર્શન મળી રહે તે હેતુથી નિર્માણ કરેલ તેમજ લોકડાઉન અને વેકેશનના દિવસો દરમિયાન વિદ્યાર્થીઓ ઘરે રહીને અભ્યાસ કરી શકે એવું સાહિત્ય 'સહજ ભાષા સ્પર્શ'ના માસિક અંકો પ્રકાશિત કરેલ છે. શ્રી હરદેવભાઈ એમ. રામ દ્વારા ક્લસ્ટરની તમામ સરકારી પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળા, ઉચ્ચ માધ્યમિક શાળાના દરેક વિદ્યાર્થીઓને શિક્ષકો મારફત માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું.
- શ્રી ઠાકર પ્રદીપકુમાર નટવરલાલ. દ્વારા નીચે મુજબની પ્રવૃતિઓ કરાવવામાં આવી.
  - ❖ MS Teams અને મહોલ્લા શિક્ષણ દ્વારા શિક્ષણ
  - ❖ વોટ્સએપ ગ્રુપ
  - ❖ દૂરદર્શન અને બાયસેગ દ્વારા શિક્ષણ
  - ❖ હોમ લર્નિંગ સાહિત્ય
  - ❖ કોરોના અંગે જાગૃતિ
  - ❖ એજ્યુકેશન ઇનોવેશન ફેર
  - ❖ પ્રજ્ઞા શિક્ષણ
  - ❖ વર્કશીટ
  - ❖ બૃહદ શિક્ષણ...

- મેઘનાથી સુરેશગીરી જે. દ્વારા ધોરણ ૩ થી 8 ના બાળકો માટે માટે ઉપયોગી અંગ્રેજી ભાષાનું ચાલો અંગ્રેજી શીખીએ .. એવા સાહિત્યનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ સાહિત્યનો ઉપયોગ કરીને ધોરણ ૩ થી 8ના બાળકો સરળતાથી અંગ્રેજી વાંચી અને લખી શકે છે. આ સાહિત્યમાં અંગ્રેજી વિષયના કન્ટેન્ટ , જોડકા, સ્પેલીંગ,નંબર આઇડેન્ટીફાઇ કરવા, પર્સન આઇડેન્ટીફાઇ કરવા, સોશિયલ વર્કર આઇડેન્ટીફાઇ કરવા, પ્રાણી, ફૂલ, ફળ વગેરેની ઓળખ આપવી જેવી બાબતોનો સમાવેશ થાય છે.

આમ,

- મેંદરડા તાલુકામાં ત્રણ સી.આર.સી. કો.ઓર્ડિનેટરની કામગીરી વિશેષ જોવા મળી હતી.
- પ્રાથમિક શાળામાં કોવિડ-19 પેન્ડમિક સમયમાં શિક્ષણ અને સહ અભ્યાસિક પ્રવૃત્તિઓના સંદર્ભમાં વિશેષ કામ થયેલું છે
- બે સી.આર.સી. કો.ઓર્ડિ વિદ્યાર્થીઓ માટે વિષયવસ્તુ સંબંધિત સાહિત્યનું નિર્માણ કરેલ છે.
- સી.આર.સી. કો.ઓર્ડિનેટરની વિશેષ કામગીરી online મોડમાં વધુ થયેલ છે.
- મોટાભાગના સી.આર.સી. કો.ઓર્ડિનેટરના કાર્યની ઉપયોગીતા અને વિસ્તૃતિકરણ શાળા પૂરતું મર્યાદિત ન રહેતા અન્ય શિક્ષકો અને વાલીઓ પણ તેનો ઉપયોગ કરી શકે તેવું છે.

## 1.16 ભાવિ સંશોધન અંગેની ભલામણો

પ્રયોજકે આ અભ્યાસના સંદર્ભમા ભાવિ સંશોધન અંગેની નીચે મુજબ ભલામણો રજૂ કરી છે.

- પ્રસ્તુત સંશોધન મેંદરડા તાલુકા પર કરેલ છે અન્ય તાલુકા પર આ સંશોધન થઇ શકે.
- આ પ્રકારે વિશેષ કામગીરી કરનાર આચાર્ય, બીઆરસી કો.ઓર્ડિનેટર, શિક્ષક પર પણ આ પ્રકારે સંશોધન થઇ શકે.
- પ્રસ્તુત સંશોધન ખાનગી શાળાના શિક્ષક પર પણ આ પ્રકારે સંશોધન થઇ શકે.

## 1.17 શૈક્ષણિક ફલિતાર્થો

- ઉત્તમ કામ કરતા શિક્ષકોની નોંધ લઈ શકાય છે.
- વિશેષ કામ કરતા શિક્ષકોનો દસ્તાવેજ તૈયાર થયો.
- વિદ્યાર્થીઓની રસ-રૂચી અને જરૂરિયાતને અનુરૂપ કાર્ય આપી વધુ અસરકારક પરિણામો મેળવી શકાય.
- વિદ્યાર્થીઓ ઓપન સોર્સનો સંદર્ભ તરીકે ઉપયોગ કરી શિક્ષણ મેળવી શકે.

**સંશોધકનું નામ- કે.પી.ચિત્રોડા, લેક્ચરર ડાયેટ જૂનાગઢ**

**સંશોધનવર્ષ-2020-21**

**શીર્ષક-** મેંદરડા તાલુકાના ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલ અંતર્ગત યોજાયેલ વેબિનારમાં ભાગ લેનાર  શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ

## 1.0 પ્રાસ્તાવિક

સમસ્યા ઉકેલ કે હેતુ સિદ્ધિ માટેની એક એવી શૈક્ષણિક પદ્ધતિ છે કે જેમાં વર્ગખંડ શિક્ષણ, શીખવા-શીખવવા માટે વિકસાવેલ સહાયક સાધન સામગ્રી કે જે બાળકોના અભ્યાસને પ્રભાવિત કરતી હોય, તેમજ નિર્ધારિત લક્ષ્યો પ્રાપ્ત કરવામાં મદદરુપ થતાં હોય તેના માટે અપનાવેલ નવીન કાર્યની નીપજરુપે મળેલ પરિણામોને ઇનોવેશન સ્વરુપે સ્વીકારવામાં આવેલ છે. આવા પ્રકારનું કાર્ય કરનાર શિક્ષકોને પ્રોત્સાહિત કરવાના હેતુથી ઇનોવેશન ફેસ્ટિવલનું તાલુકા કક્ષાએ આયોજન કરવામાં આવે છે.

ઇનોવેશન ફેસ્ટિવલ એટલે.... જેમાં શિક્ષકો શિક્ષણમાં નાવીન્યપૂર્ણ અભિગમ અપનાવીને અભ્યાસક્રમ શીખવતાં હોય છે તે પ્રયોગોનું સાધન-સામગ્રી સાથે નિદર્શન. મેંદરડા તાલુકાની ભૌગોલિક-સામાજિક-પર્યાવરણ કે પ્રાદેશિક વાતાવરણને અનુસાર શિક્ષકો જે નવતર પ્રયોગો કરીને ગુણવત્તા સુધારણા કાર્યક્રમમાં અને બાળકના સર્વાંગિક વિકાસમાં પ્રાણ પૂરવાની પ્રવૃત્તિઓ કરેલ છે તે કામગીરીનું નિદર્શન અને પ્રદર્શન ઇનોવેશનફેસ્ટિવલમાં થાય છે આવા જ ઇનોવેશનફેસ્ટિવલ પ્રત્યેનાઇનોવેટિવ ટીચર તથા ઇનોવેશન ફેસ્ટિવલ નિહાળનારના કેવા અભિપ્રાયો છે તે જાણવા પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવેલ હતું.

## 1.1 અભ્યાસનું શીર્ષક અને સમસ્યાકથન

પ્રસ્તુત અભ્યાસનું શીર્ષક આ પ્રમાણે શબ્દબદ્ધ કરવામાં આવ્યું હતું.

"મેંદરડા તાલુકાના ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલ અંતર્ગત યોજાયેલ વેબિનારમાં ભાગ લેનાર શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ"

પ્રસ્તુત અભ્યાસનો હેતુ મેંદરડા તાલુકાનાઓનલાઇન વેબિનારમાં ભાગ લેનાર શિક્ષકોનો ઇનોવેશન ફેસ્ટિવલપ્રત્યેના અભિપ્રાયોનો અભ્યાસ કરવાનો હતો. તેના સંદર્ભે અભિપ્રાયાવલિ તૈયાર

કરવામાં આવી હતી. ઓનલાઇન વેબિનારમાં ભાગ લેનાર  શિક્ષકોના તથા નિહાળનાર અભિપ્રાયો લેવામાં આવ્યા હતા.

## 1.2 અભ્યાસના હેતુઓ

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ આ પ્રમાણેના હતા.

1. મેંદરડાતાલુકાના ઓનલાઇન વેબિનારમાં ભાગ લેનારટીચરનો તથા  નિહાળનાર શિક્ષકોના ઓનલાઇનઇનોવેશન ફેસ્ટિવલ પ્રત્યેના  અભિપ્રાયો જાણવા માટે અભિપ્રાયાવલિની રચના કરવી.
2. મેંદરડાતાલુકાના ઓનલાઇન વેબિનારમાં ભાગ લેનાર ટીચરનો તથા નિહાળનાર શિક્ષકોના ઓનલાઇનઇનોવેશન ફેસ્ટિવલપ્રત્યેના  અભિપ્રાયો જાણવા.

## 1.3 અભ્યાસના પ્રશ્નો

**પ્રસ્તુત અભ્યાસના પ્રશ્નો આ મુજબ હતા.**

1. ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલપ્રત્યેના ઓનલાઇન વેબિનારમાં ભાગ લેનાર ટીચરના અભિપ્રાયો શું હશે ?
2. ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલ પ્રત્યેના ટેકનોલોજીના ઉપયોગ સંદર્ભે ઓનલાઇન વેબિનારમાં ભાગ લેનાર ટીચરના અભિપ્રાયો શું હશે ?

## 1.4 અભ્યાસનું મહત્વ

1. પ્રસ્તુત સંશોધન દ્વારા ઓનલાઇનઇનોવેશન ફેસ્ટિવલપ્રત્યેના મળેલ અભિપ્રાયો આગામી ઇનોવેશન ફેસ્ટિવલને અસરકારક બનાવવા મદદરુપ થશે.

## 1.5 અભ્યાસની મર્યાદા

પ્રસ્તુત અભ્યાસની મર્યાદા નીચે પ્રમાણેની હતી.

1.પ્રસ્તુત અભ્યાસ મેંદરડા તાલુકાનાઓનલાઇન વેબિનારમાં ભાગ લેનારશિક્ષકોએ આપેલા અભિપ્રાયો પર આધારિત હતો.

## 1.6 સંશોધનનું વ્યાપવિશ્વ

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે મેંદરડા તાલુકાના ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલમાં ભાગ લેનારઅને નિહાળનાર શિક્ષકોનો સમાવેશ થાય છે.

## 1.7 નમૂના પસંદગી :

આ સંશોધનમાં સંશોધકે સહેતુક નમૂના પ્રયુકિતથી નમૂનો (નિદર્શ) પસંદ કરેલ છે. આ સંશોધન માટે ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલ અંતર્ગત યોજેલ વેબિનારમાં જોડાયેલ 227 શિક્ષકને નમૂના તરીકે પસંદ કરેલ હતા.

## 1.8 સંશોધનનાં ક્ષેત્રો :

પ્રસ્તુત અભ્યાસમાં સ્પષ્ટપણે કહી શકાય કે પ્રસ્તુત અભ્યાસ શૈક્ષણિક આયોજન અને નીતિવિષયક સંશોધન ક્ષેત્ર સાથે ખૂબ જ સંબંધિત હતું.

## 1.9 સંશોધનનો પ્રકાર

પ્રસ્તુત અભ્યાસમાં મેંદરડા તાલુકાની તમામ શાળાઓના 227 ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલમાં ભાગ લેનાર તથા નિહાળનાર શિક્ષકો પાસેથી અભિપ્રાયાવલિ ભરાવવામાં આવેલ હતી.આમ આ સંશોધન સંખ્યાત્મક અને ગુણાત્મક પ્રકારે હાથ ધરાયું હતું.

## 1.10 સંશોધન પદ્ધતિ :

પ્રસ્તુત સંશોધનએ સર્વેક્ષણ પદ્ધતિ પર આધારિત છે.

## 1.11 ઉપકરણ વિગત :

પ્રસ્તુત સંશોધનમાં ઉ5કરણ તરીકે પ્રયોજક દ્વારા તૈયાર કરેલ અભિપ્રાયાવલિનો ઉપયોગ કરવામાં આવેલ હતો. આ સંશોધનની ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલ અંતર્ગત મળેલ માહિતીનો ઉપયોગ કરવામાં આવેલ હતો. પ્રયોજક દ્વારા તૈયાર કરેલ અભિપ્રાયાવલિમાં કુલ 20 વિધાનો હતા.

## 1.12 માહિતીનું એકત્રીકરણ:

સંશોધકે ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલ અંતર્ગત ભાગ લેનાર તથા નિહાળનાર શિક્ષકો પાસેથી અભિપ્રાયાવલિ ગુગલફોર્મ દ્વારા ઓન લાઈન માહિતી મેળવી હતી અને આ માહિતીનું પૃથકકરણ આંકડાશાસ્ત્રીય રીતે કરવામાં આવેલ છે.

### 1.13 માહિતી પૃથક્કરણ રીત :

એકત્ર થયેલ માહિતીને યોગ્ય અંકશાસ્ત્રીય પદ્ધતિ થકી મૂલવણી એ સંશોધનના કાર્યનું મહત્ત્વનું સોપાન ગણી શકાય. સંશોધક માટે ઉપકરણની પસંદગી કરવાની સાથે જ તેના થકી પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ કેવી રીતે થઇ શકશે અને તારણો મેળવવા શું કરવું પડશે તે અંગેનો ખ્યાલ રાખવાનો થતો હોય છે. અહીં શિક્ષકોના અભિપ્રાયો ત્રિબિંદુ સહમત, અસહમત, અને તટસ્થમાં મેળવવામાં આવ્યા હતા અને આ અભિપ્રાયોના દરેક વિધાનના સંદર્ભે ટકાવારી શોધવામાં આવી હતી.

### 1.14 તારણોઃ

આ સંશોધનમાં ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલઅંતર્ગત યોજાયેલ વર્કશોપમાં ભાગ લેનાર શિક્ષકોના અભિપ્રાયો સંમત, તટસ્થ અને અસંમતમાં મેળવવામાં આવ્યા હતા અને આ અભિપ્રાયોના દરેક વિધાનના સંદર્ભે ટકાવારી શોધવામાં આવી હતી. તેને આધારે નીચેના તારણો પ્રાપ્ત થયા હતા.

- ઇનોવેશન સંદર્ભે તાલીમથી નવા વિષયોથી માહિતગાર થાય છે.
- ઇનોવેશન ફેસ્ટિવલ દર વર્ષ હોવો જોઇએ.
- ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલના કારણે તાલુકાકક્ષાએ ઇનોવેટીવ શિક્ષક કરેલ નવતર પ્રયોગથી મોટાભાગના શિક્ષકો માહિતગાર થયા.
- ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલના કારણે શિક્ષકોમાં ટેકનોલોજીના ઉપયોગની ક્ષમતાનો વિકાસ થાય છે.
- ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલના કારણે ઇનોવેટીવ ટીચર અને નિહાળનાર ટીચર વચ્ચે વિચારોની આપ-લે સહજ થાય છે.
- બધાજ વિષયોમાં ઓનલાઇન ઇનોવેશન રજૂ કરવું શક્ય નથી.
- ઇનોવેટીવ શિક્ષક વાસ્તવિક રીતે પોતાના વર્ગખંડમાં જીવંત સંપર્ક જાળવી શકે છે.
- ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલમાં ઇનોવટીવ શિક્ષકને પોતાની કૃતિ રજૂ કરવામાં મુશ્કેલીનો સામનો કરવો પડે છે.
- તાલુકા કક્ષાએ યોજાયેલ ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલનો લાભ તમામ શાળાને મળે છે.

- ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલમાંભાગ લેનાર શિક્ષકો પાસે ટેકનોલોજીનું જ્ઞાન હોવું જરૂરી છે.
- ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલમાં આપેલ તમામ ક્ષેત્રોમાં ઇનોવેશન એન્ટ્રી થવી જોઇએ.

## 1.15 ફલિતાર્થો

1. ઓફલાઈન ઈનોવેશન ફેસ્ટિવલ પણ ઓનલાઈન ઈનોવેશન ફેસ્ટિવલ જેટલોજ અસરકારક રહેલ છે.

## 1.16 ભાવિ સંશોધન અંગેની ભલામણો

પ્રયોજકે આ અભ્યાસના સંદર્ભમા ભાવિ સંશોધન અંગેની ભલામણો રજૂ કરી છે. જેમકે...

- રાજયના અન્ય જિલ્લાના ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલ સંદર્ભે આવું સંશોધન કરી શકાય.
- પ્રસ્તુત સંશોધનમાં ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલ અન્વયે મેંદરડા તાલુકાના શિક્ષકોનો અભિપ્રાય લેવામાં આવ્યો છે. આ રીતે અન્ય તાલુકા કે જિલ્લાના શિક્ષકોના અભિપ્રાયો મેળવી સંશોધન થઇ શકે.
- પ્રસ્તુત સંશોધનમાં ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટિવલ અંગે શિક્ષકોના અભિપ્રાય લેવામાં આવ્યા છે. આ રીતે વાલીઓ કે વિદ્યાર્થીઓના અભિપ્રાયો મેળવી શકાય.

**સંશોધકનું નામ- કે. એચ.ભટ્ટ, લેક્ચરર ડાયેટ જૂનાગઢ**

સંશોધનવર્ષ-2020-21

શીર્ષક- **માણાવદર તાલુકાના ઓનલાઇનઇનોવેશન ફેસ્ટીવલઅંતર્ગત યોજાયેલ વેબિનારમાં ભાગ લેનાર શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ"**

**1.0 પ્રાસ્તાવિક**

ઇનોવેશન ફેસ્ટીવલ એટલે.... જેમાં શિક્ષકો શિક્ષણમાં નાવીન્યપૂર્ણ અભિગમ અપનાવીને અભ્યાસક્રમ શીખવતાં હોય છે તે પ્રયોગોનું સાધન-સામગ્રી સાથે નિદર્શન. માણાવદર તાલુકાની ભૌગોલિક-સામાજિક-પર્યાવરણ કે પ્રાદેશિક વાતાવરણને અનુસાર શિક્ષકો જે નવતર પ્રયોગો કરીને ગુણવત્તા સુધારણા કાર્યક્રમમાં અને બાળકના સર્વાંગિક વિકાસમાં પ્રાણ પૂરવાની પ્રવૃત્તિઓ કરેલ છે તે કામગીરીનું નિદર્શન અને પ્રદર્શન ઇનોવેશન ફેસ્ટીવલમાં થાય છે આવા જ ઇનોવેશન ફેસ્ટીવલ પ્રત્યેના અભિપ્રાયો ઇનોવેટીવ ટીચરના કેવા છે તે જાણવા પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવેલ હતું.

**1.1** સમસ્યાકથન અને **અભ્યાસનું શીર્ષક**

**પ્રસ્તુત અભ્યાસનું શીર્ષક આ પ્રમાણે શબ્દબદ્ધ કરવામાં આવ્યું હતું.**

**"માણાવદર તાલુકાના ઓનલાઇનઇનોવેશન ફેસ્ટીવલઅંતર્ગત યોજાયેલ વેબિનારમાં ભાગ લેનાર શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ"**

પ્રસ્તુત અભ્યાસનો હેતુ માણાવદર તાલુકાના ઓનલાઇન વેબિનારમાં ભાગ લેનાર શિક્ષકોનો ઇનોવેશન ફેસ્ટીવલ પ્રત્યેના અભિપ્રાયોનો અભ્યાસ કરવાનો હતો. તેના સંદર્ભે અભિપ્રાયાવલી તૈયાર કરવામાં આવી હતી. ઓનલાઇન વેબિનારમાં ભાગ લેનારશિક્ષકોના અભિપ્રાયો લેવામાં આવ્યા હતા.

**1.2 અભ્યાસના હેતુઓ**

1. માણાવદર તાલુકાના ઓનલાઇન વેબિનારમાં ભાગ લેનાર ટીચરનો ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટીવલ પ્રત્યેના અભિપ્રાયો જાણવા માટે અભિપ્રાયાવલીની રચના કરવી.

2. માણાવદર તાલુકાના ઓનલાઇન વેબિનારમાં ભાગ લેનાર ટીચરનો ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટીવલ પ્રત્યેના અભિપ્રાયો જાણવા.

## 1.3 અભ્યાસના પ્રશ્નો

**પ્રસ્તુત અભ્યાસના પ્રશ્નો આ મુજબ હતા.**

1. ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટીવલ પ્રત્યેના ઓનલાઇન વેબિનારમાં ભાગ લેનારશિક્ષકોના અભિપ્રાયો શું હશે ?
2. ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટીવલ પ્રત્યેના ટેકનોલોજીના ઉપયોગ સંદર્ભે ઓનલાઇન વેબિનારમાં ભાગ લેનારશિક્ષકના અભિપ્રાયો શું હશે ?

## 1.4 અભ્યાસનું મહત્વ

દરેક કાર્યને પોતાનું આગવું મહત્વ હોય છે. આ સંશોધન પણ એક શૈક્ષણિક કાર્ય છે. આથી આ સંશોધન કાર્ય દરમિયાન સંશોધક જે જે કાર્ય કરે છે તથા જે પરિણામ મળે છે. તે પરિણામોને ધ્યાનમાં રાખીને ભવિષ્યમાં આ અભ્યાસ કોને કોને અને કેવી રીતે મદદરૂપ બની શકે તે બાબત તેનું મહત્ત્વ સૂચવે છે.

1. પ્રસ્તુત સંશોધન દ્વારા ઓનલાઇનઇનોવેશન ફેસ્ટીવલ પ્રત્યેના મળેલ અભિપ્રાયો આગામી ઇનોવેશન ફેસ્ટીવલને અસરકારક બનાવવા મદદરૂપ થશે.

## 1.5 અભ્યાસની મર્યાદા

1.પ્રસ્તુત અભ્યાસ માણાવદર તાલુકાના ઓનલાઇન વેબિનારમાં ભાગ લેનાર શિક્ષકોએ આપેલા અભિપ્રાયો પર આધારીત હતો.

## 1.6 સંશોધનનું વ્યાપવિશ્વ

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે માણાવદર તાલુકાના તમામ ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટીવલમાં ભાગ લેનાર શિક્ષકોનો સમાવેશ થાય છે.

## 1.7 નમૂના પસંદગી :

આ સંશોધનમાં સંશોધકે સહેતુક નમૂના પ્રયુકિતથી નમૂનો (નિદર્શ) પસંદ કરેલ છે. આ સંશોધન માટે ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટીવલઅંતર્ગત યોજેલ વેબિનારમાં જોડાયેલ 250 શિક્ષકને નમૂના તરીકે પસંદ કરેલ હતા.

**1.8 સંશોધનનાં ક્ષેત્રો :**

પ્રસ્તુત અભ્યાસમાં સ્પષ્ટપણે કહી શકાય કે પ્રસ્તુત અભ્યાસ શૈક્ષણિક આયોજન અને નીતિવિષયક સંશોધન ક્ષેત્ર સાથે ખૂબ જ સંબંધિત હતું.

**1.9 સંશોધનનો પ્રકાર**

પ્રસ્તુત અભ્યાસમાં માણાવદર તાલુકાની 293શાળાઓના ૩૩૩ ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટીવલમાં ભાગ લેનાર શિક્ષકો પાસેથી અભિપ્રાયાવલી ગુગલ ફોર્મ દ્વારા ભરાવવામાં આવેલ હતી.આમ આ સંશોધન સંખ્યાત્મક અને ગુણાત્મક પ્રકારે હાથ ધરાયું હતું.

**1.10 સંશોધન પદ્ધતિ :**

પ્રસ્તુત સંશોધનએ સર્વેક્ષણ પદ્ધતિ પર આધારિત છે.

**1.11 ઉપકરણ વિગત :**

પ્રસ્તુત સંશોધનમાં ઉ5કરણ તરીકે પ્રયોજક દ્વારા તૈયાર કરેલ અભિપ્રાયાવલીનો ઉપયોગ કરવામાં આવેલ હતો. જે પરિશિષ્ટમાં આપેલ છે.આ સંશોધકની ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટીવલ અંતર્ગત મળેલ માહિતીનો ઉપયોગ કરવામાં આવેલ હતો.

**1.12 માહિતીનું એકત્રીકરણ:**

સંશોધકે ઓનલાઇનઇનોવેશન ફેસ્ટીવલ અંતર્ગત ભાગ લેનાર શિક્ષકો પાસેથી ગુગલ ફોર્મ દ્વારામાહિતી મેળવી હતી અને આ માહિતીનો ઉપયોગ કરવામાં આવેલ હતો.

**1.13 માહિતી પૃથક્કરણ રીત :**

એકત્ર થયેલ માહિતીને યોગ્ય અંકશાસ્ત્રીય પદ્ધતિ થકી મૂલવણી એ સંશોધનના કાર્યનું મહત્ત્વનું સોપાન ગણી શકાય. સંશોધક માટે ઉપકરણની પસંદગી કરવાની સાથે જ તેના થકી પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ કેવી રીતે થઇ શકશે અને તારણો મેળવવા શું કરવું પડશે તે અંગેનો ખ્યાલ રાખવાનો થતો હોય છે. અહીં શિક્ષકોના અભિપ્રાયો સહમત,તટસ્થ, અસહમતમાં મેળવવામાં આવ્યા હતા અને આ અભિપ્રાયોના દરેક વિધાનના સંદર્ભે ટકાવારી શોધવામાં આવી હતી.

**1.14 તારણોઃ**

1. ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટીવલથી શિક્ષકો નવા વિષયોથી માહિતગાર થાય છે.
2. દર વર્ષે તાલુકા કક્ષાએ ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટીવલ થવો જોઇએ.

3. ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટીવલના કારણે તાલુકા કક્ષાએ ઇનોવેટીવ શિક્ષક કરેલ નવતર પ્રયોગથી  શિક્ષકો માહિતગાર થાય છે.
4. ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટીવલના કારણે શિક્ષકોમાં ટેકનોલોજીના ઉપયોગની ક્ષમતાનો વિકાસ થાય છે.
5. ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટીવલના કારણે શિક્ષકોની શૈક્ષણિક ગુણવત્તામાં વધારો થાય છે.
6. ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટીવલના કારણે ઇનોવેટીવ શિક્ષક અને નિહાળનાર શિક્ષક વચ્ચે વિચારોની આપ-લે સહજ થાય છે.
7. બધાજ વિષયોમાં ઓનલાઇન ઇનોવેશન રજૂ કરવું શક્ય નથી.
8. ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટીવલમાં રજૂ કરનાર ઇનોવેટીવ શિક્ષક વાસ્તવિક રીતે પોતાના વર્ગખંડમાં જીવંત સંપર્ક જાળવી શકે છે.
9. ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટીવલમાં ઇનોવટીવ શિક્ષકને પોતાની કૃતિ રજૂ કરવામાં મુશ્કેલીનો સામનો કરવો પડે છે.
10. તાલુકા કક્ષાએ યોજાયેલ ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટીવલનો લાભ તમામ શાળાને મળે છે.
11. ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટીવલમાં ભાગ લેનાર શિક્ષકો પાસે ટેકનોલોજીનું જ્ઞાન હોવું જરૂરી છે.
12. ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટીવલમાં આપેલ તમામ ક્ષેત્રોમાં ઇનોવેશન એન્ટ્રી થવી જોઇએ.
13. ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટીવલમાં ભાગ લેનાર ઇનોવેટીવ શિક્ષકને તાલીમની જરૂર છે.

## 1.14 ફલિતાર્થો

1. ઓફલાઈન ઈનોવેશન ફેસ્ટિવલ પણ ઓનલાઈન ઈનોવેશન ફેસ્ટિવલ જેટલો જ અસરકારક રહેલ છે.

2. તાલુકાકક્ષાના ઇનોવેશન ફેસ્ટીવલનો આ પ્રથમ દસ્તાવેજ તૈયાર થયો.

## 1.15 ભાવિ સંશોધન અંગેની ભલામણોઃ-

- અન્ય રાજયનાજિલ્લાઓને ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટીવલ સંદર્ભે માર્ગદર્શન મળી શકે.
- પ્રસ્તુત સંશોધન તારણોનો ઉપયોગ કરી આગામી ઓનલાઇન ઇનોવેશન ફેસ્ટીવલના આયોજનને અસરકારક બનાવી શકાય.

**સંશોધકનું નામ : 1.** ગીતા સેંજલીયા, **લેકચરર, ડાયેટ-જૂનાગઢ**

**સંશોધનનું શીર્ષક : ભેસાણ તાલુકામાં લોકડાઉન દરમિયાન શિક્ષકો દ્વારા થયેલ વિશેષ કામગીરીનો વ્યક્તિ અભ્યાસ** **વર્ષ : 2020 -2021**

## 1.0 પ્રાસ્તાવિક

પ્રાથમિક શિક્ષણ ગુણવતા અભિવૃદ્ધિ માટે રાજ્ય કક્ષાએ જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગર તથા જિલ્લા કક્ષાએ ડાયેટ કાર્યરત છે. ગત માર્ચ 2019માં COVID-19ની પરિસ્થિતિના સંદર્ભમાં જી.સી.ઇ.આર.ટી. દ્વારા "પરિવારનો માળો" એ શીર્ષકના માધ્યમે રાજ્યભરના બાળકો જ્યારે શાળા બંધ હતી, ત્યારે ઘરે બેસીને શિક્ષણ મેળવતા હતા. "પરિવારનો માળો" હેઠળ રોજે રોજ બાળકો બાળગીત, અભિનયગીત, બાળવાર્તાઓ, જુદી જુદી પ્રવૃત્તિઓ તેમજ રમત-ગમત સહિતની પ્રવૃત્તિઓમાં ઓન લાઇન જોડાયા.

આ પ્રવૃત્તિની સફળતા બાદ "ઘરે શીખીએ" શીર્ષક હેઠળ જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગર દ્વારા પ્રજ્ઞા ધોરણ 1 અને 2 તેમજ ધોરણ 6 થી 8ના પ્રથમ બે એકમનું પ્લાનીંગ તમામ શાળાઓને મોકલી આપવામાં આવેલ. જી.સી.ઇ.આર.ટી. અને DIKSHA પોર્ટલ પર પણ ONLINE શિક્ષણની જાગૃતતા માટે અનેક પ્રયાસો કરવામાં આવેલ છે. તે ઉપરાંત દરેક જિલ્લામાં હોમ લર્નિંગ સંદર્ભે પ્રયાસો પણ કરવામાં આવેલ.

અહીં સંશોધનાત્મક દ્રષ્ટિથી આ સમયગાળા દરમિયાન થયેલ પ્રયત્નો સંદર્ભે ભેસાણ તાલુકામાં થયેલ વિશિષ્ટ બાબતોની અહીં પ્રસ્તુતિ કરવામાં આવી છે. જે દ્વારા આ શાળાઓએ અન્ય શાળાઓને પણ પ્રેરણા આપી છે. આ સમયગાળા દરમિયાન શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓ માટે વિષયવસ્તુ આધારિત કે શિક્ષણને આનુષંગિક બાબતોને કેન્દ્રમાં રાખીને કરવામાં આવેલ કાર્યને પાયા તરીકે પસંદ કરવામાં આવ્યું. આ કાર્યમાં મળેલ પરિણામની જિલ્લા કક્ષાએ નોંધ લેવાયેલ. જેમાં શિક્ષકો દ્વારા શાળા કક્ષાએ કરવામાં આવેલ પ્રયત્નોને એક દિશા મળે છે. તેમજ, કરેલ કાર્યના સંદર્ભમાં મળેલ પરિણામોને અન્ય શાળાના પરિપેક્ષ્યમાં ઉપયોગી બને અને પ્રયોગ કરનાર શિક્ષકને જિલ્લા કક્ષાએ એક પ્લેટફોર્મ મળે તે જરૂરી છે. આ બાબતને કેન્દ્રમાં રાખીને જી.સી.ઈ.આર.ટી.– ગાંધીનગર દ્વારા રાજ્યના વિવિધ જિલ્લાઓમાં લોકડાઉન દરમિયાન નાવિન્યસભર કાર્ય કરનાર શિક્ષકોનો વ્યક્તિ અભ્યાસ કરવાના આશયથી પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવામાં આવેલ હતો.

## 1.1 સમસ્યા કથન

**" ભેસાણ તાલુકામાં લોકડાઉન દરમિયાન શિક્ષકો દ્વારા થયેલ વિશેષ કામગીરીનો વ્યક્તિ અભ્યાસ"**

પ્રસ્તુત અભ્યાસનો હેતુ ભેસાણ તાલુકામાં લોકડાઉન દરમિયાન શિક્ષકો દ્વારા થયેલ વિશેષ કાર્યનું દસ્તાવેજીકરણ  કરવાનો હતો. SSA દ્વારા દરેક તાલુકામાં શિક્ષકોની વિશેષ કામગીરીનો અહેવાલ તૈયાર  કરવાની કામગીરી TPEO  અને BRC –CO. ને સોંપવામાં આવેલ. જે કામગીરી અહેવાલનો ઉપયોગ પ્રસ્તુત સંશોધનમાં કરેલ છે.

## 1.2 અભ્યાસના હેતુઓ

**પ્રસ્તુત અભ્યાસના હેતુઓ આ પ્રમાણે હતા.**

1. ભેસાણ તાલુકામાં લોકડાઉન સમય દરમિયાન વિશેષ શૈક્ષણિક કામગીરી કરનાર શિક્ષકોની માહિતી મેળવવી.
2. વિશેષ શૈક્ષણિક કામગીરી કરનાર શિક્ષકોની કરેલી કામગીરી અહેવાલના આધારે તેમની કામગીરીનું અર્થઘટન કરવું.
3. વિશેષ શૈક્ષણિક કામગીરી કરનાર  શિક્ષકોની માહિતીને આધારે તારણો તારવવા.

## 1.3 અભ્યાસનું મહત્વ

- પસંદ થયેલ શિક્ષકોના વ્યક્તિ અભ્યાસ દ્વારા વિષયવસ્તુ તેમજ PEDAGOGYના સંદર્ભમાં કાર્ય યોજના તૈયાર કરી શકશે.
- શિક્ષકો દ્વારા કરવામાં આવેલ પ્રયોગનું અમલીકરણ અન્ય શાળાના શિક્ષકો કરી શકે તે માટેની માહિતી ઉપલબ્ધ બનશે.
- શિક્ષકો દ્વારા કરવામાં આવેલ પ્રયોગમાં ઉપયોગમાં લેવાયેલ સાહિત્ય તેમજ તેની કાર્ય પદ્ધતિની નોંધ જિલ્લા તેમજ રાજ્ય કક્ષા સુધી લઈ જઈ શકાય.
- પ્રસ્તુત સંશોધન દ્વારા પસંદ થયેલ કૃતિનું દસ્તાવેજીકરણ થશે જેનો ઉપયોગ અન્ય શિક્ષકોને માર્ગદર્શનરૂપ બનશે.

## 1.4 અભ્યાસની મર્યાદા

પ્રસ્તુત અભ્યાસની મર્યાદા નીચે પ્રમાણે હતી.

- પ્રસ્તુત સંશોધનમાં માત્ર વિશેષ કામગીરી કરેલ શિક્ષકોને જ વ્યક્તિ અભ્યાસ તરીકે પસંદ કરવામાં આવેલ છે.
- માહિતી એકત્રીકરણ માટે CRC, BRC અને કે.નિ., TPEO દ્વારા પસંદ થયેલ શિક્ષકોને જ વ્યક્તિ વિશેષના દસ્તાવેજીકરણમાં પસંદ કરેલ છે.

- પ્રસ્તુત અભ્યાસમાં શૈક્ષણિક વર્ષ 2020-21માં કરેલ કામગીરીને જ ધ્યાનમાં લેવામાં આવેલ છે.

**1.5 સંશોધનનું વ્યાપવિશ્વ અને નમુના પસંદગી**

વ્યાપવિશ્વ એટલે સમષ્ટિ એ એવી વિગતો, પાત્રો કે શકય અવલોકનોની સંખ્યા છે કે, જેમાંથી નમૂનો પસંદ થાય છે. પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે ભેસાણ તાલુકાની 42 શાળાના 249 શિક્ષકોનો એટલે કે તાલુકાના તમામ શિક્ષકોનો સમાવેશ થાય છે.

**1.6 નમૂના પસંદગી :**

આ સંશોધનમાં સંશોધકે સહેતુક નમૂના પ્રયુકિતથી નમૂનો (નિદર્શ) પસંદ કરેલ છે. આ સંશોધન માટે વર્ષ 2020-21 દરમિયાન તાલુકા કક્ષાએ લોકડાઉન દરમિયાન વિશેષ કામગીરી કરનાર 5 શિક્ષકોને નમૂના તરીકે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, બીઆરસી કો-ઓર્ડિનેટર અને સીઆરસી કો-ઓર્ડિનેટર દ્વારા પસંદ કરેલ હતા.

**1.7 ઉપકરણ વિગત :**

ઉચાટ (2009)[4] ના મતે ઉપકરણ એટલે, ''સંશોધન પ્રક્રિયા દરમિયાન અભ્યાસના હેતુઓ અનુસાર આવશ્યક માહિતી મેળવવા માટેના સાધનને ઉપકરણ કહેવાય.''

પ્રસ્તુત સંશોધનમાં વ્યક્તિ અભ્યાસ માટે પસંદ કરવામાં આવેલ ભેસાણ તાલુકાના વિશેષ કામગીરી કરનાર શિક્ષકો દ્વારા કરવામાં આવેલ પ્રયોગને ધ્યાનમાં રાખીને મુખ્ય બાબતો આધારિત માહિતીનું વર્ણન કરવામાં આવેલ. જેમાં વિશિષ્ટ કામગીરી કરનાર શિક્ષકોના નામ, શાળા, ધોરણ, વિષય, સમયગાળો, પદ્ધતિ-પ્રયુક્તિ, ઉપયોગિતા અને પરિણામ જેવા મુદ્દા આધારિત માહિતીનું એકત્રીકરણ કરવામાં આવેલ હતું.

**1.8 પ્રાપ્ત માહિતી :**

પ્રસ્તુત અભ્યાસમાં તાલુકા કક્ષાએથી 72 શિક્ષકો પાસેથી પ્રશ્નાવલી ભરાવવામાં આવી હતી. આ 72 શિક્ષકોની માહિતીને જ નમુના તરીકે કરવામાં આવ્યા છે.

**1.9 માહિતી પૃથક્કરણ રીત :**

એકત્ર થયેલ માહિતીને યોગ્ય અંકશાસ્ત્રીય પદ્ધતિ થકી મૂલવણી એ સંશોધનના કાર્યનું મહત્વનું સોપાન ગણી શકાય. સંશોધક માટે પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ કેવી રીતે થઇ શકશે અને તારણો મેળવવા શું કરવું પડશે તે અંગેનો ખ્યાલ રાખવાનો થતો હોય છે. અહીં શિક્ષકોએ કરેલા કાર્યનું ગુણાત્મક પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

## 1.10 તારણો

આ સંશોધનમાં ભેસાણ તાલુકામાં લોકડાઉન દરમિયાન વિશેષ કામગીરી કરનાર શિક્ષકોની માહિતી મેળવવામાં આવી હતી. અને આ માહિતીનું ગુણાત્મક પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. તેને આધારે નીચેના તારણો પ્રાપ્ત થયા હતા.

- દિપ્તીબેન દ્વારા ઘરે રહીને પણ વિદ્યાર્થીઓ અભ્યાસ અને સહ અભ્યાસ પ્રવૃતિઓમાં પ્રવૃત રહે તેવા જુદાં જુદાં પ્રયત્નો કરેલા છે. આસપાસમાંથી મળી રહે તેવી વસ્તુમાંથી વિદ્યાર્થીઓને ગણિત અને વિજ્ઞાનના જાતે પ્રયોગો કરતાં કરવા એ વિશિષ્ટ કામગીરી છે.
- ઋજુલબેન દ્વારા વિદ્યાર્થીઓ ઘરે રહીને પોતાના મિત્રો પાસેથી શીખે તેવી વિશિષ્ટ યોજનાથી કાર્ય કરેલ છે. એમની સાથે વિવિધ app અને you tube channel દ્વારા ગણિત વિજ્ઞાનના પ્રયોગો કરેલા છે.
- કિશોરભાઈ દ્વારા પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બન્ને રીતે હોમ લર્નિંગનું કાર્ય કરેલ છે. આ સાથે કપરી પરિસ્થિતિમાં પણ NMMS ની તૈયારી અને ONLINE TEST ની કામગીરી વિશિષ્ટ રીતે કરેલ છે.
- મીરાબેન દ્વારા ગણિત અને વિજ્ઞાનમાં પ્રયોગો દ્વારા શિક્ષણ અને રસ રુચીને અનુરૂપ પ્રોજેક્ટ કાર્ય સોંપણી વિશિષ્ટ રીતે કરેલ છે.
- મધુસુદનભાઈ દ્વારા ભાષામાં કઠિન મુદ્દાઓનું શિક્ષણ આપેલ છે. આ સમયે હરતી-ફરતી શાળા એ એમની વિશિષ્ટ કામગીરી છે.
- ભેસાણ તાલુકામાં ત્રણ પ્રાથમિક શાળાના અને બે માધ્યમિક શાળાના શિક્ષકોની કામગીરી વિશેષ જોવા મળી હતી.
- પ્રાથમિક શાળામાં ધો. 6 થી 8 ના કાર્યક્ષેત્રમાં વિશેષ કામ થયેલું છે. માધ્યમિક શાળામાં ધો. 9 થી 10 માં કાર્ય થયેલ છે.
- વિશેષ કામગીરી ગણિત અને વિજ્ઞાન વિષયમાં થયેલ છે. જેમાં ત્રણ શિક્ષકોની ગણિત અને વિજ્ઞાનમાં અને બે શિક્ષકોની ભાષામાં વિશેષ કામગીરી થયેલ છે.
- શિક્ષકોની વિશેષ કામગીરી online મોડમાં વધુ થયેલ છે.
- મોટાભાગના શિક્ષકોના કાર્યની ઉપયોગીતા અને વિસ્તૃતીકરણ શાળા પુરતું માર્યાદિત છે.

- શાળા વિજ્ઞાનમેળો, યોગદિનની ઉજવણી, ફળિયા મિત્ર દ્વારા શિક્ષણ કાર્ય, વિવિધ એપ દ્વારા શિક્ષણકાર્ય, NMMS ની તૈયારી, સંસ્કૃત સપ્તાહની ઉજવણી, પ્રોજેક્ટ દ્વારા શિક્ષણ, હરતી-ફરતી શાળા જેવા વિશિષ્ટ પ્રયોગો દ્વારા બાળકોને કોવિડ કાળમાં શિક્ષણ આપેલ છે.

1.11 **ભાવિ સંશોધન અંગેની ભલામણોઃ-**

પ્રયોજકે આ અભ્યાસના સંદર્ભમાં ભાવિ સંશોધન અંગેની ભલામણો રજૂ કરી છે. જેમકે...

- પ્રસ્તુત સંશોધન ભેસાણ તાલુકા પર છે અન્ય તાલુકા માટે આ સંશોધન કરી શકાય.
- આ પ્રકારે વિશિષ્ટ કામગીરી કરનાર આચાર્ય, CRC CO., BRC CO. પર આ પ્રકારે સંશોધન કરી શકાય.

**1.12 શૈક્ષણિક ફલિતાર્થો :-**

- વિજ્ઞાન અને ગણિત જેવા કઠિન વિષયોમાં પ્રયોગો દ્વારા શિક્ષણ આપવું અસરકારક રહે છે.
- ઉત્તમ કામ કરતા શિક્ષકોની નોંધ લઈ શકાય.
- વિશેષ કામ કરતા શિક્ષકોનો દસ્તાવેજ તૈયાર થયો.
- વિદ્યાર્થીઓની રસ-રૂચિ અને જરૂરીયાતને અનુરૂપ કાર્ય આપી વધુ અસરકારક પરિણામો મેળવી શકાય.
- વિદ્યાર્થીઓ ઓપન સોર્સનો સંદર્ભ તરીકે ઉપયોગ કરી શિક્ષણ કાર્ય મેળવી શકે.

**સંશોધકનું નામ : ગીતા સેંજલીયા, લેકચરર, ડાયેટ-જૂનાગઢ**

**સંશોધનનું શીર્ષક : ભેસાણ અને માણાવદર તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોની શૈક્ષણિક ટેકનોલોજિ પ્રત્યેની જાગરુકતાનો અભ્યાસ વર્ષ : 2020 -2021**

## 1.0 પ્રાસ્તાવિક

આજે શૈક્ષણિક ટેકનોલોજિ ક્ષેત્રે આવતા પરિવર્તનો સાથે કદમ મિલાવવા જરૂરી બની રહ્યા છે. ત્યારે પ્રયોજકે સંશોધન કરવાની તક મળતાં આજના શિક્ષણ ક્ષેત્રે અધ્યાપન કાર્ય કરાવતા શિક્ષકોમાં કમ્પ્યુટર શૈક્ષણિક ટેકનોલોજિ અંગે કેટલે અંશે જાગરુકતા છે, તે જાણવા પ્રાથમિક શાળાના શિક્ષકો પર પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

## 1.1 સમસ્યા કથન

પ્રસ્તુત અભ્યાસની સમસ્યાના શીર્ષકને પ્રયોજકે આ મુજબ શબ્દબદ્ધ કર્યું હતું.

**"ભેસાણ અને માણાવદર તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોની શૈક્ષણિક ટેકનોલોજિ પ્રત્યેની જાગરુકતાનો અભ્યાસ"**

પ્રયોજકે પ્રસ્તુત અભ્યાસના ભાગરૂપે જૂનાગઢ જિલ્લાની ભેસાણ અને માણાવદર તાલુકાની વર્ષ 2020 - 21 ના શિક્ષકોની કમ્પ્યુટર શૈક્ષણિક ટેકનોલોજિ પ્રત્યે જાગરુકતા તપાસી હતી.

## 1.2 અભ્યાસના હેતુઓ

માનવી જે કાંઈપણ કાર્ય કરે છે, તેમાં હેતુ રહેલો હોય છે. હેતુ વગરનું કોઈ પણ કાર્ય હોતું નથી. ઉચાટ (1997)1ના જણાવ્યા અનુસાર, ''અભ્યાસનાં હેતુઓ એ સમગ્ર સંશોધન કાર્યનો કેન્દ્રવર્તી ભાગ છે.''

પ્રસ્તુત સંશોધન માટે પ્રયોજકે આ પ્રમાણે હેતુઓ નક્કી કર્યા હતા. જે હેતુઓને લક્ષમાં રાખીને પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

1. પ્રાથમિક શાળાના શિક્ષકોની કમ્પ્યુટર શૈક્ષણિક ટેકનોલોજિ જાગરુકતાના માપન માટે 'શૈક્ષણિક ટેકનોલોજિ જાગરુકતા માપદંડ' ની સંરચના કરવી.
2. પ્રાથમિક શાળાના શિક્ષકોની શૈક્ષણિક ટેકનોલોજિ પ્રત્યેની જાગરુકતાનો તુલનાત્મક અભ્યાસ કરવો.
3. પ્રાથમિક શાળાના શિક્ષકોની અધ્યાપન કક્ષા અનુસાર તેમની શૈક્ષણિક ટેકનોલોજિ પ્રત્યેની જાગરુકતાનો તુલનાત્મક અભ્યાસ કરવો.

4. પ્રાથમિક શાળાના શિક્ષકોની જાતીયતા અનુસાર તેઓની કમ્પ્યુટર શૈક્ષણિક ટેકનોલોજિ અંગેની જાગરુકતા જાણવી.

5. પ્રાથમિક શાળાના શિક્ષકોની જાતીયતા, શૈક્ષણિક પ્રવાહ અનુસાર તેઓની કમ્પ્યુટર શૈક્ષણિક ટેકનોલોજિ અંગેની જાગરુકતા જાણવી.

## 1.3 ઉત્કલ્પનાઓ

પ્રયોજકે નીચે પ્રમાણેની વિધાન સ્વરુપે ઉત્કલ્પના રચી હતી.

1. પ્રાથમિક શાળાના શિક્ષકોનો કમ્પ્યુટર શૈક્ષણિક ટેક્નોલોજિ પ્રત્યેની જાગરુકતા સંબંધી વિધાનો અંગે ચોકકસ અભિપ્રાય હશે.

- પ્રયોજકે નીચે પ્રમાણે પ્રશ્ન સ્વરુપે ઉત્કલ્પના રચી હતી.

1. ભેસાણ અને માણાવદર તાલુકાના શિક્ષકોની કમ્પ્યુટર શૈક્ષણિક ટેક્નોલોજિ પ્રત્યેની જાગરુકતા કેટલી હશે ?

2. નિમ્ન પ્રાથમિક શાળાના શિક્ષકોની કમ્પ્યુટર શૈક્ષણિક ટેક્નોલોજિ પ્રત્યેની સરેરાશ જાગરુકતા કેટલી હશે ?

3. ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકોની કમ્પ્યુટર શૈક્ષણિક ટેક્નોલોજિ પ્રત્યેની સરેરાશ જાગરુકતા જાગરુકતા કેટલી હશે ?

4. પ્રાથમિક શાળાના પુરુષ શિક્ષકોની કમ્પ્યુટર શૈક્ષણિક ટેક્નોલોજિ પ્રત્યેની સરેરાશ જાગરુકતા કેટલી હશે ?

5. પ્રાથમિક શાળાના સ્ત્રી શિક્ષકોની કમ્પ્યુટર શૈક્ષણિક ટેક્નોલોજિ પ્રત્યેની સરેરાશ જાગરુકતા કેટલી હશે ?

6. પ્રાથમિક શાળાના વિજ્ઞાન પ્રવાહ ધરાવતા શિક્ષકોની કમ્પ્યુટર શૈક્ષણિક ટેક્નોલોજિ પ્રત્યેની સરેરાશ જાગરુકતા કેટલી હશે ?

7. પ્રાથમિક શાળાના વાણિજ્ય અને વિનિયન પ્રવાહ ધરાવતા શિક્ષકોની કમ્પ્યુટર શૈક્ષણિક ટેક્નોલોજિ પ્રત્યેની સરેરાશ જાગરુકતા કેટલી હશે ?

➢ પ્રસ્તુત અભ્યાસના હેતુઓના સંદર્ભમાં પ્રયોજકે નીચે પ્રમાણે શૂન્ય ઉત્કલ્પનાઓ રચી હતી.

1. પ્રાથમિક શાળાના શિક્ષકોની અધ્યાપન કક્ષા (નિમ્ન અને ઉચ્ચ પ્રા.શાળામાં કાર્ય)અનુસાર તેઓની કમ્પ્યુટર શૈક્ષણિક ટેકનોલોજિ પ્રત્યેની જાગરુકતાના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

૨. પ્રાથમિક શાળાના શિક્ષકોની જાતીયતા(પુરુષ અને સ્ત્રી) અનુસાર તેઓની કમ્પ્યુટર શૈક્ષણિક ટેકનોલોજિ પ્રત્યેની જાગરુકતાના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

3. પ્રાથમિક શાળાના શિક્ષકોના શૈક્ષણિક પ્રવાહ (વિજ્ઞાન અને વાણિજ્ય અથવા વિનયન પ્રવાહ) અનુસાર તેઓની કમ્પ્યુટર શૈક્ષણિક ટેકનોલોજિ પ્રત્યેની જાગરુકતાના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

## 1.4 અભ્યાસની મર્યાદા

પ્રસ્તુત અભ્યાસની મર્યાદા આ પ્રમાણે હતી.

1. પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે જાગરુકતા માપદંડ જાતે બનાવ્યું હતું. જેથી સ્વ-રચિત ઉપકરણનો ઉપયોગ કરેલ છે.
2. કમ્પ્યુટર શૈક્ષણિક ટેકનોલોજિ પ્રત્યેની જાગરુકતા જાણવા માટે સ્વરચિત કમ્પ્યુટર શૈક્ષણિક ટેકનોલોજિ જાગરુકતા માપદંડમાં દર્શાવેલ વિધાનો જ ધ્યાનમાં લેવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત કમ્પ્યુટર શૈક્ષણિક ટેકનોલોજિ પ્રત્યે અન્ય શૈક્ષણિક ટેકનોલોજિ જાગરુકતા માપદંડ પણ હોઈ શકે.
3. પ્રસ્તુત અભ્યાસમાં જૂનાગઢ જિલ્લાની ભેસાણ અને માણાવદર તાલુકાની જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાના શિક્ષકો પૂરતો માર્યાદિત કરવામાં આવ્યો હતો.
4. પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક શાળાનાં વર્ષ 2020-21માં અધ્યાપન કાર્યમાં કાર્યરત શિક્ષકોનો જ સમાવેશ કરવામાં આવ્યો હતો.

## 1.5 સંશોધનનું વ્યાપવિશ્વ અને નમુના પસંદગી

પ્રસ્તુત અભ્યાસનાં વ્યાપવિશ્વમાં જૂનાગઢ જિલ્લાની ભેસાણ અને માણાવદર તાલુકાની પ્રાથમિક શાળામાં શૈક્ષણિક વર્ષ 2020-21 દરમિયાન અધ્યાપન કાર્ય કરાવતા શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આમ, કુલ 112 શાળાઓના 618 શિક્ષકો વ્યાપવિશ્વમાં સમાવિષ્ટ હતાં.

આ સંશોધનમાં સંશોધકે વ્યાપવિશ્વના તમામ પાત્રોને નમૂનામાં સમાવેશ કર્યો હતો. કારણ કે માહિતી પ્રાપ્તિ ટેકનોલોજી દ્વારા હતી. અહીં વ્યાપવિશ્વ એ જ નમૂનો છે.

**1.6 ઉપકરણ વિગત :**

પ્રસ્તુત સંશોધનમાં અભ્યાસની જરુરિયાતને ધ્યાનમાં રાખીને સંશોધકે કમ્પ્યુટર શૈક્ષણિક ટેક્નોલોજિ માપદંડની રચના કરી હતી. ઉપકરણ રચનામાં નીચે મુજબના સોપાનોને અનુસરવામાં આવ્યા હતા.

પ્રયોજકે પ્રસ્તુત સંશોધનમાં કમ્પ્યુટર શૈક્ષણિક ટેક્નોલોજિ જાગરૂકતા માપદંડમાં પ્રતિચાર આપનાર શિક્ષકની સામાન્ય માહિતી અને કેટલીક સૂચનાઓ આપવામાં આવી હતી. ત્યારબાદ 25 વિધાનો આપવામાં આવ્યા હતા. જેમાં "હા" કે "ના" વિકલ્પ પસંદ કરવાનો હતો. જેમાં વિધાન નં. 3, 5, 6, 10 11 અને 19 આ છ નકાર વિધાનો મુકવામાં આવેલા હતા.

**1.7 પ્રાપ્ત માહિતી :**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે વ્યાપવિશ્વને જ નમુના તરીકે પસંદ કરેલ. જેમાં ભેસાણ અને માણાવદર તાલુકામાં કુલ 112 શાળાઓમાંથી 65 પ્રાથમિક શાળામાં અધ્યાપન કાર્ય કરાવતાં 618 શિક્ષકોમાંથી 73 શિક્ષકો પાસેથી માહિતી મળી હતી. આ 73 શિક્ષકોની માહિતીનો અભ્યાસના અર્થઘટનમાં ઉપયોગ કરવામાં આવ્યો હતો.

અભ્યાસમાં કુલ પાત્રોની સંખ્યા 73 હતી. નિમ્ન પ્રાથમિક શાળાના કુલ 38 પાત્રો હતા. અને ઉચ્ચ પ્રાથમિક શાળાના કુલ 32 પાત્રો હતા. સ્ત્રી પાત્રોની સંખ્યા 40 હતી અને પુરુષ પાત્રોની સંખ્યા 33 હતી. શૈક્ષણિક પ્રવાહ અનુસાર વિજ્ઞાન પ્રવાહનાં પાત્રોની સંખ્યા 17 હતી, વાણિજ્ય અને વિનિયન પ્રવાહનાં પાત્રોની સંખ્યા 56 હતી. પ્રયોજકે નમૂનામાં કુલ ત્રેવીસ પ્રાથમિક શાળાઓનો સમાવેશ કર્યો હતો.

**1.8 માહિતી પૃથક્કરણ અને અર્થઘટનની રીત :**

એકત્ર થયેલ માહિતીને યોગ્ય અંકશાસ્ત્રીય પદ્ધતિ થકી મૂલવણીએ સંશોધનના કાર્યનું મહત્ત્વનું સોપાન ગણી શકાય. સંશોધક માટે ઉપકરણની પસંદગી કરવાની સાથે જ તેના થકી પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ કેવી રીતે થઇ શકશે ? તારણો મેળવવા શું કરવું પડશે ? તે અંગેનો ખ્યાલ રાખવાનો થતો હોય છે.

પ્રસ્તુત સંશોધનમાં નીચે જણાવેલ અંકશાસ્ત્રીય પ્રયુક્તિથી માહિતીનું વિશ્લેષણ કરવામાં આવશે.

- o સરાસરી
- o પ્રમાણ વિચલન
- o t – test
- o વિધાન અનુસાર ટકાવારી

ઉપર્યુકત મુદ્દાઓના અનુસંધાનમાં બંને શાળાઓમાંથી મળેલ માહિતી પરથી અસરકારકતાની ચકાસણી કરવામાં આવી હતી.

પ્રશ્નનાવલિના હકાર વિધાનમાં "હા" પ્રતિચાર માટે 1 પોઈન્ટ અને "ના" પ્રતિચાર માટે 0 પોઈન્ટ ગણવામાં આવેલ હતો. નકાર વિધાન માટે " હા" પ્રતિચાર માટે 0 પોઈન્ટ અને " ના" પ્રતિચાર માટે 1 પોઈન્ટ ગણવામાં આવેલ છે. પ્રસ્તુત અભ્યાસમાં 1 પોઈન્ટ મળેલા પ્રતિચારને હકારાત્મક પ્રતિચાર તરીકે ગણવામાં આવેલ છે.

વિધાન અનુસાર ટકાવારી હકાર વિધાન માટે MS EXCEL માં ફોર્મ્યુલા =(કુલ "હા" પ્રતિચારો*100/કુલ પાત્રોની સંખ્યા) મુકી શોધવામાં આવી હતી.

વિધાન અનુસાર ટકાવારી નકાર વિધાન માટે MS EXCEL માં ફોર્મ્યુલા =(કુલ "ના" પ્રતિચારો*100/કુલ પાત્રોની સંખ્યા) મુકી શોધવામાં આવી હતી.

જેમાં સાર્થકતા ચકાસવા માટે ટી- કસોટીનો ઉપયોગ કરેલ જેમાં ટી- કસોટીની સારણી મુજબ 0.05 કક્ષાએ સાર્થકતા મુલ્ય 1.96 કરતા વધુ હોય તો મૂલ્ય સાર્થક ગણેલ છે. અને 0.01 કક્ષાએ સાર્થકતા મુલ્ય 2.58 કરતા વધુ હોય તો મૂલ્ય સાર્થક ગણેલ છે. વિધાન અનુસાર ટકાવારી MS EXCEL માં ફોર્મ્યુલા =(કુલ હકારાત્મક પ્રતિચારો*100/કુલ પાત્રોની સંખ્યા) મુકી શોધવામાં આવી હતી.

## 1.9 તારણો

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે વિધાન સ્વરૂપ, પ્રશ્ન સ્વરુ અને શૂન્ય ઉત્કલ્પનાઓની ચકાસણી કર્યા બાદ અભ્યાસના તારણો તારવવામાં આવ્યા હતા. જે આ પ્રમાણે રજૂ કરેલ છે.

1. કમ્પ્યુટર શૈક્ષણિક ટેક્નોલોજિ જાગરુકતા સંદર્ભે પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો વિદ્યાર્થીઓને વિષયવસ્તુને અનુરૂપ કમ્પ્યુટર આધારિત શૈક્ષણિક કાર્યક્રમો બતાવે છે.

2. કમ્પ્યુટર શૈક્ષણિક ટેક્નોલોજિ જાગરુકતા સંદર્ભે પ્રાથમિક શાળાના મોટાભાગના શિક્ષકો વિદ્યાર્થીઓને વિવિધ શૈક્ષણિક ફિલ્મ બતાવે છે.
3. કમ્પ્યુટર શૈક્ષણિક ટેક્નોલોજિ જાગરુકતા સંદર્ભે પ્રાથમિક શાળાના મોટાભાગના શિક્ષકો એવું માનતા નથી કે, ટેકનોલોજિના ઉપયોગથી અધ્યાપનકાર્યમાં કૃત્રિમતા વધુ જોવા મળે છે.
4. કમ્પ્યુટર શૈક્ષણિક ટેક્નોલોજિ જાગરુકતા સંદર્ભે પ્રાથમિક શાળાના શિક્ષકો અધ્યાપન કાર્ય માટે એલસીડી પ્રોજેક્ટરનો ઉપયોગ બાબતમાં હકારાત્મક અને નકારાત્મક બંને સમાન જેવા જોવા મળેલ છે.
5. કમ્પ્યુટર શૈક્ષણિક ટેક્નોલોજિ જાગરુકતા સંદર્ભે પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો માનતા નથી કે, વિવિધ શૈક્ષણિક સાધનોનો વર્ગખંડમાં ઉપયોગ કરવાથી સમયનો બગાડ થાય છે.
6. કમ્પ્યુટર શૈક્ષણિક ટેક્નોલોજિ જાગરુકતા સંદર્ભે પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો વિદ્યાર્થીઓના પરિણામો તૈયાર કરવા કમ્પ્યૂટરના ઉપયોગને મહત્વ આપવું જરૂરી માને છે.
7. કમ્પ્યુટર શૈક્ષણિક ટેક્નોલોજિ જાગરુકતા સંદર્ભે પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો માને છે કે, પીપીટી જાતે તૈયાર કરવાથી અધ્યાપનકાર્યની અસરકારકતા વધે છે.
8. કમ્પ્યુટર શૈક્ષણિક ટેક્નોલોજિ જાગરુકતા સંદર્ભે પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો વિદ્યાર્થીઓને પૂરક અધ્યાપન સાહિત્ય મેળવવા માટે ઈન્ટરનેટનો કરવા પ્રેરે છે, અને જરૂરી વેબસાઈટનું એડ્રેસ પણ આપે છે.
9. કમ્પ્યુટર શૈક્ષણિક ટેક્નોલોજિ જાગરુકતા સંદર્ભે પ્રાથમિક શાળાના મોટાભાગના શિક્ષકો માને છે કે, કમ્પ્યુટર મોનીટર એ એક હાર્ડવેર છે.
10. કમ્પ્યુટર શૈક્ષણિક ટેક્નોલોજિ જાગરુકતા સંદર્ભે પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો ડિઝીટલ લાઈબ્રેરીની ઉપયોગિતાથી વાકેફ નથી.
11. કમ્પ્યુટર શૈક્ષણિક ટેક્નોલોજિ જાગરુકતા સંદર્ભે પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો શૈક્ષણિક ટેકનોલોજિના ઉપકરણમાં કોઈ ખામી સર્જાય તો તેને દૂર કરવાની સમજથી અપરિચિત છે.

12. કમ્પ્યુટર શૈક્ષણિક ટેક્નોલોજિ જાગરુકતા સંદર્ભે પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો કોઈ નિશ્ચિત વિષયવસ્તુ માટે વિદ્યાર્થીઓને  શોધ અભિગમ દ્વારા અધ્યયન કરે તે માટે પ્રેરણા અને માર્ગદર્શન પૂરું પાડે છે.
**13.** કમ્પ્યુટર શૈક્ષણિક ટેક્નોલોજિ જાગરુકતા સંદર્ભે પ્રાથમિક શાળાના ઘણાં શિક્ષકો વિદ્યાર્થીઓને વિવિધ વિષયવસ્તુની તૈયારી માટે કમ્પ્યુટર આધારિત ગૃપ પ્રોજેક્ટ સોંપે છે.
14. કમ્પ્યુટર શૈક્ષણિક ટેક્નોલોજિ જાગરુકતા સંદર્ભે પ્રાથમિક શાળાના મોટાભાગના શિક્ષકો કોઈ ચોક્કસ વિષયવસ્તુના અધ્યાપનકાર્ય માટે ઈ-લર્નિંગનો ઉપયોગ કરે છે.
15. કમ્પ્યુટર શૈક્ષણિક ટેક્નોલોજિ જાગરુકતા સંદર્ભે પ્રાથમિક શાળાના મોટાભાગના શિક્ષકો વર્ગખંડમાં સંદર્ભ સાહિત્ય તરીકે શૈક્ષણિક ટેકનોલોજિનો ઉપયોગ કરે છે.
16. કમ્પ્યુટર શૈક્ષણિક ટેક્નોલોજિ જાગરુકતા સંદર્ભે પ્રાથમિક શાળાના મોટાભાગના શિક્ષકો વિદ્યાર્થીઓને કમ્પ્યૂટર આધારિત સ્વ-અધ્યયન માટે માર્ગદર્શન પૂરું પાડે છે.
**17.** કમ્પ્યુટર શૈક્ષણિક ટેક્નોલોજિ જાગરુકતા સંદર્ભે પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો વર્ગ શિક્ષણમાં કમ્પ્યુટર ટેકનોલોજિ  આધારિત શૈક્ષણિક રમતોનો સમાવેશ કરે છે.
18. કમ્પ્યુટર શૈક્ષણિક ટેક્નોલોજિ જાગરુકતા સંદર્ભે પ્રાથમિક શાળાના લગભગ તમામ શિક્ષકો વર્ગ શિક્ષણમાં પાઠનાં વિષયવસ્તુને અનુરૂપ ફોટોગ્રાફ્સ, ચાર્ટ્સનો ઉપયોગ કરે છે.
**19.** કમ્પ્યુટર શૈક્ષણિક ટેક્નોલોજિ જાગરુકતા સંદર્ભે પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો એવું માનતા નથી કે, શૈક્ષણિક ઉપકરણ  તરીકે કમ્પ્યુટરનું જ્ઞાન વર્ગ વ્યવહારમાં બિન ઉપયોગી છે.
20. કમ્પ્યુટર શૈક્ષણિક ટેક્નોલોજિ જાગરુકતા સંદર્ભે પ્રાથમિક શાળાના ઘણાં શિક્ષકો વર્ગખંડમાં શૈક્ષણિક ટેકનોલોજિના સાધનોનો ઉપયોગ ભાગ્યે જ કરતા નથી.
21. કમ્પ્યુટર શૈક્ષણિક ટેક્નોલોજિ જાગરુકતા સંદર્ભે પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને પોતાના વિષયને લગતા સંદર્ભ સાહિત્યની માહિતીનો કમ્પ્યુટરમાં સંગ્રહ કરે છે.

**22.** કમ્પ્યુટર શૈક્ષણિક ટેક્નોલોજિ જાગરુકતા સંદર્ભે પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો પોતાના લેખો ઈન્ટરનેટ પર મુકતા નથી.

23. કમ્પ્યુટર શૈક્ષણિક ટેક્નોલોજિ જાગરુકતા સંદર્ભે પ્રાથમિક શાળાના તમામ શિક્ષકો વિદ્યાર્થીઓ સમક્ષ અદ્યતન માહિતીની ચર્ચા કરે છે.

**24.** કમ્પ્યુટર શૈક્ષણિક ટેક્નોલોજિ જાગરુકતા સંદર્ભે પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો વિવિધ શૈક્ષણિક સામયિકોનું અને ઈ-મેગેઝિનનું વાંચન કરે છે.

25. કમ્પ્યુટર શૈક્ષણિક ટેક્નોલોજિ જાગરુકતા સંદર્ભે પ્રાથમિક શાળાના અમુક શિક્ષકો પોતાના  વિષયની નવી માહિતી જાણવા હું કમ્પ્યુટર ટેકનોલોજિનો ઉપયોગ કરું છું.

26.ભેસાણ અને માણાવદર તાલુકાના અમુક શિક્ષકો કમ્પ્યુટર શૈક્ષણિક ટેક્નોલોજિ જાગરુકતા સંદર્ભે હકારાત્મક જોવા મળેલ છે.

27.પી.ટી.સી. થયેલા અમુક શિક્ષકો કમ્પ્યુટર શૈક્ષણિક ટેક્નોલોજિ જાગરુકતા સંદર્ભે હકારાત્મક જોવા મળેલ છે.

28.બી.એડ. થયેલા અમુક શિક્ષકો કમ્પ્યુટર શૈક્ષણિક ટેક્નોલોજિ જાગરુકતા સંદર્ભે હકારાત્મક જોવા મળેલ છે.

29.અમુક પુરુષ શિક્ષકો કમ્પ્યુટર શૈક્ષણિક ટેક્નોલોજિ જાગરુકતા સંદર્ભે હકારાત્મક જોવા મળેલ છે.

30.અમુક સ્ત્રી શિક્ષકો કમ્પ્યુટર શૈક્ષણિક ટેક્નોલોજિ જાગરુકતા સંદર્ભે હકારાત્મક જોવા મળેલ છે.

31. થોડા વિજ્ઞાન પ્રવાહ હોય તેવા શિક્ષકો કમ્પ્યુટર શૈક્ષણિક ટેક્નોલોજિ જાગરુકતા સંદર્ભે હકારાત્મક જોવા મળેલ છે.

32. મોટા ભાગના વાણિજ્ય અથવા  વિનિયન પ્રવાહ હોય તેવા શિક્ષકો કમ્પ્યુટર શૈક્ષણિક ટેક્નોલોજિ જાગરુકતા સંદર્ભે હકારાત્મક જોવા મળેલ છે.

33.નિમ્ન પ્રાથમિક શાળાના તથા ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકોના કમ્પ્યુટર શૈક્ષણિક ટેકનોલોજિ  જાગરુકતા માપદંડ પરના પ્રાપ્તાંકો સાર્થક રીતે જુદા પડતા ન હતા, એટલે કે નિમ્ન પ્રાથમિક શાળાના તથા ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકોની કમ્પ્યુટર શૈક્ષણિક ટેકનોલોજિ  પ્રત્યેની જાગરુકતા સમાન જોવા મળી હતી.

34. પ્રાથમિક શાળાના પુરુષ તથા સ્ત્રી શિક્ષકોના કમ્પ્યુટર શૈક્ષણિક ટેકનોલોજિ જાગરુકતા માપદંડ પરના પ્રાપ્તાંકો સાર્થક રીતે જુદા પડતા ન હતા, એટલે કે પ્રાથમિક શાળાના પુરુષ તથા સ્ત્રી શિક્ષકોની કમ્પ્યુટર શૈક્ષણિક ટેકનોલોજિ પ્રત્યેની જાગરુકતા ભિન્ન જોવા મળી ન હતી.

35. નિમ્ન પ્રાથમિક શાળાના વિજ્ઞાન, વાણિજ્ય અને વિનયન પ્રવાહના શિક્ષકોના કમ્પ્યુટર શૈક્ષણિક ટેકનોલોજિ જાગરુકતા માપદંડ પરના પ્રાપ્તાંકો સાર્થક રીતે જુદા પડતા ન હતા, એટલે કે પ્રાથમિક શાળાના વિજ્ઞાન, વાણિજ્ય અને વિનયન પ્રવાહના શિક્ષકોની કમ્પ્યુટર શૈક્ષણિક ટેકનોલોજિ પ્રત્યેની જાગરુકતા સમાન જોવા મળી હતી.

## 1.10 ભાવિ સંશોધનો અંગેની ભલામણો

પ્રસ્તુત સંશોનમાં પ્રયોજકને સંશોધન કાર્ય દરમિયાન અનેક પ્રશ્નો ઉપસ્થિત થયા હતા. આ બધા પ્રશ્નો ઉપર સંશોધન હાથ ધરી શકાય તેમ હતા. આ અંગે ભાવિ સંશોધન માટેની ભલામણો અહી રજૂ કરેલ છે.

1. પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપવિશ્વમાં જૂનાગઢ જિલ્લાની પ્રાથમિક શાળાના શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ભવિષ્યમાં માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક કક્ષાના શિક્ષકો, સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના પ્રાધ્યાપકો તેમજ અન્ય શૈક્ષણિક સંસ્થા, તાલીમી સંસ્થાના શિક્ષકો અને પ્રશિક્ષકો નમૂનાનાં પાત્રો તરીકે લઈ આ પ્રકારનો અભ્યાસ હાથ ધરી શકાય.

2. પ્રસ્તુત અભ્યાસમાં સ્વતંત્ર ચલ તરીકે જાતીયતા (પુરુષ/સ્ત્રી), શૈક્ષણિક પ્રવાહ (વિજ્ઞાન/વાણિજ્ય /વિનયન) નો તેમજ અધ્યાપન કક્ષાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ સિવાય શાળા પ્રકાર (સરકારી/સ્વનિર્ભર), ઉંમર, શૈક્ષણિક લાયકાત, શિક્ષકોની સામાજિક આર્થિક સ્થિતિ જેવા સ્વતંત્ર ચલોને ધ્યાનમાં લઈને સંશોધન કાર્ય હાથ ધરી શકાય.

3. પ્રસ્તુત અભ્યાસ જૂનાગઢ જિલ્લા પૂરતો માર્યાદિત હતો. ભવિષ્યમાં બીજા કોઈ ગામ, શહેર કે જિલ્લાના શિક્ષકો કે પ્રાધ્યાપકો પસંદ કરી સંશોધન કાર્ય હાથ ધરી શકાય.

4. પ્રાથમિક શાળાના શિક્ષકોની કમ્પ્યુટર શૈક્ષણિક ટેકનોલોજિ અંગેની મનોવલણ અને શૈક્ષણિક ટેકનોલોજિ જાગરુકતા વચ્ચેનો સબંધ ચકાસવા અંગેનો અભ્યાસ હાથ ધરી શકાય.

5. પ્રાથમિક શાળાના શિક્ષકોની કમ્પ્યુટર શૈક્ષણિક ટેકનોલોજિ અંગેની જાગરુકતા પાછળ જવાબદાર કારણો ચકાસવા અંગેનો સંપૂર્ણ ગુણાત્મક પદ્ધતિથી અભ્યાસ હાથ ધરી શકાય.

6. પ્રાથમિક શાળાના શિક્ષકોની કમ્પ્યુટર શૈક્ષણિક ટેકનોલોજિ અંગેની જાગરુકતા વધારવા અંગેના પ્રાયોગિક કાર્યક્રમની રચના કરી તેની અસરકારકતા ચકાસવા અંગેનો પ્રાયોગિક સંશોધન હાથ ધરી શકાય.

7. પ્રાથમિક શાળાના શિક્ષકોની કમ્પ્યુટર શૈક્ષણિક ટેકનોલોજિ અંગેની જાગરુકતા સંદર્ભે વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ તપાસવાનો અભ્યાસ હાથ ધરી શકાય.

**1.11 શૈક્ષણિક ફલિતાર્થો**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે જૂનાગઢ જિલ્લાની નિમ્ન પ્રાથમિક શાળાના શિક્ષકો અને ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકોની કમ્પ્યુટર શૈક્ષણિક ટેકનોલોજિ પ્રત્યેની જાગરુકતા જાણવા માટે પ્રયાસ કર્યો હતો. પ્રસ્તુત અભ્યાસના અંતે પ્રયોજકે આ પ્રમાણેના ફલિતાર્થો રજૂ કર્યા હતા.

પ્રસ્તુત અભ્યાસના અંતે મળેલા તારણો પરથી જાણી શકાય કે,

1. શૈક્ષણિક ટેકનોલોજિને લગતા કાર્યક્રમોમાં પ્રેકટીકલ વિશે ઊંડાણ પૂર્વક સમજ આપવી જોઈએ.

2. શિક્ષકોના વિવિધ સમયે કમ્પ્યુટર શૈક્ષણિક ટેકનોલોજિ પ્રત્યેની જાગરુકતામાં ફેરફાર થતા હોવાથી થોડા થોડા સમયના અંતરે આવો અભ્યાસ હાથ ધરવો જોઈએ.

3. આધુનિક યુગમાં શૈક્ષણિક ટેકનોલોજિનું વિશેષ મહત્વ છે. આથી શિક્ષકો શૈક્ષણિક ટેકનોલોજિ વિશે હકારાત્મક જાગરુકતા ધરાવે તેવા પ્રયત્નો કરવા જોઈએ.

**સંશોધકનું નામ : 1. ગીતા સેંજલીયા, લેકચરર, ડાયેટ-જૂનાગઢ**

**સંશોધનનું શીર્ષક : ભેસાણ અને માણાવદર તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોના વ્યવસાય સંતોષનો અભ્યાસ** **વર્ષ : 2020 -2021**

## 1.0 પ્રાસ્તાવિક

RIGHT MAN FOR RIGHT JOB – આ વિધાન આજે યથાર્થ થતું નથી કારણ કે, જેટલી જોબ પ્લેસ હોય છે. તેના કરતા બે કે ત્રણ ગણા અરજદાર હોય છે. સાથે જ વ્યક્તિ પોતે પણ એ જાણતી નથી હોતી કે, તેને કયો વ્યવસાય ગમશે. આ સંજોગોમાં વ્યક્તિએ જે વ્યવસાય મળે તે સ્વીકારી લેવું પડે, એવું બને છે. વ્યવસાય સંતોષ વ્યક્તિના જીવન સાથે સંકળાયેલો છે. તેથી શાળાઓના શિક્ષકો સાથે સંકળાયેલા પ્રયોજકએ શિક્ષકોને પોતાના વ્યવસાયથી સંતોષ છે કે કેમ ? તે જાણવા માટે પ્રસ્તુત સંશોધનકાર્ય હાથ ધરવાનું નક્કી કર્યું.

## 1.1 સમસ્યા કથન

પ્રસ્તુત અભ્યાસની સમસ્યાના શીર્ષકને પ્રયોજકે આ મુજબ શબ્દબદ્ધ કર્યું હતું.

**ભેસાણ અને માણાવદર તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોના વ્યવસાય સંતોષનો અભ્યાસ**

પ્રયોજકે પ્રસ્તુત અભ્યાસના ભાગરૂપે જૂનાગઢ જિલ્લાની ભેસાણ અને માણાવદર તાલુકાની વર્ષ 2020 - 21 ના શિક્ષકોના વ્યવસાય સંતોષ અંગે અભ્યાસ હાથ ધર્યો હતો.

## 1.2 અભ્યાસના હેતુઓ

પ્રસ્તુત સંશોધન માટે પ્રયોજકે આ પ્રમાણે હેતુઓ નક્કી કર્યા હતા. જે હેતુઓને લક્ષમાં રાખીને પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

- પ્રાથમિક શાળાના શિક્ષકોની વ્યવસાય સંતોષ માપન માટે 'વ્યવસાય સંતોષ માપદંડ'ની સંરચના કરવી.
- પ્રાથમિક શાળાના શિક્ષકોના 'વ્યવસાય સંતોષ માપદંડ'નો અભ્યાસ કરવો.
- પ્રાથમિક શાળાના શિક્ષકોની લાયકાત અનુસાર વ્યવસાય સંતોષ અંગેનો અભ્યાસ કરવો.

- પ્રાથમિક શાળાના શિક્ષકોની જાતીયતા અનુસાર વ્યવસાય સંતોષ જાણવો.
- પ્રાથમિક શાળાના શિક્ષકોના સ્ટાફ (પુરતો-અપૂરતો)અનુસાર વ્યવસાય સંતોષનું માપન કરવું .

## 1.3 સંશોધનની ઉત્કલ્પના

પ્રયોજકે નીચે પ્રમાણેની વિધાન સ્વરુપે ઉત્કલ્પના રચી હતી.

- પ્રાથમિક શાળાના શિક્ષકોનો વ્યવસાય સંતોષ સંબંધી વિધાનો અંગે ચોકકસ અભિપ્રાય હશે.

પ્રયોજકે નીચે પ્રમાણે પ્રશ્ન સ્વરુપે ઉત્કલ્પના રચી હતી.

1. ભેસાણ અને માણાવદર તાલુકાના શિક્ષકોનો વ્યવસાય સંતોષ કેટલોહશે?
2. પ્રાથમિક શાળાના પી.ટી.સી. થયેલા શિક્ષકોનો સરેરાશ વ્યવસાય સંતોષ કેટલો હશે ?
3. પ્રાથમિક શાળાના બી.એડ. થયેલા શિક્ષકોનો સરેરાશ વ્યવસાય સંતોષ કેટલો હશે ?
4. પ્રાથમિક શાળાના પુરુષ શિક્ષકોનો સરેરાશ વ્યવસાય સંતોષ કેટલો હશે?
5. પ્રાથમિક શાળાના સ્ત્રી શિક્ષકોનો સરેરાશ વ્યવસાય સંતોષ કેટલો હશે ?
6. પ્રાથમિક શાળાના પુરતો સ્ટાફ ધરાવતી શાળાના શિક્ષકોનો સરેરાશ વ્યવસાય સંતોષ કેટલો હશે ?
7. પ્રાથમિક શાળાના અપુરતો સ્ટાફ ધરાવતી શાળાના શિક્ષકોનો સરેરાશ વ્યવસાય સંતોષ કેટલો હશે ?

પ્રસ્તુત અભ્યાસના હેતુઓના સંદર્ભમાં પ્રયોજકે નીચે પ્રમાણે શૂન્ય ઉત્કલ્પનાઓ રચી હતી.

1. પ્રાથમિક શાળાના શિક્ષકોના અભ્યાસ અનુસાર વ્યવસાય સંતોષના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

૨. પ્રાથમિક શાળાના શિક્ષકોની જાતીયતા (પુરુષ અને સ્ત્રી) અનુસાર તેઓની વ્યવસાય સંતોષના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

**3.** પ્રાથમિક શાળાના શિક્ષકોની શાળામાં સ્ટાફની સંખ્યા (પુરતો-અપૂરતો) અનુસાર તેઓની વ્યવસાય સંતોષના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

## 1.4 અભ્યાસની મર્યાદા

પ્રસ્તુત અભ્યાસની મર્યાદા આ પ્રમાણે હતી.

1. પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે વ્યવસાય સંતોષ માપદંડ જાતે બનાવ્યું હતું. જેથી સ્વ રચિત ઉપકરણનો ઉપયોગ કરેલ છે.
2. વ્યવસાય સંતોષ જાણવા માટે સ્વરચિત વ્યવસાય સંતોષ માપદંડમાં દર્શાવેલ વિધાનો જ ધ્યાનમાં લેવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત વ્યવસાય સંતોષ પ્રત્યે અન્ય માપદંડ પણ હોઈ શકે.
3. પ્રસ્તુત અભ્યાસમાં જૂનાગઢ જિલ્લાની ભેસાણ અને માણાવદર તાલુકાની જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાના શિક્ષકો પૂરતો માર્યાદિત કરવામાં આવ્યો હતો.
4. પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક શાળાનાં વર્ષ 2020-21માં અધ્યાપન કાર્યમાં કાર્યરત શિક્ષકોનો જ સમાવેશ કરવામાં આવ્યો હતો.

## 1.5 સંશોધનનું વ્યાપવિશ્વ અને નમુના પસંદગી

પ્રસ્તુત અભ્યાસનાં વ્યાપવિશ્વમાં જૂનાગઢ જિલ્લાની ભેસાણ અને માણાવદર તાલુકાની પ્રાથમિક શાળામાં શૈક્ષણિક વર્ષ 2020-21 દરમિયાન અધ્યાપન કાર્ય કરાવતા શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આમ, કુલ 112 શાળાઓના 618 શિક્ષકો વ્યાપવિશ્વમાં સમાવિષ્ટ હતાં.

આ સંશોધનમાં સંશોધકે વ્યાપવિશ્વના તમામ પાત્રોને નમૂનામાં સમાવેશ કર્યો હતો. કારણ કે માહિતી પ્રાપ્તિ ટેકનોલોજી દ્વારા હતી. અહીં વ્યાપવિશ્વ એ જ નમૂનો છે.

## 1.6 ઉપકરણ વિગત :

પ્રસ્તુત સંશોધનમાં અભ્યાસની જરુરિયાતને ધ્યાનમાં રાખીને સંશોધકે શિક્ષક વ્યવસાય કાર્યસંતોષ સંશોધનિકાની રચના કરી હતી. ઉપકરણ રચનામાં નીચે મુજબના સોપાનોને અનુસરવામાં આવ્યા હતા.

પ્રયોજકે પ્રસ્તુત સંશોધનમાં વ્યવસાય સંતોષ માપદંડમાં પ્રતિચાર આપનાર શિક્ષકની સામાન્ય માહિતી અને કેટલીક સૂચનાઓ આપવામાં આવી હતી. ત્યારબાદ 30 વિધાનો આપવામાં આવ્યા હતા. જેમાં "હા" કે "ના" વિકલ્પ પસંદ કરવાનો હતો. જેમાં વિધાન નં. 4, 11, 16, 18, 23, 27, 28, 30 નકાર વિધાનો મુકવામાં આવેલા હતા.

**1.7 પ્રાપ્ત માહિતી :**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે વ્યાપવિશ્વને જ નમુના તરીકે પસંદ કરેલ. જેમાં ભેસાણ અને માણાવદર તાલુકામાં કુલ 112 શાળાઓમાંથી 65 પ્રાથમિક શાળામાં અધ્યાપન કાર્ય કરાવતાં 618 શિક્ષકોમાંથી 306 શિક્ષકો પાસેથી માહિતી મળી હતી. આ 306 શિક્ષકોની માહિતીનો અભ્યાસના અર્થઘટનમાં ઉપયોગ કરવામાં આવ્યો હતો.

જેમાં કુલ પાત્રોની સંખ્યા 306 હતી. પ્રાથમિક શાળાના PTC કરેલ કુલ 181 પાત્રો હતા. અને પ્રાથમિક શાળાના B.Ed. કરેલા કુલ 120 પાત્રો હતા. સ્ત્રી પાત્રોની સંખ્યા 163 હતી અને પુરુષ પાત્રોની સંખ્યા 141 હતી. સ્ટાફ પૂરતો હોય તેવા પાત્રોની સંખ્યા 262 હતી અને અપૂરતો સ્ટાફ હોય તેવા પાત્રોની સંખ્યા 44 હતી. પ્રયોજકે નમૂનામાં કુલ પાંસઠ પ્રાથમિક શાળાઓનો સમાવેશ કર્યો હતો.

**1.8 માહિતી પૃથક્કરણ રીત :**

પ્રસ્તુત સંશોધનમાં નીચે જણાવેલ અંકશાસ્ત્રીય પ્રયુક્તિથી માહિતીનું વિશ્લેષણ કરવામાં આવશે.

- સરાસરી
- પ્રમાણ વિચલન
- t – test
- વિધાન અનુસાર ટકાવારી

ઉપર્યુકત મુદ્દાઓના અનુસંધાનમાં બંને શાળાઓમાંથી મળેલ માહિતી પરથી અસરકારકતાની ચકાસણી કરવામાં આવી હતી.

પ્રશ્નનાવલિના હકાર વિધાનમાં "હા" પ્રતિચાર માટે 1 પોઈન્ટ અને "ના" પ્રતિચાર માટે 0 પોઈન્ટ ગણવામાં આવેલ હતો. નકાર વિધાન માટે " હા" પ્રતિચાર માટે 0 પોઈન્ટ

અને " ના" પ્રતિચાર માટે 1 પોઈન્ટ ગણવામાં આવેલ છે. પ્રસ્તુત અભ્યાસમાં 1 પોઈન્ટ મળેલા પ્રતિચારને હકારાત્મક પ્રતિચાર તરીકે ગણવામાં આવેલ છે.

વિધાન અનુસાર ટકાવારી હકાર વિધાન માટે MS EXCEL માં ફોર્મ્યુલા =(કુલ "હા" પ્રતિચારો*100/કુલ પાત્રોની સંખ્યા) મુકી શોધવામાં આવી હતી.

વિધાન અનુસાર ટકાવારી નકાર વિધાન માટે MS EXCEL માં ફોર્મ્યુલા =(કુલ "ના" પ્રતિચારો*100/કુલ પાત્રોની સંખ્યા) મુકી શોધવામાં આવી હતી.

જેમાં સાર્થકતા ચકાસવા માટે ટી- કસોટીનો ઉપયોગ કરેલ જેમાં ટી- કસોટીની સારણી મુજબ 0.05 કક્ષાએ સાર્થકતા મુલ્ય 1.96 કરતા વધુ હોય તો મૂલ્ય સાર્થક ગણેલ છે. અને 0.01 કક્ષાએ સાર્થકતા મુલ્ય 2.58 કરતા વધુ હોય તો મૂલ્ય સાર્થક ગણેલ છે. વિધાન અનુસાર ટકાવારી MS EXCEL માં ફોર્મ્યુલા =(કુલ હકારાત્મક પ્રતિચારો*100/કુલ પાત્રોની સંખ્યા) મુકી શોધવામાં આવી હતી.

## 1.9 તારણો

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે શૂન્ય ઉત્કલ્પનાઓની ચકાસણી કર્યા બાદ અભ્યાસના તારણો તારવવામાં આવ્યા હતા. જે આ પ્રમાણે રજૂ કરેલ છે.

- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના તમામ શિક્ષકો પોતાની નોકરીને સંપૂર્ણત: વફાદાર છે.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટાભાગના શિક્ષકો શીખવવાના અઘરા મુદાઓ વિશે સતત ચિંતિત હોય છે.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટાભાગના શિક્ષકો પોતાના નવરાશનો સમય નોકરી વિષયક સહઅભ્યાસ પ્રવૃતિમાં વિતાવે છે.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટાભાગના શિક્ષકો નોકરીનાં કારણે કૌટુંબિક પ્રસંગોમાં હાજરી આપી શકતા નથી.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો પોતાની પસંદગીની શિક્ષણ પદ્ધતિ અપનાવી શકે છે.

- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો દરેક વિદ્યાર્થી પર વ્યક્તિગત ધ્યાન આપે છે.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો આવશ્યકતા મુજબ વિદ્યાર્થીઓમાં ઉપચારાત્મક શિક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરે છે.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો શૈક્ષણિક મનોવિજ્ઞાનનો ઉપયોગ વિદ્યાર્થીઓની વ્યક્તિગત ભિન્નતાના આધારે કરે છે.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના લગભગ તમામ શિક્ષકો પોતાની નોકરીમાં નિયમિતતા અને સમયપાલનનાં આગ્રહી છે.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને પોતાની નોકરીથી સામાજીક આદર પ્રાપ્ત થાય છે ?
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના અડધા શિક્ષકો પોતાના શિક્ષણકાર્યમાં નિષ્ફળતાનાં કારણે હતાશા અનુભવે છે અને અડધા શિક્ષકો પોતાના શિક્ષણકાર્યમાં નિષ્ફળતાનાં કારણે હતાશા અનુભવતા નથી.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટાભાગના શિક્ષકો પોતાના  કાર્યથી સંતોષની અનુભૂતિ કરે છે.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટાભાગના શિક્ષકોને પોતાની નોકરીમાં  કાર્યનાં પ્રમાણમાં વળતર મળે છે.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટાભાગના શિક્ષકો પોતાની નોકરીમાં જોડાયા બાદ પોતાના જીવનમાં હકારાત્મક ફેરફારો થયા છે.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટાભાગના શિક્ષકોને ઘર કરતા શાળાએ કાર્ય કરવું વધુ ગમે છે.

- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટાભાગના શિક્ષકો પોતાની નોકરી સિવાયની અન્ય પ્રવૃતિ દ્વારા આવક કરવા ઇચ્છા ધરાવતા નથી. અમુક શિક્ષકો પોતાની નોકરી સિવાયની અન્ય પ્રવૃતિ દ્વારા આવક કરવા ઇચ્છા ધરાવે છે.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના તમામ શિક્ષકોને પોતાનું શિક્ષણકાર્ય તેમને રસ અને આનંદ અપાવે છે.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના ઘણાં શિક્ષકો પોતાની નોકરી કરતા અન્ય નોકરીમાં વધુ પૈસા મળે તેમ માને છે, જયારે અમુક શિક્ષકો પોતાની નોકરી કરતા અન્ય નોકરીમાં વધુ પૈસા મળે એમ માનતા નથી.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો પોતાની નોકરીને વધુ આનંદપ્રદ અને ઓછી કંટાળાજનક ગણાવે છે.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના ઘણાં શિક્ષકો પોતાના નજીકના સ્નેહીઓને પોતાના જેવી નોકરી મેળવવા વિશે સલાહ આપશે.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને પોતાના શિક્ષણકાર્યમાં સતત સુધારાત્મક પ્રવૃતિઓ કરવાનું પ્રેરણાબળ અહીંથી મળે છે.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના તમામ શિક્ષકો પોતાની નોકરીને સંપૂર્ણત: વફાદાર છે.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો શિક્ષણકાર્ય કરતા અન્ય કાર્ય કરવું સારું માનતા નથી, થોડા શિક્ષકો શિક્ષણકાર્ય કરતા અન્ય કાર્ય સારું માને છે.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને પોતાનું ઉત્તરદાયિત્વ અદા ન કરી શકે ત્યારે અફસોસ થાય છે.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના ઘણાં શિક્ષકો પોતાના બાળકોને આ નોકરી તરફ દોરતા અભ્યાસક્રમમાં દાખલ કરશે.

- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના ઘણાં શિક્ષકો પોતાની આ નોકરી ચૂકી ગયા હોત તો તેમને જીવનમાં ઘણું અગત્યનું કાર્ય ગુમાવ્યું હોત એવું માને છે.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના થોડા શિક્ષકોને તાલીમ કાર્યક્રમો ભારરુપ લાગે છે.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો પોતાની શાળાનાં સિનિયર શિક્ષકો સાથે લઘુતાગ્રંથિ અનુભવતા નથી.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો પોતાની નોકરી કરવાનો ગર્વ અનુભવે છે.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના ઘણાં શિક્ષકો પોતાના નોકરીકાળ દરમિયાન માનસિક તાણ અનુભવતા નથી.
- ભેસાણ અને માણાવદર તાલુકાના મોટા ભાગના શિક્ષકો વ્યવસાય સંતોષ સંદર્ભે હકારાત્મક જોવા મળેલ છે.
- પી.ટી.સી. થયેલા મોટા ભાગના શિક્ષકો વ્યવસાય સંતોષ સંદર્ભે હકારાત્મક જોવા મળેલ છે.
- બી.એડ. થયેલા મોટા ભાગના શિક્ષકો વ્યવસાય સંતોષ સંદર્ભે હકારાત્મક જોવા મળેલ છે.
- મોટા ભાગના પુરુષ શિક્ષકો વ્યવસાય સંતોષ સંદર્ભે હકારાત્મક જોવા મળેલ છે.
- મોટા ભાગના પુરુષ શિક્ષકો વ્યવસાય સંતોષ સંદર્ભે હકારાત્મક જોવા મળેલ છે.
- મોટા ભાગના પૂરતો સ્ટાફ હોય તેવા શિક્ષકો વ્યવસાય સંતોષ સંદર્ભે હકારાત્મક જોવા મળેલ છે.
- મોટા ભાગના અપૂરતો સ્ટાફ હોય તેવા શિક્ષકો વ્યવસાય સંતોષ સંદર્ભે હકારાત્મક જોવા મળેલ છે.
- પ્રાથમિક શાળાના PTC ડીગ્રી અભ્યાસ કરેલા અને B.Ed ડીગ્રી અભ્યાસ કરેલા શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના પ્રાપ્તાંકો સાર્થક રીતે જુદા પડતા ન હતા, એટલે કે

પ્રાથમિક શાળાના PTC ડીગ્રી અભ્યાસ કરેલા અને  B.Ed ડીગ્રી અભ્યાસ કરેલા શિક્ષકોના વ્યવસાય સંતોષ પ્રાપ્તાંકોમાં   સમાનતા જોવા મળી હતી.

- પ્રાથમિક શાળાના પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના પ્રાપ્તાંકો સાર્થક રીતે જુદા પડતા ન હતા, એટલે કે પ્રાથમિક શાળાના સ્ત્રી શિક્ષકો અને  પુરુષ શિક્ષકોના વ્યવસાય સંતોષ પ્રાપ્તાંકોમાં સમાનતા જોવા મળી હતી.
- પ્રાથમિક શાળાના પુરતો સ્ટાફ ધરાવતા શિક્ષકો અપુરતો સ્ટાફ ધરાવતા શિક્ષકો વ્યવસાય સંતોષ માપદંડ પરના પ્રાપ્તાંકો સાર્થક રીતે જુદા પડતા ન હતા, એટલે કે પ્રાથમિક શાળાના પ્રાથમિક શાળાના પુરતો સ્ટાફ ધરાવતા શિક્ષકો અપુરતો સ્ટાફ ધરાવતા શિક્ષકોની વ્યવસાય સંતોષ  પ્રાપ્તાંકોમાં સમાનતા જોવા મળી હતી.

## 1.10 ભાવિ સંશોધનો અંગેની ભલામણો

પ્રસ્તુત સંશોનમાં પ્રયોજકને સંશોધન કાર્ય દરમિયાન અનેક પ્રશ્નો ઉપસ્થિત થયા હતા. આ બધા પ્રશ્નો ઉપર સંશોધન હાથ ધરી શકાય તેમ હતા. આ અંગે ભાવિ સંશોધન માટેની ભલામણો અહી રજૂ કરેલ છે.

1. પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપવિશ્વમાં જૂનાગઢ જિલ્લાની પ્રાથમિક શાળાના શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ભવિષ્યમાં માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક કક્ષાના શિક્ષકો, સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના પ્રાધ્યાપકો તેમજ અન્ય શૈક્ષણિક સંસ્થા,તાલીમી સંસ્થાના શિક્ષકો અને પ્રશિક્ષકો નમૂનાનાં પાત્રો તરીકે લઈ આ પ્રકારનો અભ્યાસ હાથ ધરી શકાય.

2. પ્રસ્તુત અભ્યાસમાં સ્વતંત્ર ચલ તરીકે જાતીયતા(પુરુષ/સ્ત્રી), અભ્યાસ (ptc/b.ed.) અને સ્ટાફની સ્થિતિનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ સિવાય શાળા પ્રકાર (સરકારી/સ્વનિર્ભર) ,ઉંમર,  શિક્ષકોની સામાજિક આર્થિક સ્થિતિ જેવા સ્વતંત્ર ચલોને ધ્યાનમાં લઈને સંશોધન કાર્ય હાથ ધરી શકાય.

3. પ્રસ્તુત અભ્યાસ જૂનાગઢ જિલ્લાના માણાવદર અને ભેસાણ તાલુકા પુરતો માર્યાદિત હતો. ભવિષ્યમાં બીજા કોઈ ગામ,શહેર કે જિલ્લાના શિક્ષકો કે પ્રાધ્યાપકો પસંદ કરી સંશોધન કાર્ય હાથ ધરી શકાય.

4. પ્રાથમિક શાળાના શિક્ષકોની વ્યવસાય સંતોષ અને વિદ્યાર્થીઓની સિદ્ધિ વચ્ચેનો સબંધ ચકાસવા અંગેનો અભ્યાસ હાથ ધરી શકાય.

## 1.11 શૈક્ષણિક ફલિતાર્થો

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે જૂનાગઢ જિલ્લાની પ્રાથમિક શાળાના શિક્ષકોની વ્યવસાય સંતોષ જાણવા માટે પ્રયાસ કર્યો હતો. પ્રસ્તુત અભ્યાસના અંતે પ્રયોજકે આ પ્રમાણેના ફલિતાર્થો રજૂ કર્યા હતા.

પ્રસ્તુત અભ્યાસના અંતે મળેલા તારણો પરથી જાણી શકાય કે,

1. વ્યવસાય સંતોષને અભ્યાસ, જાતીયતા કે સ્ટાફની સ્થિતિ સાથે કોઈ સંબંધ નથી.
2. શિક્ષકોના વિવિધ સમયે વ્યવસાય સંતોષ સાથે સંકળાયેલી બાબતોમાં ફેરફાર થતા હોવાથી થોડા થોડા સમયના અંતરે આવો અભ્યાસ હાથ ધરવો જોઈએ.
3. આધુનિક યુગમાં વ્યવસાય સંતોષનું વિશેષ મહત્વ છે. આથી શિક્ષકો વ્યવસાય સંતોષ વિશે હકારાત્મક ધરાવે તેવા પ્રયત્નો કરવા જોઈએ.

**સંશોધકનું નામ- ડો.એમ.વાય.વ્યાસ, લેકચરર ડાયેટ –જૂનાગઢ**

**વર્ષ-2020-21**

**શીર્ષક- માંગરોળ તાલુકામાં લોકડાઉન દરમિયાન શિક્ષકો દ્વારા થયેલ વિશેષ કામગીરીનો વ્યક્તિ અભ્યાસ**

## 1.0 પ્રાસ્તાવિક

પ્રાથમિક શિક્ષણ ગુણવતા અભિવૃદ્ધિ માટે રાજ્ય કક્ષાએ જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગર તથા જિલ્લા કક્ષાએ ડાયેટ કાર્યરત છે. ગત માર્ચ 2019માં COVID-19ની પરિસ્થિતિના સંદર્ભમાં જી.સી.ઇ.આર.ટી. દ્વારા "પરિવારનો માળો" એ શીર્ષકના માધ્યમે રાજ્યભરના બાળકો જ્યારે શાળા બંધ હતી, ત્યારે ઘરે બેસીને શિક્ષણ મેળવતા હતા. "પરિવારનો માળો" હેઠળ રોજે રોજ બાળકો બાળગીત, અભિનયગીત, બાળવાર્તાઓ, જુદી જુદી પ્રવૃત્તિઓ તેમજ રમત-ગમત સહિતની પ્રવૃત્તિઓમાં ઓન-લાઇન જોડાયા.

આ પ્રવૃત્તિની સફળતા બાદ "ઘરે શીખીએ" તેમજ હોમ લર્નિંગ સંદર્ભે પ્રયાસો પણ કરવામાં આવેલ. અહીં સંશોધનાત્મક દ્રષ્ટિથી આ સમયગાળા દરમિયાન થયેલ પ્રયત્નો સંદર્ભે માંગરોળ તાલુકામાં થયેલ વિશિષ્ટ બાબતોની અહીં પ્રસ્તુતિ કરવામાં આવી છે. જે દ્વારા આ શાળાઓએ અન્ય શાળાઓને પણ પ્રેરણા આપી છે. આ સમયગાળા દરમિયાન શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓ માટે વિષયવસ્તુ આધારિત કે શિક્ષણને આનુષંગિક બાબતોને કેન્દ્રમાં રાખીને કરવામાં આવેલ કાર્યને પાયા તરીકે પસંદ કરવામાં આવ્યું. આ કાર્યના સંદર્ભમાં મળેલ પરિણામોને અન્ય શાળાના પરિપેક્ષ્યમાં ઉપયોગી બને અને પ્રયોગ કરનાર શિક્ષકને જિલ્લા કક્ષાએ એક પ્લેટફોર્મ મળે તે જરૂરી છે. આ બાબતને કેન્દ્રમાં રાખીને જી.સી.ઈ.આર.ટી.– ગાંધીનગર દ્વારા રાજ્યના વિવિધ જિલ્લાઓમાં લોકડાઉન દરમિયાન નાવિન્યસભર કાર્ય કરનાર શિક્ષકોનો વ્યક્તિ અભ્યાસ કરવાના આશયથી પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવામાં આવેલ હતો.

## 1.1 સમસ્યા કથન

**"માંગરોળ તાલુકામાં લોકડાઉન દરમિયાન શિક્ષકો દ્વારા થયેલ વિશેષ કામગીરીનો વ્યક્તિ અભ્યાસ"**

પ્રસ્તુત અભ્યાસનો હેતુ માંગરોળ તાલુકામાં લોકડાઉન દરમિયાન શિક્ષકો દ્વારા થયેલ વિશેષ કાર્યનું દસ્તાવેજીકરણ કરવાનો હતો. SSA દ્વારા દરેક તાલુકામાં શિક્ષકોની વિશેષ કામગીરીનો અહેવાલ તૈયાર કરવાની કામગીરી TPEO અને BRC –CO. ને સોંપવામાં આવેલ. જે કામગીરી અહેવાલનો ઉપયોગ પ્રસ્તુત સંશોધનમાં કરેલ છે.

## 1.2 અભ્યાસના હેતુઓ

1. માંગરોળ તાલુકામાં લોકડાઉન સમય દરમિયાન વિશેષ શૈક્ષણિક કામગીરી કરનાર શિક્ષકોની માહિતી મેળવવી.
2. વિશેષ શૈક્ષણિક કામગીરી કરનાર શિક્ષકોની કરેલી કામગીરી અહેવાલના આધારે તેમની કામગીરીનું અર્થઘટન કરવું.
3. વિશેષ શૈક્ષણિક કામગીરી કરનાર  શિક્ષકોની માહિતીને આધારે તારણો તારવવા.

## 1.3 સંશોધન પ્રકાર

પ્રસ્તુત સંશોધન શાળાઓના અનુલક્ષમાં હાથ ધરાયો હતો તેથી પ્રસ્તુત સંશોધન વ્યહારિક સંશોધન ગણી શકાય.

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે શિક્ષકોની શૈક્ષણિક અને અભ્યાસકીય પ્રવૃત્તિઓ, વિવિધ યોજનાઓ, વગેરે વિષે માહિતી મેળવવાની હતી. જેમાં પ્રયોજકે મુલાકાત પ્રશ્નો, તેમજ દસ્તાવેજો દ્વારા માહિતી મેળવી હતી, અને તેનું અર્થઘટન કરી ગુણાત્મક રીતે પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. તેથી પ્રસ્તુત સંશોધન ગુણાત્મક સંશોધન કહી શકાય.

## 1.4 અભ્યાસનું મહત્વ

- પસંદ થયેલ શિક્ષકોના વ્યક્તિ અભ્યાસ દ્વારા વિષયવસ્તુતેમજ PEDAGOGYના સંદર્ભમાં કાર્ય યોજના તૈયાર કરી શકશે.
- શિક્ષકો દ્વારા કરવામાં આવેલ પ્રયોગનુંઅમલીકરણ અન્ય શાળાના શિક્ષકો કરી શકે તે માટેની માહિતી ઉપલબ્ધ બનશે.
- શિક્ષકો દ્વારા કરવામાં આવેલ પ્રયોગમાં ઉપયોગમાં લેવાયેલ સાહિત્ય તેમજ તેની કાર્ય પદ્ધતિની નોંધ જિલ્લા તેમજ રાજ્ય કક્ષા સુધી લઈ જઈ શકાય.
- પ્રસ્તુત સંશોધન દ્વારા પસંદ થયેલ કૃતિનું દસ્તાવેજીકરણ થશે જેનો ઉપયોગ અન્ય શિક્ષકોને માર્ગદર્શનરૂપ બનશે.

## 1.5 અભ્યાસની મર્યાદા

- પ્રસ્તુત સંશોધનમાં માત્રવિશેષ કામગીરી કરેલ શિક્ષકોને જ વ્યક્તિ અભ્યાસ તરીકે પસંદ કરવામાં આવેલ છે.
- માહિતી એકત્રીકરણ માટે CRC, BRC અને કે.નિ., TPEO દ્વારા પસંદ થયેલ શિક્ષકોને જ વ્યક્તિ વિશેષના દસ્તાવેજીકરણમાં પસંદ કરેલ છે.

- પ્રસ્તુત અભ્યાસમાં શૈક્ષણિક વર્ષ 2020-21માંકરેલ કામગીરીને જ ધ્યાનમાં લેવામાં આવેલ છે.

**1.6 સંશોધનનું વ્યાપવિશ્વ**

વ્યાપવિશ્વ એટલે સમષ્ટિ એ એવી વિગતો, પાત્રો કે શકય અવલોકનોની સંખ્યા છે કે, જેમાંથી નમૂનો પસંદ થાય છે.પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે માંગરોળ તાલુકાની 111 શાળાના 602 શિક્ષકોનો એટલે કે તાલુકાના તમામ શિક્ષકોનો સમાવેશ થાય છે.

**1.7 નમૂના પસંદગી :**

આ સંશોધન માટે વર્ષ 2020-21 દરમિયાન તાલુકા કક્ષાએ લોકડાઉન દરમિયાન વિશેષ કામગીરી કરનાર 5 શિક્ષકોને નમૂના તરીકે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, બીઆરસી કો-ઓર્ડિનેટર અને સીઆરસી કો-ઓર્ડિનેટર દ્વારા પસંદ કરેલ હતા.

1.8 **સંશોધનનાં ક્ષેત્રો :**

પ્રસ્તુત અભ્યાસમાં સ્પષ્ટપણે કહી શકાય કે, પ્રસ્તુત અભ્યાસ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ તથા સર્જનાત્મક અને નાવિન્ય ક્ષેત્ર સાથે ખૂબ જ સંબંધિત હતું.

**1.9 ઉપકરણ વિગત :**

પ્રસ્તુત સંશોધનમાં વ્યક્તિ અભ્યાસ માટે પસંદ કરવામાં આવેલ માંગરોળ તાલુકાના વિશેષ કામગીરી કરનાર શિક્ષકો દ્વારા કરવામાં આવેલ પ્રયોગને ધ્યાનમાં રાખીને મુખ્ય બાબતો આધારિત માહિતીનું વર્ણન કરવામાં આવેલ. જેમાંવિશિષ્ટ કામગીરી કરનાર શિક્ષકોના નામ, શાળા, ધોરણ,વિષય, સમયગાળો,પદ્ધતિ-પ્રયુક્તિ, ઉપયોગિતા અને પરિણામ જેવા મુદ્દા આધારિત માહિતીનું એકત્રીકરણ કરવામાં આવેલ હતું.

**1.10 માહિતીનું એકત્રીકરણ:**

સંશોધનમાં સમાવિષ્ટ તાલુકામાં વિશિષ્ટ કામગીરી કરનાર શિક્ષકો પાસેથી વ્યક્તિ અભ્યાસ અર્થે સંશોધક દ્વારા ચર્ચા દ્વારા તેમજ કરેલ પ્રયોગના સંદર્ભમાં માહિતી મેળવવામાં આવેલ. આ ઉપરાંત પ્રવર્તમાન સમયમાં તેની શાળામાં તેની ઉપયોગીતાના સંદર્ભમાં માહિતી મેળવેલ. પ્રયોગના આધારો તેમજ તે અંગેના જરૂરી ફોટોગ્રાફ્સ પણ રજુ કરવામાં આવેલ. જેના આધારે માહિતીની રજૂઆત તેમજ પારદર્શકતાની ખાતરી કરી શકાય.

**1.11 માહિતી પૃથક્કરણ રીત :**

એકત્ર થયેલ માહિતીને યોગ્ય અંકશાસ્ત્રીય પદ્ધતિ થકી મૂલવણી એ સંશોધનના કાર્યનું મહત્વનું સોપાન ગણી શકાય. સંશોધક માટે પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ કેવી રીતે થઇ શકશે અને તારણો મેળવવા શું કરવું પડશે તે અંગેનો ખ્યાલ રાખવાનો થતો હોય છે. અહીં શિક્ષકોએ કરેલા કાર્યનું ગુણાત્મક પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

**1.12 તારણોઃ**

આ સંશોધનમાં માંગરોળ તાલુકામાં  લોકડાઉન દરમિયાનવિશેષ કામગીરી કરનાર શિક્ષકોની માહિતી મેળવવામાં આવી હતી અને આ માહિતીનું ગુણાત્મક પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.તેને આધારે દર્શાવ્યા મુજબના  તારણો પ્રાપ્ત થયા હતા.

- લિગારી નાહિદખાન નુરખાનભાઇ દ્વારાઅભ્યાસ નામની મોબાઇલ એપ બનાવવામાં આવી. જેમાં,ધોરણ 6 થી 8તમામ વિષયનુંઇ-કન્ટેન્ટ  મૂકવામાં આવેલ છે.જેમાં, ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સામાજિક વિજ્ઞાન, વિજ્ઞાન અને ગણિત માટે 298ટેક્ષબુકનાં ચેપ્ટર, 311 વિડીયો, 157 એમ.સી.કયૂ, 5૨ જેટલા મોડેલ પેપર આપેલા છે.
- ભાવિક હરેશભાઇ જોષી દ્વારા ધોરણ 3-8 અને બધા વિષય અંતર્ગત વિષયવસ્તુને અનુસંધાને 50 જેટલા વિડીયો બનાવેલછે.
- જોરા વિજયકુમાર કાનજીભાઈ **દ્વારા** youtube ચેનલ બનાવેલી છે જેમાં સામાજિક વિજ્ઞાન ધોરણ6 થી 8 ના અત્યાર સુધીમાં કુલ બંને સત્રના થઈને ચાલીસ જેટલા વિડિયો બનાવેલા છે. લોકડાઉનના સમયગાળા દરમિયાન પેન્સિલઆર્ટ દ્વારા મહાનુભાવો તેમજ તહેવારોને અનુરુપ તેમજ કોરોના માટે જાગૃતિ ફેલાવવા ચિત્રો બનાવેલાછે.
- ભરત ડી. ચાવડાદ્વારાYoutube માધ્યમ દ્વારાસામાજિક વિજ્ઞાન અને સર્વાંગી શિક્ષણ જેવા વિષયોના શૈક્ષણિક મુદ્દાઓને આવરી લઈ મોબાઈલમાં વિડીયો શુટીંગ કરી અને Bharat chavda નામની youtube ચેનલ બનાવવામાં આવી.
- મકવાણા નારણભાઈ એચ.દ્વારા સી.આર.સી.તરીકે ઓનલાઈન વર્ચ્યુઅલ લાઇવ ક્લાસ, વોટ્સએપ ગ્રુપ, દુરદર્શન અને બાયસેગ દ્વારા શિક્ષણ,ઘર શિક્ષણ અને શેરી શિક્ષણ, દત્તક શિક્ષણ, સ્વયં શિક્ષણ, ઘર બેઠા સ્પર્ધાઓ અને ઉજવણીઓઅને કોરોના સમયે સહ અભ્યાસિક શૈક્ષણીક પ્રવૃતિઓ માટે કાલેજ ક્લસ્ટરના તમામ આચાર્ય અને શિક્ષકો સાથે સારી રીતે સંકલન કરી અસરકારક કામગીરી કરી શક્યા.

આ ઉપરાંત મળેલ માહિતીનું ગુણાત્મક પૃથક્કરણ કરતા નીચેની વિગતો જોવા મળી.

- માંગરોળ તાલુકામાં પ્રાથમિક શાળાના છ શિક્ષકોની કામગીરી વિશેષ જોવા મળી હતી.
- પ્રાથમિક શાળામાં સહ-અભ્યાસિક પ્રવૃતિના સંદર્ભમાં વિશેષ કામ થયેલું છે.
- ચાર શિક્ષકોએ યુ-ટ્યુબ ચેનલ પર વિદ્યાર્થીઓ માટે વિષયવસ્તુ સબંધિત વિડીયો અપલોડ કરેલા છે.
- શિક્ષકોની વિશેષ કામગીરી online મોડમાં વધુ થયેલ છે.
- મોટાભાગના શિક્ષકોના કાર્યની ઉપયોગિતા અને વિસ્તૃતીકરણ શાળા પૂરતું મર્યાદિત ન અન્ય શિક્ષકો અને વાલીઓ પણ તેનો ઉપયોગ કરી શકે છે.
- એક શિક્ષક દ્વારા યુ-ય્યુબ ચેનલ પર એપ બનાવેલ છે. જે કોઇ પણ માટે ઉપયોગી છે.જેમણેટોય ફેસ્ટીવલમાં રાજ્ય કક્ષાએ સ્થાન પ્રાપ્ત કરેલ છે.

## 1.13 ભાવિ સંશોધન અંગેની ભલામણોઃ-

પ્રયોજકે આ અભ્યાસના સંદર્ભમાં ભાવિ સંશોધન અંગેની ભલામણો રજૂ કરી છે. જેમકે...

- પ્રસ્તુત સંશોધન માંગરોળ તાલુકા પર છે  અન્ય તાલુકા માટે આ સંશોધન કરી શકાય.
- આ પ્રકારે વિશિષ્ટ કામગીરી કરનાર આચાર્ય, CRC CO., BRC CO. પર આ પ્રકારે સંશોધન કરી શકાય.

## 1.14 શૈક્ષણિક ફલિતાર્થો :-

- વિજ્ઞાન અને ગણિત જેવા કઠિન વિષયોમાં પ્રયોગો દ્વારા શિક્ષણ આપવું અસરકારક રહે છે.
- ઉત્તમ કામ કરતા શિક્ષકોની નોંધ લઈ શકાય.
- વિશેષ કામ કરતા શિક્ષકોનો દસ્તાવેજ તૈયાર થયો.
- વિદ્યાર્થીઓની રસ-રૂચિ અને જરૂરીયાતને અનુરૂપ કાર્ય આપી વધુ અસરકારક પરિણામો મેળવી શકાય.
- વિદ્યાર્થીઓ ઓપન સોર્સનો સંદર્ભ તરીકે ઉપયોગ કરી શિક્ષણ કાર્ય મેળવી શકે.

**સંશોધકનું નામ- ડો.એમ.વાય.વ્યાસ, લેકચરર ડાયેટ –જૂનાગઢ**

**વર્ષ-2020-21**

**શીર્ષક- જૂનાગઢ જિલ્લામાં વર્ષ 202-21 દરમ્યાન આયોજિત ઇનોવેશન ફેસ્ટીવલમાં પસંદ થયેલ કૃતિઓનો વ્યક્તિ અભ્યાસ**

## 1.0 પ્રાસ્તાવિક

ઇનોવેશન ફેસ્ટીવલ એટલે.... જેમાં શિક્ષકો શિક્ષણમાં નાવીન્યપૂર્ણ અભિગમ અપનાવીને અભ્યાસક્રમ શીખવતાં હોય છે તે પ્રયોગોનું સાધન-સામગ્રી સાથે નિદર્શન. આપણા જિલ્લાની ભૌગોલિક-સામાજિક-પર્યાવરણ કે પ્રાદેશિક વાતાવરણને અનુરુપ શિક્ષકો જે નવતર પ્રયોગો કરીને ગુણવતા સુધારણા કાર્યક્રમમાં અને બાળકના સર્વાંગિક વિકાસમાં પ્રાણ પૂરવાની પ્રવૃતિઓ કરેલ છે તે કામગીરીનું નિદર્શન અને પ્રદર્શન ઇનોવેશન ફેસ્ટીવલમાં થાય છે. આવા, જ વર્ષ 2020-21 તાલુકા અને જિલ્લા કક્ષાના ઇનોવેશન ફેસ્ટીવલ પૂર્ણ કરેલ છે. આ જિલ્લા કક્ષાના પૂર્ણ કરેલા ઇનોવેશન ફેસ્ટીવલમાં પસંદ થયેલા ઇનોવેટીવ શિક્ષકોએ કરેલા કાર્યની કામગીરીના દસ્તાવેજીકરણ માટે પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવેલ હતું.

## 1.1 સમસ્યાકથન

**" જૂનાગઢ જિલ્લામાં વર્ષ 202-21 દરમ્યાન આયોજિત ઇનોવેશન ફેસ્ટીવલમાં પસંદ થયેલ કૃતિઓનો વ્યક્તિ અભ્યાસ"**

પ્રસ્તુત અભ્યાસનો હેતુ જૂનાગઢ જિલ્લા કક્ષાએ ઇનોવેશન ફેસ્ટીવલમાં પસંદ થયેલ ઇનોવેટીવ ટીચર તરીકે કાર્ય કરતા શિક્ષકોએ કરેલ કાર્યનું દસ્તાવેજીકરણ કરવાનો હતો. તેના સંદર્ભે માહિતી મેળવવા માટે એક ફોર્મેટ તૈયાર કરવામાં આવ્યું હતું અને તેના સંદર્ભે ઇનોવેટીવ ટીચરે કરેલા કાર્યની માહિતી મેળવવામાં આવી હતી.

## 1.2 અભ્યાસના હેતુ

1. જૂનાગઢ જિલ્લામાં વર્ષ 202-21 દરમ્યાન આયોજિત ઇનોવેશન ફેસ્ટીવલમાં કૃતિ રજૂ કરનાર શિક્ષકોની માહિતી મેળવવી.
2. ઇનોવેટીવ ટીચરે કરેલી કામગીરી અંગે માહિતી મેળવવી..
3. ઇનોવેટીવ ટીચરે કરેલી કામગીરીના અહેવાલના આધારે તેમની કામગીરીનું અર્થઘટન કરવું.

4. ઇનોવેટીવ કામગીરી કરનાર શિક્ષકોની માહિતીને આધારે તારણો તારવવા.

### 1.3 સંશોધન પ્રકાર

પ્રસ્તુત સંશોધન શિક્ષકોના અનુલક્ષમાં હાથ ધરાયો હતો તેથી પ્રસ્તુત સંશોધન વ્યવહારિક સંશોધન ગણી શકાય. પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે શિક્ષકોની શૈક્ષણિક અને અભ્યાસકીય પ્રવૃત્તિઓ, વિવિધ યોજનાઓ, વગેરે વિષે માહિતી મેળવવાની હતી. જેમાં પ્રયોજકે મુલાકાત પ્રશ્નો, તેમજ દસ્તાવેજો દ્વારા માહિતી મેળવી હતી, અને તેનું અર્થઘટન કરી ગુણાત્મક રીતે પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. તેથી પ્રસ્તુત સંશોધન ગુણાત્મક સંશોધન કહી શકાય.

### 1.4 અભ્યાસનું મહત્વ

- પસંદ થયેલ ઈનોવેટીવ શિક્ષકોના વ્યક્તિ અભ્યાસ દ્વારા વિષયવસ્તુ તેમજ PEDAGOGY ના સંદર્ભમાં કાર્યયોજના તૈયાર કરી શકશે.
- ઈનોવેટીવ શિક્ષકો દ્વારા કરવામાં આવેલ નવતર પ્રયોગનું અમલીકરણ અન્ય શાળાના શિક્ષકો કરી શકે તે માટેની માહિતી ઉપલબ્ધ બનશે.
- ઈનોવેટીવ શિક્ષકો દ્વારા કરવામાં આવેલ નવતર પ્રયોગમાં ઉપયોગમાં લેવાયેલ સાહિત્ય તેમજ તેની કાર્ય પદ્ધતિની નોંધ જિલ્લા તેમજ રાજ્ય કક્ષા સુધી લઈ જઈ શકાય.
- પ્રસ્તુત સંશોધન દ્વારા ઇનોવેશન ફેસ્ટીવલમાં પસંદ થયેલ કૃતિનું દસ્તાવેજીકરણ થાશે જેનો ઉપયોગ અન્ય શિક્ષકોને માર્ગદર્શકરુપ બનશે.

### 1.5 અભ્યાસની મર્યાદા

- પ્રસ્તુત સંશોધનમાં માત્ર ઇનોવેટીવ શિક્ષકો દ્વારા કરવામાં આવેલ નવતર પ્રયોગને જ વ્યક્તિ અભ્યાસ તરીકે પસંદ કરવામાં આવેલ છે.
- માહિતી એકત્રીકરણ માટે જિલ્લા કક્ષાએથી તૈયાર કરવામાં આવેલ બુકલેટને તેમજ શિક્ષકોના રાઇટઅપને આધાર તરીકે પસંદ કરેલ છે.

7. પ્રસ્તુત અભ્યાસમાં શૈક્ષણિક વર્ષ 2020-21માં જિલ્લા કક્ષાએ પસંદ થયેલ ઇનોવેશનને જ ધ્યાનમાં રાખવામાં આવેલ છે.

### 1.6 સંશોધનનું વ્યાપવિશ્વ

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે જૂનાગઢ જિલ્લાના તમામ ઇનોવેટીવ શિક્ષકોનો સમાવેશ થાય છે.

**1.7 નમૂના પસંદગી :**

આ સંશોધનમાં સંશોધકે સહેતુક નમૂના પ્રયુકિતથી નમૂનો (નિદર્શ) પસંદ કરેલ છે. આ સંશોધન માટે વર્ષ 2020-21 દરમ્યાન જિલ્લા કક્ષાએ ભાગ લેનાર કુલ 37 ઇનોવેટીવ શિક્ષકો પૈકી જિલ્લાકક્ષાએ પસંદ થયેલ પ્રાથમિક વિભાગના 3 અને માધ્યમિક શાળાની 2 કૃતિને એટલે કે પાંચ શિક્ષકોને નમૂના તરીકે પસંદ કરેલ હતા.

**1.8 સંશોધનનાં ક્ષેત્રો :**

પ્રસ્તુત અભ્યાસ શિક્ષણમાં સર્જનાત્મક અને નાવિન્ય વિષયક સંશોધન ક્ષેત્ર સાથે ખૂબ જ સંબંધિત હતું.

**1.9 સંશોધન પદ્ધતિ :**

પ્રસ્તુત સંશોધનમાં વ્યક્તિ અભ્યાસ પદ્ધતિનો ઉપયોગ કરેલ છે.

**1.10 ઉપકરણ વિગત :**

પ્રસ્તુત સંશોધનમાં વ્યક્તિ અભ્યાસ માટે પસંદ કરવામાં આવેલ જૂનાગઢ જિલ્લાના ઈનોવેટીવ શિક્ષકો દ્વારા કરવામાં આવેલ નવતર પ્રયોગને ધ્યાનમાં રાખીને મુખ્ય બાબતો આધારિત માહિતીનું વર્ણન કરવામાં આવેલ. જેમાં વિશિષ્ટ કામગીરી કરનાર શિક્ષકોના નામ, શાળા, ધોરણ, વિષય, સમયગાળો, પદ્ધતિ-પ્રયુક્તિ, ઉપયોગિતા અને પરિણામ જેવા મુદ્દા આધારિત માહિતીનું એકત્રીકરણ કરવામાં આવેલ હતું.

**1.11 માહિતીનું એકત્રીકરણ:**

સંશોધનમાં સમાવિષ્ટ ઇનોવેટીવ શિક્ષકો પાસેથી વ્યક્તિ અભ્યાસ અર્થે સંશોધક દ્વારા ઈનોવેટિવ શિક્ષકો સાથે ચર્ચા દ્વારા તેમજ કરેલ નવતર પ્રયોગના સંદર્ભમાં માહિતી મેળવવામાં આવેલ. આ ઉપરાંત પ્રવર્તમાન સમયમાં તેની શાળામાં તેની ઉપયોગિતાના સંદર્ભમાં માહિતી મેળવેલ. ખાસ કરીને નવતર પ્રયોગના આધારો તેમજ તે અંગેના જરૂરી ફોટોગ્રાફ્સ પણ રજુ કરવામાં આવેલ. જેના આધારે માહિતીની રજૂઆત તેમજ પારદર્શકતાની ખાતરી કરી શકાય.

**1.12 પ્રાપ્ત માહિતી :**

પ્રસ્તુત અભ્યાસમાં જિલ્લા કક્ષાએ ઇનોવેશન ફેસ્ટીવલમાં પસંદગી પામનાર પાંચ શિક્ષકોના અહેવાલ મળેલા. આ પાંચ શિક્ષકોના અહેવાલને જ નમુના તરીકે લેવામાં આવ્યા છે.

**1.13 માહિતી પૃથક્કરણ રીત :**

એકત્ર થયેલ માહિતીને યોગ્ય અંકશાસ્ત્રીય પદ્ધતિ થકી મૂલવણી એ સંશોધનના કાર્યનું મહત્વનું સોપાન ગણી શકાય. સંશોધક માટે પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ કેવી રીતે થઇ શકશે અને તારણો મેળવવા શું કરવું પડશે તે અંગેનો ખ્યાલ રાખવાનો થતો હોય છે. અહીં શિક્ષકોએ કરેલા કાર્યનું ગુણાત્મક પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

**1.14 તારણોઃ**

આ સંશોધનમાં ઇનોવેટીવ શિક્ષકોના કરેલા કાર્યની ગુણાત્મક માહિતી મેળવવામાં આવી હતી અને તેને આધારે નીચેના તારણો પ્રાપ્ત થયા હતા.

- ❖ વંથલી તાલુકાના મારવાણિયા કૃણાલકુમાર જયંતિલાલ **દ્વારા ઘરે** શીખીએ - ઘરે શીખવીએ (COVID-19 મહામારી દરમ્યાન ONLINE) નવતર પ્રયોગ કર્યો. YouTube પરની બે ચેનલોમાં ધોરણ 3 થી 8ના DIKSHA પર, Vidhyadan પર 372 જેટલા બનાવેલા કુલ વિડીયો મૂક્યાં જેનો ઉપયોગ વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોએ કર્યો. National કક્ષાએ NEP-20 ના 2 મિનિટના શોર્ટફિલ્મ માટે રાષ્ટ્રીય સ્તરે પ્રથમ ક્રમાંક મેળવ્યું.
- ❖ લિગારી નાહિદખાન નુરખાનભાઇ દ્વારા થયેલ કાર્યમાં અભ્યાસ નામની મોબાઇલ એપ બનાવવામાં આવી, જેમાં ધોરણ 6 થી 8ના તમામ વિષયનું ઇ-કન્ટેન્ટ છે. જેમાં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સામાજિક વિજ્ઞાન, વિજ્ઞાન અને ગણિત માટે 298 ટેક્ષબુકનાં ચેપ્ટર, 311 વિડીયો, 157 એમ.સી.ક્યૂ, 5ર જેટલા મોડેલ પેપર આપેલા છે.
- ❖ દિપ્તીબેન દ્વારા ઘરે રહીને પણ વિદ્યાર્થીઓ અભ્યાસ અને સહ અભ્યાસ પ્રવૃતિઓમાં પ્રવૃત રહે તેવા જુદાં જુદાં પ્રયત્નો કરેલા છે. આસપાસમાંથી મળી રહે તેવી વસ્તુમાંથી વિદ્યાર્થીઓને ગણિત અને વિજ્ઞાનના જાતે પ્રયોગો કરતાં કરવા એ વિશિષ્ટ કામગીરી છે.
- ❖ **માધ્યમિક વિભાગમાંથી પૂર્વેશ નંદલાલ પાવાગઢી દ્વારા** ધોરણ 9 અને 10 માં 877 ઓનલાઈન લાઇવ ક્લાસINSTAGRAM પર આપ્યા છે અને તે બધા વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન પ્રાપ્ય છે. તેમજ, દરેક મુખ્ય વિષયની બે ઓનલાઈન ગુગલ ટેસ્ટ તૈયાર કરી અને વિદ્યાર્થીઓને આપી. આ ટેસ્ટ સીમિત ન રાખતા વોટ્સ અપ દ્વારા રાજ્યના તમામ આચાર્યો અને શિક્ષકોના ગ્રુપમાં મૂકી.
- ❖ મીરાબેન દ્વારા ગણિત અને વિજ્ઞાનમાં પ્રયોગો દ્વારા શિક્ષણ અને રસ રુચિને અનુરૂપ પ્રોજેક્ટ કાર્ય સોંપણી વિશિષ્ટ રીતે કરેલ છે.

**આ ઉપરાંત નીચે મુજબના તારણો પણ મેળવી શકયા.**

- જૂનાગઢ જિલ્લામાં ઇનોવેશન ફેસ્ટીવલમાં પસંદ થયેલ પાંચ શિક્ષકોમાંથી કુલ બે શિક્ષકો ભેસાણ તાલુકામાંથી પસંદ પામ્યા હતા.
- પ્રાથમિક શાળામાં ધો. 6 થી 8 ના કાર્યક્ષેત્રમાં વિશેષ કામ થયેલું છે. માધ્યમિક શાળામાં ધો. 9 થી 10માં કાર્ય થયેલ છે.
- વિશેષ કામગીરી ગણિત અને વિજ્ઞાન વિષયમાં થયેલ છે. જેમાં ત્રણ શિક્ષકોની ગણિત અને વિજ્ઞાનમાં અને બે શિક્ષકોની દરેક વિષયને ધ્યાને રાખીને કામગીરી થયેલ છે.
- શિક્ષકોની વિશેષ કામગીરી online મોડમાં વધુ થયેલ છે.
- બે શિક્ષકોએ યુ ટ્યુબ ચેનલ પર એપ્લીકેશન બનાવી છે. જે કોઇ પણ માટે ઉપયોગી છે.
- મોટાભાગના શિક્ષકોના કાર્યની ઉપયોગિતા અને વિસ્તૃતીકરણ શાળા પુરતું મર્યાદિત ન રહેતા અન્ય શિક્ષકો અને વાલીઓ પણ તેનો ઉપયોગ કરી શકે છે.
- પાંચ ઇનોવેશન પૈકી એક ઇનોવેશન મૂલ્યાંકન સબંધી કરવામાં આવેલ છે
- પાંચ ઇનોવેટીવ શિક્ષકોમાંથી બે શિક્ષકો આચાર્ય અને ત્રણ શિક્ષકો આ. શિ. તરીકે ફરજ બજાવે છે.

**1.15 ભાવિ સંશોધન અંગેની ભલામણોઃ-**

- પ્રસ્તુત સંશોધન જૂનાગઢ જિલ્લાના શિક્ષકો પર છે અન્ય જિલ્લા માટે આ સંશોધન કરી શકાય.
- આ પ્રકારે ઇનોવેટીવ કામગીરી કરનાર આચાર્ય, CRC CO., BRC CO. પર આ પ્રકારે સંશોધન કરી શકાય.
- પ્રસ્તુત સંશોધન ખાનગી શાળાના ઇનોવેશન કરતા શિક્ષકો માટે પણ હાથ ધરી શકાય.

**1.16 શૈક્ષણિક ફલિતાર્થો :-**

- વિજ્ઞાન અને ગણિત જેવા કઠિન વિષયોમાં પ્રયોગો દ્વારા શિક્ષણ આપવું જોઈએ.
- ઇનોવેશન કરનાર શિક્ષકોનો દસ્તાવેજ તૈયાર થયો.
- વિદ્યાર્થીઓની રસ-રૂચિ અને જરૂરિયાતને અનુરૂપ કાર્ય આપી વધુ અસરકારક પરિણામો મેળવી શકાય.
- વિદ્યાર્થીઓ ઓપન સોર્સનો સંદર્ભ તરીકે ઉપયોગ કરે તો સમજમા વધારો થાય

**સંશોધકનું નામ- ડો.એમ.વાય.વ્યાસ, લેકચરર ડાયેટ –જૂનાગઢ**

**વર્ષ-2020-21**

**શીર્ષક- માંગરોળ અને મેંદરડા તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોના વ્યવસાય સંતોષનો અભ્યાસ**

## 1.0 પ્રાસ્તાવિક

ભારતીય સંસ્કૃતિમાં જીવનને ચાર અવસ્થામાં વહેચવામાં આવેલ છે. જેમાં પ્રથમ ત્રીસ વર્ષનો ગાળો બ્રહ્મચર્યાશ્રમ વિદ્યાભ્યાસનો ગણવામાં આવે છે. જે સમયગાળામાં વ્યક્તિએ અભ્યાસ કરવાનો હોય છે. ત્યારપછીનો સમય ગૃહસ્થાશ્રમ કે જે સમયગાળામાં વ્યક્તિએ સામાજિક અને આર્થિક જવાબદારીઓ નિભાવવાની હોય છે. આર્થિક જવાબદારી માટે કોઈ વ્યવસાય કે ધંધા કે નોકરીમાં જોડાવું પડે છે. આ માટે વ્યક્તિ પોતાની યોગ્યતા મુજબ વ્યવસાય પસંદ કરે છે. વ્યવસાય પસંદ કર્યા બાદ તેને તેના વ્યવસાયથી સંતોષ પ્રાપ્ત થાય છે કે કેમ? તે બાબત ઘણી જ અગત્યની બની રહે છે, કારણ કે તેના પર જ તેની આર્થિક અને સામાજિક બાબતો સંકળાયેલી હોય છે.

RIGHT MAN FOR RIGHT JOB – આ વિધાન આજે યથાર્થ થતું નથી કારણ કે, જેટલી જોબ પ્લેસ હોય છે. તેના કરતા બે કે ત્રણ ગણા અરજદાર હોય છે. સાથે જ વ્યક્તિ પોતે પણ એ જાણતી નથી હોતી કે, તેને કયો વ્યવસાય ગમશે. આ સંજોગોમાં વ્યક્તિએ જે વ્યવસાય મળે તે સ્વીકારી લેવું પડે, એવું બને છે. વ્યવસાય સંતોષ વ્યક્તિના જીવન સાથે સંકળાયેલો છે. તેથી શાળાઓના શિક્ષકો સાથે સંકળાયેલા પ્રયોજકએ શિક્ષકોને પોતાના વ્યવસાયથી સંતોષ છે કે કેમ ? તે જાણવા માટે પ્રસ્તુત સંશોધનકાર્ય હાથ ધરવાનું નક્કી કર્યું.

## 1.1 સમસ્યા કથન

પ્રસ્તુત અભ્યાસની સમસ્યાના શીર્ષકને પ્રયોજકે આ મુજબ શબ્દબદ્ધ કર્યું હતું.

**માંગરોળ અને મેંદરડા તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકોના વ્યવસાય સંતોષનો અભ્યાસ**

પ્રયોજકે પ્રસ્તુત અભ્યાસના ભાગરૂપે જૂનાગઢ જિલ્લાની માંગરોળ અને મેંદરડા તાલુકાની વર્ષ 2020 - 21 ના શિક્ષકોના વ્યવસાય સંતોષ અંગે અભ્યાસ હાથ ધર્યો હતો.

## 1.2 અભ્યાસના હેતુઓ

પ્રસ્તુત સંશોધન માટે પ્રયોજકે આ પ્રમાણે હેતુઓ નક્કી કર્યા હતા. જે હેતુઓને લક્ષમાં રાખીને પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

6. પ્રાથમિક શાળાના શિક્ષકોની વ્યવસાય સંતોષ માપન માટે 'વ્યવસાય સંતોષ માપદંડ'ની સંરચના કરવી.
7. પ્રાથમિક શાળાના શિક્ષકોના 'વ્યવસાય સંતોષ માપદંડ'નો અભ્યાસ કરવો.
8. પ્રાથમિક શાળાના શિક્ષકોની લાયકાત અનુસાર વ્યવસાય સંતોષ અંગેનો અભ્યાસ કરવો.
9. પ્રાથમિક શાળાના શિક્ષકોની જાતીયતા અનુસાર વ્યવસાય સંતોષ જાણવો.
10. પ્રાથમિક શાળાના શિક્ષકોના સ્ટાફ (પુરતો-અપૂરતો)અનુસાર વ્યવસાય સંતોષનું માપન કરવું .

## 1.3 સંશોધનની ઉત્કલ્પના

પ્રયોજકે નીચે પ્રમાણેની વિધાન સ્વરુપે ઉત્કલ્પના રચી હતી.

પ્રાથમિક શાળાના શિક્ષકોનો વ્યવસાય સંતોષ સંબંધી વિધાનો અંગે ચોકકસ અભિપ્રાય હશે. પ્રયોજકે નીચે પ્રમાણે પ્રશ્ન સ્વરુપે ઉત્કલ્પના રચી હતી.

1. માંગરોળ અને મેંદરડા તાલુકાના શિક્ષકોનો વ્યવસાય સંતોષ કેટલો હશે?
2 .પ્રાથમિક શાળાના પી.ટી.સી. થયેલા શિક્ષકોનો સરેરાશ વ્યવસાય સંતોષ કેટલો હશે ?
3. પ્રાથમિક શાળાના બી.એડ. થયેલા શિક્ષકોનો સરેરાશ વ્યવસાય સંતોષ કેટલો હશે ?
4. પ્રાથમિક શાળાના પુરુષ શિક્ષકોનો સરેરાશ વ્યવસાય સંતોષ કેટલો હશે?
5. પ્રાથમિક શાળાના સ્ત્રી શિક્ષકોનો સરેરાશ વ્યવસાય સંતોષ કેટલો હશે?
6. પ્રાથમિક શાળાના પુરતો સ્ટાફ ધરાવતી શાળાના શિક્ષકોનો સરેરાશ વ્યવસાય સંતોષ કેટલો હશે?
7. પ્રાથમિક શાળાના અપુરતો સ્ટાફ ધરાવતી શાળાના શિક્ષકોનો સરેરાશ વ્યવસાય સંતોષ કેટલો હશે?

પ્રસ્તુત અભ્યાસના હેતુઓના સંદર્ભમાં પ્રયોજકે નીચે પ્રમાણે શૂન્ય ઉત્કલ્પનાઓ રચી હતી.

1. પ્રાથમિક શાળાના શિક્ષકોના અભ્યાસ અનુસાર વ્યવસાય સંતોષના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

2. પ્રાથમિક શાળાના શિક્ષકોની જાતીયતા(પુરુષ અને સ્ત્રી) અનુસાર તેઓની વ્યવસાય સંતોષના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

3. પ્રાથમિક શાળાના શિક્ષકોની શાળામાં સ્ટાફની સંખ્યા (પુરતો-અપૂરતો) અનુસાર તેઓની વ્યવસાય સંતોષના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

## 1.4 સંશોધનનું ક્ષેત્ર

પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક શાળાના શિક્ષકોની વ્યવસાય સંતોષનો અભ્યાસ કરવાનો હોવાથી, પ્રસ્તુત અભ્યાસનું ક્ષેત્ર 'મનોવિજ્ઞાન' અને 'પ્રાથમિક શિક્ષણ' નામનાં સંશોધન ક્ષેત્રમાં સમાવિષ્ટ કરી શકાય.

## 1.5 સંશોધન પ્રકાર

પ્રસ્તુત સંશોધનમાં વ્યવસાય સંતોષ માપદંડની સંરચના કરવામાં આવી હતી. જે વ્યવહારમાં શિક્ષકો તેમજ ભાવી સંશોધકોને વ્યવસાય સંતોષના માપનમાં ઉપયોગી નીવડી શકે. આથી પ્રસ્તુત સંશોધન એ વ્યાવહારિક સંશોધન હતું. પૃથક્કરણની દ્રષ્ટીએ આ સંશોધન "સંખ્યાત્મક " પ્રકારનું હતું.

## 1.6 અભ્યાસમાં સમાવિષ્ટ ચલો

1. સ્વતંત્ર ચલ : બીજા કોઈ ચલમાં પરિવર્તન આણવા માટે તે કોઈ એક ચલમાં પરિવર્તન આણે છે કે, તેનું નિયમન કરે છે, તેને સ્વતંત્ર ચલ કહેવામાં આવે છે. અર્થાત સ્વતંત્ર ચલ એ અસર કરનાર ચલ છે. પ્રસ્તુત અભ્યાસમાં સ્વતંત્ર ચલ તરીકે નીચેના ચલોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

1.1 અભ્યાસ : અભ્યાસની બે કક્ષાઓ આ મુજબ હતી. – PTC અને B.ED.

1.2 જાતીયતા : જાતીયતાની બે કક્ષાઓ આ મુજબ હતી. - સ્ત્રી અને પુરુષ.

1.3 સ્ટાફ : સ્ટાફ અંગેની બે કક્ષાઓ આ મુજબ હતી. પુરતો અને અપૂરતો

2. પરતંત્ર ચલ : " સ્વતંત્ર ચલમાં આવતા બદલાવ સાથે જે ચલમાં પણ બદલાવ આવે, તેને પરતંત્ર ચલ કહેવામાં આવે છે."પ્રસ્તુત અભ્યાસમાં વ્યવસાય સંતોષ એ પરતંત્ર ચલ હતો.

3. અંકુશિત ચલ : "એ ચલ કે જેમની અસરને તટસ્થ કે અંકુશિત કરવામાં આવે છે, તેને અંકુશિત ચલ કહેવામાં આવે છે.

પ્રસ્તુત અભ્યાસમાં અંકુશિત ચલો આ પ્રમાણે હતા.

3.1 વિસ્તાર

3.2 શાળાનું પર્યાવરણ

3.3 શાળા પ્રકાર

4. આંતરવર્તી ચલ : "કેટલાક ચલોની અસર કાલ્પનિક હોય છે. તેવો પરતંત્ર ચલ પર અસર કરે છે. એવું અનુમાન બાંધી શકાય તેવો અમુર્ત હોય છે. આવા ચલને આંતરવર્તી ચલ કહે છે." પ્રસ્તુત અભ્યાસમાં આંતરવર્તી ચલ તરીકે અભિરુચિ તેમજ વલણનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

## 1.7 અભ્યાસની અગત્ય

કોઈ પણ સંશોધન તેની આગવી અગત્ય ધરાવતું હોય છે. આ માટે પ્રસ્તુત સંશોધનનું મહત્વ આ મુજબ દર્શાવી શકાય.

1. પ્રસ્તુત અભ્યાસ દ્વારા રચવામાં આવેલ 'વ્યવસાય સંતોષ માપદંડ' દ્વારા શિક્ષકોનો વ્યવસાય સંતોષ માપી શકાશે.
2. પ્રયોજક દ્વારા રચવામાં આવેલ ઉપકરણ ભાવિ સંશોધકોને અભ્યાસ માટે યોગ્ય માર્ગદર્શન પૂરું પાડી શકશે.
3. પ્રાથમિક શાળાના શિક્ષકોને તેમના વ્યવસાયથી કેટલો સંતોષ છે તે જાણી શકાશે.
4. શિક્ષકોની વ્યવસાય સંતોષ પર જાતીયતાની અસર જાણી શકાશે.

## 1.8 સંશોધનનો વ્યાપ

1. પ્રયોજકે વ્યાપવિશ્વ તરીકે જૂનાગઢ જિલ્લાની માંગરોળ અને મેંદરડા તાલુકાના પ્રાથમિક શિક્ષકોનો જ સમાવેશ કર્યો હતો.
2. પ્રસ્તુત સંશોધન સને. 2020-21માં હાથ ધરવામાં આવ્યું હતું.

## 1.9 અભ્યાસની મર્યાદાઓ

પ્રસ્તુત અભ્યાસની મર્યાદા આ પ્રમાણે હતી.

1. પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે વ્યવસાય સંતોષ માપદંડ જાતે બનાવ્યું હતું. જેથી સ્વ-રચિત ઉપકરણનો ઉપયોગ કરેલ છે.

2. વ્યવસાય સંતોષ જાણવા માટે સ્વરચિત વ્યવસાયસંતોષ માપદંડમાં દર્શાવેલ વિધાનો જ ધ્યાનમાં લેવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત વ્યવસાય સંતોષ પ્રત્યે અન્ય માપદંડ પણ હોઈ શકે.
3. પ્રસ્તુત અભ્યાસમાં જૂનાગઢ જિલ્લાની માંગરોળ અને મેંદરડા તાલુકાની જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાના શિક્ષકો પૂરતો માર્યાદિત કરવામાં આવ્યો હતો.
4. પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક શાળાનાં વર્ષ 2020-21માં અધ્યાપનકાર્યમાં કાર્યરત શિક્ષકોનો જ સમાવેશ કરવામાં આવ્યો હતો.

## 1.10 વ્યાપવિશ્વ

પ્રસ્તુત અભ્યાસનાં વ્યાપવિશ્વમાં જૂનાગઢ જિલ્લાની માંગરોળ અને મેંદરડા તાલુકાની પ્રાથમિક શાળામાં શૈક્ષણિક વર્ષ 2020-21 દરમિયાન અધ્યાપન કાર્ય કરાવતા શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આમ, કુલ 156 શાળાઓના 876 શિક્ષકો વ્યાપવિશ્વમાં સમાવિષ્ટ હતાં.

## 1.11 નમૂના પસંદગી

આ સંશોધનમાં સંશોધકે વ્યાપવિશ્વના તમામ પાત્રોને નમૂનામાં સમાવેશ કર્યો હતો. કારણ કે માહિતી પ્રાપ્તિ ટેકનોલોજી દ્વારા હતી. અહીં વ્યાપવિશ્વ એ જ નમૂનો છે.

## 1.12 સંશોધનનાં ક્ષેત્રો :

પ્રસ્તુત સંશોધન પ્રાથમિક શિક્ષણ ક્ષેત્ર સાથે જોડાયેલું છે.

## 1.13 સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસમાં જૂનાગઢ જિલ્લાની પ્રાથમિક શાળાના શિક્ષકોની વ્યવસાય સંતોષ પ્રત્યેની પ્રવર્તમાન સ્થિતિ જાણવાની હોવાથી સંશોધકે સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

## 1.14 ઉપકરણ વિગત :

પ્રયોજકે પ્રસ્તુત સંશોધનમાં વ્યવસાય સંતોષ માપદંડમાં પ્રતિચાર આપનાર શિક્ષકની સામાન્ય માહિતી અને કેટલીક સૂચનાઓ આપવામાં આવી હતી. ત્યારબાદ 30 વિધાનો આપવામાં આવ્યા હતા. જેમાં "હા" કે "ના" વિકલ્પ પસંદ કરવાનો હતો. જેમાં વિધાન નં. 4, 11, 16, 18, 23, 27, 28, 30 નકાર વિધાનો મુકવામાં આવેલા હતા.

## 1.15 માહિતીનું એકત્રીકરણ

પ્રયોજકે વ્યવસાય સંતોષ માપદંડ પર પ્રતિભાવ મેળવવા એક GOOGLE FORM વિકસાવવામાં આવ્યું હતું. જેની LINK બનાવી હતી.

પ્રયોજકે પ્રાથમિક શાળાઓ માટે BRC CO. અને CRC CO. ને રૂબરૂ મળી પોતાના સંશોધનકાર્ય અંગેનો હેતુ સ્પષ્ટ કરી વ્યવસાય સંતોષ માપદંડ પર માહિતી એકત્રિત કરવા માટે માર્ગદર્શન આપ્યું હતું.

પ્રયોજકે પોતે અને BRC CO.અને CRC CO. દ્વારા નમૂનાની શાળાઓમાં રૂબરૂ જઈને પ્રાથમિક શાળાઓના શિક્ષકોને પ્રસ્તુત સંશોધન કાર્ય તેમજ વ્યવસાય સંતોષ માપદંડ વિશે GOOGLE FORM ની LINK અને જરૂરી માહિતી આપી. આમ, વ્યવસાય સંતોષ પર પ્રતિચારો ONLINE જ મેળવવામાં આવ્યા હતા.

અંગે શિક્ષકોએ આપેલા પ્રતિભાવો ગૂગલ ફોર્મ પરથી MSEXCEL SHEET માં મેળવી તેને અર્થઘટન માટે ઉપયોગમાં લીધા હતા. ગુગલ ફોર્મના આધારે જણાયુ હતુ કે માંગરોળ તાલુકાની કુલ 36 અને મેંદરડા ની કુલ 53 એમ એકંદરે કુલ 89 શિક્ષકોના પ્રતિચારો પ્રાપ્ત થયા હતા. જેને અર્થઘટન માટે ઉપયોગમાં લીધા હતા.

પ્રસ્તુત અભ્યાસમાં પ્રાપ્ત થયેલી માહિતીના આધારે પૃથક્કરણ કરવા માટે વિવિધ અંકશાસ્ત્રીય પદ્ધતિઓ દ્વારા માહિતી ગણતરી કરવામાં આવી હતી. આ અંકશાસ્ત્રીય ગણતરીઓ MICRO SOFT – EXCELનો ઉપયોગ કર્યો હતો.

## 1.16 પ્રાપ્ત માહિતી

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે વ્યાપવિશ્વને જ નમુના તરીકે પસંદ કરેલ. પ્રસ્તુત અભ્યાસમાં શૈક્ષણિક વર્ષ 2020-21 દરમિયાન માંગરોળ અને મેંદરડા તાલુકામાં કુલ 156 પ્રાથમિક શાળાઓમાંથી 876 શિક્ષકોમાંથી 89 શિક્ષકો પાસેથી માહિતી મળી હતી. આ 89 શિક્ષકોની માહિતીનો અભ્યાસના અર્થઘટનમાં ઉપયોગ કરવામાં આવ્યો હતો.

જેમાં કુલ પાત્રોની સંખ્યા 89 હતી. પ્રાથમિક શાળાના PTC કરેલ કુલ 34 પાત્રો હતા અને પ્રાથમિક શાળાના B.Ed. કરેલા કુલ 55 પાત્રો હતા. સ્ત્રી પાત્રોની સંખ્યા 43 હતી અને પુરુષ પાત્રોની

સંખ્યા 46 હતી. સ્ટાફ પૂરતો હોય તેવા પાત્રોની સંખ્યા 81 હતી અને અપૂરતો સ્ટાફ હોય તેવા પાત્રોની સંખ્યા 8 હતી.

**1.17 માહિતી પૃથક્કરણ અને અર્થઘટનની રીત :**

પ્રસ્તુત સંશોધનમાં નીચે જણાવેલ અંકશાસ્ત્રીય પ્રયુક્તિથી માહિતીનું વિશ્લેષણ કરવામાં આવશે.

- o સરાસરી
- o પ્રમાણ વિચલન
- o t – test
- o વિધાન અનુસાર ટકાવારી

ઉપર્યુકત મુદ્દાઓના અનુસંધાનમાં બંને શાળાઓમાંથી મળેલ માહિતી પરથી અસરકારકતાની ચકાસણી કરવામાં આવી હતી.

પ્રશ્નનાવલિના હકાર વિધાનમાં "હા" પ્રતિચાર માટે 1 પોઈન્ટ અને "ના" પ્રતિચાર માટે 0 પોઈન્ટ ગણવામાં આવેલ હતો. નકાર વિધાન માટે " હા" પ્રતિચાર માટે 0 પોઈન્ટ અને " ના" પ્રતિચાર માટે 1 પોઈન્ટ ગણવામાં આવેલ છે. પ્રસ્તુત અભ્યાસમાં 1 પોઈન્ટ મળેલા પ્રતિચારને હકારાત્મક પ્રતિચાર તરીકે ગણવામાં આવેલ છે.

વિધાન અનુસાર ટકાવારી હકાર વિધાન માટે MS EXCEL માં ફોર્મ્યુલા =(કુલ "હા" પ્રતિચારો*100/કુલ પાત્રોની સંખ્યા) મુકી શોધવામાં આવી હતી.

વિધાન અનુસાર ટકાવારી નકાર વિધાન માટે MS EXCEL માં ફોર્મ્યુલા =(કુલ "ના" પ્રતિચારો*100/કુલ પાત્રોની સંખ્યા) મુકી શોધવામાં આવી હતી.

જેમાં સાર્થકતા ચકાસવા માટે ટી- કસોટીનો ઉપયોગ કરેલ જેમાં ટી- કસોટીની સારણી મુજબ 0.05 કક્ષાએ સાર્થકતા મુલ્ય 1.96 કરતા વધુ હોય તો મૂલ્ય સાર્થક ગણેલ છે. અને 0.01 કક્ષાએ સાર્થકતા મુલ્ય 2.58 કરતા વધુ હોય તો મૂલ્ય સાર્થક ગણેલ છે. તેની ચર્ચા પ્રકરણ-4 માં વિગતે કરવામાં આવી છે.

વિધાન અનુસાર ટકાવારી MS EXCEL માં ફોર્મ્યુલા =(કુલ હકારાત્મક પ્રતિચારો*100/કુલ પાત્રોની સંખ્યા) મુકી શોધવામાં આવી હતી.

## 1.18 અભ્યાસનાં તારણો

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે શૂન્ય ઉત્કલ્પનાઓની ચકાસણી કર્યા બાદ અભ્યાસના તારણો તારવવામાં આવ્યા હતા. જે આ પ્રમાણે રજૂ કરેલ છે.

- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના તમામ શિક્ષકો પોતાની નોકરીને સંપૂર્ણત: વફાદાર છે.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટાભાગના શિક્ષકો શીખવવાના અઘરા મુદાઓ વિશે સતત ચિંતિત હોય છે.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટાભાગના શિક્ષકો પોતાના નવરાશનો સમય નોકરી વિષયક સહઅભ્યાસ પ્રવૃતિમાં વિતાવે છે.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટાભાગના શિક્ષકો  નોકરીનાં કારણે કૌટુંબિક પ્રસંગોમાં હાજરી આપી શકતા નથી.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો પોતાની પસંદગીની શિક્ષણ પદ્ધતિ અપનાવી શકે છે.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો દરેક વિદ્યાર્થી પર વ્યક્તિગત ધ્યાન આપે છે.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો આવશ્યકતા મુજબ વિદ્યાર્થીઓમાં ઉપચારાત્મક શિક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરે છે.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો શૈક્ષણિક મનોવિજ્ઞાનનો ઉપયોગ વિદ્યાર્થીઓની વ્યક્તિગત ભિન્નતાના આધારે કરે છે.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના લગભગ તમામ શિક્ષકો પોતાની નોકરીમાં નિયમિતતા અને સમયપાલનનાં આગ્રહી છે.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને પોતાની નોકરીથી સામાજીક આદર પ્રાપ્ત થાય છે ?
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના અડધા શિક્ષકો પોતાના શિક્ષણકાર્યમાં નિષ્ફળતાનાં કારણે હતાશા અનુભવે છે અને અડધા શિક્ષકો પોતાના શિક્ષણકાર્યમાં નિષ્ફળતાનાં કારણે હતાશા અનુભવતા નથી.

- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટાભાગના શિક્ષકો પોતાના કાર્યથી સંતોષની અનુભૂતિ કરે છે.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટાભાગના શિક્ષકોને પોતાની નોકરીમાં કાર્યનાં પ્રમાણમાં વળતર મળે છે.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટાભાગના શિક્ષકો પોતાની નોકરીમાં જોડાયા બાદ પોતાના જીવનમાં હકારાત્મક ફેરફારો થયા છે.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટાભાગના શિક્ષકોને ઘર કરતા શાળાએ કાર્ય કરવું વધુ ગમે છે.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટાભાગના શિક્ષકો પોતાની નોકરી સિવાયની અન્ય પ્રવૃતિ દ્વારા આવક કરવા ઇચ્છા ધરાવતા નથી. અમુક શિક્ષકો પોતાની નોકરી સિવાયની અન્ય પ્રવૃતિ દ્વારા આવક કરવા ઇચ્છા ધરાવે છે.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના તમામ શિક્ષકોને પોતાનું શિક્ષણકાર્ય તેમને રસ અને આનંદ અપાવે છે.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના ઘણાં શિક્ષકો પોતાની નોકરી કરતા અન્ય નોકરીમાં વધુ પૈસા મળે તેમ માને છે, જયારે અમુક શિક્ષકો પોતાની નોકરી કરતા અન્ય નોકરીમાં વધુ પૈસા મળે એમ માનતા નથી.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો પોતાની નોકરીને વધુ આનંદપ્રદ અને ઓછી કંટાળાજનક ગણાવે છે.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના ઘણાં શિક્ષકો પોતાના નજીકના સ્નેહીઓને પોતાના જેવી નોકરી મેળવવા વિશે સલાહ આપશે.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને પોતાના શિક્ષણકાર્યમાં સતત સુધારાત્મક પ્રવૃતિઓ કરવાનું પ્રેરણાબળ અહીંથી મળે છે.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના તમામ શિક્ષકો પોતાની નોકરીને સંપૂર્ણત: વફાદાર છે.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો શિક્ષણકાર્ય કરતા અન્ય કાર્ય કરવું સારું માનતા નથી, થોડા શિક્ષકો શિક્ષણકાર્ય કરતા અન્ય કાર્ય સારું માને છે.

- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકોને પોતાનું ઉત્તરદાયિત્વ અદા ન કરી શકે ત્યારે અફસોસ થાય છે.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના ઘણાં શિક્ષકો પોતાના બાળકોને આ નોકરી તરફ દોરતા અભ્યાસક્રમમાં દાખલ કરશે.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના ઘણાં શિક્ષકો પોતાની આ નોકરી ચૂકી ગયા હોત તો તેમને જીવનમાં ઘણું અગત્યનું કાર્ય ગુમાવ્યું હોત એવું માને છે.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના થોડા શિક્ષકોને તાલીમ કાર્યક્રમો ભારરુપ લાગે છે.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો પોતાની શાળાનાં સિનિયર શિક્ષકો સાથે લઘુતાગ્રંથિ અનુભવતા નથી.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના મોટા ભાગના શિક્ષકો પોતાની નોકરી કરવાનો ગર્વ અનુભવે છે.
- વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના ઘણાં શિક્ષકો પોતાના નોકરીકાળ દરમિયાન માનસિક તાણ અનુભવતા નથી.
- માંગરોળ અને મેંદરડા તાલુકાના મોટા ભાગના શિક્ષકો વ્યવસાય સંતોષ સંદર્ભે હકારાત્મક જોવા મળેલ છે.
- પી.ટી.સી. થયેલા મોટા ભાગના શિક્ષકો વ્યવસાય સંતોષ સંદર્ભે હકારાત્મક જોવા મળેલ છે.
- બી.એડ. થયેલા મોટા ભાગના શિક્ષકો વ્યવસાય સંતોષ સંદર્ભે હકારાત્મક જોવા મળેલ છે.
- મોટા ભાગના પુરુષ શિક્ષકો વ્યવસાય સંતોષ સંદર્ભે હકારાત્મક જોવા મળેલ છે.
- મોટા ભાગના પુરુષ શિક્ષકો વ્યવસાય સંતોષ સંદર્ભે હકારાત્મક જોવા મળેલ છે.
- મોટા ભાગના પૂરતો સ્ટાફ હોય તેવા શિક્ષકો વ્યવસાય સંતોષ સંદર્ભે હકારાત્મક જોવા મળેલ છે.
- મોટા ભાગના અપૂરતો સ્ટાફ હોય તેવા શિક્ષકો વ્યવસાય સંતોષ સંદર્ભે હકારાત્મક જોવા મળેલ છે.
- પ્રાથમિક શાળાના PTC ડીગ્રી અભ્યાસ કરેલા અને B.Ed ડીગ્રી અભ્યાસ કરેલા શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના પ્રાપ્તાંકો સાર્થક રીતે જુદા પડતા ન હતા, એટલે કે પ્રાથમિક શાળાના PTC ડીગ્રી અભ્યાસ કરેલા અને B.Ed ડીગ્રી અભ્યાસ કરેલા શિક્ષકોના વ્યવસાય સંતોષ પ્રાપ્તાંકોમાં સમાનતા જોવા મળી હતી.

- પ્રાથમિક શાળાના પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના પ્રાપ્તાંકો સાર્થક રીતે જુદા પડતા ન હતા, એટલે કે પ્રાથમિક શાળાના સ્ત્રી શિક્ષકો અને  પુરુષ શિક્ષકોના વ્યવસાય સંતોષ પ્રાપ્તાંકોમાં સમાનતા જોવા મળી હતી.
- પ્રાથમિક શાળાના પુરતો સ્ટાફ ધરાવતા શિક્ષકો અપુરતો સ્ટાફ ધરાવતા શિક્ષકો વ્યવસાય સંતોષ માપદંડ પરના પ્રાપ્તાંકો સાર્થક રીતે જુદા પડતા ન હતા, એટલે કે પ્રાથમિક શાળાના પ્રાથમિક શાળાના પુરતો સ્ટાફ ધરાવતા શિક્ષકો અપુરતો સ્ટાફ ધરાવતા શિક્ષકોની વ્યવસાય સંતોષ  પ્રાપ્તાંકોમાં સમાનતા જોવા મળી હતી.

### 1.19 ભાવિ સંશોધનો અંગેની ભલામણો

પ્રસ્તુત સંશોનમાં પ્રયોજકને સંશોધન કાર્ય દરમિયાન અનેક પ્રશ્નો ઉપસ્થિત થયા હતા. આ બધા પ્રશ્નો ઉપર સંશોધન હાથ ધરી શકાય તેમ હતા. આ અંગે ભાવિ સંશોધન માટેની ભલામણો અહી રજૂ કરેલ છે.

- પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપવિશ્વમાં જૂનાગઢ જિલ્લાની પ્રાથમિક શાળાના શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ભવિષ્યમાં માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક કક્ષાના શિક્ષકો, સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના પ્રાધ્યાપકો તેમજ અન્ય શૈક્ષણિક સંસ્થા,તાલીમી સંસ્થાના શિક્ષકો અને પ્રશિક્ષકો નમૂનાનાં પાત્રો તરીકે લઈ આ પ્રકારનો અભ્યાસ હાથ ધરી શકાય.

- પ્રસ્તુત અભ્યાસમાં સ્વતંત્ર ચલ તરીકે જાતીયતા(પુરુષ/સ્ત્રી), અભ્યાસ (ptc/b.ed.) અને સ્ટાફની સ્થિતિનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ સિવાય શાળા પ્રકાર (સરકારી/સ્વનિર્ભર), ઉંમર,  શિક્ષકોની સામાજિક આર્થિક સ્થિતિ જેવા સ્વતંત્ર ચલોને ધ્યાનમાં લઈને સંશોધન કાર્ય હાથ ધરી શકાય.

- પ્રસ્તુત અભ્યાસ જૂનાગઢ જિલ્લાના મેંદરડા અને માંગરોળ તાલુકા પુરતો માર્યાદિત હતો. ભવિષ્યમાં બીજા કોઈ ગામ, શહેર કે જિલ્લાના શિક્ષકો કે પ્રાધ્યાપકો પસંદ કરી સંશોધન કાર્ય હાથ ધરી શકાય.

- પ્રાથમિક શાળાના શિક્ષકોની વ્યવસાય સંતોષ અને વિદ્યાર્થીઓની સિદ્ધિ વચ્ચેનો સબંધ ચકાસવા અંગેનો અભ્યાસ હાથ ધરી શકાય.

## 1.20 શૈક્ષણિક ફલિતાર્થો

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે જૂનાગઢ જિલ્લાની પ્રાથમિક શાળાના શિક્ષકોની વ્યવસાય સંતોષ જાણવા માટે પ્રયાસ કર્યો હતો. પ્રસ્તુત અભ્યાસના અંતે પ્રયોજકે આ પ્રમાણેના ફલિતાર્થો રજૂ કર્યા હતા.

પ્રસ્તુત અભ્યાસના અંતે મળેલા તારણો પરથી જાણી શકાય કે,

1. વ્યવસાય સંતોષને અભ્યાસ, જાતીયતા કે સ્ટાફની સ્થિતિ સાથે કોઈ સંબંધ નથી.
2. શિક્ષકોના વિવિધ સમયે વ્યવસાય સંતોષ પ્રત્યેનીમાં ફેરફાર થતા હોવાથી થોડાથોડા સમયના અંતરે આવો અભ્યાસ હાથ ધરવો જોઈએ.
3. આધુનિક યુગમાં વ્યવસાય સંતોષનું વિશેષ મહત્વ છે. આથી શિક્ષકો વ્યવસાય સંતોષ વિશે હકારાત્મક ધરાવે તેવા પ્રયત્નો કરવા જોઈએ.

**સંશોધકનું નામ- ડો. જી.કે.સેંજલિયા અને ડો.એમ.વાય.વ્યાસ, લેકચરર ડાયેટ –જૂનાગઢ**

**વર્ષ-2020-21**

**શીર્ષક- જૂનાગઢ જિલ્લામાં લોકડાઉન દરમિયાન શિક્ષકો દ્વારા થયેલ વિશેષ કામગીરીનો વ્યક્તિ અભ્યાસ**

### 1.0 પ્રાસ્તાવિક

શિક્ષકો દ્વારા શાળા કક્ષાએ કરવામાં આવેલ પ્રયત્નોને એક દિશા મળે છે. તેમજ, કરેલ કાર્યના સંદર્ભમાં મળેલ પરિણામોને અન્ય શાળાના પરિપેક્ષ્યમાં ઉપયોગી બને અને પ્રયોગ કરનાર શિક્ષકને જિલ્લા કક્ષાએ એક પ્લેટફોર્મ મળે તે જરૂરી છે. આ બાબતને કેન્દ્રમાં રાખીને જી.સી.ઈ.આર.ટી.– ગાંધીનગર દ્વારા રાજ્યના વિવિધ જિલ્લાઓમાં લોકડાઉન દરમિયાન નાવિન્યસભર કાર્ય કરનાર શિક્ષકોનો વ્યક્તિ અભ્યાસ કરવાના આશયથી પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવામાં આવેલ હતો.

### 1.1 સમસ્યા કથન

**"જૂનાગઢ જિલ્લામાં લોકડાઉન દરમિયાન શિક્ષકો દ્વારા થયેલ વિશેષ કામગીરીનો વ્યક્તિ અભ્યાસ"**

પ્રસ્તુત અભ્યાસનો હેતુ જૂનાગઢ જિલ્લમાં લોકડાઉન દરમિયાન શિક્ષકો દ્વારા થયેલ વિશેષ કાર્યનું દસ્તાવેજીકરણ કરવાનો હતો. SSA દ્વારા દરેક તાલુકામાં શિક્ષકોની વિશેષ કામગીરીનો અહેવાલ તૈયાર કરવાની કામગીરી TPEO અને BRC –CO. ને સોંપવામાં આવેલ. દરેક તાલુકામાંથી મળેલ આ કામગીરી અહેવાલનું સંકલન કરવામાં આવ્યું હતું. તમામ તાલુકામાંથી મળેલ માહિતીનો ઉપયોગ પ્રસ્તુત સંશોધનમાં કરેલ છે.

### 1.2 અભ્યાસના હેતુઓ

1. જૂનાગઢ જિલ્લાના તમામ તાલુકામાંથી લોકડાઉન સમય દરમિયાન વિશેષ શૈક્ષણિક કામગીરી કરનાર શિક્ષકોની માહિતી મેળવવી.
2. જૂનાગઢ જિલ્લાના તમામ તાલુકામાંથી વિશેષ શૈક્ષણિક કામગીરી કરનાર શિક્ષકોની કરેલી કામગીરી અહેવાલના આધારે તેમની કામગીરીનું અર્થઘટન કરવું.
3. જૂનાગઢ જિલ્લાના તમામ તાલુકામાંથી વિશેષ શૈક્ષણિક કામગીરી કરનાર શિક્ષકોની માહિતીને આધારે તારણો તારવવા.

### 1.3 સંશોધન પ્રકાર

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે શિક્ષકોની શૈક્ષણિક અને અભ્યાસકીય પ્રવૃત્તિઓ, વિવિધ યોજનાઓ, વગેરે વિષે માહિતી મેળવવાની હતી. જેમાં પ્રયોજકે મુલાકાત પ્રશ્નો, તેમજ દસ્તાવેજો

દ્વારા માહિતી મેળવી હતી, અને તેનું અર્થઘટન કરી ગુણાત્મક રીતે પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. તેથી પ્રસ્તુત સંશોધન ગુણાત્મક સંશોધન કહી શકાય.

### 1.4 અભ્યાસનું મહત્વ

- પસંદ થયેલ જિલ્લાના તમામ શિક્ષકોના વ્યક્તિ અભ્યાસ દ્વારા વિષયવસ્તુ તેમજ PEDAGOGYના સંદર્ભમાં કાર્ય યોજના તૈયાર કરી શકશે.
- પસંદ થયેલ જિલ્લાના શિક્ષકો દ્વારા કરવામાં આવેલ પ્રયોગનું અમલીકરણ જિલ્લાની અન્ય શાળાના શિક્ષકો કરી શકે તે માટેની માહિતી ઉપલબ્ધ બનશે.
- પસંદ થયેલ જિલ્લાના શિક્ષકો દ્વારા કરવામાં આવેલ પ્રયોગમાં ઉપયોગમાં લેવાયેલ સાહિત્ય તેમજ તેની કાર્ય પદ્ધતિની નોંધ જિલ્લા તેમજ રાજ્ય કક્ષા સુધી લઈ જઈ શકાય.
- પ્રસ્તુત સંશોધન દ્વારા પસંદ થયેલ કૃતિનું દસ્તાવેજીકરણ થશે જેનો ઉપયોગ અન્ય શિક્ષકોને માર્ગદર્શનરૂપ બનશે.

### 1.5 અભ્યાસની મર્યાદા

પ્રસ્તુત અભ્યાસની મર્યાદા નીચે પ્રમાણે હતી.

- પ્રસ્તુત સંશોધનમાં માત્ર જિલ્લામાં વિશેષ કામગીરી કરેલ શિક્ષકોને જ વ્યક્તિ અભ્યાસ તરીકે પસંદ કરવામાં આવેલ છે.
- તાલુકા કક્ષાએ માહિતી એકત્રીકરણ માટે CRC, BRC અને કે.નિ., TPEO દ્વારા પસંદ થયેલ શિક્ષકોને જ વ્યક્તિ વિશેષના દસ્તાવેજીકરણમાં પસંદ કરેલ છે.
- પ્રસ્તુત અભ્યાસ જિલ્લામાં શૈક્ષણિક વર્ષ 2020-21 દરમ્યાન કરેલ કામગીરીને જ ધ્યાનમાં લેવામાં આવેલ છે.

### 1.6 સંશોધનનું વ્યાપવિશ્વ

વ્યાપવિશ્વ એટલે સમષ્ટિ એ એવી વિગતો, પાત્રો કે શકય અવલોકનોની સંખ્યા છે કે, જેમાંથી નમૂનો પસંદ થાય છે. પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે જૂનાગઢ જિલ્લાની તમામ શાળાના તમામ શિક્ષકોનો સમાવેશ થાય છે.

### 1.7 નમૂના પસંદગી :

આ સંશોધનમાં સંશોધકે સહેતુક નમૂના પ્રયુકિતથી નમૂનો (નિદર્શ) પસંદ કરેલ છે. આ સંશોધન માટે વર્ષ 2020-21 દરમિયાન જૂનાગઢ જિલ્લાના તમામ તાલુકા કક્ષાએ લોકડાઉન

દરમિયાન વિશેષ કામગીરી કરનાર શિક્ષકોને નમૂના તરીકે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, બીઆરસી કો-ઓર્ડિનેટર અને સીઆરસી કો-ઓર્ડિનેટર દ્વારા પસંદ કરેલ હતા.

1.8 **સંશોધનનાં ક્ષેત્રો :**

પ્રસ્તુત અભ્યાસમાં સ્પષ્ટપણે કહી શકાય કે, પ્રસ્તુત અભ્યાસ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ તથા સર્જનાત્મક અને નાવિન્ય ક્ષેત્ર સાથે ખૂબ જ સંબંધિત હતું.

**1.9 સંશોધનનો પ્રકાર**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે જૂનાગઢ જિલ્લાના તમામ તાલુકામાં લોકડાઉન દરમિયાન વિશેષ કામગીરી કરનાર શિક્ષકની પ્રાથમિક માહિતી મેળવી હતી. તેમજ તેમણે કરેલ શૈક્ષણિક અને અભ્યાસકીય પ્રવૃત્તિઓ વિષે માહિતી મેળવી હતી. પ્રયોજકે મુલાકાત, પ્રશ્નો તેમજ દસ્તાવેજો દ્વારા માહિતી મેળવી હતી. આ માહિતીનું અર્થઘટન કરી ગુણાત્મક રીતે પૃથક્કરણ કરવામાં આવ્યું હતું, તેથી પ્રસ્તુત સંશોધન ગુણાત્મક સંશોધન કહી શકાય.

**1.10 સંશોધન પદ્ધતિ :**

પ્રસ્તુત સંશોધનમાં વ્યક્તિ અભ્યાસ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવેલ છે.

**1.11 ઉપકરણ વિગત :**

પ્રસ્તુત સંશોધનમાં વ્યક્તિ અભ્યાસ માટે પસંદ કરવામાં આવેલ જૂનાગઢ જિલ્લા ના વિશેષ કામગીરી કરનાર શિક્ષકો દ્વારા કરવામાં આવેલ પ્રયોગને ધ્યાનમાં રાખીને મુખ્ય બાબતો આધારિત માહિતીનું વર્ણન કરવામાં આવેલ. જેમાં વિશિષ્ટ કામગીરી કરનાર શિક્ષકોના નામ, શાળા, ધોરણ, વિષય, સમયગાળો, પદ્ધતિ-પ્રયુક્તિ, ઉપયોગિતા અને પરિણામ જેવા મુદ્દા આધારિત માહિતીનું એકત્રીકરણ કરવામાં આવેલ હતું.

**1.12 માહિતીનું એકત્રીકરણ:**

સંશોધનમાં સમાવિષ્ટ જૂનાગઢ જિલ્લાના તમામ તાલુકામાં થયેલ લોકડાઉન દરમિયાન વિશિષ્ટ કામગીરી કરનાર શિક્ષકોના પાસેથી વ્યક્તિ અભ્યાસ અર્થે સંશોધક દ્વારા ચર્ચા દ્વારા તેમજ કરેલ પ્રયોગના સંદર્ભમાં માહિતી મેળવવામાં આવેલ. આ ઉપરાંત પ્રવર્તમાન સમયમાં તેની શાળામાં તેની ઉપયોગીતાના સંદર્ભમાં માહિતી મેળવેલ. પ્રયોગના આધારો તેમજ તે અંગેના જરૂરી ફોટોગ્રાફ્સ પણ રજુ કરવામાં આવેલ. જેના આધારે માહિતીની રજૂઆત તેમજ પારદર્શકતાની ખાતરી કરી શકાય.

**1.13 પ્રાપ્ત માહિતી :**

પ્રસ્તુત અભ્યાસમાં કુલ દસ તાલુકામાંથી નવ તાલુકાનો સમાવેશ કરવામાં આવ્યો છે. ભેંસાણ, જૂનાગઢ ગ્રામ્ય, જૂનાગઢ શહેર, કેશોદ, માળીયા, માંગરોળ, મેંદરડા, વંથલી અને વિસાવદર તાલુકામાંથી માહિતી પ્રાપ્ત થયેલ.

**1.14 માહિતી પૃથક્કરણ રીત :**

એકત્ર થયેલ માહિતીને યોગ્ય અંકશાસ્ત્રીય પદ્ધતિ થકી મૂલવણી એ સંશોધનના કાર્યનું મહત્વનું સોપાન ગણી શકાય. સંશોધક માટે પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ કેવી રીતે થઇ શકશે અને તારણો મેળવવા શું કરવું પડશે તે અંગેનો ખ્યાલ રાખવાનો થતો હોય છે. અહીં શિક્ષકોએ કરેલા કાર્યનું ગુણાત્મક પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

**1.15 તારણોઃ**

આ સંશોધનમાં જૂનાગઢ જિલ્લામાં લોકડાઉન દરમિયાન વિશેષ કામગીરી કરનાર શિક્ષકોની માહિતી મેળવવામાં આવી હતી અને આ માહિતીનું ગુણાત્મક પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. તેને આધારે તાલુકા મુજબના  તારણો આ મુજબ પ્રાપ્ત થયા હતા.

**ભેસાણ :**

- દિપ્તીબેન દ્વારા ઘરે રહીને પણ વિદ્યાર્થીઓ અભ્યાસ અને સહ અભ્યાસ પ્રવૃતિઓમાં પ્રવૃત રહે તેવા જુદાં જુદાં પ્રયત્નો કરેલા છે. આસપાસમાંથી મળી રહે તેવી વસ્તુમાંથી વિદ્યાર્થીઓને ગણિત અને વિજ્ઞાનના જાતે પ્રયોગો કરતાં કરવા એ વિશિષ્ટ કામગીરી છે.
- ઋજુલબેન દ્વારા વિદ્યાર્થીઓ ઘરે રહીને પોતાના મિત્રો પાસેથી શીખે તેવી વિશિષ્ટ યોજનાથી કાર્ય કરેલ છે. એમની સાથે વિવિધ app અને you tube channel દ્વારા ગણિત વિજ્ઞાનના પ્રયોગો કરેલા છે.
- કિશોરભાઈ દ્વારા પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બન્ને રીતે હોમ લર્નિંગનું કાર્ય કરેલ છે. આ સાથે કપરી પરિસ્થિતિમાં પણ NMMS ની તૈયારી અને ONLINE TEST ની કામગીરી વિશિષ્ટ રીતે કરેલ છે.
- મીરાબેન દ્વારા ગણિત અને વિજ્ઞાનમાં પ્રયોગો દ્વારા શિક્ષણ અને રસ રુચીને અનુરૂપ પ્રોજેક્ટ કાર્ય સોંપણી વિશિષ્ટ રીતે કરેલ છે.

- મધુસુદનભાઈ દ્વારા ભાષામાં કઠિન મુદ્દાઓનું શિક્ષણ આપેલ છે. આ સમયે હરતી-ફરતી શાળા એ એમની વિશિષ્ટ કામગીરી છે.

**જૂનાગઢ શહેર અને ગ્રામ્ય :**

- અલ્પેશભાઇ ટાંક દ્વારા યુ-ટયુબ ચેનલ-નવા પીપળીયા ગવર્મેન્ટ પ્રાયમરી સ્કૂલ. જેમાં ધોરણ 6 થી 8 ના ગણિત અને વિજ્ઞાન વિષયના કઠિન જણાતા મુદાઓનું સરલીકરણ કરી શૈક્ષણિક કાર્યના વિડીયો સાથે સાથે સ્ટુડન્ટ દ્વારા 1 થી 99 ના ઘડિયાગાનની પ્રસ્તુતિના વિડીયો,વેસ્ટમાંથી બેસ્ટના વિડીયો, How to make Bonsai –વિડીયો, NMMS EXAM તૈયારી કઇ રીતે કરી શકાય તેના વિડીયો મૂકવામાં આવ્યા મોડેલ પેપર આપેલા છે. અને સ્કૂલ ન્યૂઝ ચેનલ પણ શરૂ કરવામાં આવી છે.
- રમેશભાઇ વઘાસિયા દ્વારા યુ-ટયુબ ચેનલમાં ધો.6 થી 8 ગણિત વિજ્ઞાનના 100 વિડીયો, શાળાના વિશેષ કાર્યક્રમોના વિડીયો મૂકવામાં આવેલા છે.Whatsapp ગૃપ દ્વારા સતત માર્ગદર્શન,શેરી અને ફળિયા શિક્ષણ કરવામાં આવેલ.
- જેઠવા હેતલબેન દ્વારા વાલીને પ્રત્યક્ષઅને પરોક્ષ રીતે હોમલર્નિંગ માટે માર્ગદર્શન આપવામાં આવ્યુ. મોબાઇલમાં whatsapp ગૃપ બનાવ્યા અને દરેક વિધાર્થીના ઘરે જઇ વાલી મુલાકાત કરી દરેક બાળકને અને વાલીને MICROSOFT TEEMS માં જોડાવાની સમજ આપી. શાળામાં જ શિક્ષણ લેતા હોય તેવુ વાતાવરણ ઉભુ કર્યુ.
- પૂર્વેશભાઇ પાવાગઢી દ્વારા દ્વારા ધોરણ 9 અને 10 માં 877 ઓનલાઇવ કલાસ લેવામાં આવ્યા. ઓનલાઇન ગુગલ ટેસ્ટ તૈયાર કરી,જેમાં વિધાર્થી ટેસ્ટ આપે કે તરત જ તેમને માર્કસ મળી જાય અને શાળાને એમનું મૂલ્યાંકન કરી પાછો કયો મુદો રીપીટ સમજાવવો તેનું માર્ગદર્શન મળી જાય . ઓન લાઇન ટેસ્ટનો લાભ સમગ્ર રાજયના શિક્ષકોને મળયો. ગુજરાત વર્ચ્યુઅલ કલાસ દ્વારા રાજયકક્ષાએ લેવાયેલ ઓનલાઇન ટેસ્ટમાં 22 વખત 1 થી 10 મા સ્થાન પ્રાપ્ત કર્યુ
- રીટાબેન નીનામા દ્વારા ધોરણ 1 અને 2 ના બાળકોને ભાષા,ગણિતનું સાધન-સામગ્રી દ્વારા શિક્ષણ આપવા તમામ લર્નિંગ મટીરીયલ ઘરે તૈયાર કરવામાં આવ્યુ . ટીએલએમના ઉપયોગથી બનાવેલા વિડીયો Whatsappમાં મૂકવામાં આવ્યા.સાથે શેરી અને ફળિયા શિક્ષણ પણ આપવામાં આવ્યુ. ઘરે શિખીએ પ્રવૃતિના વિડીયો પણ Whatsapp પર મૂકવામાં આવ્યા.

- મંજુલાબેન રામ દ્વારા ધોરણ 1 અને 2 પ્રજ્ઞામાં ગુજરાતી વિષયમાં જાતે ટીએલએમ બનાવી, વિશિષ્ટ પ્રવૃતિઓ સાથે,વિધાર્થીઓને શાળામાંથી સાહિત્ય પૂરુ પાડીને, શેરી અને ફળિયા શિક્ષણ આપવામાં આવ્યુ છે. સાથે Whatsapp ગૃપમા અને રુબરુ વાલીશ્રીઓને વિધાર્થીઓના અભ્યાસ અને કસોટી સંદર્ભે માર્ગદર્શન આપવામાં આવ્યુ.
- સરોજબેન ઘેટીયા દ્વારા વિષય ગણિત- ધોરણ 1 અને 2 ના બાળકોને પ્રવૃતિ સભર શિક્ષણ આપવા શાળાની નજીકના વિસ્તારને આઠ ભાગમાં વિભાગમાં વહેંચવામાં આવ્યા. વિધાર્થીઓની હાજરી રહે માટે શિક્ષણ પૂર્વે બાળકોને જાણ થતી. જાતે બનાવેલા ટીએલએમનો તથા વિવિધ પ્રવૃતિઓ દ્વારા ફળિયા અને શેરી શિક્ષણ આપવામાં આવ્યુ. સાથે Whatsapp ગૃપમા અને રુબરુ વાલીશ્રીઓને વિધાર્થીઓના અભ્યાસ અને કસોટી સંદર્ભે માર્ગદર્શન આપવામાં આવ્યુ.
- ભાવનાબેન કંટેસરીયા દ્વારા વિષય ગુજરાતી - ધોરણ 1 અને 2 ના બાળકોને પ્રવૃતિ સભર શિક્ષણ આપવા શાળાની નજીકના વિસ્તારને આઠ ભાગમાં વિભાગમાં વહેંચવામાં આવ્યા. વિધાર્થીઓની હાજરી રહે માટે શિક્ષણ પૂર્વે બાળકોને જાણ થતી. જાતે બનાવેલા ટીએલએમનો તથા વિવિધ પ્રવૃતિઓ દ્વારા ફળિયા અને શેરી શિક્ષણ આપવામાં આવ્યુ. સાથે Whatsapp ગૃપમા અને રુબરુ વાલીશ્રીઓને વિધાર્થીઓના અભ્યાસ અને કસોટી સંદર્ભે માર્ગદર્શન આપવામાં આવ્યુ.
- પરી બળદેવપરી જવેરપરી દ્વારા યુ-ટયુબ ચેનલ દ્વારા બાળકોને આનંદ સાથે રમી શકે તેવી 40 પ્રકારની વિવિધ રીતે રમી શકાય તેવી એક ટુલ્સ WORLDWALL પર બનાવવામાં આવી. ધોરણ 1 થી 12 ના બધા વિષયોની પ્રકરણ મુજબ 2000 જેટલી રમતો બનાવી. ધોરણ 6 થી 12 ના ગણિત વિષયમાં તમામ પ્રકરણોના 550 થી વધુ વિડીયો નિર્માણ કરી યુ ટયુબમાં અપલોડ કરવામાં આવ્યા. ધોરણ 5 થી 10 ના ગણિતના લાઇવ 600 થી વધુ કલાસ લેવામાં આવ્યા. જેમાં ધોરણ 10 માં પોતાની શાળા સિવાય હજારો બાળકોને લાભ મળયો.- શાળાના કાર્યક્રમોની ઉજવણી પણ યુ—ટયુબ ચેનલ પર મૂકવામાં આવ્યા.- ધોરણ –9 અને 10 અને ધોરણ 12 (આર્ટસ-કોમર્સ)ના તમામ વિષયના MCQ પ્રકારની કવીઝ–રમતો બનાવવામાં આવી. આમ ICT, રાજયપાલ અને રાષ્ટ્રપતિ એવોર્ડથી સન્માનિત બલદેવપરીની ટેકનોલોજી સબબ કામગીરી અવિરત પણે ચાલુ છે.

**કેશોદ :**

- બરવાળા અશોકભાઈ કે. દ્વારા માં નવતર પ્રયોગ કરવાનો વિચાર લોકડાઉનની બાળમાનસ ઉપર જે માઠી અસર પડી છે. તેની વેદનાને વાચા આપવાનો હતો. ગીત રચનાઓ કરેલી. પ્રયોગ 6 થી 14 વર્ષના લક્ષ્ય જૂથને ધ્યાનમાં રાખીને કરેલ છે.
- ચાંડપા ભાવસિંહભાઈ એસ. દ્વારા લોક ડાઉનની પરિસ્થિતિને કારણે જયારે શિક્ષણ કાર્ય અશકય હતું ત્યાં ગણિત જેવા વિષયનું શિક્ષણકાર્ય કઈ રીતે કરવું તે મોટી સમસ્યા હતી. આ માટે મેથ્સ મેજિક બાય યુટયુબનો ઉપયોગ કરેલ તે માટે એક ચેનલ ના નિર્માણ કરવાનું નકકી કર્યું . યુ-ટયુબ ના માધ્યમથી શિક્ષણ કાર્ય થઈ શકે લગભગ 270 જેટલા વિડિયો અપલોડ કર્યા.
- મિરજા સફરાજબેગ આર. દ્વારા જયારે શિક્ષણ કાર્ય અશકય હતું ત્યાં મૂલ્યાંકન કેમ કરવું તે એક જટિલ પ્રશ્ન હતો. ત્યારે Google from દ્વારા ઓન લાઈન ટેસ્ટ લેવામા આવેલી. ધો. 6 થી 8 અને NMMS એકઝામ માટે પણ ટેસ્ટનો અમલ કર્યો. અત્યાર સુધી માં 30 થી વધુ એકમોની ઓન લાઈન ટેસ્ટનું નિર્માણ કાર્ય કરેલ છે.
- મહેતા તેજસકુમાર આર. દ્વારા બાળકો પોતાની આસપાસ નાં નકામાં બોટલ, ઘરમાં રહેલી નકામી ચીજ વસ્તુઓ વગેરેનો ઉપયોગ કરી ઘરે રહીને પ્રયોગ કરી શકે તેવી ઓન લાઈન અને ઘરે રૂબરૂ મુલાકાત દ્વારા સમજ આપી. જેથી બાળકો જાતે પ્રયોગ કરવા લાગ્યા અને તેનામા નવો આત્મવિશ્વાસ જાગ્યો. શાળા કક્ષાએ ડો. એ.પી.જે. કલામ ઓનલાઈન વિજ્ઞાન મેળો યોજાયો. જેમા ધો.5 થી 8 ની લગભગ 40 જેટલી કૃતિઓ આવી.
- કાથડ સંજય કે. દ્વારા Google from દ્વારા ઓન લાઈન ટેસ્ટ લેવામા આવેલી. આ ટેસ્ટ એક કરતા વધારે વખત આપી શકાતી હોવાથી બાળકો લર્નિંગ આઉટકમ જયાં સુધી સિદ્ધ ન કરી શકે ત્યાં સુધી તેસ્ટ આપીને પોતાની શૈક્ષણિક સિદ્ધિ માટે પ્રયત્ન કરી શકતો.
- મારૂ રાજેશભાઈ દ્વાર Google from દ્વારા ઓન લાઈન ટેસ્ટ લેવામા આવેલી. આ માટે સૌ પ્રથમ બાળકોને જે તે પાઠની પીડીએફ ફાઈલ મોકલવામાં આવતી. ત્યાર બાદ મૂલ્યાંકન માટે બાળકોને વોટ્સએપમાં આ ટેસ્ટની લીંક શેર કરવામાં આવતી. NMMS એકઝામ માટે તેનો ઉપયોગ કર્યો. અત્યાર સુધી માં 18 થી વધુ એકમોની ઓન લાઈન ટેસ્ટનું નિર્માણ કાર્ય કરેલ છે.

- ત્રાંબડિયા વર્ષાબેન દ્વારા ONLINE HOME LEARNING SOCIAL SCIENCE પસંદ કરવામાં આવેલ. જેમાં SOCIAL SCIENCE LAB તૈયાર કરે છે.

**માળિયા :**

- વૈશાલીબેન દ્વારા ઘરે રહીને પણ વિદ્યાર્થીઓ અભ્યાસ અને સહ-અભ્યાસિક પ્રવૃતિમાં પ્રવૃત રહે તેવા પ્રયત્નો કરેલ છે.
- ઉષાબેન જીવનભાઈ ડાકી દ્વારા ઘરે રહીને પણ વિદ્યાર્થીઓ અભ્યાસ અને સહ-અભ્યાસિક પ્રવૃતિમાં પ્રવૃત રહે તે માટેજુદી જુદી વાર્તાઓ યુ ટ્યુબ પર અપલોડ કરીતેવા પ્રયત્નો કરેલ છે.
- રાઠોડ કિંજલ દેવચંદભાઈ દ્વારા ઘરે રહીને પણ વિદ્યાર્થીઓ અભ્યાસ અને સહ-અભ્યાસિક પ્રવૃતિમાં પ્રવૃત રહે તે માટે ચિત્ર સ્પર્ધા તેમજ નિબંધ સ્પર્ધા, દીક્ષા એપ્લિકેશન અને jio tv,વર્ચ્યુઅલ શિક્ષણ, ઓનલાઇન ટેસ્ટ જેવાપ્રયત્નો કરેલ છે.
- પુરોહિત રાજેશ બી. દ્વારા ઘરે રહીને પણ વિદ્યાર્થીઓ અભ્યાસ પ્રવૃતિમાં પ્રવૃત રહે તે માટે યુ-ટ્યુબ ચેનલમાં Video તૈયાર કરી અપલોડ કર્યા છે.

**માંગરોળ :**

- લિગારી નાહિદખાન નુરખાનભાઇ દ્વારાઅભ્યાસ નામની મોબાઇલ એપ બનાવવામાં આવી. જેમાં,ધોરણ 6 થી 8તમામ વિષયનુંઇ-કન્ટેન્ટ મૂકવામાં આવેલ છે.જેમાં, ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સામાજિક વિજ્ઞાન, વિજ્ઞાન અને ગણિત માટે 298ટેક્ષબુકનાં ચેપ્ટર, 311 વિડીયો, 157 એમ.સી.કયૂ, 5ર જેટલા મોડેલ પેપર આપેલા છે.
- ભાવિક હરેશભાઇ જોષી દ્વારા ધોરણ 3-8 અને બધા વિષય અંતર્ગત વિષયવસ્તુને અનુસંધાને 50 જેટલા વિડીયો બનાવેલછે.
- જોરા વિજયકુમાર કાનજીભાઈ દ્વારા youtube ચેનલ બનાવેલી છે, જેમાં સામાજિક વિજ્ઞાન ધોરણ 6 થી 8 ના અત્યાર સુધીમાં કુલ બંને સત્રના થઈને ચાલીસ જેટલા વિડિયો બનાવેલા છે. લોકડાઉનના સમયગાળા દરમિયાન પેન્સિલ આર્ટ દ્વારા મહાનુભાવો તેમજ તહેવારોને અનુરુપ તેમજ કોરોના માટે જાગૃતિ ફેલાવવા ચિત્રો બનાવેલા છે.
- ભરત ડી. ચાવડા દ્વારા Youtube માધ્યમ દ્વારા સામાજિક વિજ્ઞાન અને સર્વાંગી શિક્ષણ જેવા વિષયોના શૈક્ષણિક મુદ્દાઓને આવરી લઈ મોબાઈલમાં વિડીયો શુટીંગ કરી અને Bharat chavda નામની youtube ચેનલ બનાવવામાં આવી.

- મકવાણા નારણભાઈ એચ.દ્વારા સી.આર.સી.તરીકે ઓનલાઈન વર્ચ્યુઅલ લાઇવ ક્લાસ, વોટ્સએપ ગ્રુપ, દુરદર્શન અને બાયસેગ દ્વારા શિક્ષણ,ઘર શિક્ષણ અને શેરી શિક્ષણ, દત્તક શિક્ષણ, સ્વયં શિક્ષણ, ઘર બેઠા સ્પર્ધાઓ અને ઉજવણીઓ અને કોરોના સમયે સહ અભ્યાસિક શૈક્ષણીક પ્રવૃતિઓ માટે કાલેજ ક્લસ્ટરના તમામ આચાર્ય અને શિક્ષકો સાથે સારી રીતે સંકલન કરી અસરકારક કામગીરી કરી શક્યા.

**મેંદરડા :**

- શ્રી હરદેવકુમાર એમ. રામ દ્વારા "પ્રયત્ન" 1 થી 4 તૈયાર કરવામાં આવ્યા હતા જે ધોરણ 1 થી 8 વિદ્યાર્થીઓને લોકડાઉન દરમિયાનના સમયમાં જાતે શીખવા તેમજ માર્ગદર્શન મળી રહે તે હેતુથી નિર્માણ કરેલ તેમજ લોકડાઉન અને વેકેશનના દિવસો દરમિયાન વિદ્યાર્થીઓ ઘરે રહીને અભ્યાસ કરી શકે એવું સાહિત્ય 'સહજ ભાષા સ્પર્શ'ના માસિક અંકો પ્રકાશિત કરેલ છે. શ્રી હરદેવભાઈ એમ. રામ દ્વારા ક્લસ્ટરની તમામ સરકારી પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળા, ઉચ્ચ માધ્યમિક શાળાના દરેક વિદ્યાર્થીઓને શિક્ષકો મારફત માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું.
- શ્રી ઠાકર પ્રદીપકુમાર નટવરલાલ. દ્વારા MS Teams દ્વારા શિક્ષણ, મહોલ્લા શિક્ષણ અને મેડી શિક્ષણ, વોટ્સએપ ગ્રુપ, દૂરદર્શન અને બાયસેગ દ્વારા શિક્ષણ, હોમ લર્નિંગ સાહિત્ય પ્રવૃતિઓ કરાવવામાં આવી.
- મેઘનાથી સુરેશગીરી જે. દ્વારા ધોરણ 3 થી 8 ના બાળકો માટે માટે ઉપયોગી અંગ્રેજી ભાષાનું ચાલો અંગ્રેજી શીખીએ .. એવા સાહિત્યનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ સાહિત્યનો ઉપયોગ કરીને ધોરણ 3 થી 8ના બાળકો સરળતાથી અંગ્રેજી વાંચી અને લખી શકે છે. આ સાહિત્યમાં અંગ્રેજી વિષયના કન્ટેન્ટ, જોડકા, સ્પેલીંગ, નંબર પ્રાણી, ફૂલ, ફળ વગેરેની ઓળખ આપવી જેવી બાબતોનો સમાવેશ થાય છે.

**વંથલી :**

- શાપુર કન્યા પ્રા.શાળા દ્વારા આ પ્રયોગ 6 થી 14 વર્ષના લક્ષ્ય જૂથને ધ્યાનમાં રાખીને કરેલ. અર્થે યુ-ટયુબના માધ્યમથી શિક્ષણ કાર્ય થઈ શકે તે માટે એક ચેનલના નિર્માણ કર્યું . ગણિત વિષયના તમામ દાખલાઓના લગભગ 200 જેટલા વિડિયો અપલોડ કર્યા.
  - કુમાર પે. સે. પ્રા. શાળા દ્વારા લોક ડાઉનની પરિસ્થિતિને કારણે જયારે શિક્ષણ કાર્ય અશકય હતું ત્યાં ગણિત જેવા વિષયનું શિક્ષણકાર્ય કઈ રીતે કરવું તે મોટી

સમસ્યા હતી. આ માટે મેથ્સ મેજિક બાય યુટયુબનો ઉપયોગ કરેલ તે માટે એક ચેનલ ના નિર્માણ કરવાનું નકકી કર્યું . યુ-ટયુબ ના માધ્યમથી શિક્ષણ કાર્ય થઈ શકે લગભગ 270 જેટલા વિડિયો અપલોડ કર્યા.

- બંટીયા પ્રા.શાળા દ્વારા જયારે શિક્ષણ કાર્ય અશકય હતું ત્યાં મૂલ્યાંકન કેમ કરવું તે એક જટિલ પ્રશ્ન હતો. ત્યારે Google from દ્વારા ઓન લાઈન ટેસ્ટ લેવામા આવેલી. ધો. 6 થી 8 અને NMMS એકઝામ માટે પણ ટેસ્ટનો અમલ કર્યો. અત્યાર સુધી માં 30 થી વધુ એકમોની ઓન લાઈન ટેસ્ટનું નિર્માણ કાર્ય કરેલ છે.
- ધંધુસર પ્રા.શાળા દ્વારા નવતર પ્રયોગમાં બગીચાની જાડવણી અને જતન કરેલ. નવતર પ્રયોગમાં 2000 જેટલા રોપા ઉછેરી ગામ લોકોને આપવામાં આવેલ. Google from દ્વારા ઓન લાઈન ટેસ્ટ લેવામા આવેલી. આ ટેસ્ટ એક કરતા વધારે વખત આપી શકાતી હોવાથી બાળકો લર્નિંગ આઉટકમ જયાં સુધી સિદ્ધ ન કરી શકે ત્યાં સુધી ટેસ્ટ આપીને પોતાની શૈક્ષણિક સિદ્ધિ માટે પ્રયત્ન કરી શકતો.
- નવલખી પ્રા.શાળા દ્વારા બાળકો પોતાની આસપાસ નાં નકામાં બોટલ, ઘરમાં રહેલી નકામી ચીજ વસ્તુઓ વગેરેનો ઉપયોગ કરી ઘરે રહીને પ્રયોગ કરી શકે તેવી ઓન લાઈન અને ઘરે રૂબરૂ મુલાકાત દ્વારા સમજ આપી. જેથી બાળકો જાતે પ્રયોગ કરવા લાગ્યા અને તેનામા નવો આત્મવિશ્વાસ જાગ્યો. શાળા કક્ષાએ ડો. એ.પી.જે. કલામ ઓનલાઈન વિજ્ઞાન મેળો યોજાયો. જેમા ધો.5 થી 8 ની લગભગ 40 જેટલી કૃતિઓ આવી.
  - ગાઠીલા પ્રા.શાળા દ્વારા LEARN ENGLISH BY WHATSAAP AND YOUTUBE દ્વારા કરવામાં આવેલ. પ્રશ્નોનું નિરાકરણ અર્થે WHATSAPP VIDEO બનાવી અપલોડ કર્યા. બાળકોનું લર્નીંગ આઉટકમ પણ ઓનલાઈન માપી શકાય તે માટે TESTMOZ.COM@GOOGAL FORM ના માધ્યમથી ટેસ્ટ બનાવી.
  - લુશાળા પ્રા.શાળા દ્વારા નવતર પ્રયોગમાં બગીચાની જાડવણી અને જતન કરેલ. 2000 જેટલા રોપા ઉછેરી ગામલોકોને આપવામાં આવેલ. Google from દ્વારા ઓન લાઈન ટેસ્ટ લેવામા આવેલી

- મોટા કાજલીયાળા પ્રા.શાળા દ્વારા જયારે શિક્ષણ કાર્ય અશકય હતું ત્યાં મૂલ્યાંકન કેમ કરવું તે એક જટિલ પ્રશ્ન હતો. ત્યારે Google from દ્વારા ઓન લાઈન ટેસ્ટ લેવામા આવેલી. ધો. 6 થી 8 અને NMMS એકઝામ માટે પણ ટેસ્ટનો અમલ કર્યો. અત્યાર સુધી માં 20 થી વધુ એકમોની ઓન લાઈન ટેસ્ટનું નિર્માણ કાર્ય કરેલ છે.
  - નાવડા પ્રા.શાળા દ્વારા SOCIAL SCIENCE LAB તૈયાર કરેલ છે. ધો. 6 થી 8 નું ધો. મુજબ WHATS APP ગ્રુપ બનાવેલ.

**વિસાવદર :**

- જોષી ચંદ્રેશકુમારના દ્વારા ઘરે રહીને પણ નાના વિદ્યાર્થીઓ અભ્યાસ પ્રવૃતિઓમાં પ્રવૃત રહે તેવા કરેલા છે. YOU TUBE ચેનલના માધ્યમથી વિદ્યાર્થીઓને અભ્યાસરત કરવા એ વિશિષ્ટ કામગીરી છે.
- ઉમેશકુમાર દ્વારા વિદ્યાર્થીઓ ઘરે રહીને પોતાના મિત્રો પાસેથી શીખે તેવી વિશિષ્ટ યોજનાથી કાર્ય કરેલ છે. એમની સાથે વર્ચ્યુઅલ માધ્યમથી શિક્ષણ કાર્ય કરાવેલ છે.
- કીર્તિબેન દ્વારા પરોક્ષ રીતે હોમ લર્નિંગનું કાર્ય કરેલ છે. આ સાથે કપરી પરિસ્થિતિમાં પણ you tube ના માધ્યમથી વિદ્યાર્થીઓને ગણિત વિષય શિક્ષણની કામગીરી વિશિષ્ટ રીતે કરેલ છે.
- અશ્વિનભાઈ દ્વારા ગણિત અને વિજ્ઞાનમાં અઘરા મુદ્દાઓનું શિક્ષણ અને પ્રત્યક્ષ અને વર્ચ્યુઅલ માધ્યમથી શિક્ષણકાર્ય વિશિષ્ટ રીતે કરેલ છે.
- જસ્મીનભાઇ દ્વારા આ સમયગાળામાં શાળાની ભૌતિક સુવિધામાં રીનોવેશન અને લેબનું અપડેશન અને વર્ચ્યુઅલ માધ્યમથી શિક્ષણકાર્ય કરવામાં આવ્યું હતું.

  આ ઉપરાંત તમામ તાલુકામાં એકંદરે આ મુજબ કામગીરી થયેલ છે.
- પ્રાથમિક શાળામાં ધો. 6 થી 8 ના કાર્યક્ષેત્રમાં વિશેષ કામ થયેલું છે. માધ્યમિક શાળામાં ધો. 9 થી 10 માં કાર્ય થયેલ છે.
- વિશેષ કામગીરી ગણિત અને વિજ્ઞાન વિષયમાં થયેલ છે, તેમજ ધો. 1 અને 2 પ્રજ્ઞામાં પણ વિશેષ કામગીરી થયેલ છે.

- શિક્ષકોની વિશેષ કામગીરી online મોડમાં વધુ થયેલ છે. જેમાં વિડીયો નિર્માણ, વિવિધ શૈક્ષણિક App નિર્માણ, Educational Games અને you tube channel નિર્માણ વિશેષ જોવા મળે છે.
- મોટાભાગના શિક્ષકોના કાર્યની ઉપયોગીતા અને વિસ્તૃતીકરણ શાળા પુરતું માર્યાદિત છે.
- શિક્ષકો સિવાય ચાર CRC Co. અને વંથલી તાલુકાની નવ શાળાઓએ વિશેષ કામગીરી કરેલ છે.
- શાળા વિજ્ઞાનમેળો, યોગદિનની ઉજવણી, ફળિયા મિત્ર દ્વારા શિક્ષણ કાર્ય, વિવિધ એપ દ્વારા શિક્ષણકાર્ય, NMMS ની તૈયારી, સંસ્કૃત સપ્તાહની ઉજવણી, પ્રોજેક્ટ દ્વારા શિક્ષણ, હરતી-ફરતી શાળા, સહ-અભ્યાસિક પ્રવૃત્તિ, પર્યાવરણ પ્રયોગ અને ઇકો કલબમાં વૃક્ષ ઉછેર અને રોપા વિતરણ જેવા વિશિષ્ટ પ્રયોગો દ્વારા બાળકોને કોવિડ કાળમાં શિક્ષણ અને પ્રેરણા આપેલ છે.

## 1.16 ભાવિ સંશોધન અંગેની ભલામણોઃ-

પ્રયોજકે આ અભ્યાસના સંદર્ભમાં ભાવિ સંશોધન અંગેની ભલામણો રજૂ કરી છે. જેમકે...

- પ્રસ્તુત સંશોધન જૂનાગઢ જિલ્લા પર છે અન્ય જિલ્લા માટે આ સંશોધન કરી શકાય.
- આ પ્રકારે વિશિષ્ટ કામગીરી કરનાર આચાર્ય, CRC CO., BRC CO. પર આ પ્રકારે સંશોધન કરી શકાય.

## 1.17 શૈક્ષણિક ફલિતાર્થો :-

- વિજ્ઞાન અને ગણિત જેવા કઠિન વિષયોમાં પ્રયોગો દ્વારા શિક્ષણ આપવું અસરકારક રહે છે.
- ઉત્તમ કામ કરતા શિક્ષકોની નોંધ લઈ શકાય.
- વિશેષ કામ કરતા શિક્ષકોનો દસ્તાવેજ તૈયાર થયો.
- વિદ્યાર્થીઓની રસ-રૂચિ અને જરૂરીયાતને અનુરૂપ કાર્ય આપી વધુ અસરકારક પરિણામો મેળવી શકાય.
- વિદ્યાર્થીઓ ઓપન સોર્સનો સંદર્ભ તરીકે ઉપયોગ કરી શિક્ષણ કાર્ય મેળવી શકે.